કુમાર

૫૩૪


સંસ્થાપક · રવિશંકર રાવળ

વર્ષ ૪૫ અંક ૬ · જૂન ૧૯૬૮

તંત્રી · બચુભાઈ રાવત



કરચલો : વૂડકટ



ઢોરબજાર (એ નામના મોટા રંગચિત્રનું રેખાંકન) કલાકાર: વાસુદેવ સ્માર્ત (જુઓ 'કલાવાર્તા')

કુમાર

જૂન ૧૯૬૮ · અંક ૫૩૪

તંત્રી : બચુભાઈ રાવત · ઉપતંત્રી : બિહારીલાલ ટાંક

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૧૫; પરદેશમાં રૂ. ૨૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ : રૂ. ૧-૫૦.

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

જગવિખ્યાત નવલકથાઓ

વિશ્વમાં વિખ્યાત થયેલી આ નવ નવલકથાઓ છે. ડેમી સાઈઝની આ નવલકથાઓ સારા કાગળ ઉપર છાપેલી છે. પૃ. સંખ્યા ૩૫૦થી ૭૫૦ છે.

મૃગજળ

વિલિયમ જીન હોવેલ્સ રાઈઝ ઑફ સીલાસ લાફામનો અનુવાદ

અનુ.: નટવરલાલ માલવી

પાકું કાપડી બાઇન્ડિંગ ચિત્તાકર્ષક મુદ્રણ તેમજ ત્રિરંગી આર્ટપેપરના આવરણ સહિત આ પુસ્તકની **દરેકની કિંમત માત્ર છ રૂપિયા જ છે.**

ડૉક્ટર

સિંકલેર લૂઈસની નવલકથા

'એરોસ્મિથ'નો અનુવાદ

અનુ.: જયન્તિ દલાલ

વિચ્છેદ

હેન્રી જેમ્સની નવલકથા

'ધી અમેરિકન'નો અનુવાદ

અનુ.: ગુલાબદાસ બ્રોકર

જે અગન પિછોડી ઓઢે

અર્નેસ્ટ હેમિંગ્વેની નવલકથા

ફૉર હુમ ધ બેલ ટોલ્સનો અનુવાદ

અનુ.: રમેશ જાની

હકલબરી ફીનનાં પરાક્રમો

માર્ક ટ્વેઈનના વિખ્યાત પુસ્તક

'ઍડવેન્ચર્સ ઑફ હકલબરી ફીન'નો અનુવાદ

અનુ.: ધીરુબેન પટેલ

વાદળ વરસ્યાં નહિ

ફેનીમોર કૂપરની નવલકથા

'ધી પાથ ફાઇન્ડર'નો અનુવાદ

અનુ.: હરીન્દ્ર દવે

ચાંદનીની લૂ

નેથેનિયલ હોથૉર્નની 'હાઉસ ઑફ ધી સેવન ગેબલ્સ'નો અનુવાદ

અનુ.: સુરેશ દલાલ

સોહામણો સાગરખેડુ

હરમન મેલવિલની નવલકથા

'બિલી બડ ઍન્ડ ટાઈપી'નો અનુવાદ

અનુ.: ચન્દ્રવદન શુક્લ

ત્રણ રોમાંચક કથાઓ

એડગર ઍલન પોની ત્રણ જાણીતી વાર્તાઓનો અનુવાદ

અનુ.: દોલતરાય દેસાઈ

વોરા ઍન્ડ કંપની પબ્લિશર્સ પ્રાઇવેટ લિમિટેડ

રાઉન્ડ બિલ્ડિંગ, કાલબાદેવી રોડ, મુંબઈ ૨

વાચકો લખે છે

નવ ગ્રહ–રવિ, સોમ, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ ને કેતુ–ના આકાર, તેઓનાં યોગ્ય વાહનો સહિત કલ્પી તેઓની મૂર્તિ, તથા પંચાંગોમાં તેમજ બીજાં પુસ્તકોમાં તેઓનાં ચિત્રો છાપવામાં આવે છે. બીજા બધા ગ્રહોનાં ચિત્રો તો બરાબર છે, પણ રાહુ અને કેતુનાં ચિત્રો મારા ધારવા મુજબ ઊલટાં આવે છે. રાહુનું જોઈએ ત્યાં કેતુનું અને કેતુનું જોઈએ ત્યાં રાહુનું એમ અત્યારે મુકાય છે. નવ ગ્રહના જે મંત્ર પઢવામાં આવે છે તેમાં રાહુ અને કેતુના મંત્રો પઢતાં તેમાં 'રાહુ' ગ્રહનું ધડ અને 'કેતુ'નું મસ્તક છે એમ ખુલાસો મળી રહે છે. તો આપ આ વિષયમાં સાચી હકીકત જાહેરમાં મૂકશો એવી વિનંતી છે.

(તેત–આફ્રિકા) —મણિલાલ કરમચંદ

[*નવ ગ્રહોનાં જે વર્ણન સંસ્કૃત તેમજ દ્રવિડ સાહિત્યમાં મળે છે એ બધાંમાં એકવાક્યતા નથી. જ્યોતિષમાં સાત રાશિપતિ(સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરુ, શુક્ર અને શનિ) સાથે રાહુ અને કેતુની પણ ગ્રહ તરીકે ગણના થાય છે, પણ એ બંને કોઈ રાશિના સ્વામી નથી. હકીકતે અન્ય ગ્રહોની પેઠે રાહુ અને કેતુ એ કોઈ આકાશી પિંડ નહિ, પણ બે કલ્પિત બિંદુ માત્ર છે (જુઓ આ પાનાને છેડે). બંને એકબીજાની બરાબર સામે જ એટલે કે એકબીજાથી સાતમા ઘરમાં હોય છે.

પુરાણ પ્રમાણે સમુદ્રમંથન પછી અમૃત અને લક્ષ્મી માટે દેવ-દાનવ લડી પડયા ત્યારે નારાયણે મોહિની રૂપ ધારીને એમને મોહાંધ કરી અમૃત હાથ કર્યું અને પછી એ દેવોને આપવા માંડયું. આ સમયે રાહુ પણ દેવવેશ ધારણ કરી એમાં ભળી ગયો. આ રીતે મેળવેલું અમૃત એ પીતો હતો ત્યાં જ ચંદ્ર અને સૂર્યે એને ઓળખી કાઢી જાહેર કર્યો, એટલે વિષ્ણુએ ચક્ર વતી એનો શિરચ્છેદ કર્યો; પરંતુ પીધેલા અમૃતના પ્રભાવથી એનું મરણ થયું નહિ. એ દાનવનું માથું તે 'રાહુ' અને ધડ તે 'કેતુ' તરીકે ઓળખાયાં. સૂર્યચંદ્રના કારણે તેના આવા હાલ થયા હોઈ આપણે જેને ગ્રહણ કહીએ છીએ એ સમયે તે સૂર્ય કે ચંદ્રનો ગ્રાસ કરે છે એવી કલ્પના છે.

ફલજ્યોતિષમાં પ્રત્યેક ગ્રહને અમુક દેશ, જાતિ, જીવ અને પદાર્થોના સ્વામી માન્યા છે અને એના વર્ણવિભાગ કરેલા છે. તદનુસાર ગુરુ અને શુક્ર બ્રાહ્મણ, મંગળ–સૂર્ય ક્ષત્રિય, બુધ–ચંદ્ર વૈશ્ય તથા શનિ, રાહુ ને કેતુ શૂદ્ર મનાય છે. મંગળ ને સૂર્યનો વર્ણ લાલ, ચંદ્ર ને શુક્રનો શ્વેત, બુધ-ગુરુ પીળા અને શનિ, રાહુ ને કેતુ શ્યામ વર્ણના છે. રાહુ અને કેતુ બંને પીડાકારી ગ્રહ ગણાય છે.


સ્થાપત્ય-શિલ્પના ગ્રંથોમાં પ્રતિમાવર્ણનો સાથે રાહુ અને કેતુનાં પણ વર્ણનો છે, પણ એ બધાંમાં એકવાક્યતા નથી. વળી સૂર્ય સિવાય અન્ય કોઈ ગ્રહની સ્વતંત્ર પૂજ્ય મૂર્તિઓ મળતી નથી, પરંતુ મંદિરોનાં શોભનોમાં નવ ગ્રહની પ્રતિમાઓ ઘણી સંખ્યામાં મળે છે. એમાં આ સાથેનાં રેખાંકનો પ્રમાણે ઓછાવત્તા ફેરફાર સાથે રાહુનું માત્ર મસ્તક, અને કેતુની મૂર્તિમાં માનવઆકૃતિનું મસ્તક વિનાનું ધડ તથા તેનો નાભિ નીચેનો ભાગ સર્પાકારે હોય છે. શિલ્પગ્રંથોના વર્ણનાનુસાર રાહુનો વર્ણ શ્યામ ને વાહન સિંહનું છે. બીજા મતે એને અગ્નિકુંડમાં બેઠેલો પણ કલ્પવામાં આવે છે. કેતુને એમાં ધૂમ્રવર્ણનો ને એનું વાહન સર્પપુચ્છનું કલ્પેલું છે; અન્ય મતે શ્યામ વર્ણ ને ગીધના વાહનની પણ કલ્પના છે.]



રાહુ   કેતુ


એક ભૂલ-સુધાર

આ અંકમાં પૃ. ૨૨૪ પર 'હૅાલોગ્રાફી'ના લેખમાં જમણી તરફ આ મુજબની આકૃતિ



જોઇએ. પૃ. ૨૪૫ પર બીજા કૅાલમમાં છેડેથી ત્રીજી લીટીમાં 'ત્રિ-પરિણામ'ને સ્થાને 'ત્રિ-પરિમાણ' શબ્દ, તથા લેખના છેલ્લા પૅરેગ્રાફમાં પહેલી લીટીને સ્થાને 'કોઈ પણ ફોટો, માનવી યા ઘટનાનું ત્રિ-પરિમાણ રૂપ રજૂ કરી એનો હૂબહૂ ખયાલ આપીને જાસૂસી ખાતામાં હૅાલોગ્રામે એક નવી જ દિશાનાં દ્વાર ખોલ્યાં છે' એ મુજબ વાંચવું.

પ૩રમા અંકમાં પૃ. ૧૫૭ પર 'મારી માન્યતા'માં પ્રશ્ન બીજાના મારા ઉત્તરમાં



રાહુ અને કેતુ

જ્યોતિષમાં નવ ગ્રહોમાં 'રાહુ' અને 'કેતુ'ને પણ ગ્રહ માનવામાં આવે છે. હકીકતે એ બંને ગ્રહો નથી. આકાશમાં સૂર્ય જે માર્ગે થઈ ભ્રમણ કરે છે એ માર્ગને ક્રાન્તિવૃત્ત કહે છે. સૂર્યની આજુબાજુ ફરનાર અન્ય ગ્રહો અને ઉપગ્રહો પણ પૃથ્વી પરથી આ વૃત્તની આજુબાજુમાં જ ફરતા લાગે છે. ચંદ્રનો કક્ષામાર્ગ આ ક્રાન્તિવૃત્તની ઉત્તરે યા દક્ષિણે વધુમાં વધુ ૫° અંશ સુધી જાય છે. એટલે કે સૂર્ય અને ચંદ્રના ભ્રમણ માર્ગ એકબીજાને જ્યાં કાપે છે ત્યાં એમની વચ્ચે સાડા-પાંચ અંશનો કોણ થાય છે. આ બંને કક્ષા જે બિંદુ પર એકબીજાને કાપતી જણાય છે એ બે બિંદુને 'રાહુ' અને 'કેતુ' કહે છે.

મુદ્રણદોષને લીધે 'એનો વિસ્તાર' છપાયું છે, તેને બદલે 'ચેતોવિસ્તાર' જોઈએ'.

'માધુકરી'માં જે કાવ્યખંડ ઉતાર્યો છે તેની ત્રીજી પંક્તિમાં 'મનુષ્યની' છે. એ પાઠ ચાલે તેમ નથી એમ નથી; પણ મૂળ કાવ્યનો પાઠ 'માનુષ્યની' છે.

(વિલેપારલે) —મનસુખલાલ ઝવેરી

એપ્રિલ અંકમાં શ્રી પી. સી. દવેએ જે શ્લોક અંગે માહિતી માગી છે, તે વૈશેષિક આચાર્ય પ્રશસ્તપાદ રચિત 'પદાર્થ-ધર્મસંગ્રહ' નામના પુસ્તકમાં જોવા મળે છે. તેની બીજી પંક્તિમાં બે ફેરફાર છે: 'षष्ठितमो भाग' ને બદલે 'षष्ठतमो भाग', અને 'परमाणुस्तदोच्यते'ને બદલે परमाणुः स उच्यते. પ્રશસ્તપાદ ઈ.સ. ની બીજી સદીમાં થયા હોવાનું મનાય છે.

આ વૈશેષિક ખૂબ પ્રાચીન છે. છેક ઉપનિષદોમાં એનાં મૂળ જોવા મળે છે. અને જૈન-બૌદ્ધ દર્શનના કેટલાક સિદ્ધાંતો પર પણ તેની અસર દેખાય છે. આથી ઈ. સ. પૂ. છઠ્ઠી સદી પહેલાં આ દર્શન તેના સુવિકસિત સ્વરૂપમાં હોવાનું નિઃશંકપણે સ્વીકારી શકાય. અને એ સમય ગ્રીકોના આપણે ત્યાંના આગમન કરતાં ખૂબ પ્રાચીન છે. વળી, પાણિનિ, જેના સમય અંગે મતમતાંતર હોવા છતાં જે ઈ. સ. પૂ. ૪થી સદીમાં થએલા હોવાનું મનાય છે, તેમણે આ વૈશેષિક દર્શનનો ઉલ્લેખ કર્યો છે. તત્કાલીન અલ્પ સાધનસામગ્રી છતાં વૈજ્ઞાનિક સંશોધનની મનોવૃત્તિ વૈશેષિક દર્શનમાં તો ખાસ જોવા મળે છે.

આપનું માસિક, અવનવા રસના વિષયોનું વૈવિધ્ય હજી પણ આપી, પોતાની પ્રણાલિકાને જે રીતે જીવંત રાખે છે, તેનાથી ખૂબ જ આનંદની લાગણી અનુભવું છું.

(દર ફળિયા · રાંદેર) —(પ્રો.) ભરત ભટ્ટ

કલકત્તાથી પી. સી. દવેએ જે શ્લોક વિષે માહિતી માગી છે તે શ્લોક શાર્ઙ્ગધરસંહિતાના પ્રથમ અધ્યાયમાં ૧૫મો છે. અર્થાત્ તેના કર્તા શાર્ઙ્ગધર છે અને તેમનો સમય ગુજરાત વિદ્યાસભા પ્રકાશિત 'આયુર્વેદનો ઈતિહાસ' મુજબ ૧૩મા શતકના આરંભનો હોવો જોઈએ; એટલે એ શ્લોક પણ ૧૩મા શતકના આરંભનો જ માનવો પડશે. જોકે 'મનુસંહિતા'માં ને 'વિષ્ણુસંહિતા'માં ઘરના જાળિયામાં રહેલ સૂર્યનાં કિરણોમાં જણાતી રજ 'ત્રિસરેણુ' કહેવાય છે તેમ લખ્યું છે, અને શાર્ઙ્ગધરે તેના ૩૦મા ભાગને પરમાણુ કહ્યો છે.

(અમદાવાદ) —જગદીશ વહેરા

અંક ૫૩૧માં, પાનાં નં. ૧૧૨માં ચોગઠામાં એક દોહો પ્રગટ કરવામાં આવ્યો છે:

કંથા રણમેં પેઠ કે કાંઈ જુવો સાથ,
સાથી તારા તીન હૈ હિયે કટારી હાથ.

આ દોહો મેં 'સૌરાષ્ટ્રની કુરબાની'માં લખેલ દોહા પૈકીનો એક છે. આ અંગે લેખકનાં નામનો પણ નિર્દેશ કરવામાં આવ્યો નથી. 'કુમાર'માં આવતાં લખાણો કૉપીરાઈટ છે. આ રીતે મૌલીક (મૌલિક?) કૃતીનો તમે કૉપીરાઈટ મેળવી લો તે આપને પણ વ્યાજબી લાગશે નહિ. આ કૃતિ મારી હોવાનું સાબીત કરી બતાવવા તૈયાર છું. (જોડણી લેખકની છે.)

(બોટાદ) —ભાનુશંકર જોષી

[* આ દુહો તો ઘણો પ્રાચીન અને જાણીતો છે. કવિ નર્મદાશંકરે (જન્મ ઈ. ૧૮૩૩ અવસાન ઈ. ૧૮૮૬) પણ પોતાના નર્મગદ્યમાં 'રણમાં પાછાં પગલાં ન કરવા વિષે' નામના નિબંધમાં તેને ઉતારતાં લખ્યું છે કે '...રજપૂતોના સૈનમાં સિંધુ રાગમાં ગવાતા અસલના કડખાઓ જે મને બે ગવૈયા પાસથી મળ્યા છે તે નીચે લખું છઉં.' આમ જણાવીને જે ૧૧ આવા દુહા એમણે ઉતાર્યા છે તેમાં ૯મો (ઉપર્યુક્ત) દુહો આ પ્રમાણે છે:

કંથા રણમેં પેઠ કે કાંઈ જૂવે સાથ,
સાથી થારા તીન હે, હિયે કટારી હાથ.

(નર્મગદ્ય, ૮મી આવૃત્તિ, ઈ. ૧૯૨૪, પૃ. ૨૯) આથી આપને ખાતરી થશે કે અમે આપની 'મૌલિક' કૃતિ ઉતારવાનો દોષ કર્યો નથી. કોણે કોનામાંથી ઉતાર્યું હશે એ તો હવે જાહેર ન્યાયનો વિષય થયો.]

ખલિલ જિબ્રાનના ચરિત્રની મોટા ભાગની હકીકતો જેના પર આધારિત છે તે શ્રીમતી બાર્બારા યુંગના પુસ્તકનું નામ રસજ્ઞ વાચકોની જાણ માટે આપું છું: Lebanon–A Study of Khalil Gibran. લેખમાંનાં ચારે ચિત્રો પણ એમાંથી જ છે.

બીજા પૅરાની છેલ્લી લીટીમાં 'જિબ્રાન ખલિલ જિબ્રા'ને બદલે 'જિબ્રાન' જોઈએ. ૧૭૦મા પાના પર પહેલી લીટીમાં 'સફળ ભાષા'ને બદલે 'સરળ ભાષા' અને 'ઊંઘમાં ચાલનારા' (પૃ. ૧૭૧)માં ૪થા પૅરામાં 'જીવનનો પડદો ઇચ્છે છે!' ને બદલે 'જીવનનો પડદો બનાવવા ઇચ્છે છે!' જોઈએ.

વાચકોમાંથી કોઈ જાણકાર જિબ્રાનનાં રહસ્ય ભાવવાળાં ચિત્રો સમજાવવાનું કાર્ય કરશે તો મારા જેવા અનેકને સુખમય આનંદ થશે.

(ભરૂચ) —નિશીથ

શ્રી જગદીશ પરીખના ખલિલ જિબ્રાન વિષેના ચરિત્રલેખના અનુસંધાનમાં 'વિદાય વેળાએ' વાંચ્યા બાદ લખેલા મારા એક અપ્રકટ લેખમાંથી એક ફકરો નીચે આપું છું:

'વિદાયવેળાએ'માંના જિબ્રાનના કેટલા યે ઉદ્‌ગારો પ્રાચીન હિન્દુ તત્ત્વજ્ઞાનને મળતા આવે છે દા. ત. 'ખાનપાન' ને યજ્ઞરૂપે કરવાનું કહે છે. 'લગ્ન' તથા 'દાન'ને પવિત્ર ગણ્યાં છે. એની કલ્પનાનો 'સ્વતંત્ર' આપણા સ્થિતપ્રજ્ઞ'ને મળતો આવે છે. પુનર્જન્મના કારણ તરીકે તે વાસનાઓને ગણે છે. મનુષ્યોને એણે પ્રભુનાં પ્રતીકો ગણ્યા છે. એ જ રીતે यदा यदा हि धर्मस्यः વાળા શ્લોક સાથે એના આ શબ્દો સરખાવો: 'મારો અવાજ તમારા કાનમાં જીર્ણ થઈ જશે ત્યારે તમારા આત્માને વધારે અધીન રહેનારી વાણી સાથે પાછો આવીશ.' વિલ ડુરાંએ બરાબર જ કહ્યું છે કે Philosophers seldom disagree.

(કચ્છ-માંડવી) —કીર્તિચંદ્ર શાહ

એપ્રિલ અંક હાથમાં આવ્યો ત્યારે સહેજે સરખામણી મનોમન કરી: કોણ વધે? અનુવાદક કે સંપાદક? જે દુર્લભ ચિત્રો મૂક્યાં છે તેનાથીસ્તો વાર્તાનો દોર વાચકને સહેલાઇથી મળે છે; નહિતર આ જમાનામાં આવી ભૂગોળની કડાકૂટમાં કોણ પડવાનું હતું? આપની જહેમત માટે ધન્યવાદ. મારા લેખ વિષે કાંઇ લખું તો તે આત્મશ્લાઘામાં ગણાય; પણ મારે જે કહેવાનું છે તે તો સંપાદકની ગરુડદૃષ્ટિ અને અપાર ધીરજ વિષે છે. પશ્ચિમનાં અખબારોમાં સંપાદનનું આવું ઉચ્ચ ધોરણ જોવા મળે છે, પણ ગુજરાતમાં 'કુમાર' એ વિક્રમ તોડે છે. મારા કરતાં આપનો પરિશ્રમ હજાર દરજ્જે ચડિયાતો છે અને આવી તપશ્ચર્યાને વંદ્યા વિના રહી શકતો નથી.

(જૂનાગઢ) —શિવપ્રસાદ જોષી

એપ્રિલ અંકમાં 'ઇન્દ્રાસનની બારી' એ લેખમાં પૃ. ૧૨૪ પર '...ઇસ્લામી સૈનિકોએ આ લાલચુ જાહેરાતને વધાવી લીધી ને સૌના મુખમાંથી અલ્લાહો અકબર નાદ નીકળીને આકાશને આંબ્યા.' એવા શબ્દો છે.

અહીં 'અલ્લાહો અકબર' નાદ સૈનિકોનાં મુખમાંથી શી રીતે નીકળે? આ પંદરમી સદીની વાત છે, જ્યારે હજુ અકબરના જન્મને પણ એકાદ સદીની વાર હતી.

(જામનગર) —જનકભાઈ દવે

[● 'અકબર' એ અરબી વિશેષણ છે. એનો અર્થ છે 'સૌથી વધુ મહાન'. 'અલ્લાહો અક-

બર'નો અર્થ થાય છે 'અલ્લાહ સૌથી મહાન છે'. અકબર બાદશાહનું નામ પણ અકબર નહિ જલાલુદ્દીન હતું. અકબર એ તો એનું વિશેષણ હતું. આવાં યુદ્ધોને ધર્મયુદ્ધ લેખતા મુસ્લિમોએ તેનો યુદ્ધનાદ તરીકે ઉપયોગ કર્યો]

સ્ટીફન ઝ્વાઈગના હેવાલ પર આધારિત શ્રી શિવપ્રસાદ જોષીનો 'ઈન્દ્રાસનની બારી' શિર્ષકવાળો લેખ મધ્યયુગીય ધર્મયુદ્ધોની ભીષણતાને હૂબહૂ તાજી કરી રહે છે. એ પ્રસંગના ઉપસંહાર (epilogue) સમી નીચેની વિગતો 'કુમાર'ના વાચકગણને ગમશે :

કૉન્સ્ટંટીનોપલ (ઈસ્તંબુલ)નું એ દેવળ—ત્રીજું હાગિયા સોફાયા કૅથેડ્રલ-સુલતાન મહંમદની ૧૪૫૩ની જીતથી માંડી બીજા વિશ્વયુદ્ધ નિકટનાં ત્રીસીનાં વર્ષો સુધીના પાંચ સૈકાઓ લગી મસ્જિદ રૂપે રહ્યું. એ દરમિયાન એની બાઈઝૅન્ટાઈન માંડણી અને સુશોભિત રંગકામ પર ચડેલાં પ્લાસ્ટર અને રંગનાં અનેક પડો નીચે મૂળની કુમાશભરી કલાત્મક મોઝેઈકનું નમણું રૂપ દબાઈ ગયું.

પ્રથમ વિશ્વયુદ્ધ પછીના તુર્કસ્તાનમાં નવોત્થાન સમયે કમાલ આતાતુર્કના અમલ દરમિયાન ધર્મને ખૂબ બિનઅસર બનાવવામાં આવ્યો. સામાજિક આર્થિક અને રાજકીય અસ્મિતાને આગળ ધપાવવામાં મગ્ન રાજકારભાર ધર્મની લેશમાત્ર અસરથી અછૂતા રહેવા માટે આતુર હતો. સઘળી સાંપ્રદાયિકતા (પછી તે ઈસ્લામી હો કે રોમન કૅથૉલિક હો, વા રૂઢગ્રીક-ખ્રિસ્તી)ને સભાન પ્રયત્નપૂર્વક દબાવવામાં આવી. નવી બિનસાંપ્રદાયિક નીતિનું પાલન કરવાની ધગશમાં કમાલ પાશાના 'યુવા તુર્કો'નું વર્તન લગભગ ધર્મવિમુખતા સુધીનું હતું. કોઈ પણ ધર્મનેતાને જાહેરમાં પોતાનાં સંપ્રદાયસૂચક ગણવેશ કે ચિહ્નો પહેરવાની મનાઈ હતી.

એવે, જૂન ૧૯૩૫માં, સહેજ સ્થૂળ કદના અને ગામડિયા શા દેખાવ ને વર્તનવાળા પ્રસન્નમુખ મૉન્સીન્યૉર એન્જેલો રૉન્કાલી*ની નિમણૂક રોમન કૅથૉલિક ચર્ચના પ્રતિનિધિ તરીકે થઈ. પ્રથમ જ મુલાકાત વખતે તુર્કીના નાયબ વિદેશ મંત્રી મેનેમેન્જીઓજલુએ દમાભેર મૉ. રૉન્કાલીને કહ્યું હતું : 'બિન સાંપ્રદાયિકતા એ અમારા રાજ્યનો પાયાનો સિદ્ધાંત અને મૂળભૂત સ્વાતંત્ર્યની ગેરંટી છે.'

સાદાઈ અને ઊંડા તથા વ્યાપક માનવપ્રેમભર્યા પોતાના વિચાર અને વ્યવહારથી મૉ. રૉન્કાલીએ તુર્કી રાજ્યકર્તાઓનાં મન એટલાં જીત્યાં કે કમાલ પાશા પાસે હાગિયા સોફાયાની એ મસ્જિદનું 'બિન સાંપ્રદાયિક' સંગ્રહસ્થાનમાં રૂપાંતર કરાવ્યું. સરળ રીતો ઓથે રહેલી મૉ. રૉન્કાલીની દક્ષ મુત્સદ્દીગીરીનો આ વિજય લગભગ ચમત્કાર ગણાય છે.

ફરીથી એક વાર પ્લાસ્ટર અને રંગરૂપે ચડેલાં બળજબરીનાં પડો હઠયાં અને ઓથે દબાયેલું બાઇઝેન્ટાઈન મોઝેઈકનું સૌન્દર્ય વિશ્વ માટે પ્રકાસ્યું. ખ્રિસ્તીઓ ઉપરાંત ઇતિહાસઅભ્યાસી અને સંસ્કૃતિ તથા કળાના હર ચાહક માટે એ ખુશીનો પ્રસંગ બની રહ્યો.

(બૅંગલોર) —હ. મ.

*પાછળથી મૉ. રૉન્કાલી (સદ્ગત) પોપ જ્હૉન ૨૩મા તરીકેના પાંચ જ વર્ષના ટૂંકા ગાળા દરમ્યાન સર્વ ધર્મના અને દુનિયાનાં માનવોનો પ્રેમ વિશ્વાસ અને આદર એટલો પામ્યાં કે ઈ. ૧૯૬૩માં તેમના નિધન વખતે સમસ્ત માનવજાતે પોતાનો આત્મીયજન ગુમાવ્યાનો ખેદ અનુભવ્યો.

જૂના અંકોમાંની લેખમાળાઓ ('માંદગીનાં મૂળ', 'ફોટોગ્રાફી' વગેરે) તેમજ 'ગુનાશોધન' જેવી હમણાંની ચાલુ લોકપ્રિય લેખમાળા જેવી બીજી એક લેખમાળા ચાલુ કરવા સૂચન કરું છું : જગતના ધર્મોનો પરિચય કરાવતી માળા શરૂ થાય, જેમાં તટસ્થપણે ધર્મની માહિતી મળે, તો ઉત્સુકોને પ્રિય થઈ પડશે.

(રાધનપુર) —અમૃતલાલ ખત્રી

થોડાક લોકોપયોગી ઉપચાર મોકલું છું :

ઊધઈ થઈ હોય તો પ્રથમ બરોબર સફાઈ કરી, પછી સીતાફળીનાં પાનનો ગરમ પાણીમાં કાઢો કરી, ૩–૪ ઊભરા આવ્યા બાદ ઉતારી, ગાળી, ગરમાગરમ તે પાણી પંપ વડે છાંટવાથી ઊધઈનો નાશ થાય છે, ન ફરીથી થતી નથી.


વીંછીના ડંખ ઉપર, ફટકડીને દીવાસળીથી ગરમ કરી, રસ થાય તેને ડંખ ઉપર ચાંપી દેવાથી તુરત જ પીડા દૂર થાય છે.

લોહીવા (સ્ત્રીરોગ)માં ઊનના સ્વચ્છ જૂના ધાબળા કે કપડાની કાળી ભસ્મ બનાવીને તે ૨ થી ૩ ગ્રામ ઠંડા પાણીમાં આપવાથી ૨-૩ દિવસમાં જ મટી જાય છે. ખુલ્લી જગ્યામાં કપડું બાળી નિર્ધૂમ બનતાં ઢાંકી દેવું, તેથી ઊનની રાખ થવાને બદલે કાળી ભસ્મ બનશે.

(ભાવનગર) —આયુર્વેદ પં. મિલિન્દ


સ્વ. પન્નાલાલ ઘોષ વિષે ફણીન્દ્ર વૈષ્ણવ (ભુજ) જે માહિતી ઇચ્છે છે તે 'શ્રી પન્નાલાલ ઘોષ સ્મારક સમિતિ, મલાડ, મુંબઈ'ને લખશે તો મળશે.

(ઘાટકોપર) —વલ્લભદાસ ના. સચદે



ફોટો : બાલચન્દ્ર (ખડાયતા કેળવણીમંડળના સૌજન્યથી)

ભારતીય જ્ઞાનપીઠના પારિતોષિકથી પુરસ્કૃત 'નિશીથ'ના કવિ
ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તેજસ્વી ને શીલભદ્ર સારસ્વત
ઉમાશંકર જોષી



વિચારમગ્ન
કાપડ પર બાટિક પદ્ધતિની ચિત્રણા
કલાકાર • ઓનિતા શાહ

(બ્લૉક • કલાકારના સૌજન્યથી)

વણઝારી વાવ / વ્રજલાલ દવે

• ગીત •

ધોમ બપોરે કોક દી' શીળી સાંજ રે હો વણઝારી વાવ,
કંઠ ભરી દે, કોક દી', એવી સાંભરે રે વણઝારી વાવ.

વડને છાંયડે બોખલાંઓ બે બેઠાં હો વણઝારી વાવ,
પરબે માંડયા માટલે હયાં પેઠાં હો વણઝારી વાવ.

ઓળાકોળાંઝયો વડવાયુંમાં વાયરો હો વણઝારી વાવ,
ભીંજેલ હેડે પારેવડાંનો ડાયરો હો વણઝારી વાવ.

તરપંખાને ઓબલે હોલાં બોલે હો વણઝારી વાવ,
ઘૂઘવતાં ઘડી જાય છે પાછાં ઝોલે હો વણઝારી વાવ.

દાઢિયાળા કૈં ડચકારે છે બાળધાં હો વણઝારી વાવ,
છોગલાળા દૈ વાંભ ને ગાયું વાળતા હો વણઝારી વાવ.

નદિયું કાળા કાળમાં રેતે પીધી હો વણઝારી વાવ,
સરવરે યે પતાળડૂબકી દીધી હો વણઝારી વાવ.

જળનાં અખેપાતર તું તો પાતી હો વણઝારી વાવ,
હેમાળા તુજ હેતની જુદી જાતિ હો વણઝારી વાવ.

પગલાં યે ઊડી જાય વંટોળી મેળા હો વણઝારી વાવ,
તરસેટો ને તું ય બે ભવમાં ભેળાં વણઝારી વાવ.

ત્વચાનાં ખંડેરોમાં / ચન્દ્રકાન્ત ટોપીવાળા

હવે ત્વચાનાં ખંડેરોમાં સ્પર્શોનાં નિત ભમશે પ્રેત!

ત્વચા હવે તૂટેલી ડાળ
હવે ન કોઈ ફૂલને ટહુકે પથરાશે રેશમની જાળ,
ત્વચા હવે કેવલ ભૂતકાળ!
હવે ત્વચાની હવડ વાવ પર તરશે સૂકી લીલ અચેત!
હવે ત્વચાનાં ખંડેરોમાં સ્પર્શોનાં નિત ભમશે પ્રેત!

મઢી ત્વચાનાં ઊંટ,
હવે તો લદાયલી કીમતી પોઠો પટકાશે,
કરશે સમય આખરી લૂંટ!
હવે તો ત્વચા એટલે કોરોકોરો ઘૂંટ!
હવે ત્વચાના નિર્જન રણમાં કેવલ મૃગજલ કેવલ રેત!
હવે ત્વચાનાં ખંડેરોમાં સ્પર્શોનાં નિત ભમશે પ્રેત!

રવિ હજી ઊગે / ભાનુપ્રસાદ પંડયા

• હરિણી •

તિમિર પીગળ્યે સીમાડેથી સરી જઈ વ્યોમના
ત્વરિત કળીનાં વાસ્યાં દ્વારો તુષાર ઉઘાડતો.
કલગી પરથી વેરી પ્રાચી મહીં ગુલમો'ર ને
ગલી છલકતી કીધી હાવાં છજે ચૂપ કુક્કુટ.

દિવસભરનો કાંધે લીધો બધો શ્રમ કોઠમાં
ગદબ લીલીમાં ખંખેરીને ખડા દ્વય ધોરી ત્યાં—
ફળાથી ઊપડી ભીંતે ઊભી થઈ ગઈ ખાટલી!
તરત સીમના ચીલેચીલા પ્રભાતિયું ભીંજવે!

દધિ ખળભળાવી, ગોળીમાં મહોદધિ નોતરી
અતિ ઘસીઘસીને માંજેલું લઈ અવ બેડલું
રૂપ ધસમસે! (ન્યાળી પાછાં પ્રમાદ ભરે ડગ!)
ગરગડી ચડી વાતોએ જે અવાચક રાતની!

રવિ હજી ઊગે તે પ્હેલાં તો હુલાસ ઊડાઊડ
દ્રમ ઉપરથી, ટૌકે ટૌકે ભરી નભ-સીમને!

બહુ થયું / ગની દહીંવાળા

• ગાન •

સ્થિર થા સ્થિર, બહુ થયું હવે ઓ ગાગર કેરાં નીર!
સરવરિયે ઊભરાતી ત્યારે
રહી હતી શી મલકી,
સાવ અધૂરાં કીધાં અમૃત
રસ્તે છલકી છલકી;
અંગ ઉપર રહી કેમ સુકાશે ભીંજાએલાં ચીર?—સ્થિર૦

આજ હવે એ જોમ નથી,
એ પાની કયાં થનગનતી?
કયાં છે ઝાંઝર, કયાં છે પેલી
ઘૂઘરીઓ રણઝણતી?
ચંચળ ચાલ થવા લાગી છે સહજ સહજ ગંભીર.—સ્થિર૦

જીવ ઈંઢોણીનો ઊંચો કે
આળ ન આવે માથે,
ગંગ નહાયા, જો ઘરઉંબર
પહોંચી જઇએ સાથે;
નહિતર આખા જન્મારાનું હણાઈ જાશે હીર.—સ્થિર૦

એથી જ / મનોજ ખંડેરિયા

• ગઝલ •

એથી જ રંગરંગથી સઘળું ભર્યું હતું,
આંખો મહીં પતંગિયાએ ઘર કર્યું હતું.

નભમાં તરંગો આમ અમસ્તા ન હોય કૈં:
કોનું ખરીને પીછું હવામાં તર્યું હતું!

જે આજ ફૂટપાથ ઉપર પાંદડાં પડયાં,
નભ કાલ એના ફરફરાટે ફરફર્યું હતું.

પોલાણ ખોલી બુદ્બુદાનું જોયું જ્યાં જરી
એમાં ય એક આખુ સરોવર ભર્યું હતું!

આવીને પાછું બેઠું'તું પંખી યુગો પછી,
કયાં અમથું શુષ્ક વૃક્ષ ભલા પાંગર્યું હતું!

આ શબ્દ મારા મૌનને એવા ડસી ગયા:
ભમરાએ જાણે કાષ્ઠનું પડ કોતર્યું હતું!

તમે ઘેર આવ્યાં ને, સોનલ... / રમેશ પારેખ

તમે ઘેર આવ્યાં ને, સોનલ...
ફળિયે બેઠા પથ્થરના પંખીને નીલું પિચ્છ અચાનક ફૂટે,
પિચ્છ તળે કુમળો કુમળો પડછાયો કંપે,
તોરણમાં ફરફરતો લીલો પર્ણોનો કલશોર,
ફળિયામાં ચકલીના સ્વરની શ્વેત મંજરી ઝહોરે;
ઝલમલ ઝલમલ ઝૂલ ચાકળા ભીંતે / ભીંતે ફળિયું
ફળિયે તમે ઘેર આવ્યાનો અવસર ઝલમલ ઝલમલ!

હળુ હળુ પગ માંડો, સોનલ...
ઊજાગરાની ઓકળીએ ખરબચડી ઘરની ભોંય,
અને આ ચરણ તમારાં પારિજાતનાં ફૂલ,
ફૂલની પગલી પાડો.

હરિયાળી સાંઢણીઓ સઘળી
રેત ખૂંદતી લફલફ વેગે આંખ તળેથી સરી ગઈ,
ગઢ ઘોડાર્યુંમાં નરી શૂન્યતા હાવળ્ય દેતી ઊભી / ઊભી ખરી પછાડે.
હુક્કામાંથી નેળ છલકતો કેફ હવે ના ગગડે.

મારી સો સો પેઢી સૂરજવંશની
ઘૂંટી ખરલમાં ઘટકાવી જઈ
ખુલંદ તરસો સૂરજગઢની રાંગ ચીસતી બેઠી.
મારી હથેળીઓમાં હળ ચાલ્યાં
ને પીળાં જંગલ ચાસ ચાસમાં ઝહોર્યાં.
મારી અવરજવરને કેટકેટલા દેશવટાના શાપ!
મારી કિનખાબી મોજડીઓમાં કૈં વંધ્ય કેટલી અવરજવરનાં પાપ!

મારી રોમ રોમ ઊઘડી આંખોના મૉર કેડીએ વેર્યું;
મારી ચીંદરડીમાં ચપટી ચપટી દશે દિશાની બેપ
બેપમાં ગામ, ગામમાં મરી ગએલી રૈયતનાં શબ રઝળે.

એવા અવાવરુને ખૂણેખાંચરે ક્યાંક સાચવે મને
હાકલે કદી કસુંબે આંખ પડેલો ધ્રાંગો;
એવા અવાવરુને ખૂણેખાંચરે ક્યાંક સાચવે મને
સમરમાં કદી તેગ લપકેલો તાતો પાણીદાર ઘેંકાર.

તમે ઘેર આવ્યાં ને, સોનલ...
ઝાંખાપાંખા કંકુના થાપામાં ઊઘડી ચણોઠીઓની લૂમ;
ગાતડી તડાક દઇને એકસામટી તૂટે.

સોનલ, હળુ હળુ પગ માંડો...,
તમને અગણિત આંખોની અંજલિએ એકસામટાં પીઉં,
દરિયા એક સામટા પીઉં.
તમને સાગ-ઢોલિયા ઢાળી આપું,
અવાવરુ છોબંધ ઓરડા ઢાળી આપું,
અણોસરા પાંપણપડછાયા ઢાળી આપું.

હળુ હળુ પગ માંડો, સોનલ...
ફંગોળીને હાલરહિંચકે ઠેસ કડામાં ખટક દઇને ખટકાવી
ચોપાટ-સોગઠે માઝમરાત્યું ગાંડી કરીએ,
ખંડ દીવડે;ઝડભડ બળતી માઝમરાત્યું રાણી કરીએ.

કર્ણમૂળમાં કાંઈ છાનકાં અંધારાંઓ ઢોળી દઈએ,
કાળીકંજર રાત પાંખમાં ભરી, અડોઅડ
ભડભડ બળતા સૂરજગઢની પાર ઊડતાં જઈએ.

જેમ કોઈ વસ્તુ આપણી વધારે નજીક હોય તેમ તેનું યોગ્ય દર્શન મેળવવું અઘરું બને છે. દૂરથી સ્થાન ને પ્રમાણ, ભૂમિકા ને સંબંધ–બધું એકીનજરે દેખાય છે. નજીકથી આંખ અંજાય છે. અને વસ્તુનું સાચું સ્વરૂપ પારખી શકતી નથી.

હવે સૌથી નજીક તો આપણું પોતાનું શરીર છે, અને તેથી એ વિષે યોગ્ય અભિપ્રાય બાંધવો એક ભગીરથ કામ છે. દુનિયામાં દેહની તો બાબતમાં સાવ વિરોધી વલણો જોવા મળે છે. ફકીર એને રિબાવે છે, અમીર એને પંપાળે છે. કોઈ એનો તિરસ્કાર કરે છે તો કોઈ એની પૂજા કરે છે. કોઈ એને કટુ દુશ્મન કહે છે તો કોઈ એને પ્રેમાળ મિત્ર સમજીને ભેટે છે. દેહની સમતોલ ને તટસ્થ દૃષ્ટિ સ્વસ્થ જીવનદર્શનનું લક્ષણ છે, દુર્લભ લક્ષણ છે.

દેહ ગમે તેવો પણ જીવનસાથી ખરો, એટલે એનો તિરસ્કાર તો આપણાથી ન જ થાય. ગાડીના એ જ ડબ્બામાં બેસીને લાંબી સફર એકબીજાના સાથમાં કરવાની છે, માટે એ 'આગંતુક' સાથે જરા મીઠો સંબંધ બાંધીએ તો જ મઝા આવે ને? ઘરના માણસ સાથે અબોલા લઈને બેસીએ તો કેટલું વસમું લાગે!

વળી, દેહ ગમે તેવો પણ સર્જનહારની કરામત તો છે; એટલે એ દૃષ્ટિએ પણ એનો તિરસ્કાર આપણાથી ન થાય. ઘડાનું વગોણું એટલે પ્રજાપતિનું અપમાન. હા, કોઈ વાર અરીસામાં મનુષ્યદેહનું પ્રતિબિંબ જોઇને હસવું આવે છે કે આ બેહૂદું પ્રાણી અહીં ક્યાંથી ટપકી પડયું? અને કોઈવાર દેહરૂપી ઇંદ્રિયો ઉશ્કેરાઈ ને મન ઉપર સવાર થઈ જાય છે અને વિકારનું તાંડવ મચાવે છે ત્યારે એ દેહ માટે સૂગ ને દ્વેષ છૂટે છે એ પણ ખરું. પણ આખરે એ બિરાળ પિંજર, એ ખટપટી ડગ તે આપણો કુટુંબીજન રહ્યો, માટે એની સાથે સમાધાન કરીને જીવવામાં ડહાપણ છે.

શરીરની માવજત તો શરીરધારીનો ધર્મ છે. આહાર, નિદ્રા, આરામ, ને કસરતનું ભાડું એને રોજ ચૂકવવું જોઇએ. તમે કુસ્તી-દંગલ ખેલીને 'રુસ્તમે હિંદ'નું બિરુદ પ્રાપ્ત કરવાનાં સ્વપ્ન સેવતા ન હો તો પણ શરીરનું કાઠું બાંધવા તમારે અત્યારથી ધ્યાન તો આપવું જોઈએ, કારણ કે સુદૃઢ ને કસાએલું શરીર એ કોઈ પણ કામ માટે અગત્યની શરત છે.

પણ આટલું ભાડું ચૂકવ્યા પછી તેની પાસે કામ કરાવવાની છૂટ બલકે—ફરજ તમને છે.

શત્રુ કે મિત્ર?

ફાધર વાલેસ

ફરજ એટલા માટે કે શરીરને લાયક બનાવવા એને શ્રમની પાઠશાળાના થોડા પાઠ ભણાવવા આવશ્યક છે. એને માટે આદરનો ભાવ છે તેથી જ એને થોડું કષ્ટ આપવું જોઈએ. બળદની કદર એનાં વખાણ કરવાથી નહિ પણ એને હળે જોડવાથી બતાવાય. આપણા બળદિયાને લાંબું ખેતર ખેડવાનું છે; એમાં જ એનું ગૌરવ છે, અને એથી જ એની સંભાળ લેવાનું આપણું બંધન છે.

શરીરને કષ્ટ કે દુઃખ પડે એવા પ્રસંગો આવે ત્યારે ભડકશો નહિ. દેહનું દુઃખ મનને જાગૃત બનાવે છે. કૃત્રિમ તપશ્ચર્યા આદરવાને બદલે જો જીવનનાં એવાં અનિવાર્ય કષ્ટો હસતે મોંએ અને સ્વસ્થ ચિત્તે સ્વીકારશો તો તપસ્વીનાં પુણ્ય—એટલે કે દેહનું વશીકરણ અને મનની મુક્તિ—તમે સરળતાથી રળી શકશો. કુદરત ફકીરી લેવડાવશે; તાવ-શરદી સાધના કરાવશે; રોગ-અકસ્માત વૈરાગ્યની દીક્ષા અપાવશે. દેહનાં સાહજિક કષ્ટો જ દેહને તથા મનને ઘડવા ઉત્તમ ને કુદરતી સાધનો હોય છે.

શરીર માટે ઘણાને તિરસ્કાર છે તેનું એક માઠું પરિણામ એ આવે છે કે શરીરશ્રમ માટે પણ હલકાપણાનો અભિપ્રાય તેમના મનમાં આપોઆપ બંધાઈ જાય છે. જેનાથી બુદ્ધિ કસાય એ કામ સાચું અને જેથી દેહ કસાય એ ખોટું; હાથ કલમ ચલાવે એ યોગ્ય ગણાય, પણ કોદાળી ચલાવે એ હલકું લેખાય! કેટલાક લોકોના મનમાં એવો તો વહેમ ઘર કરી બેઠો છે કે પોતે અગવડમાં મુકાય તો પણ (કંઈ નહિ તો લોકોના દેખતાં) એક ખીલી યે મારવા માટે આંગળી સુધ્ધાં ઊંચી કરશે નહિ. એમને મન તો એ પ્રતિષ્ઠાનો સવાલ બની ગયો છે. ખરું જોતાં એ ખોટા વલણમાં દેહનો અવિશ્વાસ ને અપમાન જ છે. દેહમાં એ સહજ શ્રમ ઉઠાવવાની શક્તિ છે, અને તેથી ઉત્કંઠા પણ છે. ખોટા ખયાલને લઈને આપણે એને પરાણે બેસાડી રાખીએ છીએ ને નકામાં એને અગવડમાં મૂકીએ છીએ એ એને કેટલું ખોટું લાગતું હશે! શરીરને શ્રમ કરવા અધિકાર છે, અને એમાં એનું ગૌરવ પણ છે.

ચીન દેશમાં એક જૂનો રિવાજ હતો: બુદ્ધિજીવી પંડિતો હાથની આંગળીઓ પરના નખ બને તેટલા લાંબા — કોઈ વાર વેંતની લંબાઈ જેટલા પણ વધવા દેતા. આમ કરીને તેઓ સમાજ આગળ પુરવાર કરવા માગતા કે પોતે કોઈ પણ જાતનો શારીરિક શ્રમ લેતા નહોતા. વધેલા નખ તો હાથને કામ કરવા સાવ નકામા જ બનાવી દે ને! કેવી બેહૂદી પ્રથા! જે બુદ્ધિ પોતાની તરફ ધ્યાન ખેંચવા હાથને નિર્બળ બનાવે તેનું દેવાળું તો નીકળી જ ચૂક્યું છે. એ વધેલા નખ જેમ અલિપ્ત જીવનના તેમ કઠોર અભિમાનના સાક્ષી હતા! એનું પ્રાયશ્ચિત્ત એ જૂની પેઢી તો કરી ચૂકી છે.

એ ભ્રમમાં ન પડવા કાકાસાહેબ આપણને સચોટ બોધ ને ચેતવણી આપે છે: 'આપણો મધ્યમવર્ગ શરીરશ્રમનો કાયર બન્યો છે. જેમાં અંગમહેનત છે એ ધંધા ઊતરતા અને જેમાં કેવળ બુદ્ધિ જ ચલાવવાની છે, જીભ કે કલમ જ કામમાં આવવાની છે તે ધંધો શ્રેષ્ઠ એવી વ્યવસ્થા આપણા લોકોએ ચલાવી ને આપણો મધ્યમવર્ગ બગાડી દીધો. નોકરી શોધતાં, નાણાં રોકતાં, છોકરીને પરણાવતાં, ધંધાની પસંદગી કરતાં આપણે મહેનતમાંથી, જાતમહેનતમાંથી બચી જવાની નજર જ વધારે રાખીએ છીએ. આપણી પાસે ઊજળિયાત મધ્યમવર્ગ અને શ્રમજીવી મજૂર વર્ગ એવો ભેદ શા માટે હોવો જોઈએ?'

શરીરની સાચી પ્રતિષ્ઠા જાળવવા શરીરશ્રમનું ગૌરવ પણ સાચવવું જોઈએ. શ્રમભીરુ માણસ પોતાના મન તથા દેહને હાથે કરીને નુકસાન પહોંચાડે છે.

હમણાં પ્રથમ વાર પરદેશ ગએલા એક મિત્રનો કાગળ હતો. તેના નવા અનુભવોમાંનો એક આ હતો: 'ન્યૂ યૉર્કના વિમાન મથકે ઊતરતાં મેં કોઈ મજૂરને બોલાવવા આસપાસ નજર ફેરવી જોયું. એટલામાં બીજા ઉતારુઓ પોતપોતાનો સામાન જાતે ઊંચકીને ચાલવા માંડયા એટલે મેં પણ એમ કર્યું. મારો સામાન જાતે ઉપાડવાનો આ મારે માટે જિંદગીનો પહેલો પ્રસંગ હતો. સાચું કહું? એક-એક હાથમાં એક-એક બૅગ લઈને ચાલતાં મનમાં આનંદ થતો કે હું પણ મારું કામ કરી શકું છું. અને હવે પછી હાથપગની પાસેથી કામ લેતાં હું અચકાઈશ નહિ એવી ગાંઠ પણ ત્યાં ને ત્યાં વાળી દીધી.'

મનની ચાલ વિચિત્ર છે: પ્રથમ તો શરીરનો અનાદર કરે છે, જાણે એની ઈર્ષા આવતી હોય તેમ એને ઉતારી પાડવા પૂરો પ્રયત્ન કરે છે. પછી શરીર હલકું ઠર્યું એટલે તેનું કામ ટાળવાનો સિદ્ધાંત બંધાયો. પરિણામે શરીર આળસુ ને સ્વચ્છંદી બને છે, મનની સામે બળવો પોકારે છે અને વખતે તેના પર આધિપત્ય મેળવે છે. ખરી રાજનીતિ તો એથી ઊલટી હોય છે: શરીરની યોગ્ય કદર કરવી, એ કદર અમલી કરતાં એનો સહકાર માગવો, એની સાથે ને એની પાસે કામ કરવું ને લેવું, ને એના ફળસ્વરૂપે એને મર્યાદામાં ને તાબામાં રાખવું. શત્રુતા કરતાં સહજીવન ને સહકારનો રાહ હમેશાં પ્રગતિનો રાહ હોય છે.

દેહ વિશે ઉત્કૃષ્ટ ભાવના તો મીરાંબાઈએ વ્યક્ત કરી હતી: 'જૂનું તો થયું રે, દેવળ'. દેહ એ આત્માનો નિવાસ, ચૈતન્યનું ઓક, ભગવાનનું મંદિર છે. એ તેની ખરી પ્રતિષ્ઠા છે. દેહ એ સ્થૂળ સુખનું સાધન નથી, વાસનાનો પિંડ નથી, માયાની જાળ નથી. દેહ એટલે ભગવાનને છાજે એવું ચેતનરૂપ તીર્થધામ.


મંદિર છે એટલે આખરે તો પથ્થરચૂનાનું છે; માટે જૂનું થવાનું ને તૂટી પડવાનું. પણ મંદિર છે એટલે એના ગર્ભદ્વારમાં અંતર્યામીની ગાદી છે ને તેની મંગલ મૂર્તિ આગળ માનવચેતનાનો અખંડ દીવો બળે છે.

મંદિરમાં પ્રવેશ કરતાં આપણે જોડા ઉતારીએ છીએ, કારણ કે મંદિરની ભૂમિ પુણ્યભૂમિ છે. ભગવાનના સાન્નિધ્યમાં પવિત્ર પગલે જ જઈ શકાય. તમારો દેહ પણ એવું પુણ્ય ક્ષેત્ર છે; તમારા અંગેઅંગમાં એ દિવ્ય પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી છે. માટે પવિત્ર પગલે એની પાસે જાઓ. એનો સ્પર્શ કરો ત્યારે ખયાલ રાખો કે તેની અંદર ખુદ ભગવાન એ સ્પર્શનું સ્પંદન ઝીલી રહ્યો છે. એની તરફ નજર કરો ત્યારે યાદ રાખો કે એ પડદાની પાછળ એ જ ભગવાન તમારી તરફ પ્રેમથી મીટ માંડીને બેઠો છે.

આદરભાવ, ભક્તિભાવ, પૂજ્યભાવ, એ જ આખરે દેહ પ્રત્યેનું સાચું વલણ ઠર્યું. તે એના ખાતર નહિ પણ એની અંદર બિરાજેલા પ્રભુને ખાતર. અને તે વળી એને પંપાળવા માટે નહિ પણ એને તેના દિવ્ય મહેમાનને છાજે એવો અભિશુદ્ધ બનાવવા ને રાખવા માટે. દેહધર્મ તે અતિથિધર્મ.

એ પૂજ્યભાવે તમારો દેહ સ્વચ્છ રાખો, પવિત્ર રાખો, નિત્ય ભાવનાના સિંચનથી અભિષિક્ત રાખો. એની પાસેથી પૂરું કામ લો, સહકાર માગો, સાધના કરાવો. અને ત્યારે એ તમારો દુશ્મન મટીને તમારો આત્મીય જીવનપંથી બની રહેશે.

ઉમાશંકર



ગુજરાતી સાહિત્યના આકાશમાં ઉમાશંકરનો ઉદય ચમત્કારક છે. ગાંધીયુગના નવચૈતન્યની ભરતી ભારતવર્ષમાં હેલે ચડી હતી. સુંદરમ્ વગેરેનું આગમન થઈ ચૂક્યુ હતું—ઉમાશંકર સહેજ મોડા આવ્યા : 'વિશ્વશાન્તિ' લઈ ને. એમનો દૂરથી આવતો મંગલ શબ્દ ગુજરાતના નાનામોટા કાવ્યરસિકોના હૃદયમાં પડઘાઈ ને ઘુમરાઈ રહ્યો; ને નરસિંહરાવ જેવા દુરારાધ્ય વિવેચકનું શિર પણ ડોલી ઊઠ્યું.

અને ઉમાશંકર રાતોરાત ગુજરાતી નવકવિતાના એક અગ્રણી બની ગયા. સાહિત્ય એમની જીવનસાધના બન્યું એમણે પોતાના ઈશ્વરદત્ત પ્રતિભાસંસ્કારનું लोकशास्त्रकाव्याद्यवेक्षणम्‌થી—વિશાળ વાચન, ગહન ચિંતનમનનપરિશીલન ઉઘાડી આંખે કરેલા પ્રવાસ અને સજીવ લોકસંપર્ક દ્વારા સંગોપન-સંવર્ધન કર્યું. અને આમ, અત્યંત ઉચ્ચ ને નિરામય કલ્પના, સૂક્ષ્મ ને કુશાગ્ર બુદ્ધિ, પ્રસન્નમંગલ વિશુદ્ધ ભાવનાતંત્ર—આ બધાંથી એમનું વ્યક્તિત્વ પરિપુષ્ટ થયું.

પ્રજ્ઞા અને ચારિત્ર્ય, જ્ઞાન અને ક્રિયા, ઉચ્ચ આદર્શપરાયણતા અને સુદક્ષિણ વ્યવહારનિપુણતાનો ઉમાશંકરમાં સુભગ અને સમતોલ સમન્વય થયો છે. સહાનુભૂતિનું એમનું ફલક અત્યંત વિશાળ છે અને જીવનનાં સનાતન મંગલોમાંની એમની શ્રદ્ધા વજ્રલિપ્ત છે. જીવનની રુક્ષતા અને પરુષતા, વિરૂપતા ને નિષ્ઠુરતાનો અનુભવ એમણે આકંઠ લીધો છે; પણ જીવનનાં વિષને એમણે જીરવી લીધાં છે; ને એની કટુતા ને સત્વસંહારકતાને એમણે હૃદય સુધી પહોંચવા જ નથી દીધાં. ઉમાશંકર સાચેસાચા અર્થમાં માનવધર્મી છે.

પોતાની વિદ્વત્તા, પ્રતિષ્ઠા અને પ્રજાહૃદયમાંના સ્થાનના ભારને ઉમાશંકર આસાનીથી વહન કરી રહ્યા છે. એ અત્યંત મિલનસાર છે. મિત્રો એ સહેલાઈથી મેળવી શકે છે ને મૂર્ખાઓની મૂર્ખાઈને પણ એ રસપૂર્વક માણી શકે છે. સૌને એ પોતાના લાગે એવું જીવનરસાયન એમણે સિદ્ધ કરી લીધું છે. જોકે એ reserved પણ ઓછા નથી. એમનાં સૌજન્યસંપન્ન ને સંસ્કારશોભન સદ્‌ગત પત્ની જ્યોત્સ્નાબેન વિના બીજું કોઈ પણ ઉમાશંકરના હૃદય સુધી પહોંચ્યું હશે કે કેમ તે વિષે શંકા છે. એમની સિદ્ધાન્તનિષ્ઠા ઘણી પ્રબળ છે. પણ દિલ એમનું સુકુમાર ને મુલાયમ છે અને બીજાના દૃષ્ટિબિન્દુને સમજી લેવા માટે એ સદા ઉત્સુક હોય છે. પણ આ બધી મૃદુલતાના અન્તસ્તલમાં છુપાયું છે કઠોર વજ્ર: न दैन्यं न पलायनम् ॥ પોતાના સિદ્ધાન્તની વસ્તુઓમાં બાંધછોડ કરવા કરતાં એ ભાંગીને ભૂકો થઈ જવાનું વધારે પસંદ કરે એ સૌ જાણે છે.

ઉમાશંકરે કાવ્યો લખ્યાં છે: ને કાવ્યોમાં નાનાં ને મોટાં, ગેય, અલ્પગેય ને અગેય, ઊર્મિપ્રધાન ને ચિંતનપ્રધાન, આત્મલક્ષી ને પરલક્ષી—બધા જ પ્રદેશોમાં એમની પ્રતિભાએ વિહાર કર્યો છે. એમણે એકાંકીઓ લખ્યાં છે: ને એકાંકીના સ્વરૂપની પરિપૂર્ણતા સિદ્ધ કરી છે. એમણે ટૂંકી વાર્તાઓ લખી છે: ને એમાં યે કેટલીક નિતાન્તરમણીય કલાકૃતિઓનું સર્જન કર્યું છે. નિબંધ, વિવેચન, સિદ્ધાન્તચર્ચા, સ્વાધ્યાય, સંપાદન-સંશોધન, પ્રવાસવર્ણન: સાહિત્યનું એક પણ ક્ષેત્ર એવું નથી, જેને ઉમાશંકરની પ્રતિભાએ સ્પર્શ કર્યો ન હોય ને શોભાવ્યું ન હોય.

ઉમાશંકર પછી કવિઓની ત્રણ પેઢીઓ થઈ ગઈ છે, સાહિત્યમૂલ્યાંકનનાં અને જીવનનાં પણ ધોરણો બદલાઈ ગયાં છે ને બદલાઈ રહ્યાં છે, પણ કાવ્યસિદ્ધિનો માનદંડ હજી સુધી ઉમાશંકર અને એમના સમાનધર્મા કવિ સુંદરમ્ જ રહ્યા છે.

ઉમાશંકર માત્ર ગાંધીયુગના જ અગ્રણી કવિ નથી: એમનું સ્થાન ગુજરાતી ભાષાના સર્વકાલીન કવિઓમાં છે. પણ ઉમાશંકર માત્ર મૂર્ધન્ય સાહિત્યકાર જ નથી: એક જીવંત સંસ્થા પણ છે. કવિ, વિદ્વાન, વિવરણકાર, વિવેચક, વિચારક, વિદ્યાગુરુ, તંત્રી, કાર્યપુરુષ અને સૌમ્યાશયી સજ્જન: ઉમાશંકર ઘણાં ઘણાં માણસોને મન ઘણી ઘણી વસ્તુઓ છે.

ગયે વર્ષે ગુજરાતના સાહિત્યપ્રેમીઓએ એમની એ સ્થાન માટે વરણી કરી જેને ગોવર્ધનરામ, ગાંધીજી અને આનંદશંકર ધ્રુવે શોભાવ્યું છે. અને આજે ભારતીય જ્ઞાનપીઠે દેશનો સર્વોચ્ચ સાહિત્યિક પુરસ્કાર એમને આપીને માત્ર ઉમાશંકરનું જ નહિ, સમગ્ર ગુજરાતી સાહિત્યનું બહુમાન કર્યું છે.

અલ્પોક્તિ એ ગુજરાતનો ગુણ પણ છે ને મર્યાદા પણ છે. પોતાના સાહિત્યકારો વિષે ઉષ્માપૂર્વક વાતો કરવામાં ગુજરાત ભારતના બીજા કેટલાક પ્રદેશોને મુકાબલે ઓછું વાચાળ છે. ને વ્યાપાર-ઉદ્યોગનાં ક્ષેત્રોમાં ગુજરાતે પ્રાપ્ત કરેલી સિદ્ધિઓએ એની સાહિત્યિક અને સાંસ્કૃતિક ક્ષેત્રોમાંની સિદ્ધિઓ પ્રત્યે દેશનું ધ્યાન ઝાઝું ખેંચાવા પણ નથી દીધું. ઉમાશંકરનું થએલું આ સન્માન ભારતીય સાહિત્યકારોને ગુજરાત પ્રત્યે ને ગુજરાતી સાહિત્યકારોને ભારત પ્રત્યે અભિમુખ કરશે, ને બંનેની દૃષ્ટિસીમાઓને વિસ્તારશે.

મનસુખલાલ ઝવેરી

ભારતીય જ્ઞાનપીઠના પારિતોષિકથી પુરસ્કૃત 'નિશીથ'ના કવિ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ • તેજસ્વી ને શીલભદ્ર સારસ્વત

'બેટા દેશાવર ભલે ખેડે, પણ આપણી ઝૂંપડી ભૂલીશ મા; ઊગમણે બારણે આપણું ઘર છે.'—આંખમાં આંસુ સાથે ઉચ્ચારાએલાં માતાનાં આ વિદાયવેણને અંતરમાં કોતરીને, ઈ. સ. ૧૯૨૦ના ઉનાળાની એક સાંજે દસ વરસનો એક ગભરુ કુમાર ઉત્તર ગુજરાતના એક નાનકડા ગામની ભાગોળ છોડે છે. ઊંટ પર બેસી ભાગોળના ડુંગરા ઓળંગતાં ઓળંગતાં તે એ વાક્યોને વાગોળે છે ને અંતરમાં ઘૂંટે છે. દસ વરસના કૂંપળ-ફૂટતા કૌમારે મળેલો આ આંસુ-ભર્યો ઉપદેશ—'ઊગમણે બારણે' શબ્દોનો મર્મ, એના સમસ્ત જીવનનું ભાથું બની રહે છે.

કુદરતની મહેરથી મઢેલા પોતાના નાનકડા ગામની ડુંગરાળ ભાગોળો છોડી એ ઇડરના છાત્રાલયમાં આગળ અભ્યાસ માટે આવે છે. ઘરનો ઉંબરો છોડ્યો એટલે કૂવાનો દેડકો મટી જઈને છાત્રાલયની બહોળી દુનિયામાં એ ઝબકોળાય છે. કેળવણીની દુકાનો સરખી હાઇસ્કૂલોના ગોદામ જેવા એ છાત્રાલયમાં ગાળેલાં છ વરસમાં કોઈ ગૂઢ ગ્રહણશક્તિથી એ દુનિયાનો મોંઘો અનુભવ મેળવવા પામે છે...

બીજાં ચૌદ વરસ વીતી જાય છે. ઈ. ૧૯૩૦–'૩૨માં દેશમાં આવેલી જાગૃતિના જુવાળે ચડીને, એ ભરતીનાં મોજાં સાથે અનેક દિશાઓમાં ફેંકાતો એ (હવે તરુણ થયો છે) ૧૯૩૪માં મુંબાઈમાં ખેંચાઈ આવે છે—અંતરમાં એવી જ આકાંક્ષાઓની ચડતી ભરતી સાથે. કોડભર્યાં એના અંતરમાં હવે કવિતા કૉળી ને ફાલી છે. મલબાર હિલ પરથી એક ફૂટતી સવારે એ 'સુરભિવેષ્ટિત પૂર્વદેશે' સળવળતા મનોહર મુંબાઈનું દર્શન કરે છે અને એના અંતરમાંથી ઉદ્‌ગાર સરી પડે છે: ''આ ભૂમિનો બનીશ એક દિ' હું વિજેતા.''



તરુણ વયે
'આ ભૂમિનો બનીશ એક દિ' હું વિજેતા'

* * *

ભારતની ભાષાઓમાંના શ્રેષ્ઠ સર્જન માટેના ઈ. ૧૯૬૭ના ભારતીય જ્ઞાનપીઠના એક લાખ રૂપિયાના નીમ પારિતોષિકથી પુરસ્કૃત આપણા અભિજાત ને અગ્રણી સારસ્વત શ્રી ઉમાશંકર જોષીના જીવનને ઉઠાવ આપનારાં અનેકમાંનાં બે ચિત્રો આ ઉપર આપ્યાં છે. ૧૯૩૫માં છાત્રાલય સંમેલનના પ્રમુખપદેથી આપેલા એમના વ્યાખ્યાનમાં આલેખેલા ઉપર્યુક્ત પ્રથમ ચિત્ર જેવી અનેક અનુભૂતિઓથી સમૃદ્ધ પોતાના કુમારજીવનનો અણસાર આપતી રસમય નવલકથા એમણે 'કુમાર'ના ૨૦૦મા અંકમાં શરૂ કરેલી, તે પૂરી થઈ હોત તો અનેકનો પ્રેરણાસ્રોત બનવા સાથે આપણા સાહિત્યમાં તે પણ એક ઉત્તમ ઉમેરો બની રહેત.

ઉમાશંકર જોષી

'નાની મારવાડ' નામથી ઓળખાતા ઇડર રાજ્યના બામણા નામના નાનકડા ગામમાં સંવત ૧૯૬૭ના અષાડ વદ ૧૦, તા. ૨૧મી જુલાઈ ૧૯૧૧ના રોજ એમનો જન્મ થયો. સાત ભાંડુમાં પાંચ ભાઇઓમાંના એ બીજા. ઇડર પ્રદેશમાં લોકયાત્રાના જાણીતા ધામ તરીકે પંકાએલા શામળાજી તરફથી એમના પિતા શ્રી જેઠાલાલ જોષી બામણા આવી વસેલા. મોટે ભાગે એ બાજુની જ જાગીરોમાં એ કારભારી તરીકે નોકરી કરતા; એટલે શામળાજીના રળિયામણા પ્રદેશનો બાળપણમાં એમને ખૂબ પરિચય થયો, ને ત્યાંના મનોહર નિસર્ગના એ ઘનિષ્ઠ સંબંધે એમના જીવનની કવિતાની ભોંય બાંધવામાં મોટો ફાળો પૂર્યો. ડુંગરોથી વીંટળાએલું ને કમળોથી ભરેલું દિલચસ્પ કરમા તળાવ એમનું બાળપણનું સાથી. એવો જ બીજો બાળપણનો સાથી તે ત્યાંના ડુંગર સાથે અથડાઇને, પૂર્વથી પશ્ચિમ, ડુંગરની ધારેધારે વહેતો 'મેશ્વો';—'વહેતી' નહિ પણ 'વહેતો'. જે નદીને ત્યાંની સમસ્ત ભીલ વસ્તી 'એ તો પરુહ-પુરુષ-છે' એમ કહે છે એ મેશ્વોના નાના પણ જાજરમાન વહેણનાં પાણી જોડે વહેતા બાળપણના દિવસોમાં તેમણે મુગ્ધપણે કવિતાનો મધુ પોતાના અંતરમાં સંચ્યા કર્યો.


ગુજરાતી ચાર ધોરણ સુધી એ ગામડાની શાળામાં પ્રાથમિક કેળવણી લઈ ઈ. ૧૯૨૦માં વધુ ભણતર માટે તેઓ બાર ગાઉ છેટે આવેલા ઇડરના છાત્રાલયમાં આવ્યા; અને એ અનિવાર્ય સંજોગોએ, એક રીતે કડવા અને કપરા અનુભવોથી ભરેલા એ જીવનમાં, નિશાળના ભણતર કરતાં યે ચડિયાતા એવા બીજા ભણતરનો લાભ એમને આપ્યો. ત્યાં કિસમ કિસમના વિદ્યાર્થીઓ ને બહારના 'સજ્જનો'ના સંપર્કથી, એમના જ શબ્દોમાં કહીએ તો, 'દસબાર જિંદગી સુધી વાગોળ્યા કરીએ તો યે ન ખૂટે એટલો ઊંડો આનંદ અને દુનિયાનો મોંઘો અનુભવ' એ થોડાં વરસોમાં એમણે મેળવ્યો.

પણ દુનિયાના અનુભવની સાથોસાથ જ કુદરતનાં અમી પણ એ ઔત્સુક્યકાળમાં ઓછાં નહોતાં સીંચાતાં. આપણને આજે મીઠો આસ્વાદ આપનારાં નિસર્ગચિત્રોના જે રમ્ય ગુચ્છ એમની કવિતામાં શોભી રહે છે તેનાં અખૂટ ઝરણ એ કાળમાં એમના હૃદયમાં સભર સીંચાયા કર્યાં છે. એ કાળના જીવનની થોડી ઝાંખી એમણે ઈ. ૧૯૪૫-માં કડી મુકામે ભરાએલા છાત્રાલય સંમેલનના પ્રમુખપદેથી આપેલા વ્યાખ્યાનમાં છાત્રાલયના વિદ્યાર્થીઓનું જીવનદર્શન કરાવતાં આપેલી:

''...ગામની ભાગોળ છોડ્યા બાદ રસ્તાના વળાંક આગળ દૂર ઝાડીમાં એકમેકને દેખાતાં અદૃશ્ય થયાં બાદ પણ, વળાવવા આવેલી હોંશભરી બાના 'ડાહ્યો થજે, બેટા' એવા અવાજ આવે છે ... આ બધાં હેત, લાડ, આંસુ, આશાઓ, સઘળું સંભારતો એ વિદ્યાર્થી છાત્રાલય ભણી કોડભર્યો ચાલ્યો જાય છે. નથી જોતો શિયાળાની ઠંડી, નથી જોતો ચોમાસાની રેલ. તપતા ઉનાળાના સવારના પહોરમાં



ઉપર: 'ગંગોત્રી' કાવ્યસંગ્રહ માટે ૧૯૩૯નો રણજિતરામ સુવર્ણચંદ્રક મળ્યો તે વર્ષમાં સ્કેચ (ર. મ. રા.). નીચે: આ લેખને મથાળે ટાંકેલા બીજા પ્રસંગમાં જેનો ઉલ્લેખ છે તે કાવ્ય 'જાગી ઉષા' મૂળ જે સ્વરૂપે લખાયું તે દર્શાવતું એમની કાવ્યપોથીમાંનું આ પાનું દર્શાવે છે તેમ, કાવ્યની લીટીઓ કેટલીક વાર ઉપરાઉપર સળંગ સ્ફુરતી આવે છે ને લખાતી જાય છે, તો કેટલીક વાર ઘણા ફેરફાર થયા કરે છે.



ઉત્સાહથી પહેરેલા નવાનવા ખરીદેલા જોડા ડંખ્યા હોઈ રેતી તપે ત્યારે તો હાથમાં ઉપાડીને પગે થનગનતા ચાલવાનું આવે છે; એવામાં નાનકડી કોઈ લીમડી મળી જાય છે તેની નીચે જઈ થોડો વિસામો લે છે. અર્ધા અર્ધા ગવાતા હાલાના ગીતને અનુસારે જળાશય કલ્પીને તે તરફ બપોરા ગાળવા જાય છે; અને નમતો પહોર થતાં કોયલોને સામો અવાજ કરી ચીડવતાં ચીડવતાં, સાંજ પડતાં તો શંભુ મહારાજની બનાવેલી લાપસી ખાવા છાત્રાલયમાં હાજર થઈ જાય છે...હોળી-ગાળે કેસૂડાંની રંગલીલા માણતાં, ટેકરીઓ ચડતાં ઊતરતાં, વસંતની મસ્તીનો ફાગ લલકારતાં તે ઘર તરફ આંટો મારી આવે છે; તો ચોમાસે વળી બાજરીનાં વિશાળ ખેતરો તરી ઊતરી, નદીનાળાં પાર કરી, શ્રાવણના મેળા માણી આવે છે; અને વૅકેશન પૂરી થતાં, મુસાફરીમાં એકાદ ટટ્ટુ હોય તો મિત્રોમાં ક્યા બે જણ સવાર થાય, કોણ આગળ બેસે ને કોણ પાછળ, કોણ લગામ પકડે ને કોણ સોટી ચમકાવે એના રમૂજી કજિયા ચલાવતા, રસ્તે આંબા પરની શાખો પાડતા, પરબવાળી પાસેથી એક પૈસામાં પાંચ જણ પાણી પીતા, કરોળિયાનાં જાળાં પાંપણોમાં ભરાઈ જાય તેને હઠાવતાં, કલ્લોલ કરતા છાત્રાલય ભણી ચાલ્યા જાય છે."

જુદીજુદી ઋતુઓમાં ઘેર જવાઆવવાના એ કષ્ટકર છતાં કુદરતના સાન્નિધ્યમાં આનંદ આપનારા અનુભવો વડે માનસ એક બાજુ પુષ્ટ થતું હતું, તો બીજી બાજુ ઇડર પણ ઓછું રળિયામણું નહોતું. સાદાઈની પરમ શોભા ધારણ કરતા, એના રુક્ષ છતાં ગૌરવભર્યા મહાલસા ને જંબેલસા ડુંગરો અને લોકગીતનો 'ઇડરિયો ગઢ' તથા ઇતિહાસપ્રસિદ્ધ 'રણમલ ચોકી' ગત ગરિમાની મૂક ગાથા ઉચ્ચારતાં. સદ્‌ભાગ્યે ત્યાં એકબે પ્રકૃતિપ્રેમી શિક્ષકોના નિકટ પરિચયમાં આવવાને લીધે ઇડરની આસપાસના એ ભૂતભવ્ય ને પ્રકૃતિપ્રસન્ન પ્રદેશના ડુંગરાઓ ખૂંદીને એનો કાંકરે કાંકરો ગણવાનો લહાવો મળ્યો.

આમ, કુદરત અને મનુષ્યોમાંથી અખૂટ આનંદ-ઉલ્લાસ પીને કુમાર-જીવન સમૃદ્ધ થતું જતું હતું અને અજ્ઞાતપણે કવિતાનાં બી અંતરમાં વેરાયે જતાં હતાં; પણ એને યોગ્ય વારિસિંચન ત્યાં—ઇડરમાં એ કાળે કોણ કરે? અંગ્રેજી ત્રીજા ધોરણમાં એકાદી ગઝલ, એ પછી હરિગીત ને લલિત વગેરે છંદોમાં કવિતાના પહેલા પ્રયત્નો આપમેળે કરેલા; પણ અંગ્રેજી છઠ્ઠા ધોરણ સુધી તો, કવિતામાં લઘુની એક માત્રા અને ગુરુની બે, એટલું સમજાવનાર પણ કોઈ મળ્યું ન હતું. ભાંખોડિયાં ભરતું બાળક જે કાંઈ હાથ લાગે તેના ટેકે ઊભું થવા ને ગતિ કરવા મથે તેમ, અંદર રહેલો કવિતાનો અંકુર સ્વપ્રયત્ને જે હાથ લાગ્યું તે ઝાલી ખડો થવા મથતો. અભ્યાસમાં ચાલતા 'સાહિત્યરત્ન'માંનાં કાવ્યો સાથે આપેલાં છંદનાં નામ આંગળી વડે દબાવી રાખીને, એક મારવાડી વિદ્યાર્થીમિત્રના સાથમાં સામસામાં પૂછીને એકબીજાની પરીક્ષા કરતા. ભાંડારકરની સંસ્કૃત ચોપડીને છેડે આપેલી શબ્દમાળામાંથી એકમેકને પૂછતા. જેનું ખોટું પડે તેણે પૂછવાનું. અને બનતું એમ, કે બેમાંથી એક જણે જ પૂછ્યા કરવું પડતું!

ઇડરમાં અંગ્રેજી છઠ્ઠું ધોરણ પૂરું કરીને મૅટ્રિક માટે તે ઈ. ૧૯૨૭માં અમદાવાદ આવ્યા અને પ્રોપ્રાઇટરી હાઈસ્કૂલમાં દાખલ થયા. થોડા જ દિવસમાં એ શાળાના અગ્રણીઓ સ્વ. શ્રી બલવંતરાય ઠાકોર તથા શ્રી દીવાને આ નવા આગંતુકનું પાણી પારખી લીધું અને ગામડાના એ ગભરુ અને શરમાતા છુપાતા કુમારને વિદ્યાર્થીઓના ટોળામાંથી બહાર તારવી કાઢ્યો. તેનો એક નાનો પ્રસંગ સૂચક છે. ડિબેટિંગ સોસાયટી માટે મૅટ્રિક ક્લાસના પ્રતિનિધિઓની ચૂંટણી થતી હતી. ચાર વર્ગોમાંના A B અને Cમાંથી પ્રતિનિધિઓ ચૂંટણી વડે લેવાયા; પણ જ્યાં D વર્ગનો વારો આવ્યો કે શ્રી દીવાન બોલી ઊઠ્યા: 'D-માંથી તો જોષી જ આવે—વગર ચૂંટણીએ!' અને એવા તે એ જોષી

ઉમાશંકરને

· વસંત ·

લે ટાંકણું કલમનું કર, ને વરેણ્યા
જે વિશ્વકાવ્યજનની તણી તેં પ્રતિષ્ઠા
કીધી સુચારુ અમ આંગણ શબ્દશિલ્પી!,
આમંત્રતી પ્રણુતિ સર્વ દિશા થકી એ;
ના વર્તમાન,—મગરૂબ થશે ભવિષ્યે;
એ સર્વદ્વેષી ન તું કાળ! વિલોપજે તે.

સંતપ્ત આ જગતની સમજી તિતીર્ષા
માંડી છ તેં પરબ વિશ્વતૃષા છિપાવા;
પીવાડી તૃપ્ત બનવું તુજ એ મહેચ્છા.
ને દષ્ટિપૂત પથ સાચવતી તિતિક્ષા
નિર્મી રહી છ અહીં અક્ષરમૂર્તિ તારી.
ઊર્ધ્વ પ્રયાણ હજુ ઊર્ધ્વ વધારતો જા.
ને એ વિરાટ બટુ! એ અભિજાત દ્રષ્ટા!
વર્ધિષ્ણુ હો ક્ષિતિજ તારી, શતંજીવી થા.

અશોક હર્ષ

[૧૯૪૦માં રણુજિતરામ સુવર્ણ-
ચન્દ્રકપ્રદાન પ્રસંગે લખાએલું]





ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ઉમાશંકર. (નીચે) ઈ. ૧૯૪૩માં વડોદરે ભરાએલા ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશન વખતે લેખક-મિલનની સ્થાપના થઈ તે પ્રસંગની છબિ: પાછળ-સુન્દરમ્ અને ઉમાશંકર; નીચે ડાબી બાજુથી—યશવંત પંડ્યા, ગુલાબદાસ બ્રોકર, સ્વ. બલવંતરાય ક. ઠાકોર, કિશનસિંહ ચાવડા ને બચુભાઈ રાવત.

હોણુ, એવા કુતૂહલથી ચારે તરફ શોધાશોધ કરતી વિદ્યાર્થીઓની આંખો એક નાનકડા મુગ્ધ કુમારને જોઈ આશ્ચર્યથી વિસ્ફારિત થઈ ગઈ.


'આખી યુનિવર્સિટીમાં નહિ તો અમદાવાદમાં તો તું મૅટ્રિકમાં પહેલો જ આવવાનો' એવા, દૃઢ વિશ્વાસભેર બોલાએલા શ્રી દીવાનના મમતાભર્યા શબ્દો, ઈ. ૧૯૨૭નું મૅટ્રિકનું પરિણામ બહાર પડ્યું ત્યારે સાચા નીવડ્યા, અને ઉમાશંકર આખા અમદાવાદ સેન્ટરમાં પહેલે અને યુનિવર્સિટીમાં ત્રીજે નંબરે પાસ થયા. જે સહાનુભૂતિ ને માયા એ અભ્યાસકાળ દરમ્યાન પોતા પ્રત્યે એ બે સજ્જનોએ દાખવ્યાં હતાં તેને પોતાની આ ઝળકતી કારકિર્દીનો યોગ્ય યશભાગ શ્રી ઉમાશંકર આપે છે, અને તે પછીના કૉલેજના અભ્યાસ દરમ્યાન પણ એક વખત સખત મૅલેરિયાની બીમારી લઈ પોતાને વતન ગયા ત્યાં, પાછળ ઠેઠ એ ગામડા સુધી દવાનાં પાર્સલ મોકલનાર એમના વાત્સલ્યને તે કૃતજ્ઞતાપૂર્વક સંભારે છે.

ગુજરાત કૉલેજમાં ઈન્ટર સુધીનો પ્રથમ અભ્યાસકાળ પણ યશસ્વી હતો. કવિતાની કૂંપળો તેનું પુષ્ટ સ્વરૂપ પામીને હવે ફૂટવા લાગી હતી; જોકે હજી ગુજરાતી ઠીક ઢંગથી લખતાં બહુ ફાવતું નહિ; પણ નવાઈની વાત એ છે કે ભવિષ્યમાં ગુજરાતીમાં ઊતરનારી કવિતાની શરૂઆત આ કાળે સંસ્કૃત કાવ્યરચનાઓથી થઈ! જે થોડી રચનાઓ એ સમયે થઈ છે તે સુંદર છે અને કૉલેજના મૅગેઝીનમાં આદરભર્યું સ્થાન પામી છે.

સંસ્કૃત દ્વારા ફૂટેલી એ સરવાણીએ પછી તો ગુજરાતીમાં રમ્ય ઝરણનું રૂપ લીધું ને ૧૯૨૮માં રચાએલા એમના પહેલા જ સૉનેટ 'નખી સરોવર પર શરત્પૂર્ણિમા'ની છેલ્લી લીટી એમના સમસ્ત જીવનનો સારમમં જાણે બોલી રહી: 'સૌન્દર્યો પી, ઉરઝરણ ગાશે પછી આપમેળે.'

ઇડરની બોર્ડિંગમાં ગાળેલા જીવનકાળમાં રાષ્ટ્રપ્રેમના પહેલવહેલા પદાર્થપાઠ એમને કેવી આડકતરીરીતે મળ્યા તેનું રસમય બયાન એમના જ શબ્દોમાં સાંભળીએ: 'અસહકારનો પ્રથમ જુવાળ આવતો હતો. વાતાવરણ બધે ગરમ ગરમ દેખાતું. પણ એ બધી ઘટનાઓની માંડીને વાત કોણ કહે? એ કાળે રાષ્ટ્રોત્થાનની એ વાતો અમારી બોર્ડિંગના રસોયાને મોઢેથી અમે સાંભળી. રાષ્ટ્રપ્રેમના પહેલા પદાર્થપાઠ અમને એણે આપ્યા. એક વાર પીરસી આપી, રોટલીની મોટી થપ્પી ઉપર, તબલા ઉપર લગાવતો હોય તેમ ઠોક લગાવીને, મોટી મૂછાળો અમારો રસોયો છટાથી કોઈ એક 'માત્મા'નું આખું રેખાચિત્ર દોરી દેતો ને એણે બડા ગવંડરને પણ કેવા કેવા ચમત્કાર કરી બતાવી મહાત કરી દીધો હતો એના દિલ ઉશ્કેરનારા કિસ્સા કહેતો.'

પાંચ વર્ષ પરના એ અંકુરો, રાષ્ટ્રીય અસ્મિતાથી ધબકતા અમદા-



ઈ. ૧૯૩૪ના અરસામાં રામપ્રસાદ શુક્લ અને સ્વ. દેશળજી પરમારની વચ્ચે ઊભેલા ઉમાશંકર; બીજા કૉલમને છેડે: વીસાપુર જેલમાંથી જે અનેક વસ્તુઓ સાથે લેતા આવ્યા તેમાં 'ગંગોત્રી' સંગ્રહનાં કાવ્યો અને 'સાપના ભારા'નાં નાટકો સાથે લાંબા સમય સુધી પીડી રહેલું આંખનું દરદ પણ હતું. એમ.એ.ની પરીક્ષા પૂર્વે તો એનો ઉપદ્રવ એટલો વધી ગએલો કે આંખ જ ઊઘડે નહિ. પત્ની જ્યોત્સ્નાબહેન વાંચે અને પોતે સાંભળે! છતાં એમ.એ.માં પ્રથમ વર્ગ તો લાવ્યા જ.

વાદના જીવનમાં પોષાયા કર્યા. કૉલેજમાં હતા એ દરમિયાનમાં ગુજરાત કૉલેજની પેલી નામચીન હડતાળનો પ્રસંગ બન્યો. એમાં એમનો ફાળો ઘણો હતો. સાઈમન કમિશનના આગમનનો વિરોધ કરવા કેટલાક પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ છમાસિક પરીક્ષામાં ન બેઠા. તે સૌનો દંડ થયો તે સાથે ઉમાશંકરની તો દંડ ઉપરાંત સ્કૉલરશિપ પણ ખૂંચવી લેવાઈ. પાછળથી સમાધાન થતાં તે પાછી મળેલી.

ઈન્ટરની પરીક્ષા અપાઈ રહી અને સત્યાગ્રહની લડતનો સાદ આવ્યો. પરિણામ પરિણામને ઠેકાણે રહ્યું અને તરત એમાં ઝંપલાવ્યું. ઊપડ્યા સીધા વીરમગામ છાવણીમાં. આકાંક્ષાઓભર્યા બુદ્ધિમાન જુવાનને સત્યાગ્રહ છાવણીઓમાં એ કાળે જે પલોટ મળતો તે બધો એમને ત્યાં મળ્યો. લોકકેળવણીની સભાઓ અને યુદ્ધસમિતિના વ્યૂહકાર્ય ઉપરાંત સત્યાગ્રહ-પત્રિકાનું લેખનકાર્ય પણ કરવાનું આવ્યું. એમાં ગુજરાતી ગદ્યલેખનની પ્રથમ તાલીમ મળી. પછી તો ખારાઘોડાના અગરો પરના યાદગાર હલ્લામાં જવાનું આવ્યું. ત્યાર બાદ ધરપકડ થઈ, ને ચૌદ અઠવાડિયાંની સજા પામીને સાબરમતી — અને પછી યરવડાની જાત્રાએ ઊપડ્યા. એ વખતે એમનું વય ૧૯ વર્ષનું હતું.


યરવડામાંથી એ છૂટ્યા અને થોડા જ દિવસ બાદ સત્યાગ્રહલડતની સંધિ થઈ. એ સંધિગાળામાં થોડું ફરી, જામનગર થઇને જહાજ વાટે કરાચી મહાસભામાં ગયા. એ સાત દિવસની જહાજી સફર દરમ્યાન સમુદ્રનો પ્રથમ ગાઢ પરિચય પામ્યા ને રાષ્ટ્રચેતનાના તરંગો પર હિલ્લોળતા અંતરને સમુદ્રના તરંગોએ વધુ કાવ્યસંજીવની સીંચી.

કરાચીથી પાછા ફરીને એ વિદ્યાપીઠમાં જઈ બેઠા ને કાકાસાહેબ કાલેલકરના એટલા ગાઢ પરિચયમાં આવ્યા કે એમના અંતેવાસી થઈ રહ્યા. એમની કવિતાએ અહીંથી વધુ સ્પષ્ટ અને ઘેરું રૂપ પકડવા માંડ્યું અને કાકાસાહેબને અર્પણ થએલા પ્રથમ કાવ્યસંગ્રહ 'ગંગોત્રી'ના અર્પણમાં જણાવ્યું છે તેમ એ 'ગભરુ કાવ્યઝરણને હૃદયે સિંધુરટણા જાગી.' વિદ્યાપીઠમાં છ કલાક ખાદીકામ અને પાંચકુવા મારકીટમાં પરદેશી કાપડ પર પિકેટિંગ કરતાં કરતાં ઇ. ૧૯૩૧ના ચોમાસામાં લાંબું સળંગ કાવ્ય 'વિશ્વશાંતિ' લખાયું, જે નવજીવન કાર્યાલયે પછીથી પ્રકટ કર્યું. એ એમનું પહેલું પ્રકાશન. સ્વ. નરસિંહરાવ જેવા સાહિત્યપારખુએ 'વસન્ત'માં તરત એની વિસ્તૃત પ્રશસ્તિ લખી, તે એ ફૂટતી પ્રતિભાનું મૂલ્ય કેટલું ઊંચું હતું તે દર્શાવે છે.

૧૯૩૨નું વરસ બેસતાં સત્યાગ્રહની લડત ફરી શરૂ થઈ. વિદ્યાપીઠ વિખેરાઈ ગઈ અને સૌ લડતનાં વિવિધ ક્ષેત્રોમાં જોડાઈ ગયા. ઉમાશંકર ખેડા જિલ્લાના માતર તાલુકામાં કામ કરવા ગયા. ત્યાં જિલ્લામાંથી દેશનિકાલી મળી, જે ન માનવાને પરિણામે ધરપકડ થઈને આઠ મહિનાની સજા મળી. ફરી પાછી જેલજાત્રા શરૂ થઈ: પહેલાં સાબરમતી અને પછી વીસાપુર. આ જેલવાસ દરમ્યાન લેખન, વાચન, ચર્ચા ને વિચારણાને બહોળો વિસ્તાર મળ્યો. કવિતા તો પાકતી જતી જ હતી; ઉપરાંત નાટકો પર પણ કલમ ચાલી; અને આઠ મહિને છૂટીને બહાર નીકળ્યા ત્યારે, જે અનેક વસ્તુઓ જેલમાંથી સાથે લેતા આવ્યા તેમાં 'ગંગોત્રી' સંગ્રહનાં કાવ્યો, 'સાપના ભારા'નાં શરૂઆતનાં પાંચ નાટકો ને એમને લાંબો કાળ પીડી રહેલું આંખનું કપરું દર્દ પણ હતાં.

જેલમાંથી છૂટતાં પિતાની માંદગીના સમાચાર મળ્યા, એટલે વતનમાં ત્રણચાર માસ એમની પાસે રહીને ફરી પાછા કાકાસાહેબ પાસે જઈ પૂના, સિંહગઢ વગેરે સ્થળે એમની સાથે થોડો સમય ગાળ્યો. એવામાં ૧૯૩૪ની લડતમોકૂફી થઈ. દેશનું રાજકારણ મંદ ગતિને પામી થાળે પડવા લાગ્યું અને સૌ પોતપોતાની દિશાએ વગે થવા લાગ્યા. ઉમાશંકરે પણ 'પુનશ્ચ હરિઃ ૐ' કરી કૉલેજનો અભ્યાસ શરૂ કર્યો.

૧૯૩૪નું વરસ એમના જીવનમાં કંઈક વધુ યાદગાર છે. એમનો પહેલો કાવ્યસંગ્રહ 'ગંગોત્રી' એ જ વર્ષે પ્રકટ થયો; અને (અનુ. પૃ. ૨૫૩)



સત્યનો પ્રયોગ

સ્ત્રી-સંસ્થાઓમાં સફળતા પામેલું

એકાંકી

લેખક

પ્રો. સુરેશ રાવી

—પાત્રસૂચિ—

કુંતલ · પલ્લવી · ફાલ્ગુની : ત્રણ બહેનો
શારદાબેન (સૂચિતપાત્ર): એમની મા
ઊજમ : દૂરનાં નિઃસંતાન શ્રીમંત કાકી
વર્ષા : પલ્લવીની ભાવિ નણંદ
રમાબેન : પડોશણ
મંગી : નોકરડી

[પડદો ખૂલે ત્યારે મંગી દીવાનખંડમાં ઊંચુંનીચું કરતી હોય. ખુરશી ઊંચકી અંદરના ઓરડામાં જાય. પાછી આવી ખુરશીને ઠેકાણે બાજઠ મૂકી તે પર આસનિયું પાથરે. ભીંતેથી ફોટા ઉતારવા જાય ત્યાં અંદરથી...]

અવાજ : મંગી... ઓ...મં...ગી!

મંગી : (ફોટા પડતા મૂકી) બહાબ તોબા છે આ ઘરથી તો! આ કરો, ને તે કરો. એક માણસ તે શું કરે? મરે? (બબડતી અંદર જાય છે. થોડીક સેકંડ પછી કુંતલ પ્રવેશે છે.)

કુંતલ : (કાંડા-ઘડિયાળ જોઇ) નવ તો થવા આવ્યા, ને અહીં ક્યાં ઠેકાણાં નથી. હમણાં પેલી ડોકરી આવીને ઊભી રહેશે. Oh! Horribly orthodox, poor old thing. (ફરતાં) પણ મંગી ક્યાં ટળી? મંગી! ઓ મંગી...(એક હાથમાં બ્રશ અને બીજામાં સેંડલ લઈ મંગી પ્રવેશે છે.)

મંગી : શું કો'છો કુંતલબેન?

કુંતલ : (મંગી સામે જોઈ ગુસ્સાથી) How absurd! મંગી, આમ ન ચાલે.

મંગી : (ન સમજતાં) તમે ય કુંતલબેન, ખરી ગમ્મત કરો છો બેશાબ! ચાલ તો બે લગવાને જેવી આલી હોય એવી હોય. ને 'ભીખલાના બાપ' તો કે'છે કે તારી ચાલ...

કુંતલ : Shut up! વાતવાતમાં મારા ભીખલાના બાપ તો આમ કહે છે, ને તેમ કહે છે. હું પૂછું છું તારા હાથમાં શું છે?

મંગી : કયા હાથમાં બેશાબ?

કુંતલ : અરે બંને હાથમાં મૂરખ! સેંડલ ને બ્રશ લઈ દીવાનખાનામાં દોડી આવે છે?

મંગી : પણ કુંતલબેન! તમે મને બોલાવી...

કુંતલ : તે કોઈ બોલાવે એટલે હાથમાં સેંડલ લઈ ધસી જવાનું?

મંગી : એમ નૈં બેશાબ! મારી વાત તો સાંભળો. હું તો મારે, તમે કહ્યું'તું એમ આ ઓરડામાં ઊંચુંનીચું કરતી તી. ત્યાં ફાગુણી બેને...

કુંતલ : ફાગુણી નહિ, ફાલ્ગુની.

મંગી : મારી બળી જીભ જ...

કુંતલ : તારી જીભની case history પછી. પહેલાં એ કહે કે મેં અહીં જે બધી ગોઠવણ કરવાની કહી હતી તે કેમ કરી નથી?

મંગી : બેશાબ! એ જ તો કહું છું. પણ તમે ધમકાવો છો એટલે બધું ભૂલી જવાય છે. હું...હું આ ફોટા ઉતારતી'તી તાં જ ફાગુણીબેને મને બોલાવી. મને કે' કે બબી ને અબી આ સેંડલને પાલીસ કરી આલ. હું પાલીસ કરતી'તી ને તમે સાદ કર્યો. મને છે... ને...છે...ને...તે તમારી જરા ધાક લાગે છે બેશાબ. એટલે સાદ સંભળાયા ભેગી જ દોડી, તેથી આ....

કુંતલ : લવારો બંધ કર! એ સેંડલને નાખ પેલા ખૂણામાં, ને અહીં બધું ઝડપથી ગોઠવી નાખ. જો! આ લૅંડસ્કેપ ને પોર્ટ્રેઈટ્સની બધી છબીઓ ઉતારી નાખ, ને પડોશનાં રમાબેનને ત્યાંથી કૃષ્ણની મોટી છબી....

મંગી : એમને તો ક્યાં છે?

કુંતલ : કેમ? પૂજાની ઓરડીમાં તો ટાંગી છે! હજાર વાર ત્યાં જાય છે તો ય...

મંગી : એમ નૈં બેશાબ! રમાબેનની પૂજાની ઓરડીમાં તો શ્રીનાથજી બાવાનો ફોટો છે, ને તમે તો શ્રીકૃષ્ણ ભગવાનનો...

કુંતલ : શ્રીનાથજીબાવા કે સાંઈબાવા who cares? તું વધુ લપ્પનછપ્પન કર્યા વિના એ જે બાવા હોય તેને લાવીને અહીં ટાંગી દેને!

મંગી : સારું. (જવા જાય છે.)

કુંતલ : ને જો, ડ્રેસિંગ ટેબલ ઉપરથી આ બધું કૉસ્મેટિક્સ ખસેડી લેજે. (મંગી ન સમજતાં તાકે છે) અરે! એમ બાઘી બની તાકે છે શું? આ પાઉડર જૅાક્સ, લિપસ્ટિક, હેર ઑઇલ, નેઈલ પેઈન્ટ જે બધું અહીં પડ્યું છે તે મારા ઓરડાના કબાટમાં મૂકી આવજે. ઊજમકાકીની નજરે એમાંનું કૈં પડ્યું તો એ ડોકરી અમારી કમબખ્તીકરીનાખશે, સમઝી?

મંગી : હા બેશાબ. (જવા જાય છે.)

કુંતલ : ને સાંભળ! ટેબલ પરથી આ બધાં મૅગેઝીન્સ લઈ લેજે. 'ફિલ્મફેર' કે 'ઈલ્સ વીકલી'ના ફોટા ઊજમકાકી જોઈ જશે તો એમનો મરજાદી જીવ કકળી ઊઠશે. ને હાં, મંગી, એમ કર. રમાબેનને ત્યાંથી થોડાં ધરમનાં પુસ્તકો લેતી આવજે. રામાયણ, મહાભારત, ભાગવત, ગીતા, ઓખાહરણ, દમયંતીહરણ, ભીમહરણ, સતીચરિત્રો, સતાચરિત્રો, I mean જે હોય તે લેતી આવ, ને અહીં ટેબલ પર ખડકી દે. જા ઝડપ કર! એમ ઠોયા જેવી ઊભી ના રહે. નવ તો થયા...હમણાં એ ડોકરી આવીને ઊભી રહેશે ને...જો કંઈ કાચું કપાયું તો લાખ્ખોના વારસામાંથી અમને રદબાતલ કરશે. સમઝી?

મંગી : હા બેશાબ.

કુંતલ : હા બેશાબ! હા બેશાબ!! એવી મરખ છે કે સમઝ્યા વિના બેશાબ બેશાબ કર્યા કરે છે. મમ્મી પણ એવી છે ને કે આવી બાઘડને નોકરીએ રાખે છે. મારે ઘેર એક દિવસ ન ચાલે. કૌશિક તો next minute કાઢી મૂકે. એને આવું હૉચપૉચ...... (મંગી જોરથી હસે છે) કેમ'લી એમાં હસવાનું શું છે?

મંગી : કૈં નૈં બેશાબ! પણ તમે કૉશિકલાલનું નામ લીધું એટલે મને જરા....

કુંતલ : પણ એમાં હસવા જેવું છે શું 'લી? કૌશિક મારો પતિ છે. એનું નામ ન લઉં તો કોનું લઉં? After all he happens to be my husband, સમઝી?

મંગી : હા! તમે મને હસ-બંધ, હસ-બંધ કહી, હસવાનું બંધ કરવાનું કો'છો, પણ બેશાબ તમે ફરી વાર નામ લીધું એટલે મને ફરી હસવું આવે છે. અમારામાં તો, કુંતલબેન, વરનું નામ લેવાય જ નૈં!

કું.: બસબસ હવે! આમ જૂના જમાનાના ડોસીઓની જેમ ગપ્પાં ન માર્યા કર. મેં કહ્યું તે બધું ઝટ પતાવ. Be speedy and smart. કૌશિકને આવા લપરવેડા જરા ય ન ગમે.

મંગી : (છબીઓ એકઠી કરતાં) પોતે કૉશિક કૉશિક કર્યા કરે એનું કાંઈ નહિ ને મેં જરા 'ભીખલાના બાપ'......

કુંતલ : અલી! કામ કરતાંકરતાં ય આ હવે 'ભીખલાના બાપ'ની નામસહસ્રાવલિ નહિ વાંચે તો ચાલશે. (મંગી મોં મચકોડી ચાલી જાય છે. કુંતલ યાદ આવતાં બારણા સુધી જઈ)

કુંતલ: મંગી! Oh! એક અગત્યની વાત તો ભૂલાઈ જ ગઈ! અહીં આવ! ઝટ કર પ્લીઝ!

મંગી: (પ્રવેશી) ખરાં છો લેશાબ તમે, કુંતલબેન! ઘડીમાં કો' છો ઝટ કર, ઈસ્પીડ કર; જાઉં છું તો બોલાય બોલાય કરો છો. તમારે જે કે'વું હોય તે કઇ નાખોને સામટું, એટલે હું મારે કામ ઉકેલવા માંડું. આ હમણાં ઊજમકાકી આવી પોંચશે ને આ હંધું ય આમ રમણભમણ પડ્યું હશે તો....

કુંતલ: Exactly! તું હવે સમજી ખરી! ઊજમકાકી આવે તે પહેલાં બધું જ ટિપટૉપ થઈ જવું જોઈએ. ધર્મચુસ્ત મરજાદી વૈષ્ણવનું ઘર હોય એમ જ એને લાગવું જોઇએ.

મંગી: એ બધું તો સમજ્યાં મારા બે! તમે કાં'ક જરૂરની વાત...

કુંતલ: હં જો; તું આ બધું ગોઠવી લે એટલે તારે મને તારા જેવો જ સખત અંબોડો લઈ દેવાનો છે. એ ડોશીને બે ચોટલા ને રિબન્સમાં હળાહળ કળિયુગનું દર્શન થાય છે. જાણે કળિયુગ ચોટલે ચડીને આવવાનો હશે! બાવા આદમના જમાનાની વિચારસરણી...ઉંહ!

મંગી: હવે લેશાબ કૈં કે'વાનું બાકી ના હોય તો હું રમાબેનને ઘેરથી બધું લઈ આવું. એ પાછાં એવાં ચીકણાં બજ્યાં છે કે પૂછી પૂછીને વાતનો પેડ કા'ડશે.

કુંતલ: હું એ ચાંપલી રમાને બરાબર ઓળખું છું. તું લપલપાટ બંધ કરીને હું કહું તે સાંભળ. હં...જો...પછી તારે મને ગુજરાતી ઢબે સાડી પે'રાવવી પડશે. બરાબર તારા જેવી જ, હં! પચાસ વરસ પહેલાંની ગુજરાતણ પહેરે એવી. એ ડોશી પચાસ વરસ પાછળ જીવે છે. (મંગીની આસપાસ ફરી) આ હા હા! શી સ્ટાઈલ છે તારી! આ ચપટીઓ ને ઘમ્મરઘેર; ને પાટલીઓનો ડબ્બો! ગાંગલી ઘાંચણ સ્ટાઈલ! Well I shall have to put up with that. (એક પગમાં સૅંડલ, ને બીજો ઉઘાડો, એમ ફાલ્ગુની પ્રવેશે છે.)

ફાલ્ગુની: You મંગી! મારૂં સૅંડલ ક્યાં છે? પૉલિશ કરીને મને આપી જવાને બદલે તું અહીં ટાઢા પહોરનાં હાંકવા બેસી ગઈ છે?

મંગી: હું શું કરું લેશાબ! તમે કો' પાલીસ કર; કુંતલબેન કે' અહીં બધું ગોઠવી દે, હું એક જીવ તે......

ફાલ્ગુની: પણ પૉલિશ કરતાં વાર કેટલી લાગે? એને માટે કાંઈ સરકારી પંચવર્ષીય યોજનાની જરૂર નથી, સમજી?

મંગી: એવું એવું મને નો' સમજાય ફાગુણીબેન! મને તો કુંતલબેને ક'યું એટલે પાલીસ મૂકી પડતી, ને અહીં બધું ઊંચુંનીચું કરવા માંડી. તમારું સૅંડલ એ પડ્યું પ...પેલે ખૂણામાં. હવે એક દી' પાલીસ વગર ચલાવી લ્યોને ફાગુણીબેન.

ફાલ્ગુની: તને તે કૈં અક્કલ છે? એક સૅંડલને પૉલિશ, ને બીજું એમ ને એમ? 'ચલાવી લ્યોને!' બોલ્યાં! નહિ ચાલે!

કુંતલ: ચલાવવું પડશે ફાલ્ગુની! મંગી, તું કેમ ઊભી છે? જા, કામે વળગ.

ફાલ્ગુની: મંગી, ઊભી રે'!

કુંતલ: જા! કહું છું. સાંભળતી નથી? (મંગી જવા માંડે છે ત્યાં—)

ફાલ્ગુની: મંગી......! (મંગી મૂંઝાય છે.)

મંગી: લેશાબ! તમારા બેમાં વચવેગળે મારો કૂટો થાય છે.

કુંતલ: ફાલ્ગુની! એને જવા દે. જા મંગી. (મંગી જાય છે.)

ફાલ્ગુની: પણ મોટી બેન......

કુંતલ: તારે અત્યારે સૅંડલની શી જરૂર છે?

ફાલ્ગુની: જરૂર છે, સખત જરૂર છે! I mean immediate need છે, કુંતલબેન. અમારી કૉલેજની ડ્રામૅટિક સોસાએટીની મીટિંગ મારે ઍટેન્ડ...

કુંતલ: You simply can't to-day. આજે તો ન જ જઈ શકે ફાલ્ગુની! મેં તને પચ્ચાસ વાર કહ્યું છે કે આજે......

ફાલ્ગુની: હા, હા...આજે પલ્લવીબેનનો જન્મ દિવસ છે. એઓશ્રી આજે બાવીસ વર્ષ પૂરાં કરી ત્રેવીસમા વર્ષમાં પ્રવેશ કરશે. એ ત્રેવીસમા વર્ષનું ઉદ્ઘાટન કરવા ઊજમકાકી જાતે પોતે પંડે અહીં પધારશે, અને એમના લાખ્ખોના વારસાનું વિલ પણ આજના પ્રસંગે જ નક્કી કરશે...અને મમ્મી પણ ખરી છે! અહીં લાખ્ખોના વારસાનો નિર્ણય થવાનો છે, ને એ એની એડ્યુકેશનલ કૉન્ફરન્સમાં જઈને બેઠી છે! એ હોત તો...

કુંતલ: બે શબ્દો આપણીતરફેણમાં ઊજમકાકીને કહી શક્ત એ વાત સાચી; પણ મમ્મીને ઍટેન્ડ કર્યા વિના છૂટકો ક્યાં હતો? એટલે તો મને ખાસ સાસરેથી અહીં બોલાવી; ને હું પણ કૌશિકને બિચારાને એકલો મૂકી દોડી આવી, તે આ વારસાની મ્હોકાણને કારણે જ; બાકી મને એ ડોકરીનું મોં સુધ્ધાં ગમતું નથી. કૌશિક બીચારો મારી કંપની વગર...

ફાલ્ગુની: નિરાંતે એની પહેલાંની સ્ત્રી મિત્રો સાથે મેટ્રો કે રીગલમાં શોનું રીઝર્વેશન કરાવ્યું હશે, કાં તાજ કે ગેલૉર્ડમાં ટેબલ બુક કરાવ્યું હશે. પત્નીવિયોગે ઝુરવાના રાજા રામના જમાના ગયા હોં કે કુંતલબેન! વીસમી સદીના પુરુષોને પત્નીનો પિયરવાસ casual leave જેટલો જ મીઠો લાગે છે, સમજ્યાં?

કુંતલ: ફાલુ! તું કૌશિકને ઓળખતી નથી. એ ઝૂરતો હશે મારા વગર. Poor old boy!

ફાલ્ગુની: હા...રે! 'પોપટ આંબાની ડાળ, પોપટ સરોવરની પાળ, પોપટ ખાતો નથી, પોપટ પીતો નથી' એવો સંદેશો હમણાં જ મોકલશે કૌશિકભાઈ. આજની ટપાલ જોઈ કે નહિ મોટીબેન! કદાચ આવી પોપટિયા ફરિયાદ આવી પણ હોય!

કુંતલ: તને તો બધી વાતમાં મશ્કરી સૂઝે છે ફાલુ! પ...ણ. જો, આપણે મુદ્દાની વાત પર આવીએ. મમ્મી હાજર નથી. ઊજમકાકી આવે ત્યારે એમનો સત્કાર કરવાનું એ મને કહી ગઈ છે. ઊજમકાકી તરફ આમ તો આપણને સખ્ત અણગમો છે......

ફાલ્ગુની: પણ એમની પાસે લાખ્ખોની મિલકત છે...

કુંતલ: ને એમને પેટનું છૈયુંછોકરું છે નહિ.

ફાલ્ગુની: એટલે એ વારસો આપણને મળવાનો સંભવ છે. તેથી...

કુંતલ: આપણે એ અણગમતી ડોશીનો હસતે મોઢે સત્કાર કરવો પડશે...અને...

ફાલ્ગુની: એ ડોશીને રીઝવી, મનાવી, ફોસલાવી, પટાવી વારસામાં આપણો હક જાળવવા મથવું પડશે...

કુંતલ: અને એમ કરવા માટે આપણે નાટક—I mean અભિનય કરવો પડશે. જો! જાણે કે પહેલી વાત તો એ કે આપણે ચુસ્ત વૈષ્ણવી ઢબે જીવીએ છીએ એવી છાપ એ ડોશી પર પાડવી પડશે. હં...પણ જો, એ ડોશીને ચામડાની ઍલર્જી છે. ચામડું જૂએ છે ને એ ભડકે છે! અભડાઈ જાય છે! તેથી આજે ઘરમાં કોઈએ બૂટ, ચંપલ, સૅંડલ, સ્લિપર I mean કોઈ કહેતાં કોઈ જાતનું footwear પહેરવાનું નથી.

ફાલ્ગુની: ઉઘાડા પગે? Oh God! How can it be? મને તો એક મિનિટ......

કુંતલ: તો તમે વારસાની આશા છોડી દો.

ફાલ્ગુની: ફવડાવીશ, ભાઈ, ફવડાવીશ!.

કુંતલ: તો...જો ફાલ્ગુની! હમણાં મંગી આ બધાંથી પરવારે, એટલે આપણે એની પાસે થોડાં લેસન્સ લેવાં પડશે.

ફાલ્ગુની: Lessons? મંગી પાસે? શાનાં?

કુંતલ: એ ડોશી સાથે શી રીતે વર્તવું તેનાં. વળી. આપણે 'હલ્લો, આન્ટી! હાઉ ડુ યુ ડુ?' કરી ઊભાં રહીશું તો ડોશી ભડકી જશે.

અને પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવું થશે. એવાં જૂનવાણી બૈરાં અમુક જ ઢબે વાત કરવા ટેવાએલાં હોય છે. એ ઢબ આપણે મંગી પાસે શીખી લેવી પડશે. અને આ બધું કરવા માટે તમારાથી આજે એક મિનિટ પણ બહાર જવાશે નહીં, સમજ્યાં ફાલ્ગુનીબેન?

ફાલ્ગુની: નહિ નહિ કુંતલબહેન, મારે જવું તો પડશે જ. Go I must. અત્યાર પહેલાં શશાંકનો ત્રણ વાર તો ફોન આવી ગયો. એ એવો તો અધીરો છે...

કુંતલ: તે તું મીટિંગ માટે જવાની છે કે શશાંકમિલન માટે?

ફાલ્ગુની: Of Course! મને મીટિંગ કરતાં શશાંકમાં વધારે રસ છે. He is so smart કુંતલબહેન! તમે એને જુઓને, તો તમે પણ અમારી મીટિંગો ઍટેન્ડ કરતાં થઈ જાઓ! (હસે છે.)

કુંતલ: બહુ ચાવળી ન થા ફાલુ! આજનો દિવસ—ઍટ લીસ્ટ એ ડોશી આવે ને જાય ત્યાં સુધી—તારે એ શશાંકરસનો આસ્વાદ ભૂલી જવો પડશે.

ફાલ્ગુની: કુંતલબેન! પ્લીઝ! તમે જરાક તો સમજો. કાકીને આવવાને હજુ વાર છે. હું ઊભાઊભ પાછી વળી જઈશ. પણ સાવ નહિ જાઉં તો...

કુંતલ: તો શું શશાંક ચંદ્રલોકગમન કરશે?

ફાલ્ગુ૦: ના...પણ મસમોટું મોઢું ચડાવી ફરિયાદ કરશે: 'ફાલુ! તું એવી દુષ્ટ છે ને... જા...હું તારી સાથે બોલવાનો નથી. કાલે તારી કેટલી રાહ જોઈ—અધીર હૈયે, ને અમીટ નેત્રે, ને તું...તું આવી જ નહિ. You women...તમને કોઈની પડી જ નથી. Well! પથ્થર કી તરહ હૈ દિલ જિસકા...' ને પછી રીસાઈ જશે; ને...

કુંતલ: અરે! ગાંડી! પુરુષોને રીસાઈ જવાની હજાર રીત આવડે, તો સ્ત્રીઓને મનાવી લેવાની એક હજાર ને એક રીત આવડે છે. એમ ગભરાય છે શું? કાલે મનાવી લેજે ને! 'શશાંક સાયબા શાને રિસાયા!' એમ જરાક લહેકાથી પૂછીશ એટલે એ વિશ્વામિત્રનું અગ્નિલાવત છૂટી જશે. અ...ને કાકીના વારસાની વાત કરીશ, એટલે એનો તારા પરના પ્રેમનો 'કાંટા' એકદમ ડબલ થઈ જશે, સમઝી? પુરુષ કદાચ પ્રેમનો અભાવ વેઠે, પણ પૈસાનો અભાવ એનાથી વેઠાતો નથી.

ફાલ્ગુની: જાતઅનુભવ બોલે છે કુંતલબેન? પણ બધા પુરુષો કૌશિકભાઈ જેવા લોભિયા નથી હોતા હોં કે!

કુંતલ: કૌશિક જેવો હોય તેવો. It's my personal matter. You shouldn't bother. પણ તું આજે... (ફોનની ઘંટડી)

કુંતલ: જુઓ! એ તમારા શશાંક સાયબા જ રણક્યા લાગે છે! ના કહી દે એને. (ફોનની ઘંટડી ચાલુ. ફાલ્ગુની આઘાપાછી કરે છે.)

પલ્લવી: (ઝડપથી પ્રવેશી) કોનો ફોન છે? પરિમલનો જ લાગે છે...(ફોન લઈ) હલ્લો! કોણ? ઓહ! ના હું પલ્લવી! હા છે! મોકલું હોં. Please hold on a minute. (ફાલ્ગુની તરફ ફરી) ફાલુ! શશાંકનો ફોન છે. તને બોલાવે છે ફોન પર. (ફાલ્ગુનીને ફોન આપી દેતાં) હું સમજી પરિમલનો હશે. દર વર્ષે તો મારા જન્મદિવસે વહેલી સવારનો આવી અભિનંદન આપે છે. આજે હજુ સુધી આવ્યો નથી, એટલે...(ફાલ્ગુની ફોન પર ગુફતેગો કરે છે.)

કુંતલ: એટલે એમ, કે સગાઈની શરૂઆતનો જે ઉત્સાહ હતો તે હવે ઓસરવા માંડયો પલ્લવી! હવે તો તમે બંને થોડા વખતમાં પરણવાનાં છો. પછી તને રીઝવવાની એવી તે શી ઉતાવળ પરિમલને હોય? (ફાલ્ગુની તરફ ધ્યાન જતાં) ફાલુ! એમ લાળા ના ચાવ! શશાંકને સ્પષ્ટ ના કહી દે! (મંગી છબી અને પુસ્તકો સાથે પ્રવેશે છે તેને)

પલ્લવી: આ બધી શી ઊથલપાથલ માંડી છે, મંગી?

મંગી: બેશાબ, કુંતલબેને કહ્યું...

કુંતલ: જીભ બંધ રાખ મંગી! પલ્લવી! તારે એ બધી શી પંચાત? ફાલ્ગુની! કેટલી વાર, ના પાડવામાં? (મંગી બધું ગોઠવે છે; પલ્લવી ફરીને બધું જુએ છે.)

ફાલ્ગુની (ફોન પર): ઓહ! નહિ...તું એમ ખીજાઈ ન જા શશાંક... પ્લીઝ, મારી વાત સમઝ. એમ શું કરે છે? ના...ના... તારી કંપની તો મને એટલી ગમે, એ...ટલી ગમે...પણ શું કરું શશાંક! કાકીબા આવવાનાં છે...અરે પેલાં, જેનો વારસો અમને મળવાનો છે તે...હાં એટલે જ, એટલે જ હું નથી આવી શકતી. ના રે ના, એવું તે હોય? છટ્, એવું એવું નહિ બોલવાનું વળી! You naughty boy! નહિ નહિ...અત્યારે નહિ. કુંતલબેન અને પલ્લવીબેન અહીં ઊભાં છે. તું તો કંઈ સમજતો જ નથી. અત્યારે એવું એવું નહિ બોલવાનું વળી...Please!... you understand શશાંક...ચલ ત્યારે...હા હા, કાલે કૉલેજમાં...Sharp seven thirty. જરૂર વળી...એમ?...તને એ ગમે છે તો એ પહેરી લાવીશ. બસ? હવે રાજીને? બા...ય, બા...ય, ટા...ટા...(ફોન મૂકી. કુંતલને...) બસ? હવે તો રાજી થયાંને કુંતલબેન. મેં જવાનું બંધ રાખ્યું.

કુંતલ: ઊજમકાકીનો વારસો જોઈતો હોય તો એમ કરવું પણ પડે.

પલ્લવી: (બધું સમઝી ગઈ હોય તેમ) હં...હવે સમઝાયું...તો આ બધી તૈયારી છે ઊજમકાકીને ખુશ કરવાની, નહિ કુંતલબેન?

કુંતલ: તે કેમ, એમાં કંઈ ખોટું છે, પલ્લવી?

પલ્લવી: ખોટું? સાડી સત્તર વાર ખોટું! તમે એક દિવસ પૂરતું ઘર બદલી નાખો, વાણી અને વર્તન બદલી નાખો, અને એમ કરી લાંબા સમય પછી આપણે ત્યાં આવતાં સ્નેહીજનના મન પર અનુકૂળ અસર પાડવા મથો તે નરી છેતરપીંડી જ કહેવાય.

ફાલ્ગુની: તમે સમઝ્યાં નહિ પલ્લવીબેન! અમે તો આપણાં પૂજ્ય કાકીમાને ગમે, અનુકૂળ આવે, એવી ગોઠવણ કરવાનો પ્રયત્ન કરીએ છીએ. આપણા મહેમાનની સગવડ અને રુચિ જાળવવાનો આપણો ધર્મ નથી?

પલ્લવી: પૂજ્ય કાકીમા?...મહેમાન?... આહાહા! શી સાકર વર્ષે છે તમારી જીભમાંથી આજે! ગઈ કાલ સુધી તો 'ડોકરી, ડોશી, કંજુસ, લેવલી, મરજાદણ' કહી તમે બંને એની પેટ ભરીને નિંદા કરતાં હતાં. આજે પૂજ્ય કાકીમા...આપણાં મહેમાન...એમની સગવડ ને રુચિ...

કુંતલ: કેમ? માણસના વિચારો ને મૂલ્યાંકનો ન જ બદલાય એવું થોડું છે?

પલ્લવી: બદલાય, જરૂર બદલાય; પણ આમ રાતોરાત કારણ વિના ન જ બદલાય. આ તમારું વિચારપરિવર્તન નથી, કાકીનો વારસો મેળવવાની ચાલબાજી છે.

ફાલ્ગુની: Please પલ્લવીબેન! Don't be so harsh! જેમ તમે ઊજમકાકીને ચાહો છો તેમ અમે...

પલ્લવી: ના! તમે ઊજમકાકીને નહિ એમના લાખોના વારસાને ચાહો છો.

કુંતલ: અને તું તો મોટી વિરક્ત વૈરાગી છે ખરું ને?

પલ્લવી: ના! હું વિરક્ત પણ નથી અને વૈરાગી પણ નથી, પરંતુ મેં એ ડોશીને કદી પૈસા ખાતર ચાહી નથી. વારસો મને મળશે તો હું ના નહિ પાડું. હું પણ આખરે માણસ છું. પૈસો મને પણ ગમે છે; પરંતુ વારસો નહિ મળે તો પણ મારો એમના પ્રત્યેનો પ્રેમ ઓસરી નથી જવાનો. ઊજમકાકી એકલાં છે,

વૃદ્ધ છે, એમને કોઈની હૂંફ નથી, પોતાનું કહી શકાય એવું કોઈ સ્વજન નથી, પ્રમેઘેલાં છતાં સ્વભાવે પ્રેમાળ છે એટલે જ હું એમને ચાહું છું.

કુંતલ: પલ્લવી! તું ખૂબ વિદ્વાન ને બુદ્ધિશાળી છે તે અમે જાણીએ છીએ; યુનિવર્સિટી-સ્કૉલર ને ઉત્તમ ડિબેટર છે એ પણ કબૂલ; પણ તેથી અમારી આગળ ભાષણ છાંટવાની જરૂર નથી. અમે કંઈ ભોટ નથી, સમજી?

પલ્લવી: માફ કરજો કુંતલબેન, તમે મોટાં બેન છો તો ય મારે કહેવું પડે છે કે તમે માત્ર ભોટ જ નહિ ભોટશિરોમણિ છો.

કુંતલ: (તાડૂકીને) પલ્લવી!

ફાલ્ગુની: (અકળાઈને) પલ્લવીબેન!

મંગી: (સમજાવતાં) પલ્લવીબેન, બેશાબ!

પલ્લવી: આજે હું સત્યને રૂપાળા જુઠ્ઠાણાનો સાજ નહિ સજાવું કુંતલબેન! અને સુશીલ યુવકોને મૂકી કૌશિકભાઈ જેવા પૈસાના લાલચુને તમે પતિ તરીકે પસંદ કર્યા તે ભોટપણું નહિ તો બીજું શું? કાકીનો વારસો તમને નહિ મળે તો કૌશિકભાઈ તમને છૂટાછેડા...

કુંતલ: (ગુસ્સામાં) Shut up!

મંગી: પણ બેશાબ! તમે બધાં આમ...

કુંતલ: તું વચ્ચે માથું ન માર મંગુડી! તારું કામ કર. પલ્લવી! કૌશિક વિષે બોલવાનો તને શો અધિકાર છે? અમે બંને કેટલાં સુખી છીએ એની તને શી ખબર પડે?

પલ્લવી: તમે સુખી હોવાનો દંભ કરો છો, કુંતલબેન! આખી દુનિયા જાણે છે કે લગ્ન પછી એક જ વર્ષમાં કૌશિકભાઈ એને રસ્તે વળી ગયા છે, અને તમે તમારે. તો ય 'મારો કૌશિક મારો કૌશિક' કરી તમે એ સત્યને છાવરવાનો મિથ્યા પ્રયત્ન કર્યા કરો છો.

કુંતલ: Oh! the hell with you! તું તે બેન છે કે શત્રુ?

પલ્લવી: સત્ય બોલનાર હમેશાં શત્રુ જ લાગે છે, કુંતલબેન!

કુંતલ: સત્ય કે અસત્ય, હું તારો એક અક્ષર સાંભળવા માગતી નથી પલ્લવી! તું મારું અપમાન કરે છે, કૌશિક પર આક્ષેપ કરે છે, મર્યાદાભંગ કરે છે...

ફાલ્ગુની: હા પલ્લવીબેન, આ મર્યાદાભંગ થાય છે એમ તમને નથી લાગતું?

પલ્લવી: લાગે છે, જરૂર લાગે છે, ફાલ્ગુની. પણ એ મર્યાદાભંગ કોણ કરે છે એ વિચારવા જેવું ખરું.

ફાલ્ગુની: કોણ તે તમે વળી? બીજું કોણ?

પલ્લવી: તું, ફાલ્ગુની, તું મર્યાદાભંગ કરે છે.

ફાલ્ગુની: હું? હું કેવી રીતે? તમે, પલ્લવીબેન, આમ ગમે તેમ, ગમે તેના પર કાદવ ન ઉડાડો.

પલ્લવી: કાદવ તો તું તારી જાત પર ઉડાડે છે ફાલ્ગુની. આ પુરુષમિત્રોનું લાવલશ્કર, આ હાહાહીહી, સીનેમા ને પર્યટનો, આજે સુહાગ તો કાલે શશધર, ફોન પર કલાકો સુધી ગુફતેગો, ભેટોની આપ લે ને લગ્નનાં વચનો...

ફાલ્ગુની: Mind your business પલ્લવી! તું મારાથી મોટી એનો અર્થ એ નહિ કે મારી સ્વતંત્રતામાં હું તને માથું મારવા દઈશ. કુંતલબેન, પલ્લવીબેનનું આજે ખસી ગયું લાગે છે. કેવી વિચિત્ર રીતે વર્તે છે! કોઈ દિવસ નહિ ને આજે કેવું કેવું બોલે છે?

કુંતલ: રાઇટ ફાલ્ગુની! એ ધૂની છે, તરંગી છે, પણ ઉદ્ધત કે ઝગડાખોર નથી; છતાં આજે...

પલ્લવી: છતાં આજે હું ઉદ્ધત ને ઝગડાખોર લાગું છું, કારણ કે સત્યની આસપાસનું દંભનું રૂપાળું આવરણ મેં ચીરી નાખ્યું છે.

કુંતલ: ચીરી નાખ કે ચાવી જા, અમને એની સાથે કાંઈ નિસ્બત નથી, પલ્લવી! તું કદાચ રાજા હરિશ્ચંદ્રનો બીજો અવતાર હોઈશ. અમે છીએ કળજુગનાં માટીપગાં માનવી. અમારે તો દંભ અને જૂઠાણાં વિના ચાલશે જ નહિ. તું મારી બે તારા સત્યના માર્ગે ચાલ્યા કર; પણ ચાલતાંચાલતાં અમારા પર પથરા ના ફેંકીશ બાપુ!

ફાલ્ગુની: હા, વળી! એ એને રસ્તે, આપણે આપણા રસ્તે! એમ કંઈ લાખોનો વારસો છોડી દેવાય કુંતલબેન? આપણે આપણી રીતે પ્રયત્ન કરવાનો જ વળી. We must try, and try like anything.

પલ્લવી: તમે બંને તમારી રીતે વારસો મેળવવા પ્રયત્ન કરો એમાં મને શો વાંધો હોય? માત્ર તમારો એ પ્રયત્ન અસત્ય અને છલના પર આધારિત છે એટલું જ મેં તો કહ્યું. તમને બંનેને વારસામાં ભાગ મળશે તો મને દુઃખ નહિ આનંદ થશે.

કુંતલ: યૅંફૂસા! ચાલ ફાલ્ગુની! એમના જેવાં પરમ સત્યવાદી સાથે આપણા જેવાં પામર પાપીઓ વાત કરે તે યોગ્ય નથી (જાય છે. પાછી ફરી મંગીને) મંગી, અહીંથી પરવારી મારા ઓરડામાં આવજે મેં કહ્યું'તું તે યાદ છે ને?

મંગી: એ હો કુંતલબેન! (કુંતલ-ફાલ્ગુની જાય છે. મંગી કામ પડતું મૂકી, પલ્લવી પાસે આવી) પલ્લવીબેન! તમે બેશાબ, ખીજે ના ભરાઓ તો એક વાત પૂછું.

પલ્લવી: પૂછ.

મંગી: તમે આજે આવાં કેમ થઈ ગયાં છો બેશાબ?

પલ્લવી: આવાં એટલે?

મંગી: આ હમણાં તમે કુંતલબેન અને ફાગુણીબેનને કેવુંકેવું કહી નાખ્યું? કો' ના કો' પણ તમે આજ ખૂબ બદલાઈ ગયાં છો પલ્લવીબેન! નહિ તો કાલ સુધી તો કેવું રૂપાળું બોલવુંચાલવું ને કેવી ઠાવકાઈ!

પલ્લવી: ને આજે?

મંગી: આજે તો બેશાબ તમે વાતવાતમાં મોં તોડી લો છો. તમારી વરસગાંઠના આ રૂડા દહાડે?

પલ્લવી: હું બદલાઈ ગએલી લાગું છું તેનું કારણ છે મંગી! આજના મારા જન્મદિવસે મેં એક પ્રતિજ્ઞા લીધી છે.

મંગી: પરતીગના? શાની પરતીગના?

પલ્લવી: આવતા ચોવીસ કલાક સુધી સત્ય અને માત્ર સત્ય જ બોલવાની. જ્યારે ને જેની સાથે પ્રસંગ પડે ત્યારે તેને દંભ કે જૂઠાણાના અંશમાત્ર વિનાનું, નકરું નક્કર સત્ય જ કહેવાનું.

મંગી: હાય હાય બા! એવું વરત તે લેવાતું હશે પલ્લવીબેન? બેશાબ! મનમાં તો બહુ યે સારીનરસી વાતો આવે, એ બધી કંઈ કહી નંખાતી હશે? ગજબ જ થઈ જાય ને?

પલ્લવી: એ જ તો મારે જોવું છે મંગી! કે નિર્ભેળ નગદ સત્ય આપણા જીવનમાં કેવુંક તેજ, કેવોક તાપ લાવી શકે છે; કેવોક અજબગજબ કરી નાખે છે! (ધૂનમાં) તત્ત્વચિંતકો કહે છે કે શુદ્ધ સત્ય સામાન્ય માનવીથી જીરવાતું નથી. તમે માત્ર પંદર જ મિનિટ નગદ સત્ય બોલો તો ફાંસીને માંચડે ચડો. મારે એ વાત જાતઅનુભવથી ચકાસી જોવી છે મંગી!

મંગી: મારું ગરીબનું કહ્યું માનો તો એ અખતરો રહેવા દો પલ્લવીબેન! એવા અખતરાનો સવાદ એક વાર મેં ચાખ્યો છે, તારથી કાનની બૂટ પકડી ગઈ છું, બેન!

પલ્લવી: એમ? તારા એ અખતરાની વાત તો કર.

મંગી: વાતમાં કંઈ માલ નથી પલ્લવીબેન!

પલ્લવી: તો ય?

મંગી: તે વખતે અમારાં નવાંનવાં લગન થએલાં; અને ભીખલાનો બાપ આમ રુદિયાનો રૂડો છે, પણ શરીરે તો મૂવો એવો વહરો છે કે વાત પૂછો મા! રંગે તો સીસમનું લાકડું જ જોઈ લ્યો!

પલ્લવી: (હસીને) ત્યારે તેં એવાને પસંદ...

(અનુસંધાન પૃષ્ઠ ૨૪૭)

ન્યૂ યૉર્કમાં રાધા

[આજના ભારતીય નૃત્યવિકાસની પૂર્વભૂમિકા [૩] સુનીલ કોઠારી

એકાદ દાયકા પૂર્વે પીટિટ લાયબ્રેરીમાં નૃત્ય વિષયના ગ્રંથો ફીંદતો હતો ત્યારે ઈ. સ. ૧૯૩૩ના અરસામાં પ્રકટ થએલું રૂથ સેંટ ડેનિસના આત્મકથાનકનું નૃત્યવિષયક દળદાર પુસ્તક 'ધી અનફિનિશ્ડ લાઈફ' હાથ ચડી ગયું. પીળાં પડી ગએલાં પાનાં, સેપિયા રંગના ફોટો અને જીવાતે કોરી ખાધેલી એની કાયા! પણ જેમ પાનાં ઉથલાવતો ગયો તેમ ફોટોગ્રાફો જોતાંજોતાં રોમાંચ થવા લાગ્યો. ભારતીય નૃત્યો વિષેની આશ્ચર્યજનક તવારીખની મહત્ત્વની કડીઓ વાંચવા મળી. આવું જ બીજું આત્મકથાનક હાથ ચડેલું તે ટેડ શૉનનું 'વન થાઉઝન્ડ વન નાઈટ સ્ટૅન્ડ્ઝ.' પછી તો શ્રી મોહન ખોકરને પત્ર લખી આ બે કળાકારો વિષે વધુ માહિતી એકઠી કરી અને બેએક વરસ પર ટેડ શૉનને પત્ર લખ્યો; ને તેનો એમણે ઉમળકાથી જવાબ પણ આપ્યો અને નિયમિત પત્રવ્યવહાર શરૂ થયો. ૧૯૨૬માં ટેડ શૉન ભારત આવેલા ત્યારે એક્સેલ્સીઅર થીએટરમાં પારસી અખાડાના કેટલાક ઉત્સાહી યુવકોએ એમનો કસરતબાજ સુદૃઢ બાંધો જોઈ એક ચન્દ્રક એમને ભેટ આપેલો! ભારતનાં મધુર સ્મરણોનો ઉલ્લેખ કરતી વેળા આવી તો કંઈકંઈ વાતો તેમની પાસેથી જાણવા મળી. પણ એ બધું તો ઠીક! મૂળ વાત આ, કે એ દંપતીએ (રૂથ અને ટેડ) ભારતીય નૃત્યો વિષે જિજ્ઞાસા કેળવી અહીંના લોકોમાં એમનાં નૃત્ય પરત્વે આત્મભાન જાગૃત કર્યું, ને મુંબાઈ, કલકત્તા, મદ્રાસ, હૈદરાબાદ, લાહોર આદિ સ્થાંના ક્યાં ફરીને ભારતીય નૃત્યો પણ રજૂ કર્યાં! મુંબાઈની જ વાત કરીએ તો એમનાં નૃત્યોને 'સ્મૅશિંગ સક્સેસ' મળેલી અને લાગટ સત્તર દા'ડા ખેલ કરેલા, તેમાંય એટલી ભીડ જામેલી કે તેની ચોખ્ખી આવકનો આંકડો (તે વખતના) રૂ. ૬૦.૦/ પર પહોંચેલો! આજે છ દાયકાના તેમના ભાતીગળ સંસાર વિષે વિચારતાં આશ્ચર્ય થાય કે એ બે જ જણાં આટલું બધું શી રીતે સિદ્ધ કરી શક્યાં હશે?!

જવાબ: તનતોડ મહેનત ને હિમાલય જેવી અડગ નિષ્ઠા. અમેરિકામાં નૃત્યની વળી પરંપરા કેવી? નવો મુલક; અને ગઈ સદીના રૂઢિચુસ્ત સમાજમાં વળી નાચ-નખરાને સ્થાન કેવું? પણ ઇતિહાસને કરવું તે વયમાં નાની પણ કાઠું કાઢેલી રૂથ નૃત્ય શીખવાને ચાળે ચડી અને સમસ્ત અમેરિકાની નૃત્યપ્રણાલિને નવો વળાંક મળ્યો.

રૂથનું બાળપણ બહુ સુખમાં વીત્યું જણાતું નથી. અને ચેતનના અવતાર જેવી એ ચપળ બાળા ઘરખૂણે બેસે તેમાંની મૂર્તિ નહિ! સ્વભાવ તરવરિયો, સાહસી. ભારતીય નૃત્યોનો કક્કોય ન જાણે, પણ ઉત્સાહનો પાર નહિ. ભારતીય કથાવસ્તુવાળાં એકબે નહિ પણ ડઝનેક નૃત્યો તેમણે રજૂ કર્યાં. મૂળે તો એ 'બાલે' શીખતાં હતાં. પૂર્વના દેશો વિષે ઉત્કંઠા! બસ એટલો જ પ્રેરણાસ્રોત. એવામાં એક વાર કોઈ સિગારેટનું પોસ્ટર નજરે ચડ્યું. તેમાં ઇજિપ્તની એક દેવીનું ચિત્ર હતું. તે જોઈને જીવડો સળવળ્યો અને સપનાં આવ્યાં કે ઇજિપ્તની દમામદાર 'પેજન્ટ' કરી હોય તો કેમ? થયું! પછી એ જ ધૂન ચાલી. પણ નાણાંનાં ઠેકાણાં નહિ, એટલે થોડો વખત એ 'સપનાં' સંઘરી રાખ્યાં ને નજર દોડાવી 'ઇન્ડિયા' ભણી. થયું એવું કે તે વેળા ન્યૂ યૉર્કના એક 'ઍમ્યુઝમેન્ટ પાર્ક'માં 'ધ સ્ટ્રીટ્સ ઑવ દિલ્હી' નામે ખેલ ચાલે. ખેલ કેવો ને વાત કેવી? હિંદુસ્તાનની એક બજાર, ને તેમાં મદારી, ને સાપ, ને ફકીર, ને એવું બધું! પણ રૂથને હવે દિલ્હીની લેહ લાગી. બસ પછી એનું બધું જ ધ્યાન ભારતીય અધ્યાત્મ તરફ વળ્યું અને ઠેઠ ઈ.




રૂથ સેન્ટ ડેનિસનું પ્રથમ એકમ-નૃત્ય 'રાધા.' એમાં 'પંચેન્દ્રીય નૃત્ય' વેળાએ ટોચ–ક્લાઈમૅક્સ–આવે ત્યારે રાધાના ઘેરદાર વસ્ત્રો ને ચક્કરો જોઇને અને રૂથના શરીર વળાંકો જોઈ લોકો દંગ બની જતા. વર્ષો લગી એની માગ રહી અને એના ૧૫૦૦થી યે વધુ પ્રયોગ થયા.


૧૯૦૪માં, આજથી ખાસ્સાં ચોસઠ વર્ષ પૂર્વે ન્યૂ યૉર્કમાં પહેલવહેલું એકમ નર્તન (સોલો ડાન્સ) રજૂ કર્યું. તેનું નામ હતું 'રાધા'.

હવે આ રાધા તે કોણ? કૃષ્ણ પાછળ ઘેલી પેલી આપણી ચિરપરિચિત રાધા? ના જી! આ રાધા તે 'એ હિન્દુ ટેમ્પલ ગૉડેસ' (મંદિરની દેવી). અને બીજા નૃત્યમાં ભાગ લેનાર કળાકારોમાં 'મંદિરના પૂજારી અને સેવકો.' સંગીત ઉપાડેલું એક 'Lakme' નામના ઓપેરામાંથી, અને આ નૃત્યમાં ટોચ આવે 'પંચેન્દ્રીય નૃત્ય' (ધ ડાન્સ ઑવ ફાઈવ સેન્સિઝ) વેળાએ અમેરિકા માટે આ તો સાવ નવો જ અનુભવ, અને એથી છ છ મહિના લગી તો રૂથને કોઈ થીએટરવાળો કોઠું જ આપે નહિ. એટલે તે અંગત મિત્રો, નાનાં સાંસ્કૃતિક મંડળો વગેરેમાં જ ભજવાતું રહ્યું. અંતે જ્યારે તેને પહેલું 'પ્રોફેશનલ બુકિંગ' મળ્યું તે ક્યાં? 'ધ સન ડે નાઈટ સ્મોકિંગ કૉન્સર્ટ'ના 'રૂફ થીઍટર'માં, અગાશીમાં! પણ એક વાર એ જાહેરમાં ભજવાયું પછી તો એટલું સફળ થયું કે વર્ષો લગી તેની માગ રહી અને તેના ૧૫૦૦થી યે વધુ પ્રયોગ થયા છતાં લોકોને જોતાં ધરવ થાય નહિ! ટેડ શૉનના પત્રમાં ઉલ્લેખ હતો કે એ 'રાધા'ની નાનકડી દસ્તાવેજી ફિલ્મ પણ ઉતારવામાં આવી છે!

લાગટ બબ્બે વરસ 'રાધા'એ ન્યૂ યૉર્કમાં ધૂમ મચાવી અને રૂથ ૧૯૦૬ના જુલાઈમાં લંડન જવા ઊપડ્યાં. ત્યાંના 'ઓલ્ડ વિક' થીએટરમાં તેમને ઠીકઠીક આદર અને આવકાર મળ્યાં. ત્યાંથી ફ્રાંસ, જર્મની, ઑસ્ટ્રિયા, હંગેરી વગેરે સ્થળે રજૂઆત કરી ભારી સફળતા મેળવીને ત્રણ વરસે ૧૯૦૯માં તે ન્યૂ યૉર્ક પાછાં ફર્યાં. આ પ્રવાસમાં તેમણે બીજાં ચાર નવાં 'ઇન્ડિયન' નૃત્યો ઉમેર્યાં: 'ધ કોબ્રાઝ' (નાગદેવતા), 'ધી ઈન્સેન્સ' (ધૂપદીપ), 'ધી નાચ' (નાચ) અને 'ધ યોગી' (યોગી).



ઉપર: ન્યૂ યૉર્કમાં 'રાધા'નો પ્રયોગ. રૂથ સેન્ટ ડેવિસના એ પ્રથમ એકમ-નૃત્યને આરંભમાં તો ભજવવાને તખ્તો પણ નહોતો મળતો; પણ પછી જ્યારે એ ઈ. ૧૯૦૪માં રજૂ થયું ત્યારે ભારતીય કહેવાતા કથાવસ્તુની રજૂઆત અને અમેરિકા માટે તદ્દન નવા એવા પોશાકોને કારણે ભારે ખળભળાટ મચી ગએલો. 'રાધા'ની સફળતાથી પ્રેરાઈ એણે ભારતીય વસ્તુ પર બીજાં નૃત્યો પણ રચ્યાં, જેમાંના એક 'ધ કોબ્રાઝ' (નાગદેવતા)નું દૃશ્ય નીચે આપ્યું છે. (બંને ચિત્રો 'સ્પાન'માંથી).









ધી ઈન્સેન્સ–'ધૂપદીપ'–એ રૂથનું એક વધુ એકમ-નૃત્ય હતું. પૂજાનૃત્ય સમા એ સર્જનમાં ધૂપના લયાન્વિત ધૂમ્રવલય જેવી અંગભંગિમાં રૂથનું નૃત્યલાવણ્ય નીતરતું. (જમણી બાજુ) 'ધ ગ્રીન નાચ.' ઘેરદાર વસ્ત્રો અને ચક્કરદાર આવર્તનોનો એક સફળ પ્રયોગ. એ કાળે રૂથની પ્રતિષ્ઠા હજી જામવામાં હતી.

ઉપરાંત અમેરિકા પાછા ફર્યા પછી એક વધુ નૃત્ય-સંકલના કરી: 'કમળ તળાવડી' (ધ લૉટસ પૉન્ડ). વાર્તા બને છે કાશ્મીરના બાગમાં!

ઈ. સ. ૧૯૧૧-૧૨ના અરસામાં રૂથની નૃત્યમંડળીમાં જોડાવા એક તરવરિયો દેખાવડો જુવાન આવ્યો. તેનો 'ઇન્ટરવ્યૂ' રૂથ લેવાનાં હતાં. તેની ઊંચાઈ, સુદૃઢ શરીર વગેરે જોતાં 'બાલે' માટે તેને પસંદ કરી શકાય તેવી શક્યતા ઓછી હતી; પણ બીજા નૃત્યપ્રયોગોમાં મદદરૂપ થશે ધારી રૂથે તેને 'કંપની'માં દાખલ કર્યો. વયમાં ખાસ્સો તેમનાથી ચૌદપંદર વરસ નાનો! ને શો વિધિનો ખેલ! બંને જણાં ૧૯૧૪માં પરણ્યાં. બંને પક્ષનાં માબાપ સિવાય કોઈ આ વાત જાણે નહિ. પણ બે વરસ પછી ક્યાંક નૃત્યપ્રવાસ દરમિયાન રૂથના 'પેટમાં વાત ટકી નહિ'–તે કોઈ પ્રેસ રીપોર્ટરને તે કહી બેઠાં. ને પછી તો વાત છાપે ચડી. પરંતુ આ 'દંપતી'ને એથી જરૂર 'પબ્લિસિટી' પણ ખૂબ મળી. એ રૂથ ડેનિસ અને ટેડ શૉન, બંનેએ ૧૯૧૬માં ડેનિશૉન નામે 'ડાન્સ કંપની' સ્થાપી. જેમાં 'ક્લાસિકલ બૅલે', 'અમેરિકન મૉર્ડન ડાન્સ' અને 'એથ્નિક ડાન્સ' શીખવવાની યોજના કરી. આ એથ્નિક ડાન્સમાં ભારત, જપાન ને જાવાનાં નૃત્યો પણ શીખવાતાં.

રૂથને આ સંસ્થા માટે સારી એવી મહેનત કરવાની હતી. છતાં ભારતીય કથાવસ્તુઓની મોહિની છૂટતી નહોતી. ૧૯૧૫માં હિન્દુ પ્રણયકથા 'બકાવલી' નૃત્યની સંકલના કરી. 'સ્ટ્રે લીવ્ઝ ફ્રૉમ સ્ટ્રેઈન્જ લિટરેચર' નામના પુસ્તકમાં એને 'બકાવલી' વાર્તા વાંચવા મળેલી, તેને તેણે નૃત્યરૂપે ગૂંથી. ઉપરાંત લૉરેન્સ હોપના 'ઇન્ડિયન લવ લીરિક્સ' સંગ્રહમાંથી 'ધ ગાર્ડન ઑવ કામ' કવિતાને આધારે કામદેવની નૃત્યકથા તૈયાર કરી. 'મયૂર' (ધ પીકૉક) નૃત્યમાં એક કાલ્પનિક કથામાં એક સ્વરૂપવતી રાજકન્યા મૃત્યુ પામી મયૂરનો અવતાર પામે છે, તેનું નૃત્યરૂપે સંકલન કર્યું; અને ૧૯૧૬માં આશરે સો કળાકાર નર્તકોની મદદથી 'એ ડાન્સ પેજન્ટ ઑવ ઇજિપ્ત, ગ્રીસ ઍન્ડ ઇન્ડિયા'ની રજૂઆત કરી. તેમાં ભારતના પ્રસંગોમાં ફકીરોનાં નૃત્યો, ભવિષ્ય ભાખનાર જોષીઓ, હાથચાલાકીના ખેલ કરનારા જાદુગરો, મોરલી વગાડી સર્પ રમાડનારા સપેરાઓ, નાચનારીઓ, દેવદાસીઓ અને યોગીઓની રજૂઆત કરી. અને ૧૯૧૮માં આ બધાંના શિરમોરરૂપ સર એડવિન આર્નૉલ્ડના 'ધ લાઈટ ઑવ એશિયા' પર આધારિત એ જ નામના 'બાલે'ની રચના કરી.

આમ ભારતીય કથાનકો અને પ્રસંગોની ભરમાર તે કરતાં. ૧૯૨૫ અને ૧૯૨૬માં 'ડેનિશૉન કંપની' સહિત તેઓ 'ઑરિયેન્ટ'ની 'ટૂર' પર નીકળ્યાં અને ભારતભરમાં નૃત્યો રજૂ કર્યાં. અલબત્ત, અમેરિકા પાછા ફર્યા પછી રૂથે નવાં ભારતીય કથાનકવાળાં નૃત્યો નથી રચ્યાં. સિવાય કે ટેડ શૉને 'ધ કૉસ્મિક ડાન્સ ઑવ શિવ' (શિવનૃત્ય) રજૂ કરેલું; અને બીજું યુગલનૃત્ય આપેલું તે 'ધ સિદ્ધઝ ઑવ અપર એર'.






ડાબીબાજુ મથાળે : ટેડ શૉન (પોતાના હસ્તાક્ષરો સાથે એમણે લેખકને મોકલેલો ફોટોગ્રાફ) આ 'શિવનૃત્ય' માટે પાછળનું તેજવલય ભારતમાં બનાવડાવીને તેઓ ન્યૂ યૉર્ક લઈ ગએલા. નૃત્યારંભમાં તેઓ આ રીતે શિવ તરીકે રજૂ થતા. ઉપર : ડેનિશૉન દંપતી એમની પચાસમી લગ્નતિથિએ. નીચે ડાબી બાજુ : 'ધ સિદ્ધઝ ઑવ અપર એર.' ઈ. ૧૯૧૫નો ડેનિશૉન દંપતીના નૃત્યનો આ ફોટોગ્રાફ 'નેશનલ જ્યોગ્રાફિક મૅગેઝિનમાં ત્રણત્રણ વાર રંગીન ચિત્ર તરીકે પ્રકટ થએલો. નીચે : પોતાના લગ્નજીવનની સુવર્ણજયંતી નિમિત્તે એમણે એ જ નૃત્ય રજૂ કરીને પોતાના પ્રેરણાદાતા દેશને અંજલિ આપી હતી.

આમ, રૂથ સેંટ ડેનિસે લાગટ પંદર વરસ લગી એકલે હાથે ભારતીય કથાનકો પર આધારિત નૃત્યો અમેરિકા તેમજ યુરોપભરમાં રજૂ કરેલાં. આ નૃત્યોને કોઈ અવિકૃત ભારતીય નૃત્યો ગણવાની ભાગ્યે જ ભૂલ કરે. વળી એ બધાં કંઈ સંપૂર્ણપણે ભારતીય નૃત્યો પણ નહોતાં. તેમ છતાં આ સમગ્ર પ્રવૃત્તિનું એક સારું ફળ એ આવ્યું કે ભારતીય નૃત્યોને વેગ મળ્યો. લોકોને ભારતીય નૃત્યોના 'અસ્તિત્વ'ની જાણ થઈ. યુરોપ-અમેરિકામાં તેવિષે રુચિ કેળવાઈ. પાવલોવા, લા મેરી વગેરે કલાકારોના પ્રયત્નો કરતાં પણ આ પ્રયત્નનું મૂલ્ય વધુ છે. રૂથ પોતાનાં નૃત્યોને 'ઇન્ડિયન ડાન્સિઝ' તરીકે ન ઓળખાવતા 'ઈસ્ટ ઇન્ડિયન ડાન્સિઝ' તરીકે ઓળખાવતાં, જેથી અમેરિકન ઇન્ડિયન ડાન્સ જોડે તેનો ગૂંચવાડો ન થાય. જોકે 'હિંદુ ડાન્સ' 'ઑરિયેન્ટલ ડાન્સ' જેવાં નામે ય તેમનાં નૃત્યોને આપવામાં આવતાં. પરિણામે પશ્ચિમમાં ભારતીય નૃત્યો 'ઑરિયેન્ટલ ડાન્સિઝ' તરીકે ઓળખાતાં અને ગમે તેવાં નૃત્યો







'ધ ગાર્ડન ઑવ કામ'–કામવન. ઈ. ૧૯૧૫માં સાનફ્રાન્સિસ્કોમાં ડેનિશૉન દંપતીએ એની પ્રથમ રજૂઆત કરી. ('સ્પાન'માંથી).

:પણ ભારતીય નૃત્યો તરીકે ખપતાં. જોકે આજે તો એ ભ્રમ દૂર થયો છે અને લોકો ભારતીય નૃત્યોનું મૂલ્યાંકન યોગ્ય રીતે કરતા થયા છે.

ટેડ શૉનનું પોતાનું સ્વતંત્ર અર્પણ પણ ઓછું નથી. અમેરિકાના નૃત્યના પિતા ગણાતા આ વયોવૃદ્ધ કળાકાર આ વયે પણ એક નવજુવાન જેટલો જુસ્સો ધરાવે છે. અનેક નૃત્યપ્રવાસોમાંથી પાછા ફરી અમેરિકામાં સ્થિર થતાં તેમણે ૧૯૩૧-'૩૨માં પુરુષ નર્તકો માટે એક નિયમિત શિક્ષણ-સંસ્થાના નિર્માણની યોજના ઘડી અને આજે વિખ્યાત થએલી 'જૅકબ્સ પિલો' નામની 'યુનિવર્સિટી ઑવ ડાન્સ'ની મેસેચુસેટ્સ પરગણાના 'લી' ગામે સ્થાપના કરી છે. પ્રતિવર્ષ ત્યાં નૃત્ય મહોત્સવ યોજાય છે. ટેડ શૉનનો મૂળ હેતુ પુરુષનર્તકો પરત્વેની પ્રજાની સૂગ દૂર કરવાનો અને એક શૈક્ષણિક સંસ્થા સ્થાપવાનો હતો. તેમાંથી તેનો અભૂતપૂર્વ વિકાસ થયો. સમગ્ર અમેરિકામાં નૃત્યપ્રવૃત્તિએ ઊંડાં મૂળ નાખ્યાં. ૧૯૩૦–'૩૨માં ડેનિશૉન કંપની તૂટી પડી પણ તે મંડળીના નર્તકોમાંથી માર્થા ગ્રૅહામ, સદ્‌ગત ડૉરિસ હમ્ફ્રી, ચાર્લ્સ વીડનામ વગેરે કલાકારોએ એ વિશાળ વૃક્ષની અનેકવિધ શાખાપ્રશાખા ફેલાવી નૃત્યપ્રવૃત્તિને પ્રજાજીવનનો એક ભાગ બનાવી દીધી. અમેરિકાની બહુ ચર્ચાએલી–ગવાએલી 'મૉડર્ન ડાન્સ'ની નામી કલાકાર માર્થા ગ્રૅહામે પણ ભારતીય કથાનક નામાભિધાનવાળી નૃત્યરચના આધુનિક શૈલીમાં રજૂ કરેલી, જેનું નામ હતું 'થ્રી ગોપી મેઈડન્સ'—ત્રણ ગોપીઓ.



ડેનિશૉન દંપતીએ ઈ. ૧૯૨૦-'૨૧ના અરસામાં યુગ્મનૃત્ય તરીકે 'રાધાકૃષ્ણ' રજૂ કર્યું

જૅકબ્સ પિલોના વાર્ષિકોત્સવમાં આ દંપતીએ ૧૯૬૪માં પોતાની ૫૦મી લગ્નતિથિ ઊજવી. અત્યારે ૨૧ નેવું વર્ષની વયે પણ લૉસ ઍન્જેલિસમાં જોકે નૃત્યશાળા ચલાવે છે. તેમની પ્રવૃત્તિ ભારતીય નૃત્યોનો તબક્કો પૂરો થતાં હવે ખ્રિસ્તી ધર્મવિધાનાં નૃત્યો(Rituals) પર કેન્દ્રિત થઈને ધાર્મિક આત્મભાન જાગૃત કરવા તરફ તેમનું વિશેષ લક્ષ રહ્યું છે.

'જૅકબ્સ પિલો'ના નૃત્યોત્સવોમાં ટેડ શૉન ભારતીય કલાકારોને પણ બોલાવે છે. એમાં ભાગ લેવો તે નૃત્યજગતમાં મોટું માન ગણાય છે. આપણે ત્યાંથી બાલાસરસ્વતી, રુક્મિણિદેવી, તેમનાં શિષ્યા એ. શારદા, કથકલી કલાકાર આનન્દ શિવરામન્, પ્રિયગોપાલ, ભાસ્કર રાયચૌધરી (કલાકાર દેવીપ્રસાદના પુત્ર) ઇન્દ્રાણી રહેમાન, રામગોપાલ વગેરે ત્યાં નૃત્યો ઉપરાંત નૃત્યશિક્ષણના નાનાનાના અભ્યાસક્રમ(courses) પણ આપી ચૂક્યાં છે. વળી ભારતીય નૃત્યો શીખેલા પરદેશી કલાકારોમાં લા મેરી, જીના બ્લો, નલનાજન, અને જીના લાલી જેવાં કલાકારોએ પણ ભારતીય નૃત્યો રજૂ કર્યા છે. આમ, આ સદીના પ્રારંભમાં શરૂ કરેલી નૃત્યપ્રવૃત્તિ આ કલાકાર દંપતીએ નૃત્યજગતમાં અનેકશઃ વિસ્તારીને ભારતીય નૃત્યોને ઉચિત ગૌરવ અપાવ્યું છે.

(જૂન ૧૯૬૮) ૨૨૦

ગુલાબદાસ બ્રોકર

નવા ગગનની નીચે

૧૩ • રોમૅન્ટિક નગરી

મુસાફરી નિર્વિઘ્ને પતી ગઈ. પારી(સ)ના એરપોર્ટ પર ઊતર્યો ત્યારે પારી(સ) અને ફ્રાંસ વિષેના અનેક રોમૅન્ટિક ખયાલો ચિત્તમાં ફફડાટ કરી રહ્યા હતા. એ રોમાન્સને વાસ્તવમાં પલટાતું જોવાની ઘડી આવી હતી તેનો આનંદ હતો. એ આનંદ ઉષ્માપ્રેરક હતો. એટલે તો સવારની તીક્ષ્ણ શીતળતા સહેવી પણ સહેલી થઈ પડી. વિશાળ એરોડ્રોમમાંથી નીકળી એરટર્મિનલ જતા કોચમાં બેઠો ત્યારે વચ્ચે આવેલી પારી(સ)ની પર્ફ્યુમ્સની દુકાને ચિત્ત હરી લીધું. હવે તો એ પર્ફ્યુમ્સના પ્રદેશમાં જ જઈ રહ્યો હતો ને?

એરપોર્ટ પરના ઉતરાણથી તે એરટર્મિનલ કોચમાં જવા બેઠાં ત્યાં સુધીમાં એક વસ્તુ વિષે ખયાલ આવી ગયો. બધા દેશમાં ત્યાંના લોકો વિશેષે કરીને પોતાની જ ભાષા બોલે એ સ્વાભાવિક ગણાય; પણ ફ્રાંસમાં માણસ ઊતરે એ ભેગી એને ખાતરી થઈ જાય કે અહીંના માણસોને બીજી ભાષા બોલવી બહુધા ગમતી પણ નથી. એ બધી સાંભળેલી વાતો સાચી પડતી લાગી, એટલે તો કોચમાં બેઠો તે ભેગો જ એક બાઇએ બોલાવ્યો એ મીઠું લાગ્યું. એણે અંગ્રેજીમાં જ પૂછ્યું : 'અંગ્રેજી આવડે છે તમને?' મેં કહ્યું : 'હા.'

'ને ફ્રેન્ચ?' 'ના, બિલકુલ નહિ.'

'તો તો બહુ જ સરસ!' એ હસી પડી. 'મને પણ અંગ્રેજી આવડે છે ને ફ્રેન્ચ નથી આવડતું. એટલે હું મુંઝાતી હતી; કાલથી અહીં આવી છું, ને અહીં ફ્રેન્ચ સિવાય કોઇને કશું આવડતું જ ન હોય એવું લાગે છે.'

એની ઉક્તિમાં જે સ્વાભાવિક અતિશયતા હતી તેણે અમને બંનેને હસાવ્યાં. ઓળખાણ કરવા પણ પ્રેર્યાં. એ ફિલિપાઇન્સથી આવી હતી. બેલ્જિયમથી પારી(સ) મોટરમાં આવેલી. પણ અમુક સામાન અમારા વિમાનમાં આવ્યો હતો એટલે તે લેવા એ અહીં આવી હતી. અમુક હોટેલમાં ઊતરી હતી, પણ એ હોટેલ ગંદી હતી, સસ્તી–'ચીપ'–હતી એટલે તેને એ બદલવા માગતી હતી. 'તમે ક્યાં ઊતરવાના?' તેણે પૂછ્યું.

'ગ્રાંદ હોતેલ દુ લુવ્રમાં.' મેં કહ્યું.

'તો હું પણ ત્યાં આવીશ.' 'સરસ.'

'જગ્યા તો હશે ને?' જરા આતુરતાપૂર્વક; પછી નફકરું હસીને : 'પણ એ તો થઈ રહેશે.'

'થઈ જ રહેશે.' એના નફકરાપણાનો જાણે મને ચેપ લાગ્યો.

'તો એ જ હોટેલમાં રહીશું આપણે, અને ટર્મિનલથી સાથે જ જઈશું.' 'ભલે.'

પણ ટર્મિનલ પર પહોંચ્યાં ત્યારે એક ફારસ થયો. બધો સામાન આવી ગયા પછી ખબર પડી કે મારી એક નાની બૅગ નહોતી આવી. ખૂબ મૂંઝાયો. હાંફળોફાંફળો થઈ ગયો. 'વી મોન્સ્યુ' 'વી મોન્સ્યુ' (હા, સાહેબ; હા, સાહેબ) કરતાં ન થાકતાં એરટર્મિનલના પરિચારક-પરિચારિકાઓને એની કંઈ પડી હોય તેમ લાગ્યું નહિ. માંડમાંડ ખબર પડી કે એ બૅગ ત્યાં એરોડ્રોમ પર જ રહી ગઈ છે–પંદર માઇલ દૂર! હવે? બે કલાક નીકળી જશે એ આવતાં. શું થાય? રાહ જોવી રહી. પેલી ફિલિપિનો બાઈ મદદે આવી.

'હું પણ રોકાઈશ અહીં જ. તમારો સામાન આવે પછી જઈશું.'

'ઓહો, આભાર, આભાર.' મારાથી બોલાઈ ગયું. આ અજાણ્યા જંગલમાં એની હાજરી પણ આશીર્વાદ સમાન લાગતી હતી.

હવે બચેલા સામાન વિષે મમતાભર્યો ભય જાગ્યો હતો. રખેને એ પણ ક્યાંક ગાયબ થઈ જાય તો? એટલે તો ચાનાસ્તો કરવા ગયો ત્યારે મારો સામાન એ બાઇને સોંપતો ગયો. એ ચા-નાસ્તો કરવા ગઈ ત્યારે એનો સામાન મેં સંભાળ્યો. પછી સાથે બેઠાં ત્યારે તેણે મનિલામાંના પોતાના જીવનનો ઈતિહાસ કહ્યો. નાની એવી એની દુકાન હતી–સ્ત્રીઓનાં કપડાંની અને બાળકોનાં રમકડાંની. પણ એ હતી મો[illegible] લત્તા પર. 'તમે મનિલા આવીને કોઇને પણ કહેજો ને મારું નામ, તર[illegible] મારી દુકાન બતાવી આપશે.'

પોતાની એ પ્રસિદ્ધિથી એ સંતુષ્ટ હતી. એનો એ સંતોષ તેના સ્થૂળ દેહનાં અંગેઅંગમાં તરી આવતો હતો, ચરબી બનીને સ્થિર બની ગયો હતો. એટલે એ હસતી ત્યારે માત્ર તેનું મુખ નહોતું હસતું, તેનું પેટ પણ હસતું હતું, તેની આખી ચાલીસેક વર્ષની વયની હસ્તી હસતી હતી.

તેનો સંતોષ માત્ર મનિલામાંની તેની પ્રસિદ્ધિ પૂરતો નહોતો. અહીં યુરોપમાં તે એકલી આવી હતી, અને યુરોપના જીવનને પૂરેપૂરું માણી રહી હતી તે બાબતનો પણ હતો. એટલે તો કોઈ જુવાન—એ કહેતી હતી, 'જુવાન'—બેલ્જિયન પોતાની મોટરમાં તેને બ્રુસેલ્સથી પારી(સ) સુધી લાવ્યો હતો. શો સરસ જુવાન હતો એ...

પણ ત્યાં તો એરોડ્રોમથી આવેલા કોચમાંથી સામાનના ઢગલા અંદર આવવા માંડયા, ને હું દોડયો. અત્યાર સુધી જે બૅગ મારી ખપની ચીજોને સાચવવાની નિર્જીવ વસ્તુ માત્ર હતી એ અત્યારે મારે મન મહામૂલો ખજાનો બની ગઈ હતી. 'મારી પ્રિય સંગિની બની ગઈ હતી. તેનો વિરહ તોડવા મન આતુર થઈ ગયું હતું. એટલે તો એ ખડકાતા સામાનને વીંધતી મારી દૃષ્ટિ કોઈ પ્રિયજનના આગમનની પ્રતીક્ષા કરતી ઉત્કંઠ દૃષ્ટિ બની ગઈ અને એને એનું સ્વર્ગ લાધ્યું પણ ખરું. અનેક દાગીનાઓ વચ્ચેથી એની આસમાની કાયા નજરે પડી ને હું હર્ષાન્વિત થઈ ગયો. મારી નજર પરથી જ પેલી સમજી ગઈ, બોલી : 'તો તમારી બૅગ આવી ગઈ, કેમ?'

મેં કહ્યું : 'હા, ચાલો હવે જઇએ.' 'ચાલો'.

ટૅક્સી કરી. એ પણ એમાં જ ગોઠવાઈ. એણે મારે માટે ગુમાવેલા કલાકો બદલ મેં એનો આભાર માન્યો. એણે કહ્યું : 'એમાં શું? પરદેશમાં એકબીજાને ઉપયોગી તો થવું જ જોઇએ ને? અત્યાર સુધી હું તમને ઉપયોગી થઈ, હવે તમે મને ઉપયોગી થજો.' 'શી રીતે?'

'ગઈ કાલે આવી છું, ને પેલી ગંદી હોટેલમાં છું. પહેલાં ત્યાં જઇએ. ત્યાંનું બિલ ચૂકવી દઉં, ને ત્યાં પડેલો મારો થોડો સામાન લઈ લઉં, પછી તમારી હોટેલમાં જઇએ.'

'ભલે.' મેં જરાતરા કચવાટથી કહ્યું. અરધો દિવસ તો આમ જ ભાંગ્યો હતો, ત્યાં વળી આ સમય વધારાનો ભાંગશે! ને એ હોટેલ વળી કેવી હશે? ને આ બાઈ પણ? પણ હવે છૂટકો નહોતો.

ખરેખર ગંદી હોટેલ હતી, નાની એવી ગલીમાં. હું તો લાઉન્જમાં જ ઊભો રહ્યો. તેણે સામાન લાવી બિલ ચૂકવ્યું. પોતે કૈં ઠંડું પીણું પીધું, મને પણ પાયું, ને અમે ઊપડયાં 'ગ્રાંદ હોતેલ દુ લુવ્રમાં.'

સરસ જગ્યા હતી એ. સામે જ પારી(સ)નું પ્રખ્યાત ઓપેરા હાઉસ હતું. પાછળ લુવ્ર. પારી(સ)ની કળાની દુનિયાની વચોવચ્ચ જાણે અમે આવી પડયાં હતાં. મારી જગ્યા તો રીઝર્વ થએલી જ

હતી. એને પણ તરત જ મળી ગઈ, કેમ કે તેણે ઊંચા ભાવનો મોટો ઓરડો લીધો. પૈસાદાર હશે, મને થયું. દેખાતી તો નહોતી! હશે!

'નાહી ધોઈ, ખાઈ પી જરા તાજામાજા થઈ જઈએ. પછી સાથે નીકળીશું ને? લટાર મારવા?' તેણે પૂછ્યું. 'ભલે,' મેં કહ્યું ને ચોથા મજલાના મારા ઓરડામાં હું તરત જ પહોંચી ગયો.

ઉતાવળનું કારણ હતું. મારે સંડાસમાં તરત જ જવું હતું. પણ મારો ઓરડો સંડાસ–બાથરૂમ વિનાનો હતો! ઉપર પહોંચીને મને મારી જગ્યા બતાવવા આવેલ બાઈને મેં સંડાસ બતાવવા કહ્યું. તે કશું જ સમજી નહિ. લૅવેટરી, ડબલ્યુ સી, યુરિનલ, ગમે તે બોલોને! પચ્ચીસ વર્ષની તે પાતળી એવી છોકરી, સામું જોતી જાય અને અણસમજનું સ્મિત વેરતી જાય! ઘણો થાક્યો, કંટાળ્યો. દબાણ વધતું જતું હતું એટલે ગભરાયો પણ. ભાષાથી કામ ન ચાલે ત્યાં અભિનય મદદે આવે છે એ જ્ઞાન મારામાં આપોઆપ ઊભરાઈ આવ્યું. બાળપણમાં શિક્ષક સામે શાળામાં જે આંગળી બતાવતો હતો, એ જગ્યાએ જવાની રજા માગવા માટે, એ આંગળીઓ પણ એને બતાવી જોઈ. એક પણ બતાવી અને બે પણ. એ હસતી જ રહી! એને આ મૂક નાટક વધુ હાસ્યપ્રેરક લાગ્યું હોય તેમ તેનું સ્મિત વિશાળ હાસ્યમાં ફેરવાઈ ગયું. આ સૂક્ષ્મ અભિનય છોકરીને ક્યાંથી સમજાય એમ વિચારી મેં સ્થૂળ અભિનયનો આશ્રય લીધો. ખુરસી ઉપર બેસતો હોઉં તેમ બેસવાનો અભિનય કર્યો. તરત જ એની આંખમાં સમજણની ચમક આવી ગઈ. તે દોડી. ઉત્સાહપૂર્વક એક ખૂણામાંથી ખુરશી ખેંચી લાવી ને મારી પાછળ મૂકી દીધી. કપાળે હાથ પછાડી હું તેમાં ફસડાઈ પડચો ચાલે એમ નહોતું. હવે શું કરવું? સંકટ સમયે મગજે સાંકળ ખેંચી. મારી સામે જ મારા રૂમનો ટેલિફોન પડયો હતો. તરત ત્યાં દોડી ગયો. નીચે ઑફિસમાં ટેલિફોન કર્યો. આ છોકરીને મારે શાની જરૂર છે તે સમજાવવા એ ઑફિસના માણસને વિનંતી કરી. મારી વિકટ સ્થિતિનો પણ ખયાલ આપ્યો. એથી એ વિવેકી ફ્રેન્ચમૅન પણ વિવેક ચૂક્યો. મોટેમોટે હસવા લાગ્યો. મને ખીજ ચડી, પણ એની ઉપર એ ઉતારું તે પહેલાં એ સ્વસ્થ બની ગયો. ગંભીરતાપૂર્વક એણે કહ્યું: 'એ ગમાર છોકરીને જરા ટેલિફોન આપશો, સાહેબ!'

એના આ વિવેકભર્યા વાક્યની પાછળ છુપાએલું હાસ્ય મેં સાંભળ્યું, પણ ન સાંભળ્યું કર્યું. ટેલિફોન છોકરીના હાથમાં મૂકી દીધો. સૂચના સાંભળીને 'વી મોન્સ્યુ' કહેતાં તે હાસ્યથી બેવડી વળી ગઈ. ટેલિફોન મૂકીને એક વાર મારી સામે જોઈને તે ફરીથી હસી પડી. હું પણ બેવકૂફીભર્યું હસ્યો. તેણે મને ઈશારત કરી પોતાની પાછળ આવવા કહ્યું. મંત્રમુગ્ધ સાપની જેમ હું તેની પાછળ પાછળ દોરાયો. તેણે મને એક કોટડી સામે ખડો કરી દીધો. એ કોટડી ઉપર મોટા અક્ષરે લખ્યું હતું. W. C. પેલી છોકરી એની સામે ફાટી આંખે તાકી રહી હતી. મેં એનો કાન પકડયો. એણે ચમકીને મારી સામે જોયું. મેં પેલા અક્ષરો સામે એનું ધ્યાન ખેંચ્યું. હવે એ મૂર્ખાઈભર્યું હસી, કેમ કે મેં નહિનહિ તો યે દસ વખત તો એ શબ્દ વાપર્યો હતો. એ કંઈક અગડંબગડં બોલી ગઈ. એમાં હું કશું ન સમજ્યો. માત્ર એક જ શબ્દ તેમાં સમજાય તેવો હતો. એ સ્પેનને લગતો હતો. મેં જ્યારે રાહત મેળવી ત્યારે એ શબ્દનો કંઈક અર્થ મારા મનમાં બેઠો. એ છોકરી સ્પેનની હોવી જોઈએ; ફ્રેન્ચ પણ નહિ. એ વિષે ખુલાસો મેળવવા હું મારા ઓરડામાં ગયો ત્યારે એ તો બધું સાફસૂફ કરી ચાલી ગઈ હતી!

મારે સાફસૂફ થવાનું બાકી હતું. થઈ ગયો. થોડો આરામ પણ મેળવ્યો. ત્યાં મારા ઓરડાના ટેલિફોનની ઘંટડી રણકી ઊઠી. પેલી ફિલિપનો બાઈ હતી. 'થઈ ગયા તૈયાર?' તેણે પૂછ્યું. 'હા.'

'તો જરા લટાર મારીશું?'

એની જોડે ક્યાં જવું?—મનમાં થયું. કશુંક બહાનું કાઢયું. ફરી આરામમાં પડયો. અર્ધો એક કલાક પછી નીચે ઊતર્યો તો પોર્ટરના ટેબલ પાસે એ જ ઊભી હતી! હવે ઉપાય નહોતો. એણે કહ્યું: 'પછી મેં પણ થોડો આરામ કર્યો. આપણે સાથે જ જવું નિર્માયું હશે.'

'એમ જ લાગે છે.' હું હસ્યો.

નિશાનીઓ યાદ રાખતાં અમે ચાલવા લાગ્યાં. અમારી હોટેલની પાછલી ગલીમાંથી આગળ ચાલ્યાં કે સામે જ લુવ્રનો મહાલય દેખાયો. ભવ્ય, જબરજસ્ત, ફ્રાંસની ચડતીપડતી જોતો; પણ તેની સમૃદ્ધિને હમેશાં પોતાની અંદર સાચવી રાખતો. એની સામે વિશાળ ઉદ્યાન પડયું હતું. માઇલોમાં ફેલાએલું. દૂર સુધી નજર નાખ્યા કરો ને, એ તમારી નજરને ભમતું જ રહે! ભવ્યતા અને નજાકતનો અનેરો સંપુટ રચાય. સહેજે બોલાઈ ગયું: 'વાહ!'

પણ લુવ્રનું અંદરથી દર્શન આજે થાય તેમ નહોતું, તેથી એકાદ રસ્તા પર વિસ્તરેલી કાફેમાં જઇને બેઠાં. થોડું ખાધું, થોડું પીધું. પહેલા જ દર્શને પારી(સ)એ અમારું ચિત્ત હરી લીધું હતું. એની જ વાતો કર્યા કરી, ને આતુર કુતૂહલપૂર્વક આજુબાજુ નજર નાખ્યા કરી. આ પારી(સ)ની જગપ્રસિદ્ધ સુંદરી? આ પારી(સ)ના લહેરી લાલાઓ? જગતને મુગ્ધ કરી નાખનારી આ પારી(સ) નગરી પોતે?

અત્યારે થાક્યાં હતાં એટલે એ નગરીનું કંઈક વિસ્તારથી નિરીક્ષણ થઈ શકે તેમ નહોતું. પગ થાકી જાય ત્યાં સુધી થોડી લટાર મારી. પછી હોટેલમાં ગયો કે તરત જ એ નગરીનું સવિસ્તર નિરીક્ષણ શી રીતે થઈ શકે તેની તપાસ કરી, પરિણામે બીજે દિવસે સવારે ઊપડતી સિટીરામા સર્વિસના ટૂરિંગ કોચમાં મેં જગ્યા નોંધાવી દીધી.

સવારના પહોરમાં નાહી ધોઇને તૈયાર થઈ ગયો ત્યારે અંગેઅંગમાં સ્ફૂર્તિ વર્તાતી હતી. પારી(સ)ને આજે જોવાનું છે એનો આનંદ પણ અંગાંગમાં ભરાઈ ગયો હતો. તરત જ એ સર્વિસની કચેરી પર પહોંચી ગયો. મોટી સુખસગવડથી ભરીભરી બે માળની બસ હતી. ઉપલે માળે ચડી ગયો, અને બારી આગળની ઉત્તમ જગ્યા મેળવી લીધી. 'હાશ' કરી બેઠો ત્યાં જ પાછળથી અવાજ આવ્યો: 'હલ્લો મિ. બ્રોકર, ફરી આપણે સાથે થઈ ગયાં!'

'જી હા, બેસોને. બારી આગળની એકાદ સરસ સીટ લઈ લો.'

'ના રે, તમારી બાજુની સીટ શી ખોટી છે?' કહીને તેની સ્થૂળ કાયા તેણે મારી બાજુમાં ગોઠવી દીધી. આવી ખુશનુમા પ્રભાતે સંકોચાઇને બેસવું પડશે તે વિચાર ન ગમ્યો. પણ તેનો ઉપાય નહોતો.

ઋગ્વેદમાં ઉષાનું વર્ણન કરતાં ક્યાંકકહ્યું છે કે નવપરિણીતવધૂ પ્રથમ એકાંત મિલને જેમ ધીમેધીમે પોતાના દેહનું સૌંદર્ય પતિ પાસે ખુલ્લું કરતી જાય તેમ ઉષા ધીમેધીમે પોતાના દેહનું સૌંદર્ય ગગનમાં ફેલાવતી જતી હતી. ઉષા તો એમ કરતી હશે, પણ તે પ્રભાતે પારી(સ)એ તો એમ કર્યું જ. 'ઓ–હો! કેટલું સુંદર! કેટલું ભવ્ય! કેટલું કલામય!' એવું હજી એક સ્થળ જોઇને પૂરું બોલી રહ્યા હો નહિ, ત્યાં એને ભૂલાવી દે એવું બીજું સ્થળ આવે. આ નેપોલિયને ચણાવેલી વિજયની કમાન, આ તુઇલેરિનાં ઉદ્યાનો, આ સૉર્બૉનું વિશ્વવિદ્યાલય, આ ઑપેરા, આ...સ્થળોનાં સંવેદના અને વાચન દ્વારા જે સ્થળો તમારા અંતરંગનો એક વિભાગ બની ગયાં હોય એ સ્થળોનો પાર મળે નહિ. અને એનો પરિચય દૂર કરાવનાર માર્ગદર્શિકા બાઈ પણ અત્યંત કુશળ. સ્થળના મહત્ત્વ પ્રમાણે તેની વાણી પણ અવનવું મહત્ત્વ ધારણ કરે.

એ તો કદાચ સર્વ દેશોમાં સર્વ સ્થળે થાય. પણ એક વિશિષ્ટતા અહીં પારી(સ)માં જોવા મળી તે, મને તો, બીજે ક્યાંય જોવા મળ્યાનું

યાદ નથી. ભવ્ય મહાલયો અને વિશાળ ઉદ્યાનો તો ગામમાં હોય જ—પારી(સ) જેવા ઐતિહાસિક જગ-પ્રસિદ્ધ ગામમાં એ બીજાં ગામો કરતાં વિશેષ હોય તે અલગ વાત છે—પણ દરેક ગામમાં નાનાનાના લત્તાઓ તથા સામાન્ય, અને ક્યાંક તો ક્ષુદ્ર લાગતી જગ્યાઓ પણ હોય જ. પારી(સ)માં પણ એનો પાર નથી. પરંતુ એવી જગ્યાઓ પણ ઘણી વાર સંસ્કૃતિના તેજે દીપતી બની ગઈ હોય એવું બને, ગામેગામમાં. એનો ઉલ્લેખ બીજાં ગામોમાં ભાગ્યે જ થતો જોવા મળે. અહીં તો એવા નાનાનાના લત્તાઓ અને ગલીઓમાંથી નીકળતી વખતે પણ એ બાઈનો ઉત્સાહ જરીકે કમ નહોતો થતો. એ તો બોલ્યે જ જતી હતી. અહીં ઝોલા રહેતા. અહીં વોલ્તેર. આ પારી(સ)ની પ્રખ્યાત કાફેઓ. ઘણા મહાન લેખકો આ કાફેમાં મળતા, હજી યે મળે છે. આ જોઈ? -આ કાફે? સાર્ત્ર અને તેના સાથીદારોની એ માનીતી કાફે છે. ને આ સીન નદીનો કિનારો. આને કિનારે બેસી અનેક ચિત્રકારોએ ચિત્ર દોર્યાં છે, હજી યે દોરતા રહે છે. આ છે પારી(સ)ના પ્રખ્યાત લૅટિન ક્વાર્ટર્સ. કલાનો કેટલો બધો અમર વારસો આ ગંદા દેખાતા, છેવાડે પડેલા લાગતા સ્થળમાંથી સર્જાયો છે એ તમને કહેવાનું ન હોય!

એ બધું ખૂબ ગમ્યું. મન કલ્પના કરતું રહ્યું. આવી જ કોઈ લક્ઝરી ટૂરિંગ કોચ મુંબાઈ કે અમદાવાદમાં દોડી રહી હોય, અને આવી જ કોઈ માર્ગદર્શક પણ પોતાના હાથમાં પકડેલા માઇકમાંથી કહે: આ ખાર: અહીં નરસિંહરાવ રહેતા, આ ભારતીય વિદ્યાભવન—કનૈયાલાલ મુનશી અહીં રહીને પોતાનું કાર્ય કર્યે જાય છે. આ પેલો ચોક, નાનાલાલ અહીં ઊભાઊભા ગરબા સાંભળતા અને પોતાના રાસ તથા ગીતો માટે ઢાળ મેળવતા. આ વિદ્યાસભાનું મકાન, આનંદશંકર ધ્રુવ અહીં...પણ એ કલ્પના સાકાર ક્યારે થશે, કોણ જાણે?

એક ઉચ્ચ સ્થળે આવેલા દેવળ પાસે ગયા ત્યારે આખું પારી(સ) નીચે પથરાએલું પડ્યું હતું. સરસ લાગતું હતું. એ જોવામાં જ સમય ચાલ્યો જાત, પણ માર્ગદર્શિકાએ દેવળ પણ જોવાનું સૂચવ્યું. અંદર ગયો ત્યાં એક સાડી દેખાઈ. ગુજરાતી યુવતી લાગી. આપણું માણસ જોતાં આનંદ થઈ ગયો. નજદીક ગયો અને હોંશપૂર્વક પૂછ્યું: 'મુંબાઈથી આવો છો?' 'હા.'

પણ એમાં ઉષ્મા નહોતી! હું દેવળ જોવામાં ગૂંથાઈ ગયો. ટૂર પૂરી થઈ અને કોચ સર્વિસની કચેરી આગળ ઊતર્યો ત્યારે એ સર્વિસનો મૅનેજર મળ્યો. જબરો વ્યાપારી. હસીને પૂછ્યું:

'કંઈ મુશ્કેલી તો પડી નથી ને?'

'મુશ્કેલી?' હું હસ્યો: 'આનંદ આવ્યો.'

'તો...' અને હજી હું અહીં આઠ દિવસ વધારે રહેવાનો હતો તે છતાં, તેણે એવી સીફતથી મારી જોડે વાત કરી કે એનાથી છૂટો પડ્યો ત્યારે મારા ગજવામાં એની જ સર્વિસની નાઇટ ક્લબ્સની ટૂરની મોંઘા ભાવની એક ટિકિટ પડી ગઈ હતી! પેલી ફિલિપિનો બાઈ એ વખતે ક્યાંકથી મારી જોડે આવી ગઈ હતી. પણ મેં જોયું ન જોયું કર્યું. પછી એણે પણ પોતા માટે એક હજી યે વધારે મોંઘી ટૂરની ટિકિટ કઢાવી. હા...શ. મેં છુટકારો અનુભવ્યો. રસ્તે આખે એની ટકટક પારી(સ)ની કવિતાને મુરઝાવી દેતી હતી!

જઇને જમ્યો-મળ્યું તેવું. ભાષાની મૂંઝવણ અહીં સવિશેષ નડતી હતી. પણ ગમે તેમ કરી એ તો પતાવ્યું. ને થોડો આડો પડ્યો. પણ ઊંઘ ન આવે. મન બહાર જવા જ પ્રેર્યા કરે. આ નગરીમાં પળેપળ નિરીક્ષણમાં વાપરી નાખ! શું સૂતો છે?

નીકળ્યો. પગે ચાલીને જોવાય એટલું તમારું, બાકી બસોનું, મોટરોનું, ટૂરિસ્ટોનું. આ નગરીમાં એ ત્રણેની ખામી નહોતી. પણ બસો જૂની હતી, મોટરો એવી ભપકાબંધ નહિ, અને ભાષાની મુશ્કેલીને અંગે હોય કે ગમે તેમ પણ ટૂરિસ્ટો બહાવરાબહાવરા ફરતા હતા. એવો બહાવરો હું પણ લાગતો હોઈશ, પણ ચાલતાં ચાલતાં મેં મારો માર્ગ શોધી લીધો. વિશાળ રસ્તા પર ચાલ્યો. ત્યાંથી કોઇએ વળવાનું કહ્યું ત્યાં વળ્યો. ત્યાંથી કોઇએ સામી બાજુ જવાનું કહ્યુ એટલે સામી બાજુ ગયો. ને એમ કલાકેકમાં બુલવાર્દ દલા માદલીન પર આવેલી ભારતની ટૂરિસ્ટ ઑફિસની નજદીક પહોંચી ગયો. તેની કાચની બારીમાં ભારત ટીંગાઈ રહ્યું હતું. જોઇને આનંદ આવ્યો. થાકેલા પગને પણ રાહત મળશે એ ખયાલે થોડી નિરાંત થઇ. પણ એ ઑફિસ ખાલી પડી હતી. અંદરના નોકરે કહ્યું કે સંચાલક બાઈ અરધા કલાક પછી આવશે.

હવે ચાલવાની હિંમત નહોતી. ચંપલથી ચાલવાને ટેવાએલા પગ બૂટમાં અકળાતા હતા. એ ઑફિસની સામે એક બાંકડો પડ્યો હતો. આવતાંજતાં માણસોને જોતો એ બાંકડા ઉપર બેસી ગયો.

અવનવાં દશ્યો દેખાતાં ગયાં. પેલો બુઢ્ઢો બાજુની દુકાનમાં જતો હતો. ચકોર ઝીણી આંખે ચારે બાજુ જોતો હતો. બાલ્ઝાકનો પેર ગોરિયો તો ન હોય? ને પેલી નારી? સ્ટૅન્ડહલમાંથી જ ઊતરી આવી છે? બેફિકરા જેવા લાગતા માણસો–સિઝિસ્ટન્સમાં પરાક્રમો કરનાર, અને ગમે તેવી જિંદગી જીવનાર-સિમોની દ બુધાનાં પાત્રો નહિ? ને આ? સામેની દુકાનનું બારણું ઊઘડતું હતું. એક ભારતીય નારી એમાં દાખલ થઈ રહી હતી. આ તો એ જ, જેને હું મળવા આવ્યો છું. ત્યાં ફ્રૅન્કફર્ટમાં અંજની મહેતાએ કહ્યું હતું: 'ત્યાંની આપણી ટૂરિસ્ટ ઑફિસમાં જજો. આપણી એક ગુજરાતી બહેન ત્યાં કામ કરે છે તેને મળજો. મેં મોકલ્યા છે તેમ કહેજો. તમને બધું બતાવશે-કરશે. નહિતર પારી(સ) વિશાળ છે. તમે મૂંઝાઈ જશો.' તો આ એ જ બહેન, જેને સહારે ઉદ્બાહુરિવ વામનઃ હું પારી(સ)નું પ્રાંશુલભ્ય ફળ પ્રાપ્ત કરવાનો હતો?

સફાળો બેઠો થઈ ગયો. બાલ્ઝાક ને સ્ટૅન્ડહલ ને બુધાને ચિત્તમાંથી ખંખેરી નાખ્યાં. ટાઇને જરાતરા સરખી કરી લીધી ને પાટલૂનની ઘડી જોઈ લીધી. પછી એ જ દુકાનનું બારણું ઊઘાડી અંદર ગયો.

પેલાં બહેન ઊભાં હતાં. તેમના ચહેરા ઉપર યુરોપમાં દરેક જગ્યાએ દેખાતું આવકારનું સ્મિત નહોતું. કદાચ એ યુરોપિયન નહોતાં એટલે નહિ હોય? કે...કદાચ હું યુરોપિયન નહોતો એટલે? એ સવાલ મેં મારી જાતને પણ પૂછ્યો નહિ. હસતાં નહોતાં પણ વિનયી હતાં. મેં અંજનીબહેનનું નામ કહ્યું એટલે વિશેષ વિનયી બની ગયાં.

'ક્યારે આવ્યા છો?' પૂછ્યું. 'ગઈ કાલે.'

'મારું કંઈ કામ છે?'

'ના, કશું જ નહિ.' બીજું શું કહું?

'કંઈ પણ કામ હોય તો જરૂર કહેજો, હોં.'

'જરૂર, તમને નહિ કહું તો અહીં હું બીજાંને ઓળખું છું કોને?'

'તો બરાબર.' તે હસ્યાં. 'કેમ કે અમારે તો અહીં અજાણ્યાનું ધ્યાન રાખવું જોઈએ.' 'ભલે ત્યારે, આવજો.'

'હું તો એમ સમજી હતી કે તમે કંઈક કામે આવ્યા હશો.'

'કામ તો હતું જ, પણ એ પતી ગયું.'

'શું હતું?' તેણે આતુરતાથી પૂછ્યું.

'તમારાં દર્શન કરવાનું.'

'ઓહો!' તે હસી પડ્યાં. પછી કહે: 'નાટકો જોવાના છો?'

મેં કહ્યું: 'નક્કી નથી, કેમ?'

'એક ભાઈ આવ્યા હતા, થોડા સમય પહેલાં. લેખક હતા. નામ તો કંઈક હતું...' ને યાદ કરવા લાગ્યાં. પૂરું યાદ ન આવ્યું લાગ્યું, છતાં અંતે તેમણે ઝંપલાવ્યું: 'મહેતા કે એવું કંઈ હતું.' (અનુ. પૃ. ૨૪૩)

જીવનપટનાં સ્મૃતિચિત્રો

રવિશંકર રાવળનું
આત્મકથાનક · ૭૪

૩૫૯
ચિત્રશાળામાં છેલ્લું વર્ષ

ચિત્રશાળાનો છેલ્લા વર્ષનો વર્ગ પ્રિન્સિપલની સીધી નજર તળે રહેતો. ક્વચિત હેડમાસ્તર ધુરંધર ડોકું કાઢે, પણ આંટો મારીને ચાલ્યા જાય. યુદ્ધના કારણે ચિત્રના સામાન-સરંજામમાં પણ ખૂબ મોંઘવારી આવી હતી. ચિત્રના રંગો અને પીંછીઓ બનાવતી ઇંગ્લૅંડની જૂની-જાણીતી વિન્સર ઍન્ડ ન્યૂટનની કંપનીએ પહેલી જ વાર 'સ્ટુડંટ ક્વૉલિટી' (વિદ્યાર્થીઓ માટે) ને 'આર્ટિસ્ટ ક્વૉલિટી' (ધંધાર્થી કલાકાર માટે) એવા બે વર્ગનો માલ આપવા માંડયો. વિદ્યાર્થીઓ ઘર-બનાવટના કાગળો કે પૂઠા પર ચિત્રો કરે તેમાં છૂટછાટ મળતી.

વિદ્યાર્થીઓને યુદ્ધસમયમાં સભાન કરવા તેમજ યુદ્ધરંગ જમાવવા માટે ચીતરવાના વિષયોમાં 'યુદ્ધ માટે વિદાય', 'યુદ્ધ માટે સ્વાર્પણ' એવા વિષયો અપાતા. અમારા વર્ગને બર્ન્સ સાહેબે પહેલો જ વિષય 'Departure' (સૈનિકની વિદાય)નો આપ્યો. વિદ્યાર્થીઓમાં કોઈકે જ યુદ્ધના રંગની માહિતગારી મેળવી હશે. બંદૂક કે સિપાઈનો પોશાક ચીતરવાનો ખયાલ પણ કોઈને ન હતો. આથી બર્ન્સ સાહેબે ચિઠ્ઠીલખીને બરાકમાંથી બંદૂકધારી સિપાઈઓને મોડેલ થવા બોલાવ્યા, પરંતુ તેમનું ચિત્ર કરવામાં કોઈને રસ જણાયો નહિ. ઊંડેઊંડે સૌને લાગતું કે આ યુદ્ધ હિંદને માથે મરાયું છે, એટલે યુદ્ધ માટે કોઈમાં ઉમળકો નહોતો. મેં પણ, જોકે પહેલી જ વાર સાચી બંદૂક ચીતરી અને સંત્રીઓના સ્કેચ કર્યા, પણ ચિત્ર કરી શકયો નહિ.

ત્યાર પછી ૨૪ ઇંચના વ્યાસના ગોળમાં કોઈ ચિત્રવસ્તુ કરવાનો આદેશ મળ્યો. બર્ન્સ રોજ માત્ર એક કલાક વર્ગમાં આવી જતા. દરેક વિદ્યાર્થીનું કામ જોઈ તેની વિવેચના કરતા, સૂચના આપતા, વિદ્યાર્થી મૂંઝાતો લાગે તો ચિત્રવસ્તુના ખરા સ્કેચ કરી લાવવા કહેતા ને જરૂર પડે ત્યાં જીવંત સ્ત્રી કે પુરુષ પાત્ર પરથી અભ્યાસ કરવા કહેતા. એમની ચપાટાબંધ નીકળતી અંગ્રેજી ભાષા અમે એક બે વિદ્યાર્થીઓ જ સમજતા. પાછળથી બીજા પૂછતા: 'સાહેબાને કાય સાંગીતલા?' ચિત્રસંયોજના ઉપર સાહેબ જે અતિ ઉપયોગી માહિતી, અન્ય મહાન ચિત્રકારોનાં દૃષ્ટાંતો સાથે, આપતા એવું અગાઉના કોઈ શિક્ષક અમને કદી કહી શકયા નહોતા. પેઇન્ટિંગનાં ઘણાં રહસ્યો મેં એમના મુખેથી સાંભળ્યાં. તેમણે અમને લાયબ્રેરીમાં જઈ ચોપડીઓ મેળવવાની પણ સગવડ કરી આપી, પણ હવે શાળા છોડવાના વર્ષમાં તેનો કેટલો લાભ લઈ શકાય? તેમણે ચિત્રમાં line of interest (એકાગ્ર કરનાર આકર્ષણરેખા) કેમ ઉપજાવવી એ સમજાવ્યું. ત્યારથી મારાં સંયોજનો સુધરવા માંડયાં. મારા એ જ્ઞાનનો લાભ હું મિત્રોનાં ચિત્રો સરખાં કરી આપવામાં વાપરતો, અને બર્ન્સ સાહેબ આવીને તે મંજૂર રાખે ત્યારે મનમાં ખુશ થતો—થોડો ગર્વ પણ અનુભવતો. અફસોસ એ થતો કે મારા સાથીઓમાંથી કોઈને આ બાબતમાં સમજ કે કદર નહોતી.

મેં ગોળાકાર ચિત્રના સંયોજન માટે કલાપીના કાવ્યમાંથી, બિલ્વમંગળ વર્ષાની તોફાની રાતે પૂરમાં તરીને પ્રિયતમાની મેડી પર પ્રવેશ કરે છે એ ચિત્ર ગોઠવ્યું; અને રાજસ્થાની શૈલી પ્રતિ મારું વલણ હતું તે પ્રમાણે તેમાંથી વાસ્તવિક છાયાપ્રકાશને અવગણી, સુરચના અને કથાભાવ સાચવવા રંગ અને રેખાનો જ આશ્રય લીધો. મારા સાથીઓ એમ જ માનતા કે ચિત્ર કરવામાં માત્ર પાશ્ચિમાત્ય રીતો જ સિદ્ધ છે.



આર્ટ સ્કૂલના હેડમાસ્તર
શ્રી ધુરંધરે કરેલો મારો સ્કેચ

એ પૂર્વગ્રહથી હું મુક્ત થઈ ગયો હતો. સુભાગ્યે બર્ન્સસાહેબને મારો આ પ્રયોગ ગમી ગયો ને મારા કામમાં ઉત્તેજન આપતા જ રહ્યા. એ ચિત્ર મેં જળરંગના વહુંપટાથી જ પૂર્ણ કર્યું, અને ટર્મ પૂરી થતાં પહેલાં પાટિયા પરથી ઉતારી ઘેર લઈ જઈને વીંટીને મૂકી દીધું. એક વાર સાંજે હાજીમહમ્મદ મારી રૂમ પર આવી ચડયા ને હું શું કામ કરું છું તે જોવા માગ્યું, ત્યારે એ ચિત્ર જોતાં જ વીંટો કરી બગલમાં માર્યું અને કહ્યું કે એનો બ્લૉક કરાવી કાલે જ તમને પાછું મોકલીશ. એમને કંઈ લાગણી થઈ હશે તે હું એ તે વખતે સમજી શકયો નહિ.

૩૬૦ યુદ્ધનો વિસ્તાર

મુંબાઈમાં રોજગારી વધતી જતી હતી. જાપાન હિંદના બજારમાં ઘૂસ્યું હતું. યુરોપનાં કારખાનાં યુદ્ધસામગ્રી પાછળ લાગ્યાં હતાં. દરિયાઈ વેપારમાં પણ ભય અને જોખમ વધ્યાં હતાં. જર્મની અવનવા યુદ્ધપ્રયોગો આગળ લાવતું હતું. યુદ્ધસામગ્રી પણ અમાપ હતી, એટલે કોઈ અંત કે પરિણામની આગાહી થઈ શકતી નહોતી. જે પક્ષ માણસો અને યુદ્ધસરંજામની વિપુલતા દાખવશે તે જીતશે એમ લાગતું હતું. ફ્રેન્ચોએ ૧૨ કલાકની એક જ લડાઈમાં ૧૧,૦૦૦ માણસો ગુમાવ્યા હતા. જર્મનીએ પહેલી જ વાર 'યૂ' સબમરીનો (ડૂબક-વહાણો)ની ભયંકર શોધ કરીને સમુદ્રમાં ફરતાં મોટાં દુશ્મન જહાજોની સફાઈ કરવા માંડી હતી. ભારતમાં દેશનેતાઓ અને ઉદ્યોગપતિઓએ સરકારને વફાદારીની ખાતરી આપી હતી. ગાંધીજી પણ લશ્કર-ભરતી કરવાની અને અંગ્રેજ મિત્રોને સહાય કરવાની હાકલ કરી રહ્યા હતા. આ માટે તેમને સરકાર તરફથી ૧૯૧૫માં 'કૈસરે હિંદ'નો ઇલકાબ પણ મળ્યો હતો. ગુજરાતના કવિ નાનાલાલ પણ ભાષણો કરતા કે મહાભારત કરતાં પણ મોટું યુદ્ધ મંડાયું છે: યુદ્ધવિસ્તાર અને સૈનિક

સંખ્યા કંઈક અક્ષૌહિણી જેટલી વધી ગઈ છે ને યુદ્ધના લંબાણુનો કોઈ ક્યાસ નીકળતો નથી. તેઓ તો વળી પોતાના પુત્રોને કોઈ લશ્કરી કમિશન મળે તે માટે હાજીમહમ્મદ મારફત પ્રયત્ન કરતા હતા અને ઘણી વાર હાજીમહમ્મદની કચેરીમાં મળી જતા ત્યારે ઉમરાળાનો મારો સમાગમ યાદ કરી સદ્ભાવ બતાવતા. આ રીતે મેં કંઈક વિદ્વાનો અને સાક્ષરોને પોતાનાં જાતજાતનાં અંગત કામ માટે હાજીની લાગવગનો લાભ મેળવવા, એમના ત્રણ માળના દાદરા ચડતા જોએલા. હાજી પોતાને માટે કશું કરી શકતા નહિ, પણ બીજાનાં કામ સાધી આપવા તત્પર રહેતા. મનસુખલાલ માસ્તરને મેં ત્યાં ઓળખ્યા હતા. 'મસ્ત ફકીર' પણ ત્યાં જ ભેગા થયા. દરેકને હાજીની વગથી કંઈ ને કંઈ કામ મળી જતું. હાજીના માળ નીચે મિ. કરમાલી નામના એક મોટા શ્રીમંતની પેઢી હતી તેઓ પોતે આંખથી વાંચી શકતા નહોતા. તેમની પાસે રોજ છાપાં વાંચી સંભળાવનાર તરીકે મસ્ત ફકીરને માસિક રૂ. ૫૦ના પગારે હાજીએ રખાવી દીધા હતા, તેથી હું જ્યારે જાઉં ત્યારે કાયમ ત્યાં મળતા, ને ઉપર હાજી પાસે આવે ત્યારે પોતાની વાતોની રમૂજ આપતા. કરમાલી શેઠ પણ ઘણી વાર ઉપર આવતા. દુનિયાના ચાલુ બનાવો પર એમની અનુભવી નજર એવી પાકી હતી કે તેઓ લડાઈનાં વહેણ કલ્પી શકતા અને તે પરથી વેપારના ભાવો આંકી શકતા. આમ 'વીસમી સદી'ની મહેફિલમાં યુદ્ધ, વેપાર, સંસ્કાર, રસશૃંગાર, સાહિત્ય ને કલાની લહેરો હું અનુભવતો થઈ ગયો હતો.

૩૬૧ નર્મદાશંકર ઠાકર

આર્ટ સ્કૂલમાં પરીક્ષાઓ શરૂ થઈ એટલે મેં કુટુંબ સાથે વતનમાં જવા નિર્ણય લીધો. બાળકની બીમારી અને મુંબાઈજીવન પરત્વે મારાં પત્નીના અસંતોષ ઉપરાંત ખર્ચની તંગી પણ ખરી; એટલે મારો ઈરાદો મેં જેભાઈને જણાવ્યો. એમણે તરત પોતાનાં પત્નીને તેડાવી લેવા પત્ર લખી નાખ્યો અને મેં સકુટુંબ મુંબાઈ છોડયું.

મારા મોટા ભાઈને તાર-કામ (ટેલિગ્રાફી) શીખવા સારુ એક વર્ષ માટે અમદાવાદ રહેવાનો ખાતા તરફથી હુકમ થયો હતો, એટલે તે અમદાવાદ આવી હિંગળોક જોપીની પોળમાં મકાન ભાડે રાખી રહ્યા હતા. આથી મારો પહેલો જ મુકામ અમદાવાદ થયો. અમદાવાદ નિરાંતે જોઈ લેવાની મને ઘણી ઇચ્છા હતી, એટલે મારા જૂના મિત્ર શ્રી નર્મદાશંકર ઠાકરની માહિતી મેળવી. તે ત્યાં નજીકમાં જ મદનગોપાળની હવેલીમાં આવેલી સિટી હાઈસ્કૂલમાં તાજેતરમાં શિક્ષક થયા હતા. કવિ અને વાક્પટુ નર્મદને અમદાવાદમાં ઘણા ઓળખતા. તે જાહેર સભાઓના જાણીતા વક્તા હતા, ને એમાં સ્વરચિત કાવ્યો પણ ગાતા. તે અમદાવાદની માહિતીનો તો ભંડાર હતા અને પ્રમુખ નગરજનોના મિત્ર હતા. તે જ સાંજે તેમણે તથા ડૉ. હરિપ્રસાદે મને હિંદદેવીના ચિત્રકાર મગનલાલ શર્માને ત્યાં લઈ જવા ઠરાવ્યું.

૩૬૨ મગનલાલ શર્મા

જેમનું હિંદદેવીનું ચિત્ર ભારત-પ્રસિદ્ધિ પામ્યું હતું તે મગનલાલ શર્માની સહી એ ચિત્ર નીચે વાંચી ત્યારથી ગુજરાતના એ વડીલ ચિત્રકાર માટે મને આદર થયો હતો. સાંજે ડૉ. હરિપ્રસાદ સાથે જમાલપુરમાં એક મેડા પર અમે પહોંચ્યા ત્યારે ઊંચી કાઠીના, પાતળા સૌરાષ્ટ્રી શાળાશિક્ષકનો પ્રકાશવાળો ને સુઘડ ખંડ, ચારે પાસ ભીંત-પર મોટાં ચિત્રોથી ભરેલો જોયો. મંદમંદ હસતા મગનલાલ શર્માને દાક્તરે મારી ઓળખ આપી ત્યારે ખરેખર આ જિજ્ઞાસુ અતિથિ માટે તેમણે પ્રસન્નતા બતાવી. રાજા રવિવર્માનાં ચિત્રોમાંથી પ્રેરણા લઈ તેમણે શિક્ષણશાળામાંથી ચિત્રશૉખ કેળવેલો અને એકલવ્યની નિષ્ઠાથી સાધના કરીને ચિત્રો બનાવેલાં, જેમાં 'નળ દમયંતી', 'રાણકસિદ્ધ-



ઉપર: 'હિંદદેવી' અને (નીચે) તેના ચિત્રકાર મગનલાલ શર્મા

રાજ', 'શેઠ શગાળશા' વગેરે જેવા લોકપ્રિય પ્રસંગોના મોટા તક્તા ચીતરેલા. ઉપરાંત એક કાગળ પર 'અણધાર્યા પરોણા' નામનું એક વિનોદી ચિત્ર જોયું, જેમાં નાસ્તા માટે ગોઠવેલાં ટેબલોની રકાબી પર તૂટી પડેલાં વાંદરાં તેમણે ઘણા અવલોકન ને કૌશલથી ચીતર્યાં હતાં.



મારી પાસે તો અદ્યતન કળાપદ્ધતિ અને કળાકારોની વાતો હતી. એમાંનું કેટલુંક હું કહી ગયો ત્યારે તેમણે ફાઇલમાંથી 'સાંજ વર્તમાન'ના કેટલાક કાપલા કાઢ્યા, જેમાં કોઈ અનામી લેખકે ચિત્રપ્રદર્શનનાં સારાં ચિત્રોનું વિવેચન લખ્યું હતું. તેઓ એ લખાણની જ્યારે પ્રશંસા કરવા લાગ્યા અને કહ્યુ કે ચિત્રો વિષે લોકોએ આવી નજર કેળવવી જોઈએ, ત્યારે તેમની અજાયબી વચ્ચે મેં ખુલાસો કર્યો કે એ લેખનો અનામી લેખક તેમની સામે જ હાજર છે : દાક્તરને પણ આથી રમૂજ મળી અને કહ્યું કે યોગ્ય અને સમાનધર્મી જનોનો મેળાપ કરી આપવાનું પુણ્ય આજ મને મળ્યું છે.

૩૬૩ ત્રિભુવન પટેલ

મગનલાલ શર્માની મુલાકાત થયા પછી અમદાવાદમાં મેં બીજી મુલાકાત કરી તે ભાવનગરના જૂના મિત્ર ચિત્રકાર ત્રિભુવન પટેલની. તેમણે ભાવનગર છોડીને કોઈ નાટક કંપનીના ચિત્રકાર તરીકે પ્રવાસ

મારા મોટા ભાઈને કવિ ત્રાપજકરની અંજલિ

મારા મોટા ભાઈ રતિલાલ રાવળની નાટચલેખનની પ્રવૃત્તિ પર લખતાં એમના એક સન્મિત્ર આજના નાટ્ય-કવિ ત્રાપજકર એમને પોતાના માર્ગદર્શક ગણે છે. તેમણે પોતાની એ લાગણી દર્શાવતો આ અંજલિલેખ મને મોકલ્યો છે:

"આ વાતને પચાસ વર્ષનાં દિવસ અને રાત્રિઓએ પ્રદક્ષિણા કરી છે. ઋતુઓના ફેરફાર તેને સ્પર્શી શક્યા નથી. સ્મૃતિના ખંડિયેરમાં, ગઈ કાલે જ વિકસેલા ગુલાબના ફૂલની જેમ, હજી યે તે સુગંધ પ્રસરાવી રહી છે. એ વાતે જીવનને તાલમય સંગીતમાં મઢી લીધું છે. એવી તે કઈ એ વાત?

કલાગુરુ ભાઇશ્રી રવિભાઇને સૌકોઈ ઓળખે છે, તેમની કલાસિદ્ધિઓને બિરદાવે છે, પરંતુ તેમના સદ્‌ગત બન્ધુ પૂ. રતિભાઈ મહાશંકર રાવળની સંસ્કારિતા અને નાટ્યકલાપ્રેમ કેટલાં સભર હતાં તેનાથી કોઈક જ પરિચિત છે.

ભાવનગર પાસે આવેલું સિહોર ગોહિલકુળની વીરગાથાઓની આલબેલ પોકારતી ટેકરી છે. ગૌતમ ઋષિનાં તપધ્યાનની કથા કહેતી ગૌતમી નદીને તીરે સૃષ્ટિસૌન્દર્યથી ભરેલું એ સિહોર મારું મોસાળ. ત્યાંના ડુંગરા ને ટેકરીઓના ભ્રમણમાં મારા બાલ્યકાળના અનેક દિવસો મેં વીતાવ્યા છે. પંદર વર્ષની વયથી હું કવિતા કરતો. મારા મામા વૈદ્યરત્ન દવે ભગવાનજી ગિરધરલાલ શાસ્ત્રીએ મને ખબર આપ્યા કે 'તારે મળવા જેવી એક વ્યક્તિ અહીં છે. જગન પંડ્યાના મિત્ર રવિભાઈ ચિત્રકારના મોટા ભાઈ રતિલાલ અહીં પોસ્ટ માસ્તર તરીકે આવ્યા છે. નાટચલેખનને સંગીતના તે પૂરા રાગી છે.' આ પરથી તેમની સાથે હું પોસ્ટ ઑફિસે જઈ રતિભાઈને મળ્યો.

પોપટની ચાંચ જેવી નાસિકા, હરણ જેવાં વિશાળ નિખાલસ નેત્રો, મધ્યમ કદ, ભાવવાહી મુખમુદ્રા અને પ્રેમનું અખૂટ વહેતું ઝરણ હોય તેવું હૃદય, એવા પૂજ્ય રતિભાઈ મને દેખાયા. તેમના સંગીતપ્રેમ અને નાટ્યશક્તિનો પરિચય તો પછીના દિવસોમાં થયો. મારા મોસાળમાં હું બિત્રણ મહિના રોકાયો તે દરમિયાન મારું તેમના પ્રતિ આકર્ષણ ઘણું જ વધી ગયું. તેઓ પોસ્ટ ઑફિસની જવાબદારી સંભાળતા જાય અને સાથે નાટક તથા સંગીતની અમારી ચર્ચા ચાલતી હોય. બીજી તરફ તેમનાં અસ્થિર મગજવાળાં પત્ની વચ્ચે આવી ગમે તેમ એલફેલ બોલવા લાગે ત્યારે ઊભા થઈ તેમને શાંત કરે અને દવા પાઈ ઘરમાં મોકલે, અને ફરી સ્વસ્થતાથી સંગીતનાં રાગરાગિણી અને તાલતરજોના ભેદ ઉપર વાત ચાલુ રાખે. એમની સહનશક્તિ, શુશ્રૂષા, પતિધર્મ અને માનવતા જોઈ મને એમના ઉપર ઘણું માન થયું. સાંસારિક વિષમ સ્થિતિ વચ્ચે પણ એમને મેં કદી ગુસ્સે થતા જોયા નથી.

એવામાં હું ટાઈફૉઈડ તાવમાં સપડાયો. તેના ખબર રતિભાઈને મળતાં જ સાંજે ઑફિસ બંધ થયા પછી મને જોવા આવ્યા. તે પછી એ રોજ મારી પાસે આવતા અને સુરીલા કંઠે રાગરાગિણીઓ સંભળાવતા. તેની મારા મન ઉપર ભારે અસર થતી. લાગટ ઓગણત્રીસ દિવસ સુધી આમ તેમણે રોજ હાજરી આપી. એ ઓગણત્રીસે દિવસ મારા કવિજીવનને ઘડવામાં બહુ ઉપયોગી બન્યા. તેમની પાસેથી કલ્યાણ, ભીમપલાસી, વાઘેશ્વરી, આશાવરી, વસંત, મેઘમલ્હાર, સારંગ આદિ રાગનો અભ્યાસ મને મળ્યો. તાલની પણ સમજ મળી.



રતિભાઈમાં એક અજબ શક્તિ હતી. તેમની કલ્પના અને વાણીમાં સંજીવની હતી. તે નાટક લખતા નહિ, પણ વગર લખ્યે પાત્રોના સંવાદ પ્રવેશવાર બોલતા, તે એવી છટા અને અભિનયથી બોલતા કે સાંભળનારને એમ જ લાગે કે જાણે આપણે ભજવાતું નાટક જ જોઈ રહ્યા છીએ.

મારી સોળ વર્ષની ઉંમરે નાટકના સંસ્કાર મારામાં રેડનાર પૂ. રતિભાઈ મારા પ્રથમ નાટ્યગુરુ હતા. તેમની પાસેથી મને નાટકનું નેપથ્યવિધાન શીખવાનું મળ્યું અને અઢાર વર્ષની વયે હું નાટ્યકાર બન્યો. એમના અને રવિભાઈના પરિવારજનો સર્વનું કલ્યાણ હો."

—કવિ ત્રાપજકર



ત્રિભુવન પટેલ (ર. મ. રા.)

કરેલો ને પછી બિયાવરમાં ફોટો સ્ટૂડિયો કરેલો. તે પછીના તેમના સંજોગોની ખબર નહોતી. હાલ તેમણે બાલાહનુમાન પાસે પોતાનું પાટિયું મારી ફોટોગ્રાફી ને રંગીન તેલ-તસવીરોના નમૂના બહાર લટકાવેલા તે મેં જોયા. ડૉ. હરિપ્રસાદ તેમને ઓળખતા હતા પણ પરિચય પાડચો નહોતો. અમદાવાદમાં ફોટોગ્રાફરોનાં પાટિયાં તો ઘણાં હતાં, પણ તે સાથે ચિત્રકામ કરનાર આ એકલા જ હતા. ડૉક્ટરના કહેવા પ્રમાણે ફોટોગ્રાફીમાં તેમને બહુ કામ મળતું નહોતું, પણ ચિત્રકામમાં તેમની બાહોશીથી તે પ્રસન્ન હતા. ખાસ તો તેમણે હમણાં પુસ્તકવિક્રેતા મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે અને નવલકથાકાર ચૂનીલાલ વ. શાહને સરસ વાર્તાચિત્રો કરી આપ્યાં હતાં. એ કાળે પ્રકાશકો લાંબી નવલકથાના ઘણા ભાગ બહાર પાડતા અને અંદર ત્રિભુવન પટેલનાં રૂપાળાં પાત્રોનાં ચિત્રો મૂકતા, તેથી ચોપડીઓનું આકર્ષણ વધી જતું. પૂઠાંચિત્રો કે જૅકેટ કરાવવાનો રિવાજ તે વખતે પડચો જ નહોતો. ડૉક્ટરની ફરિયાદ હતી કે એમનાં સ્ત્રીપાત્રો મોહિનીવાળાં ખરાં, પણ એક જ ઢાળાનાં લાગતાં, અને કદાચ પોતાની પત્ની ઉપરથી જ તે ઉતારતા એવું પણ માનતા. હું તેમને મળ્યો ત્યારે જૂની ઓળખાણ તેમને એકદમ યાદ આવી અને જણાવ્યું કે પોતાને અમદાવાદમાં ઠીક ફાવી ગયું છે. સ્ટૂડિયો અને ઘર એક

સાથે હતાં. રસ્તા પરથી ઘરના બારણામાં દાખલ થતાં સામે જ પાટિયાના પડદા પર છબિઓ લટકાવેલી. અંદરના ચોકમાં એક બાજુના કરા પર ફોટોગ્રાફી માટેનો પૃષ્ઠભૂમિકાનો પડદો તેમણે પોતે ચીતરેલો; અને પરસાળમાં ઘોડી માંડી ચોકના પ્રકાશથી ચિત્રકામ કરતા. અંદરના ઓરડા આડે એક પડદો રહેતો જેથી તેમનાં ગૃહિણી ઓઝલ રહી શકે અને કોઈ હાજર ન હોય ત્યારે તે પણ બહાર આવી બેસી શકે. મારા માટે તેમની નાની દીકરીને બહાર મોકલી ચા મંગાવી. તેમનો ચિત્રકામનો સામાન લઘરવઘર પડચો હતો, પણ ચિત્રમાં ખૂબ સાદાઈ અને સ્પષ્ટ આલેખના હતી. હું પણ ખુશ થયો. ચોપડીઓનાં ચિત્રોમાં સારી ઘરાકી છે એમ તેમણે જણાવ્યું. મને થયું કે તેમને 'વીસમી સદી'માં સ્થાન અપાવવું, અને તેથી તેમની સાથે 'વીસમી સદી'ની વાતો કરી, તે પરથી પોતાને પ્રસિદ્ધિ મળશે એવી વાંછના દર્શાવી એમણે ખુશીથી ચિત્રો આપવા કબૂલ્યું. તેમને બીજા વિદ્વાનો કે સાહિત્યકારોની કશી ખબર જ નહોતી. માત્ર ધંધા અને પૈસા પર જ લક્ષ હતું. શ્રીમંતો 'ખાનગી' રખાય એવાં પ્રણયચિત્રો તેમની પાસે કરાવી જતા, તે પરથી અમદાવાદની એક બાજુનો ખયાલ મને મળ્યો.

૩૬૪ ગાંધીજીનું પ્રથમ દર્શન

દાક્તરનો મારી પ્રતિનો ઉમળકો હું જોઈ શકચો. બીજે દિવસે ચાર વાગ્યે તેમણે મને કહ્યું કે 'અહીં આવ્યા છો તો ગાંધીજીનાં દર્શન કરતા જાઓ. એ મહાપુરુષ કોઈ અકળ ભાવનાઓથી પ્રેરિત છે અને નવી જીવનપ્રણાલીથી આદર્શો મૂર્ત કરી રહ્યા છે.' આમ કહી તેમણે સાંજે મારા મુકામેથી જ મને ઉપાડચો ને ચાલતાં જ રીચીરોડ (હાલ ગાંધી માર્ગ) ઉપર અમારાથી દૂર ચાલ્યા જતા એક મધ્યમ કદના, આલ્પાકાનો લાંબો કોટ અને ગોળ ફેલ્ટ ટોપી પહેરેલા ગૃહસ્થને ઓળખાવ્યા: 'પેલા જાય છે તે બૅરિસ્ટર વલ્લભભાઈ પટેલ. આપણે જરા ઉતાવળા જઈ તેમનો સાથ કરીએ.' અમે પહોંચી વળતાં શ્રી વલ્લભભાઈએ જરા પાછું જોઈ પૂછ્યું : 'કેમ દાક્તર, ક્યાં ચાલ્યા ?'

'કોચરબ આશ્રમ, આ રવિશંકર રાવળને એ બતાવવો છે. તે આપણા એક ઊગતા ચિત્રકાર છે.'

'એમ કહોને, પેલા મહાત્મા પાસે જાઓ છો ! ઠીકઠીક દાક્તરે તેમની સાથે શહેરની થોડી બીજીત્રીજી વાતો કરી, જેમાં મને બહુ ગમ ન પડી. એવામાં વિક્ટોરિયા બાગ આગળ પહોંચ્યા, એટલે શ્રી વલ્લભભાઈ 'આવજો ત્યારે દાક્તર' કહી ગુજરાત ક્લબ તરફ વળ્યા.

દાક્તરે કહ્યું : 'ગાંધીજીએ જ્યારથી ભંગીઓ ને અછૂતોને આશ્રમમાં સ્થાન આપ્યું છે ત્યારથી પ્રજા છંછેડાઈ છે; પણ મને તો મહાત્માજીના વિચારમાં નવો યુગ દેખાય છે.' એટલામાં એલિસબ્રિજ આવ્યો અને એ સાવ સૂનો પુલ વટાવી અમે ડાબી બાજુ સરખેજની સડક પર ચાલ્યા. ત્યાં ક્વચિત કોઈ ગાડાં કે અધેડાંની પોઠો કે માથે ભારા અથવા પોટલાં લઈ આવતાં ગ્રામજનો જ સામાં મળતાં.

અમે કોચરબના રસ્તા પરના એક બંગલામાં પેઠા અને પગથિયાં ચડચા ત્યાં અંદરના ખંડમાંથી 'આવો આવો દાક્તર' કહેતા ઉઘાડા શરીરે ગાંધીજી પોતે સામા મળ્યા. મેં જોયું તો અનાજનો ઢગલો સાફ થએલો પડચો હતો અને એક બે છોકરાં સ્લેટ-ચોપડી લઈ આવી ઊભાં હતાં. હું તો આભો જ બની ગયો. આવી સાદાઈ અને અગવડમાં આ લોકનેતા રહ્યા છે! દાક્તરે મારી સહેજ ઓળખાણ આપી. તે પછી બહાર આવી સાદડી પર થોડી વાર બેઠા, અને આશ્રમની તથા શહેરની વાતો કરી. તેમાં મને કંઈ રસ પડચો નહિ. અરધા કલાક પછી રજા માગી અમે પાછા વળ્યા. એ વખતે આ પ્રસંગનું મહત્ત્વ વિચારવાની મારામાં કોઈ પ્રેરણા નહોતી.

૩૬૫ કૉન્ટ્રાક્ટર માસ્તર

બીજે દિવસે નજીકમાં જ આવેલી સિટી હાઈસ્કૂલમાં સવારે ચાલતા વર્ગમાં મારા મિત્ર નર્મદાશંકર ઠાકરને મળવાનું હતું. ત્યાં જયંતીલાલ મજમુદાર કરીને ચિત્રશિક્ષક જે મુંબાઈ આર્ટ સ્કૂલમાંથી મારા જાણીતા થયા હતા તે પણ મળી ગયા. મને તે નર્મદ ઠાકરના ક્લાસમાં લઈ ગયા. થોડી વારે રિસેસ પડવાની હતી, પણ ઠાકરે વિદ્યાર્થીઓને વહેલા છોડી દીધા અને બીજા એકબે શિક્ષકોને મારી ઓળખાણ કરાવવા બોલાવી, ચા મંગાવી. 'વીસમી સદી'થી હું ઘણાને મન ગણનાપાત્ર મિત્ર થયો હતો, એટલે ઠાકર મોજમાં આવ્યા હતા. પણ બધાના મનમાં પારસી હેડમાસ્તર કૉન્ટ્રાક્ટર સાહેબની ધાક હતી એ હું જાણી શકચો. એવામાં કોઈએ ખબર આપ્યા કે સાહેબ દાદર ઊતરે છે, એટલે એકેએક શિક્ષક મળ્યું તે દ્વારેથી પોબાર થઈ ગયા,– નર્મદભાઈ સુધ્ધાં ! હું એકલો ક્લાસમાં રહી ગયો. ત્યાં તો બારણામાં ઊંચી સોટા જેવી, ભવાં ચડાવેલી કૉન્ટ્રાક્ટર સાહેબની આકૃતિ મેં જોઈ. ખાલીખમ ક્લાસમાં મને એકલાને બેઠેલો જોઈ તે બોલી ઊઠચા : 'તમે કોણ છો ? અહીં કેમ બેઠા હતા ? માસ્તર ક્યાં છે ? આમ તમારાથી મારી રજા વિના સ્કૂલમાં અવાય જ નહિ.' હું જરા છોભીલો પડી ગયો, પણ ધીરજથી કહ્યું : 'સાહેબ, તમારે મને કંઈ કહેવાનું નથી; હું તો તમારા શિક્ષકોના આમંત્રણથી આવ્યો છું. જુઓ હું તો આ ચાલ્યો.' કહી ક્લાસ અને સ્કૂલ છોડી ઘેર જઈ પહોંચ્યો. શિયાળવા શિક્ષકોની ચા અને સમાગમ રદ થયાં.

આ ત્રણચાર દિવસ મોટા ભાઈએ ખૂબ મોજ કરાવી. ડાહ્યાભાઈ ધોળશાજીનું એક નાટક બતાવ્યું. વળી તાજેતરમાં તેમનું એક પ્રહસન મેડિકલ કૉલેજવાળાઓએ જાહેરમાં ભજવી બતાવેલું, એટલે નાટ્યલેખન પર પોતાનો હાથ કેવો પાકો થયો હતો તેનું બયાન કર્યું. એમના એ રંગને પોષે એવા બે મિત્રો પણ અહીં થયા હતા, પણ અફસોસ કે શિષ્ટ સાહિત્યનો તેમને અભ્યાસ કે પરિચય મળ્યો નહોતો. આમ એક જિગરી નાટ્યલેખક પોસ્ટખાતાને ખૂણે મુરઝાતો હતો.

મોટા ભાઈ પાસેથી ઘરના કેટલાક સમાચાર જાણ્યા. બહેનની તબિયત સારી નથી એટલે તેને હજી સાસરે મોકલી નથી. એના નસીબમાં સાસરવાસનું લેણું જ નથી. આ જાણ્યું એટલે આ વખતે હવે ભાવનગર જતાં વચ્ચે વીરમગામ રોકાવાનું કારણ નહોતું. તેથી નીકળતાં પહેલાં મારા મિત્ર મગનલાલને સ્ટેશને મળવા લખ્યું. તેમની



ઉઘાડા શરીરે ગાંધીજી સામા મળ્યા

પાસેથી પણ બનેવીના સ્વભાવની અને બીજાઓના કુટિલ વ્યવહારની વાતોનું દુઃખ લઈને, સૌ. રમા અને ચિ. ગજુ સાથે હું ઘેર પહોંચ્યો.

૩૬૬ ડહેલામાં નવું ઘર

પોસ્ટ ઑફિસમાં રહેવાનું મળ્યું એ દરમ્યાન પિતાશ્રીએ ડહેલાનું જૂનું ઘર પાયામાંથી જ નવી રચના કરીને બંધાવ્યું હતું. સાથે કાકાનું ઘર પણ પાછળ થોડી જમીન મેળવી પૂરું કરાવ્યું હતું. એટલે હું ગયો ત્યારે બે માસની રજા લઈ સૌ નવા ઘરમાં વાસ્તુ કરી રહ્યા હતા. મને ત્રીજા માળ પર કામ કરવા અને મારી સામગ્રી રાખવા કબાટ સોંપાયું. જોડેના ખંડમાં બાપુજીની બેઠક થઈ. જૂના કાટમાળ અદૃશ્ય થઇને સ્વચ્છ રંગીન છત મળી હતી. અગાશીની પણ સગવડ થઈ હતી.

રજા દરમિયાન પિતાશ્રી ગુરુશ્રી નથુરામ શર્માના દર્શનાર્થે જવા નીકળ્યા ત્યારે મને પણ પ્રવાસમાં સાથે લીધો. આ વખતે ગુરુશ્રીનાં વેદાંત-પ્રવચનોમાં મને પહેલાં કરતાં વધુ સમજ અને રસ પડયાં. વળી મોટાભાઈ (હરગોવિંદદાસ પંડયા) ને નાનાભાઈ (નૃસિંહપ્રસાદ


ડાબી બાજુથી : મોટાભાઈ (હર-ગોવિંદદાસ પંડયા), નાનાભાઈ (નૃસિંહપ્રસાદ ભટ્ટ) અને શ્રીમન્નથુરામ શર્મા.

ભટ્ટ)ની ગુરુભક્તિ અને નિષ્ઠાપૂર્ણ સાધના પણ જોઈ શકયો. પાછા આવીને રેલવેમાં ઑડિટ ઇન્સ્પેક્ટર થએલા મારા કાકા સાથે કુંડલા, લીલિયા તથા દામનગર જઈ આવ્યો. લીમડી, વઢવાણ અને ધ્રાંગધ્રા-ની પણ મુલાકાત લીધી. છતાં હું બેકાર જેવો લાગતો હતો. મારા પિતાશ્રીની તથા કાકાની અનેક ટીકાઓ સહી લેવી પડતી હતી. એક વાર કુટુંબના એક શ્રીમાન સ્નેહીએ પોતાના વડીલોનાં ચિત્રો મને એન્લાર્જ કરવા સોપ્યાં. બ્રોમાઇડ એન્લાર્જ પર રંગકામ કરવાના પણ બજારમાં ત્યારે ઠીક પૈસા પડતા. અને મેં કામ તૈયાર કર્યું ત્યારે તેઓ પ્રસન્ન થયા અને મારા પિતાશ્રીના દેખતાં પૂછ્યું : 'કહો, આની શી કિંમત આપીએ?' એ વખતે મારા પિતાશ્રીને આમ પૈસા લેવાનું હલકું લાગ્યું એટલે કહી દીધું : 'વાત શી કરો છો? રવિ તમારા પૈસા લેશે?' એ વખત પ્રમાણે એ કામના મને કોઈ પણ રૂ. ૮૦ ખુશીથી આપત, અને મને મારી વૅકેશનનો ખર્ચ મળી રહ્યો લાગત. પણ મારું મોં બંધ થઈ ગયું. મહેમાનો ચિત્રો લઇ ગયા પછી આંખમાંથી આંસુ પડયાં. એમ થયું કે ઝટ હું મુંબાઈ ભેગો થઈ જાઉં. હું રજા માણી શકયો નહિ. મારા મિત્રો મસ્તરામ અને નાનાસાહેબને ઝરિયાના શ્રી ગોરધનદાસ ભટ્ટે સિબપોરની માઇનિંગ-એન્જિનીઅરિંગ કૉલેજમાં સ્કૉલર બનાવી મોકલી આપ્યા હતા, હરભાઈ ત્રિવેદી બી.એ.માં મગજમારી કરતા હતા અને પ્રભુભાઈ બીમારીને કારણે વરતેજ જઈ રહ્યા હતા.

૩૬૭ મસ્તરામનો પત્ર

આ જ સમયમાં તા.૧૪-૫-'૧૬નો એક પત્ર સિબપોરથી મસ્તરામે લખેલો તેમાં મારા મિત્રમંડળનું પ્રતિબિંબ છે :

'પ્રિય રવિ,

તા. ૯મી મેનું તમારું પત્ર મળ્યું. મેં પ્રત્યુત્તર ન લખ્યો માટે મારા ઉપર રોષ થયો જણાય છે, પરંતુ પ્રિય ચિતારા! શું હું તને ભૂલી ગયો અથવા બેદરકાર રહ્યો એમ લાગે છે? માત્ર હરને, પરમાનંદને, ગિરીશને, (બહુ લાંબે અંતરે તને) અને મુંબાઇમાં વનુને—એ સિવાય બીજા મિત્રોને ભાગ્યે જ લખું છું. મારું હૃદય સૌના હૃદયના પડઘા સરખી રીતે પૂરે છે. જે ક્ષણે જેને લખવા વૃત્તિ થઈ આવે તે ક્ષણે-સવારે બપોરે કે સાંજે ગમે ત્યારે-લખવા બેસી જાઉં છું... હર તો ભોળો બ્રહ્મા છે...એણે મને મેણાં માર્યાં હોય તો પણ એવાં મેણાં કોને વહાલાં ન લાગે? એના આક્ષેપો મારી લેખનપ્રવૃત્તિ પર નહોતા, પણ મારી અપક્વ લેખક તરીકેની સ્થિતિ પર કડક મોંએ એ હસતો હતો. હું લેખક તરીકે ગણાવાને કેટલો લાયક છું તે બીજા કહી શકે તે પહેલાં હું પોતે સમજી શકું એમ છું. હરના પત્ર પરથી તે મને પૂરો સમજ્યો નહિ હોય એવો ભય મને થયો હતો. મારી પ્રવૃત્તિ ઈષ્ટ છે એવું મને લાગતું હોય તો જ એ ચાલુ રાખું. ઉપયોગી થવાનો મંત્ર મને સૌથી વધારે પ્રિય છે. જોકે તમારા જેટલો ઉપયોગી થતાં મને વાર લાગશે.

હાજીમહમ્મદે મને પહેલો ને બીજો અંક મોકલ્યો છે. તેની પહોંચ મેં બહુ ઉપકાર દર્શાવી લખી છે. અંક એકંદરે ઠીકઠીક ને સુંદર લાગે છે. ભૂલો તો છે જ; પણ અક્ષમ્ય નથી. માસિક ઉપર આક્ષેપ કરનારાઓ માસિક કાઢતાં ઊભી થતી મુશ્કેલી અને મહેનતનો ખયાલ રાખી શકતા નથી....તમે પ્રથમ નંબરે પાસ થયા એ જાણી અમને સૌને હર્ષ થયો અને પત્ર વાંચતી વખતે ઓરડામાં નાચીકૂદી ગાજી ઊઠયા! તમારા દૃઢ પરિશ્રમનું ફળ કોઈ ખૂંચવી શકે એમ નથી. મારા લેખોનાં ચિત્રો તમે કરો એ પણ મસ્તનાં ભાગ્ય છે. પ્રભુ તમને વધુ આયુષ્ય આપે ને દેશને ઉપયોગી બનાવે એમ ઇચ્છવું ગમે છે—તમારો મસ્ત.'

૩૬૮ એકલો જ પાછો મુંબાઈ

વૅકેશન પૂરી થઈ. આમે ય હવે કુટુંબને લઈ જવાની હોંશ ન થઈ. યુદ્ધના સમાચારો ચિંતાજનક હતા અને દરિયાકિનારા જોખમી બન્યા હતા. પાંચમી જૂને બ્રિટિશ સર સેનાપતિ લૉર્ડ કિચનર ખૂબ ચુપકીદી-થી 'હૅમ્પશાયર' જહાજમાં રશિયા જતા હતા ત્યારે, એક જર્મન માઈન (દરિયાના પાણી નીચે છૂપો તરતો બૉમ્બ) સાથે અથડાતાં ગર્ક થઈ ગયા! યુદ્ધના બહાના નીચે મેં કુટુંબને ભાવનગર રાખ્યું. આ દરમ્યાન મોટા ભાઈની બદલી વલસાડ ખાતે થઈ ગઈ હતી તેથી મુંબાઈ જતાં બે દિવસ ત્યાં રોકાયો. ચોમાસાને લીધે ચોતરફ લીલી જમીન અને લીલી ઘટાઓ હતી, તળાવો ભરેલાં હતાં. બે દિવસ ત્યાં રોકાઈ મુંબાઈ પહોંચી કલ્યાણ ચાલમાં જેભાઈની સાથે જઈ રહ્યો.

ત્યાં કવચિત સ્વામી આનંદ ડોકું મારી જતા. કોઈ વાર મને તે પોતાના જાણીતા મહારાષ્ટ્રી ચિત્રકાર કે લેખકનો પરિચય કરાવવા લઈ જતા. એમણે હાજીમહમ્મદનો પરિચય સાધી લીધો હતો ને જુગતરામ દવેને ત્યાં તંત્રીખાતામાં પ્રેસનું મેટર સંભાળવાનું સોંપાયું હતું. (ચાલુ)

વાર્ષિક વાઙ્મય સમીક્ષા

ગુજરાત સાહિત્ય સભા તરફથી થતી વાર્ષિક વાઙ્મય સમીક્ષા ચાલુ વર્ષ ૧૯૬૮ માટે નીચેના ત્રણ વિભાગમાં વહેંચી નીચેના સમીક્ષકોને સોંપવામાં આવી છે : (૧) કવિતા, નવલિકા, નાટક : પ્રો. મધુસૂદન હી. પારેખ (અમદાવાદ); (૨) નવલકથા : પ્રો. સુરેશ રાણી (અમદાવાદ); (૩) લલિતેતર સાહિત્ય, પ્રવાસ, નિબંધ, ચરિત્ર ઉપરાંત બાળસાહિત્ય વગેરે : પ્રો. દિલાવરસિંહજી જાડેજા (વલ્લભવિદ્યાનગર). પ્રકટ થતાં બધાં જ પ્રકાશનો, પ્રકટ થાય કે તુરત નીચેના સરનામે મોકલી આપવાની પ્રકાશકોને આગ્રહપૂર્વક વિનંતી છે. બધાં પુસ્તકો આ જ સર-નામે મોકલવાં : પ્રો. મધુસૂદન હીરાલાલ પારેખ, ૪૨ રણછોડ નિવાસ, પંચવટી, મણિનગર, અમદાવાદ-૮

કલાવાર્તા

સાધુ નારાયણપ્રસાદદાસજીનાં આધ્યાત્મિક રહસ્યમય ચિત્રો

અત્યારે સમગ્ર વિશ્વમાં જ્યારે ભૌતિકબળોના પ્રાબલ્યથી માનવ મન કેવળ શંકા-કુશંકાના વમળોમાં અટવાયું છે, જ્યારે આધ્યાત્મિક મૂલ્યો લગભગ જીવનમાંથી ઓસરી ગયાં છે ત્યારે પણ ગુજરાત અને મુંબાઈના કલાક્ષેત્રમાં માનવમનથી પર એવી ભૂમિકામાંથી પ્રેરણા મેળવી, તેને ગૂઢ રહસ્યમય ચિત્રો રૂપે રજૂ કરતા, ને હાલ સાધુ જીવન જીવતા એક કલાકારનો ટૂંકો પરિચય જાણવા જેવો છે.

સાધુ નારાયણપ્રસાદદાસ હાલ અક્ષર મંદિર, દાદર, મુંબાઈમાં અભ્યાસ કરે છે. ગુજરાતના સુપ્રસિદ્ધ સંતવર્ય પ. પૂ. બ્રહ્મ સ્વરૂપ યોગીજીમહારાજની દીક્ષા પામેલા શિક્ષિત યુવાનોમાંના તેઓ એક ૨૪ વર્ષના યુવાન સાધુ છે. આર. એમ. ત્રિવેદી ન્યૂ એડ્યુકેશન હાઈસ્કૂલના તેઓ તેજસ્વી વિદ્યાર્થી હતા અને ચિત્રકલાની પ્રેરણા ત્યાંના ચિત્રકલાના શિક્ષકો પાસેથી મેળવી હતી.

બાળપણથી જ ચિત્રકલા પ્રત્યે તેમને અદ્ભુત આકર્ષણ હતું. સિનેમાની જાહેર ખબરનાં ચોપાનિયાં ઉપરથી તેમણે ઘણાં ચિત્રો દોર્યાં હતાં. ૧૬ વર્ષની વયે શાળાજીવન દરમિયાન તેમણે દોરેલું ચિત્ર જર્મનીના એક પ્રદર્શનમાં રજૂ થતાં પારિતોષિક મળેલું, તેમજ ત્યાંની સરકાર તરફથી તેમને રૂા. આઠસોની શિષ્યવૃત્તિ મળેલી. ગુજરાત કૉલેજમાં વિજ્ઞાન વિભાગમાં પ્રથમ વર્ષમાં જોડાયા ત્યારે ગુજરાત યુનિવર્સિટી તરફથી યોજાએલા યુવક મહોત્સવમાં તેઓને ચિત્રકલા માટે પ્રથમ પારિતોષિક મળેલું. તેઓ કૉલેજના અભ્યાસ ઉપરાંત 'Physio-therapy' ફીઝિયોથેરપી પણ શીખતા, ને દવાખાનાંઓમાં જઈને દર્દીઓને માલિશ વગેરે દ્વારા પોતાની સેવા આપતા.

ઈ. ૧૯૬૩માં શ્રી યોગીજી મહારાજના પરિચયમાં આવ્યા અને તેમના જીવનમાં મહાપરિવર્તન આવ્યું. માતા-પિતાની આજ્ઞા લઈ ૧૯૬૫માં બોચાસણ સંસ્થાના અટલાદરા મંદિરમાં, શાસ્ત્રીજી મહારાજના શતાબ્દી મહોત્સવ પ્રસંગે સાધુત્વ ગ્રહણ કરી સાધુ નારાયણપ્રસાદદાસજી નામ ધારણ કર્યું. સાધુ થયા પછી તેમણે કલા ચાલુ જ રાખી અને પૂજ્ય યોગીજી મહારાજની પ્રેરણાથી આધ્યાત્મિક ચિત્રો દોરવાં શરૂ કર્યાં. તેમાં ધ્યાનમાં સાધકને થતા અનુભવો, સ્વપ્નસૃષ્ટિના અનુભવો, મન અને તેની ભૂમિકા, ક્રોધ, કામ, ઇર્ષ્યા, ત્યાગ, વૈરાગ્ય, કુંડલિની તથા સંગતિના રાગો તેમણે નવી જ શૈલીનાં ચિત્રો દ્વારા રજૂ કર્યાં છે. મીણ, ક્રેયૉન, વપરાએલી બ્લેડો વગેરે નજીવાં સાધનો વાપરી પોતાની ઊર્મિ અને કલ્પનાશક્તિને વિકસાવવા પ્રયત્ન કર્યો છે. તેમની રંગપદ્ધતિ જોઈ સૌ આશ્ચર્ય અનુભવે છે.



ગઈ ૩જી માર્ચે અમદાવાદમાં સાધુ નારાયણપ્રસાદદાસજીનાં આધ્યાત્મિક ચિત્રોનું પ્રદર્શન કલાગુરુ શ્રી રવિશંકર રાવળે પ. પૂ. યોગીજીમહારાજની નિશ્રામાં ખુલ્લું મૂક્યું તે સમયે: ડાબી બાજુથી-શ્રી રવિશંકર રાવળ, પૂ. યોગીજી મહારાજ અને કલાકાર નારાયણપ્રસાદદાસજી (તસવીર: ઝવેરીલાલ મહેતા)

તેમનાં ચિત્રોમાં એક તલસતું હૃદય આધ્યાત્મિક અનુભૂતિઓના ધબકારા ઝીલતું દેખાય છે. તર્કવિતર્ક કરનારું મન, ષડરિપુઓથી વીંટળાએલું ઊર્મિતંત્ર અને ઇંદ્રિયોની ખેંચતાણમાંથી ઉદ્ભવતા સંઘર્ષ વગેરેની એમનાં ચિત્રોમાં ઝાંખી થાય છે. પરંતુ એથી વિશેષ તો માનવજીવનના ઉચ્ચતમ ધ્યેય આધ્યાત્મિક પૂર્ણતા અને મોક્ષ તરફ આ ચિત્રો સ્પષ્ટ રીતે રંગની વાણીમાં બોલી ઊઠે છે.

ગઈ ૩જી માર્ચે અમદાવાદના અખંડાનંદ હૉલમાં પૂ૦ યોગીમહારાજશ્રીની નિશ્રામાં એમનાં આધ્યાત્મિક રહસ્યોપૂર્ણ ચિત્રોનું પ્રદર્શન ખુલ્લું મૂકવાનો પ્રસંગ ચિત્રકળાના ક્ષેત્રે મને અનોખા પ્રકારનો લાગ્યો.

આજકાલ ચિત્રકળા, વ્યવહાર અને ધંધાને લીધે ઘણું પ્રાકૃત તત્ત્વ બની ગઈ છે. તેને જીવનભાવના તેમજ ધર્મસાધનામાં યોજનાર



સાધુ નારાયણપ્રસાદદાસજીનાં આધ્યાત્મિક ચિત્રો પૈકી એક : "દૈવી તત્ત્વ સાથે એકાત્મતા · પરમસુખાનુભવ"

આ કલિકાળમાં જે વિરલ ઉપાસકો છે, તેમાં સાધુ શ્રી નારાયણપ્રસાદદજીએ પોતાની પ્રતિભા યોજીને ધર્મ અને સંપ્રદાયનાં તત્ત્વોને રંગ અને રેખાની ભાષામાં પ્રકાશિત કરવા એક સ્તુત્ય પ્રયાસ કરી બતાવ્યો છે. ચિત્રકળાના સ્થાપિત અભ્યાસ અને તાલીમ વિના પોતાની આગવી રીતે, દોઢસો ઉપરાંત ચિત્રોમાં છાયા પ્રકાશ અને રંગોની વિવિધ લીલામાં મનુષ્યના અંતરનાં રોમાંચકારી દ્વંદ્વો અને ભાવનામય આદર્શોને જે રીતે એમણે ચિત્રસ્વરૂપ આપ્યાં છે, તે ખરેખર અનન્ય છે. બીજા ઘણા ચિત્રકારોએ ધર્મ, પુરાણ, આખ્યાયિકાઓ અને કથાપ્રસંગોનાં આલેખનો કર્યાં છે, પણ તેમાં પ્રતિષ્ઠિત થએલી વસ્તુસંકલના જ નજરે પડે છે, ચિત્રકાર અને દ્રષ્ટા તેમાં તટસ્થતા અનુભવે છે. પણ શ્રી નારાયણપ્રસાદદાસજીએ ગુરુવચનો દ્વારા મળેલા ઉપદેશનું ચિંતન કરતાં મનમાં પ્રકટેલા વિચારો અને ભાવોને ચિત્રોમાં ઉતાર્યાં છે એ તેમનું મહત્ત્વ છે.

સર્વપ્રકારની કલાકૃતિઓ, નિરપવાદપણે, કોઈ એક આદર્શનું પ્રદર્શન અથવા પ્રતિકૃતિ હોય છે. એનો અર્થ એ નથી કે આદર્શ સ્વરૂપ કેવું છે તે જ એ પ્રત્યક્ષ કરાવે છે. પરંપરાગત કલાકૃતિઓમાં અદશ્ય ભાવનાઓનાં જે બીબાં સરજાયાં છે તે કોઈ પણ ખરા પાત્રની અનુકૃતિ નથી, પણ ઘટતું મળતાપણું બતાવીને એ આદર્શની યાદ આપવાનું કામ તેઓ કરે છે, અને એ રીતે ધ્યાન કરવાને પ્રાથમિક સ્વરૂપો તૈયાર કરી આપે છે.

કલાકૃતિઓ આ રીતે સ્મરણ જગાડનાર સાધન અને ધ્યાનમાં સહાયક બને છે. ઉપનિષદનું વાક્ય છે કે यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी । કલાકૃતિનાં સ્વરૂપો ઉત્તમ દષ્ટાંતોની યાદ આપનારાં બનવાં જોઈએ અને તે બહુ મહત્ત્વપૂર્ણ ભાવનાથી ભરેલાં હોવાં જોઇએ. કલા, સંસ્કૃતિની પોષક અને સહાયક બનવી જોઇએ. સંસ્કૃતિનો અર્થ જ आत्मानं संस्कुरुते । ધ્યાનમાં રાખીએ તો કળાનું સાંસ્કૃતિક મૂલ્ય સમજાશે.

કળાનો આદર્શ ચોટદાર ભાવપ્રદાન કરવાનો હોવો જોઇએ. તેથી કલાકાર જેટલે અંશે કૃતિની ભાવનાને સ્પષ્ટ સ્વરૂપ આપી શકે તેટલી તેની સફળતા વિશેષ માનવી ઘટે. એ કસોટીમાંથી સાધુ શ્રી નારાયણપ્રસાદદાસજીની કૃતિઓ સુયોગ્ય રીતે આગળ આવે છે.

પ્રજાને એટલો જ આદેશ બસ છે કે કલાકૃતિમાં પ્રમાણિક અને સ્પષ્ટ આવિર્ભાવ છે કે નહિ તે પ્રથમ જોવું. કલાકૃતિમાંથી સાંસ્કૃતિક લાભ લેવાના બે પ્રકાર છે : ૧) કલાકૃતિ કેવી ભાવનાથી થવા પામી છે? અને તેમાંનું સમગ્ર દષ્ટિબિંદુ શું છે? તે સમજાય તે પછી જ કલાકૃતિ ગ્રહણ કરવી. ૨) જે સ્થિતિમાં કલાકારે તેનું સ્વરૂપનિર્માણ કર્યું છે અને જે સાધનોથી તેને પ્રમાણિત કરી છે તેની પ્રતીતિ આપણા હૃદયમાં અનુભવવી.

કલાકારો પણ બે પ્રકારના હોય છે: ૧) વાસ્તવલક્ષી, એટલે કે ચિત્રમાંની સર્વ લીલા વાસ્તવિક સંસારમાં બનતી હોય તેવી જ બતાવી કૃતાર્થતા માનવી; ૨) વાસ્તવિક સંસારમાંથી વિરક્ત બની અંતર-જગતમાંથી નવાં પ્રતિબિંબો અને અનુભવેલા ભાવો પ્રકટ કરવા. આવા કલાકારો આત્મલક્ષી હોય છે. તેઓ અજ્ઞાત તત્ત્વોને જ્ઞાત કરવા કે જ્ઞાનના પ્રદેશમાં ઉતારવા પ્રયત્ન કરતા હોય છે. આપણા પ્રાચીન તત્ત્વવેત્તાઓ પણ અગમ્ય કે નિરાકાર તથા અચિન્ત્ય અને નિત્યને સ્પર્શવા મથતા રહ્યા છે; તેથી પ્રાચીન કાળથી કળાએ પણ ધર્મ અને તત્ત્વજ્ઞાનનાં રૂપોને ધ્યાન દ્વારા સાકાર કરવાની સાધનાની પરંપરા ઉપજાવી છે.

અજંતા, ઈલુરા, બાદામી વગેરે ગુફાઓમાં આવી પરંપરાનાં ચિત્રો પ્રાપ્ત થયાં છે. આવાં ભાવનામય ચિત્રો ગુફાઓના એકાંતમાં થવાનું કારણ એવું પણ હોય કે બહારના જગતને વિસરી કલાકાર અંતરજગતની લીલા બતાવવા ઇચ્છતા હોય.

સંગીતનો સાચો અનુભવ કરવા જેમ બીજા સ્વરો અને ઘોંઘાટ બંધ કરવા પડે છે, તેમ સાચી કલાકૃતિનો પરામર્શ લેવાને બહારનો પ્રકાશ બંધ કરી ચિત્તની અંદર વ્યાપેલા પ્રકાશમાં એકાગ્ર દષ્ટિ સ્થાપવી પડે છે. અંતરનો પ્રકાશ જોવા બહારનો પ્રકાશ છોડી એકાંત અંધારામાં ધ્યાન કરનારને અંતરનો પ્રકાશ અજવાળું આપે છે ને દષ્ટિથી દિવ્ય સૃષ્ટિમાં પ્રવેશ કરાવે છે; કારણ કે આત્મા સ્વયંપ્રકાશિત હોઈ બહારના પ્રકાશને અધીન નથી.

સાધુ નારાયણપ્રસાદદાસજી એ પ્રકાશની સહાયથી ચિત્રો કરે છે અને સર્વ રીતે ધન્યવાદપાત્ર છે. દુનિયાના વ્યવહારથી મુક્ત એવી તેમની કળા તેમને પરમ તત્ત્વનો સાક્ષાત્કાર આપે અને તેમના દ્વારા સંસારને શ્રેષ્ઠ ચિત્રનિર્માણો પ્રાપ્ત થાય એવી શુભેચ્છા છે.

લંડનમાં ગાંધીજીની પ્રતિમા

લંડનમાં ટૅવિસ્ટૉક સ્કવેર નામક ચોકમાં ગયા (મે) માસની ૧૭મી તારીખે યુનાઇટેડ કિંગ્ડમના વડા પ્રધાન શ્રી હૅરૉલ્ડ વિલ્સને દસ હજાર પાઉન્ડ (૧,૮૦,૦૦૦ રૂા.)ને ખર્ચે તૈયાર થએલા એક સ્મારકમાં ગાંધીજીની આ પ્રતિમાનું અનાવરણ કર્યું.

આ કાંસ્યપ્રતિમાનાં સર્જક શ્રીમતી ફ્રેડા બ્રિલિયન્ટ અભિનેત્રી, સ્વર-કિન્નરી ને લેખિકા પણ છે, પરંતુ તાદશ કાંસ્યપ્રતિમાનાં સર્જક શિલ્પી તરીકે તેઓ સવિશેષ ખ્યાત છે. પોલૅન્ડમાં એમનો જન્મ. ઈ. ૧૯૨૪માં સકુટુંબ ઑસ્ટ્રેલિયા જઈ વસ્યા પછી ત્રણ જ વર્ષમાં એમણે ત્યાં મેલ્બૉર્નમાં અભિનેત્રી અને ગાયિકા તરીકે નામના મેળવી હતી. એ પછી તેઓ શિલ્પકલા તરફ વળ્યાં. લંડનમાં એક વર્ષ ગાળી તેઓ મૉસ્કો ગયાં. ત્યાં ૧૯૩૪થી ૧૯૩૭ના ગાળામાં તેમણે અનેક અગ્રણી સોવિયેટ પુરુષોની પ્રતિમાઓ ઘડી. તે પછી બ્રિટનમાં તેમણે ઓલ્ડ વિક થીએટરમાં કેટલીક મુખ્ય ભૂમિકાઓ ભજવી. પૉલ રોબ્સનની 'પ્રાઉડ વૅલી' ફિલ્મની પટકથા માટે ફિલ્મ દિગ્દર્શક હર્બર્ટ માર્શલ સાથે કામ કરતાં વધેલો એમનો પરિચય લગ્નમાં પરિણમ્યો.

મહાત્મા ગાંધી વિષે એક સત્તાવાર જીવન-ચરિત્રાત્મક દસ્તાવેજી ચિત્રની તૈયારી માટે ઈ. ૧૯૫૧માં તેમના પતિને ભારત આમંત્ર-




વામાં આવ્યા હતા. ત્યારે ફ્રેડા બ્રિલિયન્ટ પણ સાથે આવેલાં. એ વખતે સરદાર વલ્લભભાઈ પટેલ તેમજ વડોદરાના મહારાજાની પ્રતિમા ઉપરાંત ભારતની અનેક અગ્રણી રાજદ્વારી વ્યક્તિઓની પ્રતિમાઓ એમણે કરેલી. ઈ. ૧૯૬૧માં તેમણે રવીન્દ્રનાથ ટાગોરની પ્રતિમા પણ બનાવી. તેમની કૃતિઓ દિલ્હી નૅશનલ ગૅલરીમાં, મૉસ્કોના મ્યૂઝિયમમાં અને બ્રિટન, ઑસ્ટ્રેલિયા, અમેરિકા, પોલૅન્ડ, પાકિસ્તાન અને ઇઝરાએલની કલાવિથિઓમાં સ્થાન પામી છે. મિ. માર્શલ હવે સધર્ન ઇલિનૉઈ યુનિવર્સિટીમાં વ્યાખ્યાતા નીમાયા હોઈ ભારતની મુલાકાત પછી આ વર્ષના અંતમાં એ દંપતી અમેરિકા રહેવા જવાનાં છે.

ત્રણ તરુણીઓના કલાપ્રયાસ

એક રૂપમંડિત માટીપાત્ર-નિર્માણમાં, એક નૃત્યમાં અને એક બાટિક કળામાં—એમ ત્રણ ક્ષેત્રમાં ત્રણ ગુજરાતી તરુણીઓનાં કાર્યની નોંધ લેવાનું પ્રાપ્ત થાય છે.







ધર્મિષ્ઠા ભટ્ટ ↑ તથા તેની પાત્રસૃષ્ટિ→

૧ ધર્મિષ્ઠા ભટ્ટ

શ્રી ધર્મિષ્ઠાબહેન ભટ્ટ (શ્રીમતી મારુતિ ત્રિવેદી), વડોદરા યુનિવર્સિટીની આર્ટ ફૅકલ્ટીમાં અનુક્રમે કલાઇતિહાસના પ્રાધ્યાપક અને ગ્રાફિક રીપ્રોડક્શન ટૅકનીશિયનનું કામ કરતા બે કાકાના સાન્નિધ્યની પ્રેરણાથી એ ફૅકલ્ટીમાં અભ્યાસ (૧૯૫૬ થી '૬૦) કરીને સર્વશ્રી પૂનાભાઈ તથા બરૂઆ પાસે તાલીમ લઈ માટીકામનાં નિષ્ણાત થયાં અને છેલ્લાં આઠ વર્ષથી રૂપમંડિત પાત્રો અને અન્ય માટીકામનો પોતાનો સ્વતંત્ર સ્ટૂડિયો ચલાવે છે. ઈ. ૧૯૬૧ અને '૬૩માં એ કામ માટે એમને ગુજરાત રાજ્ય કલાપ્રદર્શનમાંથી ઇનામ મળેલાં. હાલ તે પોતાના મૂળ વતન અમદાવાદની જાણીતી વિદ્યાસંસ્થા ચી. ન. વિદ્યાવિહારના કલાવિદ્યાલયમાં એ કામના વર્ગો લે છે તથા અમદાવાદ સ્કૂલ ઑાવ આર્કિટેક્ચરમાં પાત્રનિર્માણકલાનાં પ્રાધ્યાપક છે. માટીનાં પાત્રોમાં રૂપવિન્યાસ કરનાર એ (કદાચ) પ્રથમ ગુજરાતી તરુણીની કલાકૃતિઓનું પ્રદર્શન ગયા (મે) માસની ૨૯મીએ મુંબાઇની જહાંગીર આર્ટ ગૅલૅરીમાં યોજાયું હતું. તે પૈકી આ સાથે આપેલા થોડા નમૂના તેની શક્તિની પ્રતીતિ આપી રહેશે.

૨ ઓનિતા શાહ

આ અંકમાં જેમના બાટિકકામનું પૂર્ણરંગી મુખચિત્ર આપ્યું છે તે શ્રીમતી ઓનિતા શાહ, મૂળ મુંબાઈના શેઠ નરોત્તમદાસ ભગવાનદાસએન્જિનીઅરનાંપુત્રી.પિતૃગૃહેએમ. એ.,બી ટી. સુધીના અભ્યાસ દરમ્યાન કલામાં ખાસ રસ પડવાથી ઑડિયો વિશ્ચ્યુઅલનો ખાસ વિષય તરીકે અભ્યાસ કર્યો, અને એ જ કલા-રસના પ્રેર્યા એમણે થોડાં વરસ પર 'કુમાર'ના પરિચિત કલાકાર શ્રી દિનેશ શાહ સાથે લગ્ન કર્યાં. એમને ત્યાં એમણે કલાનો વ્યવસ્થિત અભ્યાસ કર્યો અને મુંબાઇના શ્રી જ્યોતીન્દ્ર રૉયની બાટિકકામની શાળામાં તાલીમ લીધી.

ઈ. ૧૯૬૭માં તેમના બાટિકકામનું એકવ્યક્તિ પ્રદર્શન યોજાએલું. અવારનવાર અન્ય પ્રદર્શનોમાં પણ તે ભાગ લેતાં રહ્યાં છે.

૩ સંધ્યા મજમુદાર



સંધ્યા મજમુદાર

હજી હમણાં જ 'સંગીત વિશારદ' બનેલાં કુ. સંધ્યા વૈકુંઠલાલ મજમુદારે ગયા એપ્રિલમાં અરંગેત્રલ દ્વારા ભરતનાટ્યમ્ નૃત્યશૈલીની પોતાની સિદ્ધિની પ્રથમ જાહેર રજૂઆત કરી એમની કલાસાધનાના એક અન્ય પાસાનું દર્શન કરાવ્યું, ત્યારે જાણીને સુખદ આશ્ચર્ય થયું કે માત્ર સાડા ચૌદ વર્ષની વયમાં એમણે એ બે કળા હસ્તગત કરી છે! શ્રીમતી મૃણાલિની સારાભાઈ સ્થાપિત અમદાવાદની 'દર્પણ અકાદમી ઑાવ ડાન્સ'નાં આ ચૌદમાં સ્નાતકે જે કલાભ્યાસંગ કેળવ્યો છે તેમાં શાસ્ત્રીય તેમજ સુગમ સંગીત અને સિતારવાદન ઉપરાંત ટેબલટેનિસ, મોટર ડ્રાઇવિંગ ને જાસૂસી કથાઓના વાચનનો શૉખ પણ ઉમેરણ કરે છે. પિતા, માતા અને બહેનની પેઠે એમને પણ ડૉક્ટર બનવાની મહત્ત્વાકાંક્ષા છે.

સચિત્ર એ બી સી




પોતાની બાળકીને એ.બી સી અક્ષરમાળા શીખવવા શ્રી મનુભાઈ દેસાઇએ ભૂમિતિની પાયાની ત્રણ આકૃતિઓ—ચોરસ, ગોળ અને ત્રિકોણ – પરથી ચિત્રો ઉપજાવી, બાળરુચિને અનુરૂપ રંગની ભભકવાળી આ ચોપડી તૈયાર કરી છે. ઉત્તમ કલ્પના તથા મુદ્રણ માટે ગત વર્ષનું રાષ્ટ્રીય પારિતોષિક મેળવનાર આ પુસ્તિકા હાથમાં લેતાં જ પાનાં ઉથલાવી જોવાનું મન થાય એવી હોઈ, તેની ભેટ કોઈ પણ બાળક ઉમંગથી સાચવી રાખશે.



ચિત્રમાંથી જ અક્ષરોનું ભાન કરાવતાં ચિત્રબિંબો એક અસરકારક તરકીબ લાગે છે, (ઉદાહરણાર્થે Leg (પગ) શબ્દના પ્રથમાક્ષર Lનો પરિચય આપતું પાનું અહીં આપ્યું છે.) પરંતુ કોઈ પણ અક્ષર કોઈ એક જ વસ્તુ કે રૂપને ઓથે રહે ને અવાજનું સ્વરૂપ ન બને ત્યારે એને એકલો છૂટો પાડવાનું ભાન થતાં બાળકને સમય લાગે છે, એ બાબત લક્ષમાં રાખવી જોઈએ. બાળક પ્રતિની લાગણીથી પ્રેરાઈ આ ચોપડીના સર્જકે રંગઉભરાટ અને સ્વચ્છ છપાઈવાળી પુસ્તિકા આપી છે તેને આવકારીએ; એ સાથે આશા રાખીએ કે દેશનાં તમામ બાળકોના પ્રાથમિક શિક્ષણ માટે માતૃભાષાની લિપિ ગર્ભાવતાં ચિત્રો પણ તેઓ વેળાસર આપી દેશની સંસ્કાર-સેવા કરશે. (ALPHABET BOOK. સર્જક અને આલેખક : મનુ દેસાઈ; પ્રકાશક : તુલશી શાહ એન્ટરપ્રાઇઝિઝ, ૧૧ ઓક લેઈન, ફૉર્ટ, મુંબાઈ-૧. કિં. રૂ. ૨.૦૦.)



ઊડતું ઘુવડ–અમેરિકાની ચાળીસ આદિવાસી કોમની કલાકૃતિઓનું એક દ્વિવાર્ષિક પ્રદર્શન થોડા સમય પર વૉશિંગ્ટનમાં યોજાએલું. પીટર સીગાના નામના એક એસ્કિમો કલાકારના આ કાષ્ઠશિલ્પને તેમાં પ્રથમ ઇનામ મળેલું. તે સાથે પ્રદર્શિત થએલી, ૧૩૮ જેટલા વ્યવસાયી કલાકારો અને વિદ્યાર્થીઓની ૨૫૦ કૃતિઓ પરથી એવો ખયાલ બંધાઈ શકે છે કે ભૂતકાળની પેઠે ધર્મ અને પ્રકૃતિ એ જ માત્ર હવે એમની કળાના પ્રેરણાસ્રોત રહ્યા ન હોવા છતાં એમના વિષયો, તથા શ્વેત બદામી અને કાળા રંગના પ્રાબલ્યથી એમનામાં ટકી રહેલી ભૂતકાલીન અસરોની પ્રતીતિ થયા વિના રહેતી નથી. બાકી, એ આદિવાસી પ્રજાની કળા પણ સાંપ્રત કળાનો પ્રભાવ ઝીલી રહી છે. ઉપરની કૃતિ એનું ઉદાહરણ છે. એનો વિષય રૂઢિગત છે પણ ઓપ આધુનિક કળાનો છે. ઘૂવડનાં પીછાંનો ખયાલ આવે એ રીતે કરેલો લાકડાની ભાતનો સુંદર વિનિયોગ અને રજૂઆતની સાદગી આકર્ષક છે. ('યુસિસ'ના સૌજન્યથી)



પશ્ચિમ જર્મનીની એકમાત્ર ફોટો ગૅલેરી 'ફ્લૅરિસા'માં હમણાં એક વિશિષ્ટ ફોટોપ્રદર્શન યોજાએલું; તેમાં ઉપર આપ્યા પ્રકારે બધી જ કૃતિઓ પ્રકાશ-કિરણોનાં સ્પંદન વડે ઉપજાવેલી હતી. આ દિશાના અગ્રિમ કલાકાર હેનરિશ હિન્ડેન્સબર્ગરની જ એ બધી કૃતિઓ હતી.



પતંગ-નૃત્ય : લાકડા ને કૅનવાસના આ જંગી સર્જન પર હર્બર્ટ ર્ફર્યાજેં સફેદ ને સિંદુરિયા રંગલપેડા મારીને એ વિશાળકાય અમૂર્ત શિલ્પમાં નાજુક પતંગિયાના નૃત્યનું આરોપણ કરવાની હિંમતભરી ચેષ્ટા કરી છે.

'આંતરભારતી'નો કુમાર-કલાદર્શન · વિશેષાંક ૧૯૬૮

શિશુકલામાં ભારતની એકતા પ્રકટાવનાર પૂનાની 'આંતરભારતી' સંસ્થા તરફથી 'કુમાર કલાદર્શન' વિશેષાંક તા. ૨૬ જાન્યુઆરીના ગણતંત્રદિને પ્રકટ થયો તેમાં માનવ કલ્યાણની ભાવનાની ઝલક છે. કલાનો વિકાસ માનવીય મૂલ્ય વધારવામાં જ રહેલું છે.

'આંતરભારતી' સાને ગુરુજીની એક મહાન કલ્પના છે. તેઓ સ્વપ્નદ્રષ્ટા હતા. ગાંધીજીના સત્યાગ્રહમાં ભાગ લેવાના કારણે તેમને જેલવાસ મળ્યો, ત્યાં અનેક સત્યાગ્રહી કેદીઓના સહવાસમાં 'આંતરભારતી'નો જન્મ થયો. એ ભાવના દ્વારા દેશના ભિન્ન જનસમુદાયોને એક સૂત્રે બાંધવાનો મંત્ર તેમણે પ્રકટાવ્યો છે. 'આંતરભારતી'ની રચનાત્મક પ્રવૃત્તિઓમાં 'કુમાર કલા-વિશેષાંક'નો સમાવેશ છે.

આ પ્રકાશનમાં સાને ગુરુજીના કલા વિષેના ઉલ્લેખમાં નીચે મુજબ ફકરો છે: 'જીવનમાં સુંદરતા, મધુરતા, સમતા, આનંદ, ન્યાય વગેરેનો આવિર્ભાવ કરાવવા કલાઓએ હાથ આપવો જોઇએ. પછી તે કોઈ પણ કલા હો. કલાને કેવળ દીવાનખાનામાં રાખવાની નથી. ગંગાનો પ્રવાહ આકાશ પરથી ભૂતળ પર ઊતર્યો તે જ તેનું માહાત્મ્ય છે. એ રીતે જ સાહિત્ય, ચિત્રકળા વગેરેને બહુજનસમાજના જીવનમાં ઊતરતાં કરવાં જોઇએ અને તૂટયા-ફાટયા સંસારમાં આનંદ ઉપજાવવો જોઇએ.'

'કુમાર કલા-અંક'ના તંત્રીએ ભારતભરના ત્રણથી તેર વર્ષના વિદ્યાર્થીઓ માટે ચિત્રસ્પર્ધા સારુ આહ્વાન કર્યું હતું અને તેને સંખ્યાબંધ કૃતિઓથી ઉત્તર મળ્યો હતો. તેમાંથી રંગ, રેખા, લય વગેરે સમગ્ર પરિણામ ધ્યાનમાં રાખી ચૂંટી કાઢેલાં, અનેક પ્રકારનાં સાધનો-

સ્કૅન્ડિનેવિયાનાં કાષ્ઠશિલ્પ

બારમી સદીનાં સ્કૅન્ડિનેવિયન સુશોભનોમાં, વૃક્ષવલ્લી અને અહિસુર (ડ્રૅગન)-ની એકબીજીમાં આંટી લેટી વળાંકદાર આકૃતિઓ વચ્ચે ત્યાંની પુરાણકથાનાં પાત્રો ને દેવદેવતાનાં આલેખનો સવિશેષ જોવા મળે છે. ક્રિસ્ટિયાનિયા મ્યૂઝિયમમાં રાખેલા હાઈલસ્ટૅડ ચર્ચનાં ઈ. સ. ૧૧૫૦નાં બારણાં પરનાં આ સાથેનાં કાષ્ઠશિલ્પોમાં જે પુરાણ-પ્રસંગો કોતરાએલા છે એની કથા એવી છે કે—

ખેડૂત હ્રીથમરને ત્રણ દીકરા હતા—ઑટર, ફાફ્‌ની અને રેગિન. એ લુહાર હતો. એક દિવસ ત્રણે ખેતરમાં ફરતા હતા ત્યારે, એમની પેઠે જ ફરવાં નીકળેલા વૉડન, હોએની અને લૉકી નામના ત્રણ દેવ પૈકી ત્રીજાએ ભૂલથી ઑટરને મારી નાખ્યો. એના બદલામાં એમને સજા થઈ કે ઑટરનું શરીર ઢંકાઈ જાય એટલું સોનું એમણે હ્રીથમરને આપવું. આ દંડ ચૂકવવા લૉકીએ ઍન્ડવારી નામે એક વામનજીને લૂંટીને એની પાસેનું બધું જ સોનું પડાવી લીધું. એમાં એક વીંટી પણ હતી. એ વીંટી જેની પાસે જાય એનો, આઠે ભવ સોના સારુ ઘાત થાય એવો એમાં શાપ હતો. આ સોનું હ્રીથમરને મળ્યું. એ સોનું હાથ કરવા એના બંને દીકરાઓએ બાપને મારી નાખ્યો. અને ફાફ્‌ની એ ધનને નીટા હીથની ટેકરી પર લઈ ગયો. ત્યાં લૂંટના માલ ફરતો નીટા હીથ સર્પરાક્ષસ રૂપે એની ચોકી કરતો રહેતો. રેગિને એ રાક્ષસને મારીને માલ હાથ કરવા પોતાના સાવકા પુત્ર સીગર્ડને ઉશ્કેર્યો. એ માટે સીગર્ડ પોતાની તલવાર ચકાસવા જતાં એના બે કટકા થઈ ગયા એટલે રેગિને સીગર્ડને એક જાદુઈ તલવાર ઘડી આપી. એ લઇને સીગર્ડ રાક્ષસની પાછળ પડચો ને એને મારી નાખ્યો. રેગિને રાક્ષસના શરીરમાંથી એનું હૃદય કાઢી લીધું. પછી સોનું લઈ પાછા ફરતાં માર્ગમાં રેગિન સૂતો હતો ત્યારે સીગર્ડ પેલા રાક્ષસનું હૃદય લઈ એના ટુકડા કરી શેકવા બેઠો, એમાં એની આંગળી દાઝી તે એણે મોંમાં નાખી તો એમાં એને ફાફ્‌નીના લોહીનો સ્વાદ જણાયો! બીજી બાજુ એણે એક પક્ષીને બોલતાં સાંભળ્યું કે સૂતેલો રેગિન એને મારી નાખવાનો પેંતરો રચતો હતો. આ સાંભળી સીગર્ડે રેગિનને મારી નાખ્યો. રાક્ષસ થએલા ફાફ્‌નીનું પેલું હૃદય એ આખું ખાઈ ગયો ને પછી હાથ કરેલું ધન એક ગ્રાની નામના નગ્ન ઘોડા પર લાદીને ઊપડચો. પણ માર્ગમાં સાપ રૂપી ગુન્નારે એને દંશ દઈ મારી નાખ્યો ને પેલું ધન લૂંટી લીધું. ટૂંકમાં હરામનું સોનું કોઇને યે હજમ થયું નહિ.



આ સાથેનાં ચિત્રોમાં ડાબી બાજુની તકતીમાં આ કથાના પ્રસંગો કોતરીને ગૂંથ્યા છે, એમાં નીચેથી ઉપર જતાં પહેલા ચિત્રમાં સીગર્ડને જાદુઈ તલવાર ઘડી આપતો રેગિન, બીજામાં એ સીગર્ડને તલવારની સોંપણી કરતો રેગિન અને ત્રીજામાં નીટા હીથના શરીરમાં તલવાર ભોંકી દેતો સીગર્ડ આલેખ્યો છે. જમણી બાજુની તક્તીમાં નીચેથી ઉપર જતાં નીટા હીથનું હૃદય શેક્તો ને દાઝેલી આંગળી ચૂસતો સીગર્ડ, તેની ઉપર ગ્રાની ઘોડો, રેગિનને મારી નાખતો સીગર્ડ અને છેલ્લે ગુન્નારના દંશથી મરવા પડેલો સીગર્ડ દર્શાવેલ છે.

થી કરેલાં ચિત્રોમાં રસનો વરસાદ કરતી મુગ્ધકર કૃતિઓ પ્રાપ્ત થઈ છે. તે ઉપરાંત, પ્રૌઢ પેઢીના પ્રસિદ્ધ જનોએ પોતાના બાળપણની વાતો લખી છે, જેમાં કોઈ સંગીત કલાધર, કોઈ પ્રસિદ્ધ પુરુષ કે અનુભવી શિક્ષક આ રીતે પોતાનો ફાળો આપે છે. ઉપરાંત કુમાર વયના વિદ્યાર્થીઓના પણ લેખો અને કવિતાઓ છે. ગુજરાત, ઉત્તર ભારત, બંગાળ અને દક્ખણનાં બાળકોના લેખો અને આ માસિકનું અન્ય સાહિત્ય સરળ અસરકારક હિંદીમાં જ અવતારી કરેલું છે તેથી અંક કોઈ પણ પ્રદેશ માટે સુગમ વાચન બન્યો છે.

આચાર્ય રજનીશજીએ યોગ્ય રીતે કહ્યું છે કે 'બાલક કલાકારોને પ્રોત્સાહન આપવાનું અત્યન્ત આવશ્યક છે. બીજના સાંગોપન પર જેઓ ધ્યાન દેતા નથી તેઓ વૃક્ષનું દર્શન કેમ કરી પામશે?' —રવિશંકર રાવળ

પ્રકાશક: યદુનાથ દત્તે મુદ્રણનિકેતન, આનંદવન, વરોરા (જિ. ચાંદા, મહારાષ્ટ્ર)

કલાચિંતન

છેલ્લાં સો વર્ષમાં કલાશૈલીઓનાં જે અનેકાનેક અવનવાં સ્વરૂપો અસ્તિત્વમાં આવ્યાં છે તેના અભ્યાસી ને 'ન્યૂયૉર્ક ટાઈમ્સ'ના કલાવિવેચક જ્હૉન કૅનાડે 'પૉપ' આર્ટ અને પછી 'ઑપ આર્ટ' વખતે હવે સ્પષ્ટતા કરે છે કે:

'જેઓ એમ કહે છે કે કલા તો માત્ર દૃષ્ટિગોચર પ્રકારનો જ અનુભવ આપે છે તે ઘણો પોકળ અભિપ્રાય છે, કારણ કે કલા કેવળ દૃષ્ટિનો જ વિષય રહેતી નથી; એમાં તો બુદ્ધિ, લાગણીઓ અને તત્ત્વચિંતનના અનુભવો શામિલ હોય છે. નેત્રયંત્ર રુકાવટ ન કરે ત્યાં સુધી રંગો, રેખાઓ, આકારો, જેમાં અનેક વિચારો, ભાવનાઓ માન્યતાઓ અને વાસનાઓ કે મનોભાવોને કલાકારે ધાર્યા હોય તેવાં સ્વરૂપોમાં તેમને બધાંને આંખની ઇંદ્રિય વચ્ચે ઊભા રહી આવકાર આપતી જ રહી છે. કળાની અસરો આંખના પટલ આગળ અટકીને કદી ઊભી રહી નથી. તે સીધો પ્રવેશ કરી ચિત્તના પ્રદેશને વટાવી હૃદયના કેન્દ્રમાં જઈ વિલસે છે.'

ઢોર-બજાર

આ અંકના આગલા પૂઠાની અંદરની બાજુએ જેનું રેખાંકન આપ્યું છે તે મૂળ રંગચિત્ર કલાકારે અમદાવાદમાં ભરાતા ઢોર-બજારને લક્ષમાં રાખીને કરેલું. તેમાં પ્રાણીઓનાં—મોટે ભાગે બળદોનાં—અલગઅલગ જૂથો, ભાતીગળ વસ્ત્રો પહેરેલા રબારીઓ તથા અન્ય માનવીઓ, ઘાસના ઢગલા આદિની વિશિષ્ટ રંગલીલા રચાય એ પ્રકારનું સંયોજન છે, જેને વાંસના વાડાથી આવરી લઈ સુબદ્ધ રૂપ આપ્યું છે. ઈ. ૧૯૬૫માં એ મૂળ ચિત્રને મુંબાઈની 'બૉમ્બે આર્ટ સોસાએટી'નું બીજું પારિતોષિક મળેલું.



'આસાહી શિમ્બુન'ના સ્થાપક ર્યોહેયી મુરાયામા

આસાહી શિમ્બુન

દરરોજ દોઢ કરોડ જાપાનીઓમાં વંચાતું

એશિયાનું મહાન અગ્રણી અખબાર

દુનિયાનાં દૈનિકપત્રો [૪]

લેખક · ગુણવંત છો. શાહ

જમણી બાજુ : ઉપરથી નીચે લખાતી જાપાની લિપિમાં એ પત્રનું શીર્ષક; તથા આસા=પ્રભાત+હી=સૂર્ય, એ રીતે 'આસાહી' નામનો નિર્દેશ કરતું તેનું ધ્વજચિહ્ન. જાપાનમાં વર્તમાનપત્રો જ એ ધરાવે છે, ને એ ધ્વજવાળી મોટરને પોલીસ પણ સલામી આપે છે.


વર્ષના ત્રણ દિવસ સિવાય દરરોજ ૮૦ લાખ કરતાં વધુ જાપાનીઓ દ્વારા ખરીદાતા અને દોઢ કરોડ જાપાનીઓ દ્વારા વંચાતા જાપાનના અગ્રણી દૈનિકપત્ર 'આસાહી શિમ્બુને' (ઊગતા સૂર્યના સમાચારપત્રે) ગઈ ૨૫મી જાન્યુઆરીએ પોતાનો ૮૯મો જન્મ દિવસ ઊજવ્યો. ઈ. સ. ૧૮૭૯માં જાપાનના ઓસાકા શહેરમાં એનો જન્મ થયો ત્યારે કરેલા નિવેદનમાં એના ૨૮ વર્ષના નવયુવાન પ્રકાશક ર્યોહેયી મુરાયામાએ લખ્યું હતું : 'બાળકો પણ લાભે એટલા અતિસાધારણ વાચકવર્ગને ઉપયોગી થવાની દૃષ્ટિથી આ દૈનિકનું પ્રકાશન થાય છે. જાપાનની દરેક વ્યક્તિને ઉત્કર્ષશીલ લોકશાહી અને સામાજિક ન્યાયનું શિક્ષણ આપવું એ અમારો મુખ્ય હેતુ છે.'

મહાકાવ્યની કથાને તોલે

આ હેતુને પ્રામાણિકપણે વળગી રહેવા માટે છેલ્લાં ૮૮ વર્ષમાં એણે જે કર્યું છે તે કોઈ મહાકાવ્યની કથા જેવું છે.

'સામાજિક ન્યાય'ના શિક્ષણની દૃષ્ટિએ આરંભમાં જ 'આસાહી'એ જાપાનમાં પાર્લમેન્ટની રચના માટે શરૂ કરેલી ઝુંબેશના પરિણામે એના ઊગમકાળથી જ એ સત્તાવાળાઓની કરડી નજરનો ભોગ બન્યું હતું. છતાં રાજકારણની દૃષ્ટિથી એ કોઈ વાદ કે પક્ષનું કદી તરફદાર નથી બન્યું. વૈચારિક શુદ્ધિ માટે સમતોલ દૃષ્ટિબિંદુ રાખવા છતાં યોગ્ય સમયે સરકારની પણ ઝાટકણી કાઢી નાખવામાં નિર્ભીકતાનું બિરુદ એણે સંપાદન કર્યું છે, ને એ માટે ગમે તે સહન કરતાં એ અચકાયું નથી. ઈ. ૧૯૧૦માં તો એના પ્રતિનિધિઓ અને માલિકોને જમણી પાંખના રાજદ્વારીઓ તરફથી માર પણ પડ્યો હતો !

ઓસાકામાં શરૂ થયા બાદ નવ વર્ષે, ૧૮૮૮ની ૧૦ જુલાઈએ તોકિયોમાંથી પ્રકટેલા 'આસાહી શિમ્બુન'ના પહેલા અંકનું પહેલું પાનું.




નોકરી માટે હોડ

'આસાહી'માં નોકરી મેળવવા માટે તો જાપાનના નવયુવકોમાં હોડ ચાલે છે. પરંતુ જાપાનની યુનિવર્સિટીઓમાંથી દર વર્ષે બહાર પડતા સ્નાતકોમાંથી દર ૮૦ યુવકે ફક્ત એક જ જણ 'આસાહી'માં નોકરી મેળવવા માટે લેવાતી પરીક્ષાને યોગ્ય ઠરે છે. એના ચારે કાર્યાલયોમાં મળી કુલ ૮૭૬૭ કર્મચારીઓ કામ કરે છે, જેમાંથી એકલા તંત્રીવિભાગમાં જ ૩૨૧૨ કર્મચારીઓ છે. બાકીમાં, યંત્રખાતામાં ૨૫૭૧, વ્યવસ્થામાં ૨૧૪૮, પ્રકાશનમાં ૨૦૩ અને અન્ય પ્રકારોમાં ૬૩૩ માણસો ત્યાં કામ કરે છે. દુનિયાભરની ૧૪ સમાચાર-સંસ્થાઓ અને પોતાનાં ૫૦૦ જેટલાં સમાચાર-કાર્યાલયોમાંથી ચોવીસે કલાક ઠલવાતા સમાચારોના ધોધને પહોંચી વળવા કાબેલ તંત્રીઓની વિશાળ ફોજ દિવસ ને રાત, સતત સજાગ રહે છે અને ૮૦ હજાર છોકરાઓની ફોજ જાપાનના ઘેરેઘેર તેને પહોંચાડે છે.

દરરોજ સો-સો પાનાં આપતાં અમેરિકાનાં જંગી દૈનિકોના સંપાદકો કરતાં સહેજ પણ ન ઊતરે એવા સંપાદકો ધરાવતા છતાં 'આસાહી'ની સવારની આવૃત્તિમાં ૧૮ અને સાંજની આવૃત્તિમાં ૧૨ કરતાં વધુ પાનાં જવલ્લે જ હોય છે.

મુદ્રણવ્યવસ્થા

તોકિયો ઉપરાંત ઓસાકા, સેઈબુ અને નાગોયા એમ કુલ ચાર શહેરોમાં આવેલાં એનાં કાર્યાલયોમાંથી ૨૪ કલાકમાં આસાહીની ૧૦૮ મુખ્ય આવૃત્તિઓ ને ૨૬૮ પેટા આવૃત્તિઓ (જેમાં જુદાંજુદાં શહેરો ને જિલ્લાઓ અનુસાર બદલીને તે તે સ્થળના સ્થાનિક સમાચારો અપાતા રહે છે) પ્રકટ થાય છે. આપણી માફક આડી નહિ પણ ઉપરથી નીચે એમ ઊભી વંચાતી જાપાનની લિપિ આજે દુનિયામાં અઘરામાં અઘરી ગણાય છે. ૨૩૦૪ જેટલા અક્ષરો ધરાવતી એ કષ્ટદાયક લિપિમાં આટલી બધી આવૃત્તિઓ પ્રકટ કરવી એ તો ખડતલ ને ખંતીલા જાપાનીઓ જ કરી શકે ! (જુઓ ચિત્રો તથા તેની નીચેનું લખાણ)



તોકિયો ખાતે 'આસાહી શિમ્બુન'ની વડી કચેરીનું ગંજાવર મકાન, જેની અગાશી પર રેડિયો ટ્રાન્સ્મિશનનો મિનાર છે.

વાચનસામગ્રી

આપણે ત્યાં સાધારણ દૈનિકોને જાહેરખબરનો અભાવ સહન કરવો પડે છે, જ્યારે બીજી બાજુ મોટાં દૈનિકો જાહેરખબરના ભારથી ભરેલાં હોય છે. એની સામે 'આસાહી'એ એક આદર્શ ઊભો કર્યો છે. એણે પત્રમાં માત્ર ૩૦ થી ૩૫ ટકા કરતાં વધુ જાહેરખબર ન લેવાનો શિરસ્તો અપનાવ્યો છે. બાકીની બધી જગ્યામાં છેલ્લી ઘડીના ગંભીર ને અગત્યના સમાચારો ઉપરાંત એ સમાચારોની અભ્યાસપૂર્ણ અને સુંદર શૈલીવાળી પૃષ્ઠભૂમિકા સમજાવતા લેખો, દેશના શ્રેષ્ઠ વિદ્વાનોના હાથે લખાએલાં માહિતીસમૃદ્ધ લખાણો, ચાલુ નવલકથા, ગૃહિણી અને ગૃહ માટેનું એક આખું પાનું, કટાક્ષચિત્રો, વાચકોને માર્ગદર્શન આપતી કટારો વગેરે રોજરોજ અપાતાં રહે છે.

ખૂબ જ ચકાસીને અપાતા અને છેલ્લામાં છેલ્લી પરિસ્થિતિથી વાચકોને વાકેફ રાખતા એના સમાચારો જનસામાન્યને તો આકર્ષે જ છે, પણ તે ઉપરાંત રાજકીય નેતાઓ અને વહીવટી તંત્રના વાહકો પણ તે આતુરતાથી વાંચતા હોય છે. આમ છતાં, એ સમાચારો કરતાં યે વધુ લોકપ્રિય તો હોય છે ગૃહિણીઓ અને કારીગરવર્ગોને ખાસ આકર્ષતાં વિવિધ લેખોથી સમૃદ્ધ એનાં પૃષ્ઠો. દરરોજ બીજા પાને આવતો એનો તંત્રીલેખ એટલો તો અભ્યાસપૂર્ણ અને માહિતીપ્રદ હોય છે કે ભલભલા નિષ્ણાતો પણ એમાં ઊણપ શોધી શકતા નથી.

'આસાહી'નું કદાચ સૌથી વધુ લોકપ્રિય અંગ છે એના પહેલા પૃષ્ઠના પહેલા કૉલમમાં દરરોજ આવતી (અને કોઈની પણ શેહમાં તણાયા વગર લખાતી) રોજિંદા જીવનની ઘટમાળની આલોચના કરતી કટાર. અનેક અખબારો વાંચ્યા પછી જે જાણવા મળે એટલું, એકેએક વિષયને આવરી લેતું, થોડુંકથોડુંક લાઘવપૂર્ણ પણ સચોટ લખાણ આ એક જ દૈનિકમાંથી વાચકને મળી રહે છે.

મિલકત

જાપાની યુવાનો 'આસાહી'માં કામ કરવા માટે આતુર હોય છે એનું કારણ છે સંસ્થા દ્વારા એના કર્મચારીઓની સચવાતી સગવડ-સંભાળ. એના સ્થાપક ર્યોહેયી મુરાયામાને પહેલેથી જ મૂડીદારો અને રાજકીય વર્તુલોના દબાણનો ખયાલ હતો, એટલે તેણે દૈનિકને રજિસ્ટર કરાવતી વખતે જ એનો એક નિયમ રજૂ કર્યો હતો કે ભવિષ્યમાં 'આસાહી' જોડે સીધી રીતે સંબંધિત ન હોય એવી કોઈ બહારની વ્યક્તિ 'આસાહી'ના શેર ખરીદી ન શકે. પરિણામે આજે 'આસાહી'ના શેર હોલ્ડરો છે ફક્ત એના બે સ્થાપકોના વંશજો (૬૦ ટકા) તથા એના કર્મચારીઓ (૪૦ ટકા). 'આસાહી'ની શાખાઓનાં મકાનો પણ જાણે એક નાના નગર જેવાં છે. એમાં કર્મચારીઓ માટે આરામખંડો તથા કાપડ, શાકભાજી ને બીજી વસ્તુઓ ઉપરાંત વાળંદની સસ્તા ભાવની દુકાનો પણ છે, જેના નિભાવમાં આવતી ખોટ સંસ્થા ખમી લે છે.

'આસાહી'ની સઘળી માલમિલકત એની પોતાની માલિકીની જ છે. નથી કશું ભાડે કે નથી ગીરો મૂકેલું કે બૅંક પાસેથી ધીરાણ લીધેલું. આપણે ત્યાં દૈનિકોની મુખ્ય આવક સાધારણ રીતે જાહેરખબરોમાંથી હોય છે, ત્યારે 'આસાહી'ની આવકનું મુખ્ય સાધન એનું રોજિંદું વેચાણ છે. એમાં સવારની બધી આવૃત્તિઓમાં એક પૃષ્ઠની જાહેરખબરનો ભાવ છે લગભગ પોણાત્રણ લાખ રૂપિયા! તેની કુલ વાર્ષિક કમાણી લગભગ ૧ અબજ રૂપિયા છે!

તોકિયોમાંની 'આસાહી'ની કચેરી તો જાણે અખબારો અને પત્રકારોના સંગ્રહાલય જેવી છે. એની વિશાળ ઈમારતમાં 'આસાહી' તરફથી જ બીજાં લગભગ ત્રીસ જેટલાં સાપ્તાહિકો, માસિકો, ત્રૈમાસિકો અને વાર્ષિકો પ્રગટ થાય છે. એ સર્વની કચેરીઓ ઉપરાંત દુનિયાભરની સમાચારસંસ્થાઓની મુખ્ય શાખા–કચેરીઓ પણ ત્યાં જ આવેલી છે. આ ઉપરાંત ખાસ સમાચારો મેળવવા તથા પોતાની નકલો દૂરદૂર સુધી સમયસર પહોંચાડવા માટે 'આસાહી'ની પોતાની માલિકીનાં ૨૦ જેટલાં હેલિકૉપ્ટરો તથા વિમાનો પણ ત્યાં છે.

મુક્ત મતદર્શન

સામાજિક અન્યાયો અને સરકારની ભૂલો સામે 'આસાહી' એના જન્મકાળથી જ અવાજ ઉઠાવતું રહ્યું છે. જાપાનના શાસકો



દિવસની બે આવૃત્તિઓમાં રોજ બે વખત દોઢ કરોડ વાચકોને જેમનો અવાજ પહોંચે છે તે 'આસાહી શિમ્બુન'ના તંત્રીમંડળની બેઠક આમ રોજ બપોર પછી નિયમિત મળે છે, જેમાં અગ્રલેખ-લેખકથી માંડી બધા મુખ્ય વિભાગીય વડા હાજરી આપે છે. ત્યાં હરીફ પત્રો સાથેની પોતાનાં બધાં અંગોની સરખામણી તથા છણાવટ ઉપરાંત અગ્રલેખનો વિષય, ચાલુ બનાવોની ચર્ચા વગેરેમાં પરસ્પરના વિચારોની નિખાલસ અને કડક આલોચના બાદ બધાં લખાણો માટે સર્વસંમત, મક્કમ નિર્ણય લેવામાં આવે છે.

જ્યારે સમસ્ત પૂર્વ એશિયાના વિજયનું સ્વપ્ન લઈને લશ્કરી જમાવટ કરવામાં મચ્યા હતા ત્યારે 'આસાહી' એની સતત ને સખત ટીકા કરતું રહીને નિઃશસ્ત્રીકરણની હિમાયત કરતું હતું. ઈ. ૧૯૦૫માં 'પોર્ટ-સ્મથ કરારો'ની વિરુદ્ધમાં તોકિયોમાં થએલા સરકાર સામેના વિ-શાળ દેખાવો વખતે સરકારે ચલાવેલા અમાનુષિક દમનમાં તોકિયોની સડકો લોહીથી રંગાઈ ગઈ ત્યારે 'આસાહી'એ નિર્ભયતાપૂર્વક એ સર-કારી ક્રૂરતાની એટલા સખત શબ્દોમાં ઝાટકણી કાઢેલી કે સરકારે ૧૫ દિવસ માટે એનું પ્રકાશન બંધ કરાવ્યું હતું!

ઈ. ૧૯૧૩માં કાત્સુઓ પ્રધાનમંડળે જાપાનના બંધારણની અવ-ગણના કરીને મનસ્વી વર્તન કરવા માંડેલું ત્યારે પણ 'આસાહી'એ એવી પ્રભાવી ભાષામાં બંધારણની પવિત્રતા જાળવવાનો આગ્રહ કરેલો કે સરકારને પીછેહઠ કરવી પડેલી. ૧૯૦૮માં સાઇબીરિયામાં લશ્કર મોકલ-વાની વાત જ્યારે ઊભી થઈ ને અખબારોનાં મોં બંધ કરવા સરકારે કોશિશ કરી ત્યારે પણ 'આસાહી' સરકાર સામે ઝનૂનપૂર્વક ઝઝૂમ્યું હતું.

વ્યાપક મતાધિકાર અને નિઃશસ્ત્રીકરણ માટે 'આસાહી'એ છેક ઈ. ૧૯૨૦માં આંદોલન શરૂ કર્યું. પાંચ વર્ષની ઝુંબેશ બાદ એણે દર્શાવેલા બધા સિદ્ધાંતો સ્વીકારાવવા એ સફળ થયું, પરંતુ નિઃશસ્ત્રીકરણની બાબતમાં એ સફળ ન થઈ શક્યું. ત્યારની સરકારે એનો પણ જો અમલ કર્યો હોત તો બીજા વિશ્વયુદ્ધમાં જાપાન કૂદી પડ્યું ન હોત અને કદાચ અણુબૉમ્બનો ભોગ પણ ન બન્યું હોત.

સાંસ્કૃતિક ક્ષેત્રે

આ સિવાય 'આસાહી'એ જાપાનના તેમજ જગતના બિનરાજ-કીય—જ્ઞાનસંસ્કારના ક્ષેત્રે સેવાનું જે સિંચન કરેલું છે તે તો વિશ્વના અખબારી જગતમાં અદ્વિતીય છે.

ઈ. ૧૯૧૧–'૧૨ના ડિસેમ્બર–જાન્યુઆરીમાં જગત-ઇતિહાસમાં જાણીતી ઍન્ટાર્કટિકા પ્રદેશની શોધસાહસ સફરમાં જાપાનીઓને પ્રોત્સાહન આપવા માટેની આર્થિક મદદમાં 'આસાહી'નો ફાળો ઘણો મોટો હતો. એ સફરે નૉર્વેના રાઓલ્ડ આમુન્ડસેનને અમરત્વ બક્ષેલું અને બ્રિટનના સાહસવીર કૅપ્ટન આર. એફ. સ્કૉટનો ભોગ લીધેલો. એ પહેલાં ૧૯૧૦ના નવેમ્બરમાં એકલપંડે ઍન્ટાર્કટિકાના પ્રવાસે ગએલા જાપાનના નિવૃત્ત લશ્કરી અધિકારી લેફ્૦ નોબુશિરાસે માટે પણ એણે ધન એકઠું કરી આપ્યું હતું.


૧૯૫૭માં આંતરરાષ્ટ્રીય ભૂભૌતિક વર્ષની સંશોધનયાત્રા માટેના ફાળામાં પણ 'આસાહી'એ નેતાગીરી લીધેલી, ને નાગરિકોમાંથી મેળ-વેલા ૫૦,૦૦૦ ડૉલરમાં પોતાનો ૨,૭૮,૦૦૦ ડૉલરનો ફાળો આ-પેલો. આ ઉપરાંત એ પ્રવાસમાં પોતાના ખાસ સમાચારપ્રતિનિધિને (એક રેડિયો ઑપરેટર અને પોતાના હવાઈખાતાના આઠ સભ્યો સાથે આસાહીના જ એક વિમાન તથા એક હેલિકૉપ્ટરમાં) મોકલેલો.

હવાઈ જહાજના ક્ષેત્રે પણ 'આસાહી' સદા મોખરે રહેતું આવ્યું છે. છેક ઈ. ૧૯૨૩માં એણે તોકિયો અને ઓસાકા વચ્ચેના પોતાના વહેવાર માટે સર્વપ્રથમ ખાનગી વિમાનીસેવા શરૂ કરેલી, જેની સાથે વિમાની ટપાલો લઈ જવાનો સરકારી પરવાનો પણ એને મળેલો. આજે તોકિયો–ઓસાકા વચ્ચે એનાં નવ વિમાનો નિયમિતપણે ઊડે છે. જોકે વિમાની સેવાના ધંધાકીય ક્ષેત્રેથી આજે તે નીકળી ગયું છે, છતાં એની પાસે પોતાની માલિકીનો ખાસ્સો મોટો વિમાની કાફલો છે, જેમાં ત્રણ એન્જિનવાળાં બે, એક એન્જિનવાળાં આઠ અને ત્રણ હેલિ-કૉપ્ટર છે. આ બધાં ઝડપી સમાચારો તથા તસવીરો મેળવવા ઉપરાંત દૂરદૂરના પ્રદેશોમાં અખબારો પણ પહોંચતાં કરે છે.

કલાક્ષેત્રે કામગીરી

કલાના ક્ષેત્રે 'આસાહી'નું પ્રદાન પણ એટલું જ મોટું છે. પશ્ચિમ-ના ઉત્તમોત્તમ સંગીતકારોને આમંત્રીને જાપાનીઓની સંગીત પ્રત્યેની અભિરુચિ તેણે કેળવી છે. વિશ્વયુદ્ધ પહેલાં એ રીતે 'આસાહી'એ આમંત્રેલાં કલાકારોમાં વાયોલિન વાદક ક્રિસ્ટ્ઝ, સોપ્રાનો આમેલિટા અને બાલેરિના આન્ના પાવલોવા જેવાં અગ્રણીઓને ગણાવી શકાય. અને વિશ્વયુદ્ધ પછી તો વાયોલિનવાદક યહૂદી મેનુહીનથી માંડીને સર્વ જાણીતા કલાકારોને તેણે નિમંત્ર્યા છે.

ચિત્રકલા ક્ષેત્રે 'આસાહી'એ આપેલું પ્રદાન પણ મોટું છે. ૧૯૪૭-માં કલાક્ષેત્રે થએલા યુદ્ધોત્તર પ્રયાસોમાં સર્વ પ્રથમ પ્રયાસ એણે





અદ્‌ભુત મુદ્રણ-વ્યવસ્થા

લગભગ ૬ થી ૭ હજાર મૂળાક્ષરો ધરાવતી જાપાની લિપિમાં એક દૈનિકપત્રનાં ૧૨ થી ૧૬ પાનાં બીબાં વડે ગોઠવીને જાપાનનાં પાંચ શહેરોમાં સવારના પહોરમાં એકીસાથે બહાર પાડવાં એ એક અકલ્પ્ય કોયડો છે. પણ 'આસાહી શિમ્બુન'ના દીર્ઘદ્રષ્ટા માલિકો મૂળથી જ ભાવિ માટે સદા જાગૃત રહેતા આવ્યા છે. લિપિસંશોધન, મુદ્રણયંત્રો અને વીજળિક સંદેશવ્યવહારની દિશામાં આજ વર્ષોથી લગભગ ૧૦૦ માણસોનો કાફલો તેમના ખાસ સંશોધનવિભાગમાં દિવસરાત સંશોધન કરતો રહીને નવાં સર્જન અને નવી ક્ષિતિજો પ્રકટાવતો જ રહે છે. તેમણે લિપિના અક્ષરોની સંખ્યા ઘટાડીને ત્રીજા ભાગ ઉપર (૨૩૦૪) લાવી દીધી; અને માત્ર ૬૦ જ અક્ષરો ધરાવતી અંગ્રેજી લિપિની ઝડપે તેને એક સ્થળેથી બીજે સ્થળે મોકલવાની હિકમત શોધી કાઢી, એટલું જ નહિ પણ હોકાઈડો જેવા તેના દૂર ઉત્તરના અરધા ઉજ્જડ ને ડુંગરાળ ટાપુ ઉપર જ્યાં આ બધી અટપટી યંત્ર સામગ્રી ચલાવવી પરવડે નહિ ત્યાં રેડિયો ફોટોગ્રાફીની મદદથી સમગ્ર પત્રનાં અઢારે અઢાર પાનાં આખાં ને આખાં માત્ર સવા જ કલાકમાં પહોંચાડીને કલાકની એક લાખ નકલને હિસાબે છાપવાની વ્યવસ્થા આજે કરી છે!

ઉપરનાં ચિત્રોમાં જમણી બાજુ: ટાઈપરાઈટર જેવા કી બૉર્ડ ઉપર લખાણ ટાઈપ કરવામાં આવે, તે એક સાંકડી પટ્ટી ઉપર બારીક કાણાંની સંકેતાકૃતિઓમાં છેદાઈ જાય છે. એ જ ટેઈપને પછી બીજા યંત્ર પર ચડાવીને (ડાબી બાજુનું ચિત્ર) તે યંત્ર દ્વારા ટેલિગ્રાફિક પદ્ધતિથી અથવા તો રેડિયો ટ્રાન્સ્મિશનથી બીજા શહેરમાં ત્રણ પ્રકારનાં યંત્રોને ચલાવી શકાય: ૧) બીબાં ગોઠવનારું યંત્ર; અથવા ૨) એવી જ બીજી ટેઈપ છેદવાનું યંત્ર, યા ૩) રેડિયો ફોટોગ્રાફીથી આખાં ને આખાં પાનાંની પ્રતિકૃતિ ઉતારનારું યંત્ર (જુઓ પછીના પાના પરનું ચિત્ર).

શરૂ કરેલો. જગતમાં ખાનગી વ્યક્તિઓ અને સંસ્થાઓની માલિકીના ફ્રેન્ચ, ડચ અને ઈટાલિયન કલાના સંગ્રહોમાંથી ૧૨૦૦ સર્વોત્તમ ચિત્રો ચૂંટીને 'ધ બેસ્ટ આર્ટ વર્ક્સ ઑવ ધ વેસ્ટ' નામનું પ્રદર્શન યોજેલું જેનો લગભગ દોઢ લાખ દર્શકોએ લાભ લીધેલો. એ પછી ઉત્તરોત્તર તેણે અનેક કલાપ્રદર્શનો યોજ્યાં છે. વળી, ૧૯૬૩માં અશ્વન ડૅમના બાંધકામમાં ડૂબતી અબુ સિમ્બિલની જંગી પ્રતિમાઓના રક્ષણ માટે જરૂરી નાણાં એકત્ર કરવાની ઝુંબેશ વેળા એણે ઈજિપ્તની કલાઓનું ખાસ પ્રદર્શન યોજેલું.


આ સાથે જાપાનની કલાનો વિદેશોમાં પરિચય કરાવવાની દૃષ્ટિથી સાંપ્રત જાપાની ચિત્રકળા, ચારુલેખન કળા આદિનાં પ્રદર્શનો વિદેશોમાં પણ તે યોજે છે. ફોટોગ્રાફીના ક્ષેત્રે પણ 'આસાહી'નું અર્પણ અનોખું છે. એના દ્વારા સંચાલિત 'અખિલ જાપાન ફોટોગ્રાફિક સંઘ' વાર્ષિક આંતરરાષ્ટ્રીય ફોટો-પ્રદર્શન યોજે છે, જેમાં દર વર્ષે ૩૦ થી ૪૦ દેશોની લગભગ ૧,૫૦૦ કલાકૃતિઓ હોય છે.

રમતગમતના ક્ષેત્રે

રમતગમતના ક્ષેત્રે 'આસાહી'એ આપેલા પ્રોત્સાહનના કારણે આજે જાપાન જગતમાં માગ મુકાવતું થયું છે. એના શ્રીગણેશ તરીકે એણે છેક ઈ. ૧૯૧૫માં ૭૧ શાળાઓના સહકારથી સ્થાપેલી 'નૅશનલ સીનિયર હાઈસ્કૂલ બેઈઝબૉલ ચૅમ્પીઅનશિપ'માં આજે ૨૦૦૦ શાળાઓ ભાગ લે છે. આ ઉપરાંત દર વર્ષે તે પરદેશના ઉત્તમ અને આશાસ્પદ ખેલાડીઓને જાપાનના પ્રવાસે આમંત્રે છે, જેમાં અમેરિકાના કુસ્તીબાજો અને સ્કેટિંગના ખેલાડીઓ, સ્વીડનની ફૂટબૉલ ટુકડીઓ, ઑક્સફર્ડ-કેમ્બ્રિજની રગ્બી ટીમો, ઑસ્ટ્રેલિયા, આર્જેન્ટીના, ફિનલૅન્ડ અને કોરિયાના મૅરથન દોડવીરો અને ઑસ્ટ્રેલિયાના ટેનિસના ખેલાડીઓ ગણાવી શકાય.

એવરેસ્ટ શિખર આરોહણમાં પણ 'આસાહી'નો ફાળો ઓછો ઊતરે એવો નથી. વર્ષો સુધી તેણે એ માટેનાં સાહસોમાં આર્થિક સહાય કરેલી. ૧૯૫૩ની ૨૯ મેના રોજ તેનસિંગ જોડે સર એડમન્ડ





ઉપર : તોકિયોના વડા મથકેથી પત્રનું આખું ને આખું પાનું રેડિયો ફોટોગ્રાફીથી ઈલેક્ટ્રૉનિક્સથી છેક હોકાઈડો ટાપુના પાટનગર સપ્પોરો ખાતે માત્ર ચાર જ મિનિટમાં મોકલતું યંત્ર, – જેમાં સ્વચ્છરીતે છાપેલું પાનું વીંટાળેલું ડ્રમ જેમ ફરતું જાય તેમ સાથેની ફોટો ઇલેક્ટ્રિક-સેલમાં, એક ઈંચે ૩૦૦ લીટી ઝડપાય છે. પછી સેલ એ છાપને વીજળિક સંકેતોના રૂપમાં પલટી નાખીને માઇક્રોવેઈવ સર્કિટ દ્વારા સામેના શહેરના યંત્રને પહોંચાડે છે, જ્યાં એ જ ક્રિયા ઊલટા ક્રમમાં થઇને એ પાનું તેના મૂળ કદમાં ફોટો નેગેટિવ રૂપે ઊતરે છે. એ નેગેટિવ પરથી ઑફસેટ પદ્ધતિના મુદ્રણની પ્લેટ બનીને તેનાં એકીસાથે ચાર પાનાં, એક કલાકની એક લાખ નકલને હિસાબે, જંગી યંત્રો પર (ઉપર જમણી બાજુ) છપાય છે. 'આસાહી શિમ્બુન' આવાં ૧૦૦થી વધુ યંત્રો ધરાવે છે!

હિલેરીએ એવરેસ્ટ ઉપર જે વિજય મેળવ્યો એ સફર માટેની આર્થિક સહાયમાં 'આસાહી'એ સારી એવી રકમ આપેલી.

સામાજિક કલ્યાણ

સેવાક્ષેત્રમાં આપેલા 'આસાહી'ના અર્પણ આગળ તો જગતનું કોઈ પણ અખબાર વામણું લાગે. ૧૯૨૩માં તોકિયો–યોકોહામાના ભયંકર ધરતીકંપના ભોગ બનેલાઓની રાહત માટે 'આસાહી'એ કરેલા પ્રયત્નથી આરંભીને કૅન્સરની નાબૂદી માટેનાં આધુનિક સંશોધનો સુધીનાં રાહતદાનોમાં 'આસાહી'નો ફાળો હમેશાં અદ્વિતીય રહ્યો છે. બીજા વિશ્વયુદ્ધ પછી જાપાનમાં જાગેલી ચોખાની તંગી વખતે 'આસાહી'એ વધુ ચોખા ઉગાડવાની સ્પર્ધા યોજેલી, જેના પરિણામે ચોખાનું ઉત્પાદન મબલખ થઈ ગયા બાદ એ સ્પર્ધા એણે હવે અન્ય ખાસ પાકોના ઉત્તેજન માટે દર વર્ષે ચાલુ રાખી છે.

બાળસ્વાસ્થ્યની દૃષ્ટિએ તે ૧૯૩૦ની સાલથી દર વર્ષે દેશનાં તંદુરસ્ત બાળકોની સ્પર્ધા યોજે છે. ૧૯૬૨માં એવાં બે વિજેતા બાળકોને એણે 'બાળ રાજદૂત' તરીકે અમેરિકા મોકલ્યાં હતાં.

આ તમામ ઉપરાંત ઈ. ૧૯૨૯થી નોબેલ અને પુલિત્ઝર પારિતોષિકની કક્ષાએ દર વર્ષે સમાજકલ્યાણ, વિજ્ઞાન, રમતગમત અને સાંસ્કૃતિક ક્ષેત્રનાં પારિતોષિકો પણ 'આસાહી' એનાયત કરે છે.

આ યાદી તો હજી પણ લાંબી થઈ શકે; પરંતુ એક અખબાર દેશના સાંસ્કૃતિક તથા કલ્યાણકારી વિકાસ માટે કેટલું કરી શકે છે એ આપણા જેવા અર્ધવિકસિત રાષ્ટ્રને દર્શાવવા માટે આટલું પૂરતું છે.

સામયિક પત્રકારત્વ


અને દેશના આવા ભૌતિક વિકાસની ખેવના રાખવા સાથે આત્મવિકાસને પણ તેણે અવગણ્યો નથી, તે એના દ્વારા પ્રગટ થતાં સામયિકોની લાંબી યાદી ઉપરથી જોઈ શકાય છે.

૧૯૫૪માં તેણે 'આસાહી ઈવનિંગ ન્યુસ' નામનું સાંજનું અંગ્રેજી દૈનિક શરૂ કર્યું છે, જે તોકિયો, ઓસાકા, નાગોયા ને સેઈબુથી એકસાથે પ્રગટ થાય છે. આ દૈનિક પર અંકુશ 'આસાહી'નો હોવા છતાં એ સમાચાર, નીતિ, વ્યવસ્થા વગેરે બધી દૃષ્ટિએ તદ્દન સ્વતંત્ર છે.

આ ઉપરાંત અન્ય સામયિકોમાં એનું 'શુકાન આસાહી' (આસાહી સપ્તાહ) સાપ્તાહિક તો આજનાં બહુખ્યાત 'ટાઈમ' અને 'ન્યુઝ વીક' કરતાં યે વહેલું ૧૯૨૨માં પ્રકટેલું. દસ લાખ નકલનો ફેલાવો ધરાવતું એ સામયિક સમાચારોની સમીક્ષા સાથે ચાલુ નવલકથાઓ જેવા લોકપ્રિય વિભાગો પણ આપે છે. વળી, દેશના બૌદ્ધિક સ્તરને સ્પર્શે એવું એનું 'આસાહી જર્નલ' ઉચ્ચ કક્ષાનું વિદ્વદ્ભોગ્ય સાપ્તાહિક હોવા છતાં એનો ફેલાવો ત્રણ લાખનો છે! એમાં જાપાનના ટોચના વિચારકો, લેખકો અને વિવેચકો નિયમિત લખે છે.

૧૯૨૩માં શરૂ થએલું 'આસાહીગ્રાફ' નામનું સાપ્તાહિક જાપાનનું જૂનામાં જૂનું ચિત્ર-સામયિક છે. એ જ રીતે માસિકોમાં 'કાગાકુ (વિજ્ઞાન) આસાહી', 'આસાહી કૅમેરા', 'બુન્ગેઈ (સાહિત્ય) આસાહી' આદિ પોતપોતાનાં ક્ષેત્રોનાં મોખરાનાં માસિકોમાં સ્થાન પામે છે. ઉપરાંત કલા અંગેનું માસિક, એક અંગ્રેજી ત્રૈમાસિક 'જાપાન ક્વાર્ટર્લી' તથા ૪ વાર્ષિકો, ગ્રંથાલયો માટેની માઇક્રો ફિલ્મો અને દર વર્ષે પ્રકટ કરાતાં ૨૦૦ જેટલાં પુસ્તકો વગેરેની સંખ્યા પણ મોટી છે.

આમ, આપવિકાસ સાથે રાષ્ટ્ર અને સમાજનો પણ વિકાસ સિદ્ધ કરી રહેલા એશિયાના આ મહાન અને વિશાળ દૈનિકે બીજા વિશ્વયુદ્ધ પછી પોતાની નીતિની જે જાહેરાત કરેલી તે એશિયાના અન્ય દેશોની અખબારી આલમ માટે પણ ધ્રુવતારક બની રહે તેવી છે: 'લોકશાહીના નિર્માણ અને વિશ્વશાંતિની સ્થાપના માટે આસાહી સંપૂર્ણ સહાય કરશે. વળી વાણીસ્વાતંત્ર્યને એ અત્યંત મહત્ત્વ આપશે. સાધારણ પ્રજાજનના સર્વાંગીણ કલ્યાણને 'આસાહી' પોતાનું પરમ લક્ષ્ય માનશે અને દુરાચાર, અન્યાય તથા હિંસાત્મક પ્રવૃત્તિઓનો તે સંપૂર્ણ નિર્ભયતાપૂર્વક વિરોધ કરશે. પોતાને મળેલા સઘળા સમાચારોને તે યથાતથ સત્ય સ્વરૂપે અને કશા પણ વિલંબ વગર પ્રગટ કરશે અને એના વિષે નિષ્પાપ ટીકાટિપ્પણ કરશે.'




પચ્ચીસ વર્ષ પહેલાં

આ મહિને કરીએ એક કાવ્યના રસદર્શન ઉપરાંત લંગોટીભર રહીને સાધના કરનાર એક સંગીતકારનો પરિચય, વસંત જોશીની કલમે:

'શિષ્ટ વર્ગમાં સંગીતકળાની પ્રતિષ્ઠા સ્થાપનારા પુરુષાર્થી પૈકીના એક, ભારતના ગાયનાચાર્ય રામકૃષ્ણબુવા વઝેનું નામ ગુજરાતમાં એટલું જાણીતું નથી, જેટલું મહારાષ્ટ્ર અને ઉત્તર ભારતમાં છે. અન્નને અભાવે અધભૂખી અવસ્થામાં અને કપડાંને અભાવે લંગોટીભર, કપરી ગરીબી અને નિરાશા સામે લડવામાં જુવાની વીતાવી દઈને સંગીતની સાધના કરી એ ભારતના ગાયનાચાર્ય થયા. એમનાં પૂરાં સંસ્મરણો સાંભળતાં તો, સંગીત શીખવા પાછળ એમણે જે વેઠ્યું છે તે જાણી મસ્તક નમી પડે. સ્વામી વિવેકાનંદનો પરિચય એ પામેલા, ગોખલેએ એમને સમકાલીન ગાયકોનો ઇતિહાસ લખવા માટે આગ્રહ કરેલો, વિખ્યાત વૈજ્ઞાનિક સર સી. વી. રામને એમને એ સંઘર્ષસભર આત્મકથાનક લખવા કહેલું.

મહારાષ્ટ્રના સાવંતવાડી સંસ્થાનના ઓઝરે નામે ગામડામાં જન્મ્યા પછી દસ જ માસમાં પિતા ગુમાવ્યા. ગરીબ માતા ચાર વર્ષના પુત્રને લઈ કાગલ ગામે એક ગૃહસ્થને ત્યાં ત્રણ રૂપિયાના પગારે વૈતરું કરવા રહી.



નિશાળે જવા માંડેલો રામકૃષ્ણ ભણવાને બદલે સંગીતની તાનો મારતો ફર્યા કરે. કંટાળેલા શિક્ષકની સલાહથી માએ કરેલી વીનવણીથી દરબારી ગવૈયા એને સંગીત શીખવવા તૈયાર થયા. બારમે વર્ષે લગ્ન થતાં નાસીને પગપાળા મુંબઈ ગયા. ત્યાં માલૂમ પડયું કે ખરી કળા તો ગ્વાલિયરમાં જ શીખવા મળે. ઊપડીને પહેલાં ગયા ઇંદોર, ત્યાંથી બનારસ અને સાધના કરતાકરતા છેવટ પહોંચ્યા ગ્વાલિયર, ત્યાંના શ્રેષ્ઠ ગાયક નિસારહુસેનખાં પાસે. એમના જ શબ્દોમાં થોડું વર્ણન સાંભળીએ:

"શ્રાવણ મહિનાના એક સોમવારે હું એમને મળ્યો. જોઇને દિંગ જ થઈ ગયો! નામ મુસલમાની, ધર્મ પણ એ જ, પણ વેશ હિંદુ જેવો! ધોતિયું પહેર્યું હતું, આખા શરીરે ભસ્મ લગાડી હતી, અને ગળામાં જનોઈ હતી! ખાંસાહેબ એકાદશી, શિવરાત્ર અને શ્રાવણી સોમવારે ઉપવાસ કરતા. મેં ટૂંકમાં મારી કફોડી સ્થિતિનું વર્ણન કર્યું. ખાંસાહેબ બહુ જ દયાળુ હતા. એમણે શીખવવા તો માંડયું પણ ખાવું કયાં? માધુકરી માગવી શરૂ કરી. પણ પેટ ભરાય એટલી માધુકરી તો કોઈ દિવસ મળતી જ નહિ. એમ જ અધભૂખી અવસ્થામાં એ પાંચ-છ વરસ કાઢયાં. શરીર ઢાંકવા પૂરતાં કપડાં યે મારી પાસે ન હતાં; લંગોટી પહેરીને જ ફરતો. એ બધાં વરસમાં એક દિવસે ય પૂરું ઊંઘ્યો હોઉં એવું યાદ નથી. દહાડે તો ચેન જ ન પડે. કોઈ પણ ચીજ સાંભળું કે તરત જ લખી નાખું. ગામમાં નવો ગવૈયો આવે કે તાનપૂરો પકડવા જાઉં. એમ મારા દિવસ જતા.' ગામના લોકો કહેતા: 'આ છોકરો ચોક્કસ ગાંડો થશે એક દિવસ! લંગોટી પહેરી આખો દિવસ ફર્યા કરે છે અને ગાયન ગાયા કરે છે.' એક દિવસે એક મોટા માણસે કહ્યું: ગાયન તો તને કોઈ દિવસ આવડવાનું નથી. તું રૂપાળો છે; નાટકમાં જાય તો સારું. મેં એમને કહ્યું: અહીં તમે આજે પચાસેક વિદ્યાર્થીઓ જુઓ છો, પણ યાદ રાખજો કે હું જ સૌથી સરસ ગાઈશ, એક દિવસ."

ગ્વાલિયરમાં મહામહેનતે વિદ્યા પ્રાપ્ત કરી આગ્રા, જયપુર, ઉદેપુર, રેવા વગેરે ઠેકાણે સારા ગવૈયાઓ પાસે રહીને શીખાય તેટલું શીખી લીધું. આજે છે એવા સંગીતવર્ગો તે વખતે ન હતા. ચોવીસે કલાક ગુરુની સાથે જ રહેવું પડે, એની સેવા કરવી પડે અને ગુરુને શીખવવાનું મન થાય ત્યારે જ એ શીખવે! તેમ છતાં પણ એક બ્રાહ્મણ યુવાન મુસલમાન ગુરુઓ પાસે રહી સંગીતવિદ્યા કમાયો.

પણ વિદ્યા મળતાંની સાથે જ કાંઈ નિર્વાહનો સવાલ ઊકલી જતો નથી; અને સંગીત ઉપર આજીવિકા ચલાવતાં મુશ્કેલીઓ તો પાર વિનાની. અમરાવતીમાં એક વીશીમાં ઊતર્યા, ગામમાં બધે ફાંફાં માર્યાં, પણ ગાયન કરાવવા કોઈ તૈયાર થયું નહિ. ગજવામાં હતા માત્ર આઠ આના! વીશીવાળાએ કહ્યું, મારા પૈસા આપો, નહિ તો વીશીમાં પીરસવા રહી જાઓ! અંતે એક વકીલસાહેબ ખુશ થયા. ત્યાં ચાર મહિના રહ્યા. ત્યાંથી ફરતાં ફરતાં નેપાળમાં નોકરી મળી. એક વર્ષ ત્યાં રહી દક્ષિણમાં આવ્યા. એ પછી શરૂ થાય છે ભાગ્યકાળ. ઘણા શિષ્યોને વિદ્યા આપે છે, પૈસા કમાય છે ને આખા દેશમાં ખ્યાતિ મેળવે છે.

વૃદ્ધાવસ્થામાં જ્યારે બુવાને લાગ્યું કે આપણાથી હવે કાંઈ શીખવાશે નહિ ત્યારે એમણે 'સંગીતકલા પ્રકાશ' નામના પુસ્તકના બે અમૂલ્ય ભાગ બહાર પાડયા. સાઠ વર્ષના થયા ત્યાં સુધી એમની એકે રૅકૉર્ડ ઊતરી ન હતી! કોલંબિયા કંપનીએ એમની નવ રૅકૉર્ડ બહાર પાડી છે. દરેક રૅકૉર્ડમાંથી ગાયનના અભ્યાસીને ઘણું શીખવાનું મળશે; પણ એમનું પુસ્તક તો એમનું ચિરકાલીન સ્મારક બનશે. તેના બીજા ભાગમાં તેઓ લખે છે: 'મુઝે યહ વિદ્યા પ્રાપ્ત કરને કો બહુત હી કષ્ટ ઉઠાને પડે. એકએક ચીઝ શીખને કો અન્ય ગાયકોં કી સેવા કરની પડી! પરંતુ મૈં અભી નહિ ચાહતા કિ દૂસરોં કો કષ્ટ ઉઠાના પડે. જો કલા મૈં જાનતા હૂં વહ દૂસરોં કો સિખાને મેં મૈં ઉસ કલા કી હી સેવા કર રહા હૂં, ઔર દૂસરા કોઈ ભી સ્વાર્થ ઈસ મેં નહિ!' ગાયકો પોતાની વિદ્યા બીજાને આપવાની બાબતમાં બહુ કૃપણ હોય છે. વઝેબુવા એવા નહોતા.

તારે ચરણ

• ઝૂલણા •

તાહરે ચરણ આ ઉચ્છળી આવિયું
જગત ક્ષારાબ્ધિથી એક બિન્દુ,
ક્ષાર તેનો હરી, ધાર તુજ ક્ષીરમાં
અમૃતના અતલ ચૈતન્યસિન્ધુ!
તાહરે ચરણ, જગઝાડીના ઝુંડથી
કંટકિત આવિયો એક ગુંજ,
કાંટ તેની હરી, ધાર તુજ હૃદય પર,
અમિત સૌન્દર્યના દિવ્ય પુંજ!
તાહરે ચરણ ઘનપ્રકૃતિ ઘર્ષણ થકી
સળગતો એક આવ્યો સ્ફુલિંગ,
ક્ષણિકતા તેની હરી, ધાર તવ મુકુટ પર,
શાશ્વતાં તેજના ભવ્ય શૃંગ!

સુન્દરમ્

નદીતટે વાત રહે વહંતી
ગિરિની ગોદે સ્થિર એ રહે છે

ચન્દ્રવદન
મહેતાની
અંતરગઠરી
૬



ફ્રેડા ટેબલ પર મારી સામે બેઠી. યૂનીકાને કાટખૂણે બેસાડી. રેસ્ટોરાંના ઉપલા ઝરૂખાના એક ખૂણામાં અમે ત્રણે ત્યાં પથરાએલી શાંતિ અમારાં હૃદયમાં ઉતારવા મથી રહ્યાં હતાં. ફ્રેડા વાચાળ, યૂનીકા શરમાળ. કોઈ બે સુંદરી સુંદર હોવા છતાં સરખી હોતી નથી. એમ, આ બે ચામડીના ગૌરવર્ણમાં, વાળના રંગ અને સજાવટમાં, આંખની ચમકમાં, નાકના ઘાટ ને હોઠની રચનામાં જુદી પડતી હતી, છતાં બંને સુંદર હતી. બંને પરણેલી. એક સુખી બીજી દુઃખી.

'યૂનીકાને તમે ગયા પ્રવાસમાં મળ્યા હતા, પણ એના સંસારની રમતથી અજાણ હતા. ગામના ચોકમાં આવેલા રેસ્ટોરાંમાં, મને યાદ છે, ક્રેલિહે એની આછી અરધી વાત તમને કહી હતી, પણ એમાંથી કોઈ સ્પષ્ટ ચિત્ર ઊપસે એવું કંઈ એમાં નહોતું. તમારા સિધાવ્યા બાદ યૂનીકાએ એક દિવસ તમારી વાત કાઢી હતી. એના સંસારમાં તમે નથી, પણ એના અંતરમાં તમે છો એ હું જાણું છું. એનો પતિ નેવલ ઑફિસર, અમારા દેશની એક સ્ટીમરશિપનો કપ્તાન, એટલે એ મહિનાઓ સુધી દરિયો ખેડે. કોઈક નિયમો છે, એ અનુસાર કપ્તાનોની વહુઓ એમના પતિદેવ સાથે અમુક વખતે પ્રવાસ ખેડી શકે, પણ અહીં એ નિયમની ચર્ચા અસ્થાને છે.

'યૂનીકા રંગભૂમિની આશક છે. નાટક જોવાં, ભજવવાં એને મૂળથી ગમે. પણ અમારા દેશમાં મોટા ખલાસીની વહુ નાટકનો ચાળો કરે, એ બહારથી હા કહેવા માટે કબૂલ પણ અંતરની અવસ્થાને નાકબૂલ. યૂનીકા અમારી બહુ કહ્યાગરી વહુ. પતિને ન ગમે તે ન જ કરવું. તમે તો એને નાટકમાં ઊતરવાની સલાહ આપી હતી. નાટકમાં મારો અભિનય જોવા તમે તો એની સાથે થીએટરમાં આવ્યા હતા. સાથે યાન્યા હતી. ક્રેલિહની આવનજાવન હતી. યાદ છે ને? એના મોઢા ઉપર રારમના શેરડા પડતા જોઈ તમે ખુશખુશ થઈ ગયા હતા. પણ એના હૃદયમાં પડી રહેલા ચિરાડાની તમને ખબર નહોતી. તમે એને ગમતા હતા, ગમ્યા હતા, એ કારણે નહિ; એના કપરા સંજોગોને કારણે. એના હૃદયમાં છૂપી રહેલી આગનો એકે તણખો એણે તમને જાણવા દીધો નહોતો. ઘણો સારો પગાર કમાય, પણ ધર્મપત્નીને એમાંથી એક સિક્કો સરખો ન પરખાવે, તો સ્ત્રી બીચારી શું કરે? યૂનીકા એના સસરા સાથે રહે. પોતાના ખર્ચના દીનાર એણે કમાવા જ રહ્યા. સસરાજીનો સદ્‌ભાવ ખરો, પણ એથી સંસારની ટાંચ નથી પુરાતી. એક દફતરમાં એ નોકરી કરે. થીએટરમાં આવી હોત, તો કદાચ વધારે નાણું કમાઈ શકત, પોતાના મનને ગમે એવા કામમાં રચ્યાંપચ્યાં રહી જીવન જીવ્યાનો સંતોષ લઈ શકત. પણ એમ ન બન્યું. પતિના પગથારમાં કંઈક સ્ત્રીઓ આવી જતી. એમાં જેનામાં છટપટાટ, તોફાન, મસ્તી, બટકબોલાપણું, ઠાઠઠઠેરો હોય, એવી નારીઓ એને ગમતી.

'ટૂંકમાં એની બોટના એક પ્રવાસમાં એક ઉતારુ બાઈ એને ભટકાઈ. બંને અહીં ઊતર્યાં. (યૂનીકાના પતિને બે મહિનાની રજા હતી.) બાઇ સ્ટીમર પરથી ઊતરી તેની યૂનીકાને કે અમને કશી ખબર પણ નહિ. અમારાં યૂનીકાબાઈ ભોળાં, તે પેલી બાઈ—એનું નામ ડોરા—ત્રણ કે ચાર દિવસમાં જાણે અચાનક અનાયાસ આવીને યૂનીકાને મળી. સહેજ વારમાં દોસ્તી બાંધી. આઠ દિવસમાં તો ગાઢ સહીપણાં. ડોરા પોતે ઘણી દુઃખિયારી છે એવો દેખાવ. એવી કથની. ને આપણાં ભલાં ભોળાં યૂનીકાબાઈએ ડોરાની પોતાના પતિદેવને ઓળખાણ કરાવી. થોડા દિવસ ત્રણે સાથે હર્યાંફર્યાં. પછી પતિશ્રી દેશમાં ક્યાંક અલોપ. બાઈ પણ એની પાછળપાછળ ગાયબ. દોઢ મહિને ફરી પાછાં દેખાયાં, ત્યારે પણ યૂનીકા ડોરા માટે ચિંતાતુર થઈ અરધીઅરધી. તે એટલે સુધી કે પેલી નફફટે પોતે એકલી છે, નિરાધાર છે, દુઃખિયારી છે, એટલા માટે યૂનીકાને આત્મભોગ આપવા સૂચના કરી, અને પોતાને એના પતિ સાથે પરણવા દેવા રસ્તો કરી આપવાની પણ વાત રજૂ કરી! ત્યારે અમારાં આ ડાહ્યાં ભોળાં યૂનીકાબાઈની આંખ ઊઘડી. ત્યાં સુધી બધું જ અંધારામાં.'

'એક વાર આવેલી કૉફી ટાઢી હિમ થઈ ગઈ હતી, એટલે ફરી વાર ગરમ કૉફી મંગાવી. યૂનીકા તરફ આપોઆપ મારો જમણો હાથ વળીને એનો બરડો પંપાળવા પ્રેરાયો, કારણ નીચે મોઢે એ બેઠી હતી અને એની આંખમાંથી ડળક ડળક આંસુ સર્યાં જતાં હતાં.'

'આ તબક્કે અમે બધાં જાગૃત થયાં. વાત ઘણી વધી ગઈ હતી. ચોરે ચૌટે ચર્ચા ચાલતી. યૂનીકાના પતિને મળી કંઈક તોડ લાવવાનો અમે નિરધાર કર્યો. એટલામાં ડોરા મૃત્યુ પામી એવા સમાચાર અમને સાંપડયા. હૃદય અટકી ગયું. એ બહાર આવેલા કારણને માન્ય રાખી આપણે આગળ ચાલીએ, નહિ તો આખી રાત વીતી જશે. એનો તો મને વાંધો નથી પણ યૂનીકાને આખી રાત મારે રડાવવી નથી. એ છેડો તો છૂટ્યો, પણ યૂનીકાના પતિ ગમગીન, બેચેન થઈ ગયા. ભવોભવની પ્રિયતમા ગુજરી ગઈ હોય એમ આ અમારા સાગરખેડુ રોમિયો 'ડોરા! ડોરા!' કરતાં અટક્યા નહિ. ખાવાપીવાનું છોડી, નિંદરને પરહરી, એ જખમાયલું જિગર લઈ દુઃખના ડુંગર તળે દટાવા લાગ્યા ત્યાં આ અમારી યૂનીકા એની વહારે ધાઈ. પતિ એ જ દેવ, પતિની જ સેવા. ચોવીસે કલાક એની સારવારમાં, એની તહેનાતમાં મચેલી રહી. એ દિવસો પણ વીતી ગયા. પતિદેવ ગમગીનીમાંથી થોડાઘણા ઊગર્યા. ત્યારે યૂનીકાના હૃદયમાં નવી આશાંનો સંચાર થયો. એના મોઢા ઉપર સહેજસાજ સુરખી જણાવા લાગી. ત્યાં પતિદેવ પાછા નોકરીએ ચડયા, અને તરત જ વાવડ આવવા લાગ્યા કે "દરેક બંદર તે એ ખલાસીનું સાસરું!" ભલા, એમ હોત તો યે સારું, પણ ફરી બીજું વળગાડ લઈ અહીં પધાર્યા. પણ એ કિસ્સામાં તો રાણુજી રાણાને છેતરી થોડીઘણી માલમત્તા પણ ઉશેટતી ગઈ, અને રાણા હાથ ઘસતા બેઠા. આમ બહુ ટૂંકમાં આ એની કથની છે. પોતે પોતાનો ગુજારો ખેંચી કાઢે છે. પતિના, દેવ જેવા, જરા અપંગ પિતાની ચાકરી કરે છે. દર રવિવારે નહિ દરરોજ દેવળમાં જઈ પ્રાર્થના કરે છે. સાંજે એને ન ગમે તો મારું ઘર, યા ક્રેલિહનું ઘર. ઉપરાંત એને ત્રીજો વિસામો

એના ચિત્રકાર દાદાનું. ત્યાં જાય છે. ચાલો આપણે હવે જઈશું?'

અમે ઊઠયાં, મૂગાંમૂગાં મોટર પાસે ગયાં. બેઠાં અને ઍડાએ ગાડી ચલાવી. રસ્તે ઍડા કહે છે, કે હું તમને ક્રેલિહને ત્યાં પહેલાં ઉતારતી જઈશ, પછી યૂનીકાને એને ઘેર મૂકી, મારે ત્યાં જઈશ. મેં કહ્યું: 'તારી કોઈ પણ વ્યવસ્થામાં મેં ક્યારે કશો વાંધો લીધો છે?'

'ચાલો, હું તમને ઉપર સુધી મૂકી જાઉં, કારણ તમને બારણું ઉઘાડતાં કદાચ અડચણ પડે. ચાવી મારી પાસે છે. એ લોકો હજી ઘરમાં નહિ આવ્યાં હોય.' બહાર નીકળતાં નીકળતાં યૂનીકાને આગળ પોતાની સાથેની બેઠક પર બેસવા સૂચના કરતી ગઈ. યૂનીકા બહાર નીકળી ત્યાં સુધી હું થોભ્યો. ફરી એનો વાંસો પંપાળ્યો. ભાવભીની શેકહૅન્ડ કરી, ગુડનાઈટ કરી અમે છૂટાં પડયાં. એક જ દાદર. એની બત્તી કરી ઍડા અને હું ઉપર પહોંચ્યાં. એણે બારણું ઉઘાડયું, અંદરની બત્તી કરી, મને મારા ખંડ સુધી લઈ ગઈ. ત્યાં બત્તી કરી, મારાં બંને બાવડાં પકડી મારી તરફ એકી ટશે જોતી ઍડા ઊભી રહી.

'લાંબા વિચાર કર્યા વિના સૂઈ જજો. અંદરની બહારની બધી બત્તીઓ હું ઓલવતી જઈશ. બારણું પણ બંધ કરીશ. મેં તમને આજે બહુ થકવ્યા છે, એટલે તરત સૂઈ જજો. તમે મને ગમો છો, ઘણા ગમો છો. તમારે માટે મને ઘણી ઊંડી લાગણીઓ છે. ગુડ નાઈટ.' એટલું બોલી ગાલ ઉપર એક નાનકડું ચુંબન ચોડી, એ ત્યાંથી નીસરી ગઈ.

ના, મને તરત ઊંઘ ન આવી. ચુંબનના નાના સળવળાટને અંગે નહિ; યૂનીકાની વાતે મગજને સળવળાવ્યું હતું એને લઈને. કેટલીક વારે, બહુ ધીમેથી, કદાચને મને ન ખલેલ થાય એ હેતુથી, યાન્યા અને ક્રેલિહ ઘરમાં દાખલ થઈ પોતાના ખંડમાં ગયાં, એની મને જાણ થઈ હતી. પણ હું ન ઊઠયો, ન ઊંઘ્યો.

સવારે ક્રેલિહ કે એની વહુ કશી—કશાની વિગતો જાણવા ઈંતેજાર નથી. ફરી આવ્યા? મજા પડી? એવી અધ્ધર વાતો કરી નાસ્તો ખાધો. સૂરજ ચમકદાર હતો. વાદળાંઓનું નામનિશાન ન હતું. બપોરે લંચને ટાણે ઍડાએ આવીને કહ્યું કે 'આજે મારે નાટકમાં ભાગ લેવાનો છે, એટલે યૂનીકા ક્લાકેકમાં આવશે, તમને પેયેન્ન લઈ જશે, પછી ત્યાંથી જ્યારે પાછા આવવું હોય ત્યારે આવી શકાશે.' મેં પૂછ્યું: 'પેયેન્ન?'

'આમ આવો; સામે જે ગિરિમાળ દેખાય છે ત્યાં. મોટર-રસ્તો છે, પણ યૂનીકા તમને રોપ રેલવેમાં લઈ જશે. આજે એ અરધો દિવસ તમારા માટે છુટ્ટી લેવાની છે. સીધી કામ પરથી અહીં જ આવશે.'

'ઍડા! હું નહિ જાઉં.'

'એમ કેં ચાલે? એ બીચારી તમારે માટે આટલું બધું કરે ને—'

'મારે તારો અભિનય જોવો છે. હું નાટકમાં આવવા માગું છું.'

'એ બધી ચર્ચા તમે યૂનીકા સાથે કરજો. નાટકમાં આવવું હશે તો ત્યાં પણ અવાશે. ઘણો સમય રહેશે. ચાલો, હું હવે જઈશ.'

'ઍડા!'

'હું વાચાળ છું. યૂનીકા વાચાળ નથી. પણ તમારે માટે એના હૃદયમાં આજથી નહિ, તમે પહેલાં આવ્યા ત્યારથી ઘણો ઘણો ભાવ ભરેલો છે. દુઃખ એ છે કે બીચારી બોલી નથી શકતી. તમે કેં કીમિયો અજમાવી એને બોલતી કરજો. એને જરા શાંતિ થશે. બાઇ! બાઇ!'

'ઍડા!'

'બાઇ! બાઇ!'

એ ગઈ, અને હું સ્વસ્થ નથી થયો તે પહેલાં તો યૂનીકા આવી. કદાચ ઍડા જ એને લઇને તો નહિ આવી હોય, એમ મનમાં શંકા પણ થઈ. પણ મેં ન પૂછ્યું. હું તૈયાર થઈ એની સાથે નીચે ગયો, ત્યાં ઍડાની ગાડી હાજર હતી. એનું બારણું એણે ખોલ્યું અને મને બેસવાની સૂચના કરી. માઇલેકને અંતરે રોપ રેલવેનું થાણું હતું ત્યાં એ હંકારી ગઈ. હું ટિકિટ કઢાવવા દોડયો જતો હતો, ત્યાં એણે મને બૂમ પાડી રોકયો, પોતાના હાથમાંની બે ટિકિટ ઉડાવતી બતાવી. ગાડી પાર્ક કરી રહ્યાં એટલામાં રોપ રેલવેનું ત્રાજવું નીચે આવ્યું એમાં અમે પ્રવેશ્યાં અને થોડી વારે ઊપડયાં, ઊંચકાયાં. મારીબોર ગામનો વિસ્તરતો દેખાવ જોતાં જરા આનંદે લહેરાયાં. ઉપર પહોંચ્યાં. બહાર નીકળ્યાં અને અતિ રમણીય એવા, પ્રમાણમાં ઠંડા અને સ્વચ્છ સ્થાનમાં, પર્વતને સ્કંધે વમળાતી લહેરાતી પગથારો ઉપર ચાલવા લાગ્યાં. મારે ચાલવું નહોતું. એક સ્થળે સુંદર વળાંક આવ્યો. ત્યાં બેસવાનો બાંકડો હતો. અહીંથી ખીણનો રળિયામણો દેખાવ દૂર દૂર સુધી જોઈ શકાય એવો હતો, ત્યાં મેં એનો હાથ ખેંચી બેસાડી અને કહ્યું: 'યૂનીકા! તમે બે જણીએ શું માંડયું છે? તું કામ ઉપરથી રજા લે છે. આગળથી ટિકિટોનો બંદોબસ્ત કરે છે. આપણા ત્રણમાં સૌથી વધારે અકળામણ તું સહી રહી છે. બીજે નંબરે હું અનુભવું છું. ઍડા સ્પષ્ટ, સ્વચ્છ, નિર્મળ વાણીમાં પોતાનું, તારું અને કદાચ કંઈક અંશે મારું હૃદય સુંદર રીતે વ્યક્ત કરે છે.'

ઠંડક હતી. પવનની લહર અંતરમાંના ધૂંધવાટને સંકોરી, જલતી શાખાઓમાં ફેરવી રહી હતી. મેં એની આંખમાં નીતરતે ભાવે જોયા કર્યું, જોયા જ કર્યું—આખરે એને વાચા ફૂટી. પણ કેટલી?

'તમે મૌનમાં માનો છો?'

'ઘણાંમાં માનું છું; મૌનમાં વધારે.'

'તમે ત્યારે સમજી શકયા હશો.'

'ઘણું.'

'આપણે અહીંથી પણે જઈએ, પેલી ટેકરીની પાસે બાંધેલી પાળ પાસે. પડી પણ નહિ જઇએ, અને સુંદર દશ્ય પણ જોઈ શકીશું.'

મૂગાંમૂગાં અમે ચાલ્યાં. સ્થળ અતિશય સુંદર હતું. ચોમેર લીલુંછમ, સૂરજની સુરખી, પવનની લહર, ધીમે ધીમે પોતાના રંગની ઝલક બદલતો નજીકથી દૂર વિસ્તરતો દેખાવ.

'વાતચીતનું પણ શાસ્ત્ર છે, વિજ્ઞાન છે, એ તમે તો જાણતા જ હશો. જેવી ખુરશી તેવી વાત.'

'એટલે?'

'આરામખુરશી ઉપરથી થતી વાતોનો પ્રવાહ સામાન્ય ખુરશી ઉપરથી થતા વાતપ્રવાહ કરતાં જુદો હોય છે. ભોંય અને બગીચામાંની લીલી હરિયાળીની જાજમથી માંડી ટ્રેઈનના બાંકડાઓ ઉપરની વાતચીતમાં ફરક હોય છે. અહીં આ પાળને અઢેલી, સાથે ઊભાંઊભાં દૂર જોતાં કરાતી વાતનો ઘાટ વળી જુદો જ હોય છે. વાતચીતનું પણ વિજ્ઞાન છે, એની મને અહીં ખબર પડી હતી.' એ બોલી, અટકી, ને કેટલીક વાર સુધી મૂગી જ ઊભી રહી. મેં એ ચૂપકીદીમાં સાથ આપ્યો.

'ઘણી વાર આ સ્થળે હું આવું છું, અહીં ઊભી રહું છું અને મનમાં મારી સાથે વાત કરું છું. તમે મારું મન કળી શકો છો એમ માની મેં અહીં ઊભાંઊભાં વાત કરી. સમજણ પડી?'

'પડી.'

'એક વાતની કે બે?'

'એક'

'કઈ?'

'તું બંને ન કહે ત્યાં સુધી હું નહિ કહું.'

'ના, કહો.'

'ઍડાની લાગણીની એક વાત, અને તારી લાગણીની બીજી વાત.'

'બરાબર સમજ્યા છો; પણ બંને વાતની મારા મનમાં ગૂંચ છે.'

'તને ઍડાએ જ અત્યારે એકલી મારી સાથે મોકલી છે, એટલું જ નહિ પણ તને પઢાવી ભણાવીને પણ મોકલી હશે એવી મને શંકા છે.'

'તમારી શંકા ખરી છે.'

'તો જે ભણાવ્યું તેનો પાઠ કરી જાઓ.'

નાનું છોકરું અકળાઇને જરા તોફાનમાં હાથ પછાડે એમ એણે મારી કોણીના ઉપલા ભાગ ઉપર બે ત્રણ પ્રહારો કર્યા. એમાં છણકો હતો, મીઠાશ હતી, પ્રેમ હતો, લાચારી હતી.

'જાણો છો, સમજો છો, છતાં તમે મારી ગૂંચ કેમ નથી ઉકેલી આપતા? તમે નહિ ઉકેલશો તો કોણ ઉકેલશે?'

'બ્રેડાએ ભણાવેલો પાઠ બોલો, યૂનીકા!'

તમે મને ક્યાંક લઈ જાઓ. જ્યાં લઈ જશો ત્યાં આવીશ. હિન્દ કહેશો તો હિન્દ આવીશ. મારા પતિ સાથેની સ્ટીમરની એક લટારમાં અમે મુંબાઈ લાંગર્યાં હતાં, અને બે અઢી દિવસ શહેરમાં ફર્યાં હતાં. લોકોને નહોતી મળી. જોયા હતા. પણ નિકટના કોઈનો પરિચય નહોતો. મને ત્યાં ગમશે. ગમે કે ન ગમે, પણ આ અહીંના સંતાપમાંથી મને દૂર લઈ જાઓ. હું બનશે તો મારો રોટલો ત્યાં કમાઈ ખાઇશ. અંગ્રેજી થોડુંઘણું આવડે છે, પણ સુધારતી રહીશ. ક્યાંક કોઈક પરદેશી પેઢીમાં નોકરી કરીશ. ઉપરાંત તમારી સેવા. આ એક વાત. બીજી વાત તો તમે જાણો છો: બ્રેડાને તમારે માટે કેટલો ભાવ છે તે.'

'અને છતાં એણે તને મારી સાથે આવવા સૂચના કરી.'

'ના, મૂળ તો એ મારો જ વિચાર. એ કંઈક રીતે એ કળી ગઈ અને એ મારે તમને જાહેર કરવો, એ માટે દબાણ કરતી રહી.'

'સબબ?' 'એ ઉમરાવ દિલની બાઈ છે.'

'અને તારે માટે એને સદ્ભાવ અને સહાનુભૂતિ છે, એ બેને સાંકળી રહે એટલી લાગણી છે.'

'તમે એને બરોબર ઓળખી છે? એના દિલમાં તમારે માટે કેટલી લાગણી ભરી છે, એના તાગની તમને ખબર છે? એ અભિનય કરે છે, પણ સ્વભાવમાં તદ્દન કુદરતી, મનમાંની એકેએક લહર સ્પષ્ટ કરી વ્યક્ત કરનારી નારી છે. સહૃદય અને પ્રામાણિક. એણે જિંદગીમાં કોઈને છેતર્યા હોય—ભૂલેચૂકે પણ છેતર્યા હોય એમ હું કલ્પી પણ શકતી નથી. તમારે માટેની લાગણી એણે મારી સમક્ષ તો વ્યક્ત કરી જ નથી, પણ જ્યારે જ્યારે અમે ત્રણે સાથે હરીએ ફરીએ ત્યારે એ તમારાં ગુણગાન તો ગાય, પણ તમારે માટેનો ઊંડો ભાવ પ્રદર્શિત કર્યા વિના ન રહે.'

'ત્રણ કોણ? તું એ અને યાન્ચા?—ક્રેલિહની વહુ?'

'ના, ના; બ્રેડા, હું અને સંગાથે એનો વર.'

'એનો વર? હાં, પણ એ તો મને ઓળખતા યે નથી.'

'નજરે જુએ તો જ ઓળખાણ થઈ કહેવાય? તમારે દેશ હું ક્યાં આવી છું? પણ અહીં અમારે ત્યાં જે કંઈ અનુવાદમાં મળ્યું છે તે મેં વાંચ્યું છે. તમારા દેશની ઘણી ઘણી વાતો, ફિલસૂફી, જેટલું મળ્યું તે મેં પચાવવા પ્રયત્ન પણ કર્યો છે. તમારો ને અમારો સંબંધ ઘણો જૂનો છે. મેસેડોનિયાથી સિકંદર સાથે લશ્કરમાં તમારે દેશ લડવા આવેલા એ કુટુંબના હજી અહીં કેટલાક વંશપરંપરાની વાતો બહેલાવી બહેલાવી કરે છે. બ્રેડાના વર આ વખતે તમને મળશે. એ ઓળખે તો છે જ. અમે બેએ એની આગળ તમારી વાત કરવામાં કંઈ જ બાકી નથી રાખ્યું. ગઈ વખતે તમે અમારી અહીંની નાટકશાળામાં જે ભાષણો કર્યાં એમાં દુભાષિયાનું કામ બ્રેડાએ કર્યું હતું, એ તો તમે જાણો છો. અને હું પણ ખૂણામાં બેઠીબેઠી સાંભળતી હતી તે પણ તમે જાણો છો. એમાં રંગભૂમિનો ઇતિહાસ આલેખતાં વચ્ચે વચ્ચે તમે ભારતની કોઈક સુંદર કથા કે આખ્યાયિકા તમારી ફિલૉસૉફી સાથે ગૂંથી લેતા હતા તેની અમારા બેના મન ઉપર સુંદર છાપ પડી હતી; અમારાં ચિત્ત પ્રસન્ન થઈ ગયાં હતાં. એમાં ટાગોરની કચ-દેવયાની અને ચિત્રાંગદાની વાત કરી હતી, યાદ છે?' 'છે.'

'એ અમે બંનેએ તરત વાંચી નાખી. ટાગોરનાં ઘણાં પુસ્તકો અમારી ભાષામાં પ્રાપ્ત છે. અમને તે વાંચવાની મજા પડી. હું તમને ઓળખું છું; તમારા દેશને પણ થોડોથોડો ઓળખું છું. એટલે મને તમારી સાથે લઈ જાઓ. યા ત્યાં જઇને બોલાવી લ્યો.'

ઠીક સમય અમે એમ ને એમ ઊભાં રહ્યાં. સૂરજ પેલી બાજુ થઇને ઊતરી જવાનો હતો. અમે પ્રાવા નદીને જોતાં, પણ કશું જોતાં જ નથી એવી મનની સ્થિતિમાં, અડોઅડ નિઃસ્તબ્ધ શાંત ઊભાં હતાં. અંતરમાં કોલાહલ ખરો, હૃદયના એકસાથે ચાલતા ધબકારા ખરા, પરંતુ શાંત અંતરથી એકબીજાની અત્યંત નિકટ આવતાં ઊભાં હતાં. ત્યાં અમારા બંનેના ખભા ઉપર પાછળથી એકેક હાથ વળગ્યો. જેટલી મુલાયમતાથી એ હાથ વળગ્યો એથી પણ ધીમે રહી, જરા પણ અચંબો પામ્યા વિના, અમે ફર્યાં. બ્રેડાનો હસતો ચહેરો અમારા બેની વચ્ચે ઉમળકે ઊભરાતો જોયો. પણ ત્રણેમાંથી કોઈ ન બોલ્યું. ત્રણે એમ ને એમ ત્યાંની મૂર્તિમંત શાંતિના ધબકતા હૃદય જેવાં ઊભાં જ રહ્યાં.

અંધારું વીંટળાતાં અમે ધીમેથી મોટર તરફ ચાલવા માંડયું. પણ કોઈ બોલતું નથી. બ્રેડાએ આણેલી મોટરમાં ત્રણે આગળ જ જરા ભીચડાઈને બેઠાં. મોટર ચાલે તે પહેલાં મારાથી પૂછ્યા વિના ન રહેવાયું: 'બ્રેડા, તમારા નાટકનું શું? કેમ એકાએક આવી ચડયાં?'

'યૂનીકાને ખુશ કરવા. એ એકલી આવવા રાજી નહોતી; મેં એને સમજાવી મોકલી હતી.' 'પાઠ પણ ભણાવીને.'

'હા. તમે ઊભાં હતાં તે સ્થાન યૂનીકાનું પ્રિય સ્થાન છે. આપણો ત્રણનો ભેટો થાય એવી એની ઇચ્છા હતી. વસંતમાં તમે જો ફરી આવશો તો, એ સ્થાન ઉપર ત્રણ ફૂલછોડ ઊગે છે એમાંનું એક હું તમને બતાવીશ. એની ઉપર સૌથી વધારે સુન્દર અને વધારેમાં વધારે ફૂલ આવે છે; કારણ ધરતીના એટલા ભાગમાં યૂનીકાનાં સૌથી વધારે આંસુ ટપક્યાં છે, અને હજી ટપકતાં રહે છે.'

મોટર હજી ચાલુ કરવામાં નથી આવી.

'મને વખત હતો. કોઈની આ ગાડી મને મળી ગઈ એટલે હું મોટરને રસ્તે આવી. એ સ્થાને આપણાં ત્રણેનાં હૃદય એક થયાં એ પ્રસંગ અને એનો આનંદ આપણે એકબીજાંની અંતર-સમજણથી સારા પ્રમાણમાં લંબાવી શક્યાં. મોટે ભાગે આવી ક્ષણો, ક્ષણના સોમા ભાગમાં જન્મી સહસા જ નષ્ટ થઈ જાય છે. હજી આપણા અંતરના ધબકારા એક છે, અને જેટલો સમય આવી આનંદની ઘડી લંબાવાય એટલી આપણે લંબાવીશું. પરંતુ આવી ઘડીઓની ગતિ અને અંત પણ નિર્મિત હોય છે. કોઈવાર એ ગતિ એકસરખી વધતી રહે અને એકાએક એનો અંત પણ આવી જાય. આપણે એનો જેટલો લાભ લેવાય એટલો લીધો. હજી નાટકશાળા પહોંચતાં સુધી લ્હાવો લઈશું. પરંતુ પેલા સ્થાન ઉપરની ઘડી તો અણમોલ હતી. નદી તટે વાત વહેતી રહે; ગિરિગોદમાં વાત સ્થાયી અને સ્થિર રહે.

ના, આ આપણા હાથની તો શું, પણ કોઇના હાથની વાત નથી. આની મઝા તો એ છે કે જ્યારે આપણે ત્રણે વિખૂટાં પડીશું, અને આ અણમોલ ઘડીનાં સંસ્મરણો તાજાં કરવા મથીશું, ત્યારે એની શરૂઆત કઈ ક્ષણથી થઇ એની ભાળ પણ મળશે નહિ.'

નીચે ઊતરતાં આખે રસ્તે અમારા ત્રણના મૌનની સાક્ષી તરીકે તો કેવળ અમારી મોટર જ સૂર પુરાવતી રહી. નાટકશાળા પહોંચતાં, નાટક શરૂ થવાને હજી જરા વાર હોવાથી, અમે એના રેસ્ટોરાંમાં જઈ બેઠાં. મને ચોક્કસ લાગ્યું કે દૂરથી ક્રેલિહે અમને જોએલાં, પણ અમારી પાસે ન આવતાં, પરદો ઊપડવાની તૈયારી થતાં એણે પાછલી

બૉક્સની દરવાનબાઈને મોકલીને અમને અમારી ખુરશીઓ ઉપર દોરવીને બેસાડવાની વ્યવસ્થા કરી.

નાટક હતું સ્ટીફન મિહાલકોવિચનું; આછા સંગીતમાં વણાએલું; નામે 'અહમ્ અને મારો બીજો હું' છે કટાક્ષ. માણસની અંદરના બીજા 'હું' ને એકવાર બીજીવાર ને પછી વારંવાર તાબે થયા કરવાથી જે થાય તે પર: મન-સૂબો સવાર થાય, એનો મનીરામ તો ક્યાંક સંતાએલો દટાએલો રહે, મન-સૂબાનાં અવળચંડાં અટકચાળાં થકી પોતે ક્યાંનો ક્યાં ઘસડાય, પછી તો સૂબો સવાર થતાં સર્વ સત્તાધીશ થઈ સાર્વભૌમત્વ પ્રાપ્ત કરવા મથતાં લોભ નહિ, મહત્ત્વાકાંક્ષાને હદ નહિ; કદીક અંતરના મનીરામ સ્હેજ ડોકું ઊંચું કરી કકળી ઊઠે તો એને થાપટ મારી ચક્કર ખવડાવી દે; અહમ્‌નું બીજું સ્વરૂપ જ સત્યના અવતાર તરીકે વર્તે, વર્ચસ્વ જમાવે. એડા એમાં વહુ: અંતરના અહંને જાગ્રત કરનારી શક્તિ. બીજાં પાત્રો, વૃત્તિઓ ખરાં; પણ અહંના બીજા મોટા અહં આગળ કોનું ચાલે? ભારતની જ વિચારશ્રેણીનું નાટક.

નાટકશાળામાંથી અમે બધાં સાથે જ ચાલતાં ઘેર ગયાં, કારણ ફ્રેલિહનું ઘર પાસે જ હતું. ગુડ નાઈટ કરી બધાં છૂટાં પડયાં ત્યારે છેલ્લાં અમે ત્રણ જ ફ્રેલિહના ઘરઆંગણે નીચે ઊભાં હતાં. છૂટાં થવાનું હતું, પણ છુટાતું નહોતું. આવતી કાલે તો મળવાનું હતું જ,— છતાં. આખરે એડા બોલી: 'શું નક્કી કર્યું? યૂનીકાને તમારી સાથે લઈ જાઓ છો ને? જા, યૂનીકા! એમને દાદરો ચડાવી નીચે આવ, હું ઊભી છું.' અમે બંને હાથમાં હાથ પકડી દાદરો ચડ્યાં. ફ્રેલિહનું બારણું ઊઘડે અને યૂનીકા સડસડાટ નીચે ઊતરી જાય તે પહેલાં એ બોલી: 'આ એડા! તમારે માટે એને અનહદ માન અને લાગણી છે. યાદ રાખજો, હં.'

(ચાલુ)

અનુસંધાન] **નવા ગગનની નીચે** [પૃષ્ઠ ૨૨૩થી

'સી. સી. મહેતા?' મેં પૂછ્યું.'

'હા, એવું જ કંઈક હતું.' 'એ જ હશે.'

'એ ભાઈ નાટકના બહુ શૉખીન લાગ્યા.' હું માત્ર હસ્યો.

'એમને હમેશાં નાટક જોવા જોઈએ. મને કહે કે તમે પણ સાથે આવો. પણ મને સમય ક્યાંથી હોય?'

'ન જ હોય ને.' મેં સહાનુભૂતિપૂર્વક કહ્યું. 'એટલે તો અત્યારે પણ ઑફિસમાં ખાસ્સાં કલાકેક મોડાં આવ્યાં. પણ તમને એવી કશી તકલીફ નહિ આપું હોં. એ તો નાટકના માણસ છે એટલે......'

ટા, ટા, કરી હાથ હલાવી હું બહાર નીકળ્યો ત્યારે મારા થાકેલા પગ પણ જાણે નવા ચેતનથી ભરાઈ ઝડપભેર ચાલવા લાગ્યા.

એ પગ ચાલી જતા હતા, પણ આંખે એક સંદેશો સહર્ષ નોંધી લીધો. એ જ રસ્તે થોડે દૂર એક હોટલનું પાટિયું એના જોવામાં આવ્યું. લખ્યું હતું: 'શાકાહારી ભોજનગૃહ'. મનને નિરાંત થઈ. ભાષાની મુશ્કેલી અહીં નડશે તો યે ખપતું ભોજન તો મળશે જ. ઝડપથી ચાલી જતા પગે એ પળે ત્યાં વિશેષ તપાસ કરવાની વૃત્તિ રોકી. પણ મગજ પ્રવૃત્ત જ હતું. આટલું બધું દૂર હશે ખરું આ સ્થળ મારી હોટલથી? દમ નીકળી ગયો હતો ચાલતાં ચાલતાં. રસ્તે જતાં કોઈને ઓપેરા સુધી જવાનો રસ્તો પૂછ્યો. તેણે હું આવેલો એથી ઊંધી જ દિશા ચીંધી. એ રસ્તે ચાલ્યો. દસ મિનિટમાં હોટેલ ભેગો થઈ ગયો! અગાઉ, ખોટી દિશાને અંગે, બમણા કરતાં ય વધારે ચાલી ગયો હતો અને એ મૂર્ખાઈની સજારૂપે સાંપડયાં હતાં પેલાં નિર્લેપ જેવાં બહેન!

એનો થાક ઉતારવા હોટલમાં પડયો રહ્યો. સાંજે થોડો નાસ્તો કરી, તૈયાર થઈ પેલી નાઈટક્લબની ટૂર માટે નીકળી પડયો. (ચાલુ)

ડૉક્ટર આવતાં પહેલાં • ૯

ઘા, ઉઝરડા ને ઢીમણાં

લેખક • ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

ચામડી નીચે લોહી પડે એ ઢીમણું (સોળ, ચકામું) છે. પેશીઓમાં લોહી ઝમવાથી શરૂમાં તે લાલ રંગનું હોય છે, પણ લોહી જામ્યા બાદ કાળું બને છે.

ઢીમણાના સોજા ને વેદના પર લગાડવા માટે કોઈ દવા કે મલમ ઉપયોગી નથી. ઠંડા પાણીનાં પોતાં બહુ ગુણ આપે છે. ઢીમણાંમાં પોતાનામાં કશી ગંભીરતા નથી, પણ માર કે પછડાટથી તે થયું હોય તો એના ઉપરાંત બીજી આંતરિક ઈજાઓ પહોંચી હોવાનો સંભવ રહે છે. જો આવાં ચિહ્નો જણાય તો દાક્તરી તપાસ થવી જરૂરી છે.

ઘા કે કાપો હોય તો તો તેની પ્રાથમિક સારવાર થવી જ જોઈએ. એક તો તેમાંથી વહેતું લોહી બંધ થાય છે અને બીજું, ચેપ નિવારાય છે. વળી ચામડી દ્વારા શરીરને પહોંચતા રોગોત્પાદક જીવાણુઓથી રક્ષણ મળે છે. કેમ કે એક વાર ચામડી કપાય કે ચીરાય તો તેમાં જીવાણુઓનો પ્રવેશ સુલભ થવાથી ચેપ (ઈન્ફેક્શન) લાગુ પડે છે.

જો વધારે લોહી પડતું હોય તો પાછલા પ્રકરણમાં દર્શાવ્યા મુજબ બંધ કરવા પગલાં લેવાં. સાધારણ પડતું લોહી આપમેળે બંધ થઈ જશે.

ઘાની સારવાર કરતાં અગાઉ સાબુ વતી હાથ ધોવા. પોટાશ પર્મૅન્ગનેટના લોશન વડે ઘા ધોવો. પણ ધોતી વખતે ચામડીનો મેલ કે કચરો ઘામાં ન જાય તે જાળવવું. ઘાની ધારથી ચામડી તરફ ધોતા જવું. પછી ઘામાંનો બધો કચરો સાફ કરવો. એ માટે લોશનથી પલાળેલું રૂ ઘા ઉપર નિચોવવું અથવા તો કે ઘા ઉપર લોશનની ધીમી ધાર કરવી. ઘા ઉપર હળવેથી રૂ દબાવવું.

પછી ફૉર્સેપ્સ વતી ગૉઝનું કૉમ્પ્રેસ પકડી એક્રિફ્લેવીન લોશનમાં બોળવું ને તે ઘા ઉપર મૂકવું. એના ઉપર રૂ મૂકી પાટો બાંધવો. જો ઘા નાનો હોય તો પાટાને બદલે ઍડહેસિવ ટેઈપની પટ્ટીઓ મારવી.

જો કોઈ દવા હાથવગી ન હોય તો તેની ખાસ જરૂર પણ નથી. માત્ર ઘાને ધોવામાં અને સાફ કરવામાં પુષ્કળ કાળજી રાખવી. ઘામાં ભરાએલાં ધૂળ-કચરો કે બહારની ચીજ બરાબરરીતે સાફ થઈ જાય તો પણ જલદી રૂઝ આવી જાય છે, ને ચેપ લાગતો નથી.

ઉઝરડા ઉપર ટિંક્ચર આયોડીનનું પોતું ફેરવવું અગર તો બર્નોલ કે સેરાવલેક્સ મલમ ઘસવો. રસ્તા ઉપર પડવાથી કે ખીલી પેસવાથી થએલા ઘા કે ઉઝરડામાં ધૂળ કે કચરાનો સંસર્ગ થવાથી, તેમજ ઘરમાં પણ વાગવાથી, જો ઘામાં ધૂળ ને કચરો જામ્યાં હોય તો ધનુર્વાનો ભયાનક રોગ થવાની દહેશત રહે છે. આ નિવારવા માટે ઍન્ટી-ટિટૅનસ સિરમનું ઈન્જેક્શન આપવું જરૂરી છે. કચરો, ધૂળ અને ઘોડાની લાદમાં ધનુર્વાના જીવાણુઓનો વાસ હોય છે.

ઘરમાં પ્રાથમિક સારવારનાં સાધનો ન હોય તો શું કરવું? ઘા ઉપર ધોએલા કપડાનો ચોખ્ખો ટુકડો લઈ, ગડ વાળી, દાબવો કે જેથી લોહી વહેતું બંધ થાય અને દવાખાને જતાં સુધી ઘા ખુલ્લો ન રહે. ઘણી વાર બને છે તેમ ગંદા ને કચરાળા કપડા વતી ઘા હરગીઝ નહિ દબાવવો, અગર તો લોહી નીંગળતો ઘા ખુલ્લો રાખી કદી દવાખાને ન જવું. ઘામાંથી વહેતું લોહી બંધ કરવાની પ્રાથમિક સારવારની આવડત તો દરેકને હોવી જ જોઈએ.

(ચાલુ)

હૉલોગ્રાફી

સુશ્રુત પટેલ

ટૉમસ વેજવૂડે ઈ.૧૮૦૯માં ફોટોગ્રાફીની દિશામાં દ્વાર ખોલ્યાં. ફ્રેન્ચ વિજ્ઞાની નિપેસે એમાં પ્રકાશ-સંવેદિત કાગળ વાપર્યો ત્યાર પછી તેના વિકાસમાં ભરતી આવી. અંગ્રેજ વિજ્ઞાની આર્ચરે ઈ. ૧૮૫૧માં, આજે જેને આપણે 'નૅગેટિવ' કહીએ છીએ તેનો સૌપ્રથમ ઉપયોગ કર્યો અને આજની ફોટોગ્રાફીની આખી પ્રક્રિયા શોધી. પછી તો કૅમેરાના અનિવાર્ય અંગરૂપે ગણાતો 'લેન્સ' જેમજેમ સુધરતો ગયો તેમતેમ આ કળા વધુ જીવંત ને ચેતનવંતી બનતી ગઈ.


ત્યારથી ફોટોગ્રાફીમાં અવિરતપણે અવનવા પ્રયોગો થતા રહીને એમાં હવે 'હૉલોગ્રાફી'નો ઉમેરો થયો છે, જે 'લેન્સવિહીન ફોટોગ્રાફી' કે 'લેસર દ્વારા ફોટોગ્રાફી'' તરીકે પણ ઓળખાય છે. જોકે એમાં સામાન્ય ફોટોગ્રાફી કરતાં કંઈક વિશેષ છે; અને અમુક અંશે એમાં લેન્સનો ઉપયોગ તો થાય છે જ; એટલે એને હૉલોગ્રાફી કહેવી વધુ ઉચિત છે.

'હૉલો' (Holo) શબ્દ મૂળ ગ્રીક. તે 'olos'માંથી ઊતરી આવ્યો છે, જેનો અંગ્રેજી પર્યાય થાય 'whole'; ગુજરાતીમાં 'સંપૂર્ણ'. આમ, હૉલોગ્રામ એટલે એક એવું અંકન (ચિત્ર), જેમાં વસ્તુની કે વ્યક્તિની સંપૂર્ણ લંબાઈ, પહોળાઈ તથા જાડાઈનો આભાસ થાય (ત્રિ-પરિમાણીય અંકન). પણ આ અંકન કેટલીક લહેરો, પંક્તિઓ તથા વિવિધ આકારની વક્ર રેખાઓમાં પુરાએલું હોય છે, જેમ કોઈ સ્ટેનોગ્રાફર યા અખબારનો ખબરપત્રી થોડા જ લીટાઓમાં સાંભળેલા ભાષણને દોરીને, પુનઃ લગભગ વક્તાની જ ભાષામાં પ્રકટ કરી શકે છે, એવી રીતે હૉલોગ્રામમાં અંકિત થએલી છાપને પુનઃ ચિત્રરૂપે ઉત્પન્ન કરી શકાય છે.


આમ તો ઇંગ્લંડની ઇમ્પિરીઅલ કૉલેજ ઑાવ સાયન્સ ઍન્ડ ટૅકનૉલૉજીના ડેનિસ ગૅબૉર (Dennis Gabor)ને હૉલોગ્રામનો ખયાલ આજથી વીસ વર્ષ પહેલાં આવ્યો હતો, પણ આ દિશામાં પ્રાયોગિક સફળતા તો મળી હમણાં—છેલ્લાં ત્રણ વર્ષથી. એનો બધો યશ લેસરને (જુઓ, 'કુમાર' અંક ૪૮૧) છે. મિશિગન યુનિવર્સિટી વિદ્યુત્ મંડળના ઑાપ્ટિક ઍન્ડ રડાર લેબૉરેટરીના અધ્યક્ષ ઍમેટ લીથ (Emmett Leith) અને જ્યુરિસ અપટ્નિક્સ (Juris Upatnicks) નામના સંશોધક ઇજનેરે ગૅબૉરના વિચારને અમલમાં મૂક્યો. એમણે લેસર-કિરણો તથા બે-કિરણાવલીઓના વ્યતિકરણ (interferance થી સૌપ્રથમ હૉલોગ્રામ તૈયાર કર્યા. એ પછી એક બીજું મહત્ત્વનું પગલું ભર્યું મિશિગનની ઈલેક્ટ્રો-ઑાપ્ટિક લેબૉરેટરીના અધ્યક્ષ જ્યૉર્જ સ્ટ્રોક (George Stroke) તથા બેલ ટેલિફોન લેબૉરેટરીના કીથ પેનિંગ્ટન (Keith Pennington) અને લૉરેન્સ લિન (Lawrence Lin) નામના વૈજ્ઞાનિકોએ. એમણે સૌપ્રથમ રંગીન હૉલોગ્રામ તૈયાર કર્યો.

સામાન્ય પ્રકાશના તરંગો, જેમ કે સૂર્ય તથા વિદ્યુત્ ગોળાનો સાત રંગોના મિશ્રણથી બનેલો, પ્રકાશ અવ્યવસ્થિત અને અસંગત (incoherent) હોય છે. એમાં બધી જ તરંગ-લંબાઈનાં મોજાં હોય છે. આ કિરણો ગમે તે દિશામાં વિકિરણ પામીને ચોમેર પ્રસરી જાય છે. જ્યારે લેસર-કિરણના તરંગો, એથી ઊલટું, નિયમિતતાથી એના કિરણ-જૂથ સાથે ડગ માંડે છે (temporal coherence) તે અતિશય તીવ્ર હોવાથી કોઈ પણ એક બિંદુ ઉપર તેમનો મારો (spatial coherence) કરી શકાય છે. વળી, લેસર પુંજનાં બધાં જ કિરણો એકસરખી જ આવૃત્તિ (frequency) ધરાવતાં હોઈ આ પ્રકાશ એક જ રંગનો—એકવર્ણી (monochromatic) હોય છે.

લેસરના તરંગો એકમેકને સમાંતર હોઈ તેમાં બે તરંગો વચ્ચે થોડી જગ્યા રહે છે. હવે, જો એક લેસર-પુંજ સાથે ૪૫ અંશનો કોણ બનાવતાં એટલી જ આવૃત્તિવાળા બીજા લેસર-પુંજને (યા એ જ પુંજને પરાવર્તિત કરીને) ફેંકવામાં આવે—તો એમની વચ્ચે એકસરખી ખાલી જગ્યા ધરાવતાં નાનાં ખાનાં રચાશે. હૉલોગ્રામ આ નાનાં ખાનાંઓની છાપ—વ્યતિકરણ, પોતા ઉપર ઝીલી લે છે. હૉલોગ્રામ પાછળનો સિદ્ધાંત કાંઈક આમ મૂકી શકાય: પળની મુસાફરી કરતાં (કાલાંતર) પ્રકાશનાં કિરણોના વ્યતિકરણની ભાત (patterns)ને એક પ્લેટ ઉપર અંકિત યા સ્થગિત કરી દેવાય અને ત્યાર બાદ, અનુકૂળ સમયે તેમને




X અને X સહાયક વ્યતિકરણ: બે શૃંગ યા બે ગર્ત
X બિનાશક વ્યતિકરણ
એક શૃંગ અને એક ગર્ત યા એક ગર્ત, એક શૃંગ




શાંત પાણીમાં બે કાંકરી નાખતાં રચાતાં કુંડાળાંનાં આગળ વધતા તરંગો એકબીજાને છેદે છે. આ બંને તરંગોની મેળવણીના સ્થાને થતા વ્યતિકરણને સમજાવતી આકૃતિઓ. જમણી બાજુ (૧) સહાયક વ્યતિકરણ અને (૨) વિનાશક વ્યતિકરણ.

૧. હૉલોગ્રામ:નિર્માણક્રિયા



૨. હૉલોગ્રામ: પુનર્નિર્માણક્રિયા



બંને આકૃતિઓમાં → નિશાન પ્રકાશની દિશા દર્શાવે છે.

પુનઃ મુસાફરી માટે છોડવામાં આવે એ વખતે (મૂળ વસ્તુની હયાતી ન હોવા છતાં) એનું આબેહૂબ પ્રતિબિંબ ઉપસ્થિત થાય છે!

હૉલોગ્રામ કેવી રીતે તૈયાર થાય છે, તે સમજતાં પહેલાં વ્યતિકરણ શું છે, તે સમજી લઈએ. તમે કદી સરોવરના શાંત પાણીમાં, એકબીજાથી થોડે અંતરે બે પથ્થર નાખ્યા છે ખરા ? આ બંને પથ્થરો દ્વારા રચાએલાં કુંડાળાંનો ઘેરાવો ધીરેધીરે વધતો જાય છે. આખરે એ બંનેના તરંગો એક સ્થાને એકમેકને છેદે છે. આ બંને તરંગોની એ મેળવણી કે ઉમેરાને વ્યતિકરણ તરીકે ઓળખવામાં આવે છે. આવું વ્યતિકરણ ધ્વનિ, પ્રકાશ વગેરેના તરંગોમાં પણ સંભવી શકે. વ્યતિકરણ બે પ્રકારનાં હોય છે. જે સ્થાન આગળ એક તરંગનું શૃંગ (crest) અથવા ગર્ત (trough), બીજા તરંગના અનુક્રમે શૃંગ અથવા ગર્ત પર સંપાત થાય ત્યારે એને સહાયક વ્યતિકરણ (constructive interference) કહેવાય છે. આવી સ્થિતિમાં પથ્થર નાખેલા સ્થાન જ્યાં સુધી કંપતા રહેશે ત્યાં સુધી આ વિસ્તાર પણ કંપતા રહેશે. હવે, જે સ્થાને એક તરંગનું શૃંગ કે ગર્ત, બીજા તરંગના અનુક્રમે ગર્ત કે શૃંગ પર સંપાત થાય, ત્યારે એને વિનાશક વ્યતિકરણ (destructive interference) કહેવાય છે. આ સ્થાને પાણી શાંત રહેશે.

કોઈ પણ પદાર્થનો હૉલોગ્રામ તૈયાર કરવા માટે, એ વસ્તુ ઉપર લેસર-કિરણોની ઝડી એવી રીતે વરસાવવામાં આવે છે, કે જેથી એમાંનાં કિરણોનો થોડો ભાગ એ વસ્તુ સાથે તથા બાકીનો ભાગ એ વસ્તુની પાસે મૂકેલા એક અરીસા ઉપર પડીને પરાવર્તન પામે. આ બન્ને પરથી પરાવર્તિત થએલાં કિરણપુંજો વચ્ચે વ્યતિકરણ રચાય છે. આ રચાએલા વ્યતિકરણને એક ફોટોગ્રાફિક પ્લેટ ઉપર ઝીલી લેવાય છે. પદાર્થનો દરેક કણ પોતાના ઉપર પડેલા પ્રકાશને ફોટોગ્રાફિક પ્લેટ ઉપર પરાવર્તિત કરે છે. પ્રકાશ-સંવેદિત આ પ્લેટ ઉપર પદાર્થનું વ્યતિકરણરૂપ, અર્થાત્ નાનાં ખાનાં, રેખાઓ, વૃત્તો, વાંકીચૂકી લહેરીઓ વગેરે અંકિત થઈ જાય છે. આ ફોટોગ્રાફિક પ્લેટ તે 'હૉલોગ્રામ.' જેમાં વસ્તુનું કદ, લંબાઈ, પહોળાઈ વગેરેનો સંપૂર્ણ હેવાલ ભંડારાએલો છે. હૉલોગ્રામને તૈયાર કરવાની ક્રિયાને 'નિર્માણ-ક્રિયા' કહેવાય છે.

રસપ્રદ હકીકત એ છે કે હૉલોગ્રામ પોતે કોઈ પણ પ્રકારની નેગેટિવ ધરાવતું નથી. એમાં અનેક વિવિધાકાર, અજ્ઞાત ભાત પડે છે. આજે તો આપણા સામાન્ય કૅમેરાની ફિલ્મના જેવા જ સંમિશ્રણ (emulsion) ઉપર હૉલોગ્રામ લેવાય છે. પણ ભવિષ્યમાં થર્મોપ્લાસ્ટિક, પ્રકાશ-સંવેદિત સ્ફટિકો (ક્રિસ્ટલ્સ) વગેરેનો એમાં ઉપયોગ થવાની શક્યતા છે. આવા પદાર્થો વપરાવાથી અત્યારે એક હૉલોગ્રામમાં સાત કે આઠ જુદી જુદી માહિતી સંગ્રહી રખાય છે, તેને સ્થાને હજારો ચિત્રો કે માહિતી સંગ્રહી શકાશે. ઝેરોસ કૉર્પોરેશને તાજેતરમાં જ થર્મોપ્લાસ્ટિક પદાર્થોનો ઉપયોગ કરવાની જાહેરાત કરી છે.

હૉલોગ્રામને નરી આંખે જોવાથી, આપણે ક્યારે પણ કહી શકીએ નહિ કે એના પર શાની છાપ હશે. જેવી રીતે કોઈ ગાયકના ગીતની રેકૉર્ડને આપણે એની ઉપરની ઝીણી લીટીઓના ખાડા-ટેકરા જોઇને કહી શકીએ નહિ કે એ ગીતના બોલ શા છે, બરાબર એવી જ રીતે સૂક્ષ્મદર્શક યંત્રમાં જોતાં પણ હૉલોગ્રામ શાનો છે, તે જાણી શકાય નહિ. આમ જેમ ટેઈપ-રેકૉર્ડની પટ્ટીનો પ્રત્યેક કણ ધ્વનિની ચુંબકીક અસર હેઠળ આવીને, એ જ ધ્વનિનો પ્રતિરૂપ અવાજ પેદા કરે છે; બરાબર એવી જ રીતે હૉલોગ્રામ પ્લેટના પ્રત્યેક કણ, વસ્તુના ગુણધર્મો (આકાર વગેરે) પંક્તિઓ, રેખાઓ વગેરેના રૂપમાં સંગ્રહિત કરી રાખે છે.

હૉલોગ્રામ ધીરેથી અથવા અતિઝડપની એમ બે પ્રકારે લઈ શકાય છે. ધીરેથી લેવા માટે આર્ગોન કે હેલિયમ લેસરનો ઉપયોગ થાય છે. ઝીણી વિગતો એકત્રિત થઈ શકે તે માટે દીર્ઘ ઉઘાડ (exposure)ને માટે આવશ્યક એવી, ઉચ્ચ-વિભેદન (high-resolution) ફિલ્મની જરૂર પડે છે. અત્યારે એ માટે 'કોડાક : ૬૪૯' ફિલ્મની પ્લેટનો ઉપયોગ થાય છે. અતિ ઝડપ માટે માણેક (ruby), Q-switched વગેરે જેવા લેસર વાપરવામાં આવે છે. આવા લેસર, એક સેકન્ડના હજારમા ભાગની અંદર તો બે ઉઘાડ (exposure) બનાવી શકે છે.

હૉલોગ્રામમાંથી પુનઃ વસ્તુની ત્રિ-પરિમાણ પ્રતિબિંબ મેળવવાની ક્રિયાને પુનર્નિર્માણ (Reconstruction)ની ક્રિયા કહેવામાં આવે છે. આ માટે પહેલાં, નિર્માણ-ક્રિયા વખતે વાપરેલાં લેસર-કિરણોને જ હૉલોગ્રામ પ્લેટ ઉપર ફેંકવામાં આવે છે, જેમાંથી બે પ્રતિબિંબ મળે છે : એક વાસ્તવિક (સાચું) અને બીજું આભાસી. વાસ્તવિક પ્રતિબિંબને પડદા ઉપર મેળવીને જોઈ શકાય છે; પરંતુ આભાસી પ્રતિબિંબને એક લેન્સની યોગ્ય ગોઠવણથી હવામાં અધ્ધર લટકતું જોઈ શકાય છે. આ પ્રતિબિંબ ઘણું જ રહસ્યમય લાગે છે. એ ત્રિ-પરિમાણ (3-D) બિંબ હોય છે, અને એને જોતાં જાણે મૂળ વસ્તુ જોતા હોઇએ એટલો તાદૃશ આભાસ ઊભો થાય છે.

અહીં એક બાબત યાદ રાખવા જેવી છે. લેસર સાથે કાર્ય કરતાં માનવીની આંખને નુકસાન ન થાય એટલા સારુ પોલેરાઈડ્ઝ ચશ્માં પહેરવાં પડે છે, જ્યારે હૅાલોગ્રામના ત્રિ-પરિમાણ પ્રતિબિંબને જોવા માટે આવાં કોઈ પણ પ્રકારનાં ચશ્માંની જરૂર રહેતી નથી, કારણ કે આ પ્રકારનું બિંબ તેની પ્રાકૃતિક સુંદરતા હોવા છતાંય તે માત્ર આભાસી પ્રતિબિંબ છે. આથી હૅાલોગ્રામનો ઉપયોગ ટેલિવિઝનમાં કરવાનું પણ હવે વિચારાઈ રહ્યું છે.

એક વાર અંકિત કર્યા પછી હૅાલોગ્રામની પ્લેટ પર ફરી ફરીને છથી સાત વાર જુદાંજુદાં અંકનો કરી શકાય છે. એ માટે પ્રત્યેક અવસ્થામાં હૅાલોગ્રામ-પ્લેટનો કોણીય વળાંક તથા લેસર-કિરણોની તરંગ-લંબાઈ વગેરે યાદ રાખવાં જોઇએ. પુનર્નિર્માણની ક્રિયામાં એ જ તરંગ લંબાઈનાં લેસર-કિરણો એ જ કોણની હૅાલોગ્રામ પ્લેટ ઉપર ફેંકવાથી મૂળ ચિત્ર ત્રણ પરિમાણમાં દેખાશે. જેમજેમ કોણ બદલાતો જશે, તેમતેમ એકના બદલે બીજા અંકનની વસ્તુઓ સ્પષ્ટ થતી જશે.

રંગીન હૅાલોગ્રામ મેળવવા માટે નિર્માણ-ક્રિયા વખતે બે વિભિન્ન રંગોનાં લેસર-કિરણો વસ્તુ ઉપર ફેંકવામાં આવે છે; તથા પુનઃનિર્માણની ક્રિયામાં સામાન્ય કિરણોનો ઉપયોગ થાય છે. આ સાધારણ કિરણો જ એમાં કારગત નીવડે છે, કારણ કે એમની તરંગ-લંબાઈ નિર્માણ-કાર્યમાં કામ આપનાર લેસર-કિરણો જેટલી જ હોય છે. આ માટે હાલમાં આર્ગોન-લેસર તથા હેલિયમ–નિયોન–લેસર–પુંજ વપરાય છે.

એક વાર હૅાલોગ્રામ તૈયાર થઈ ગયા પછી એની જોઇએ તેટલી કૅાપી કરી શકાય છે. આ માટે હાલમાં બે પદ્ધતિઓ છે.

હૅાલોગ્રામનો પ્રત્યેક કણ, વસ્તુના પ્રત્યેક કણથી વિકીર્ણ પ્રકાશની રાસાયણિક ક્રિયાથી બનેલો હોય છે, પરિણામે હૅાલોગ્રામનો પ્રત્યેક ટુકડો (જો એને કાપીને કકડા કરવામાં આવે તો) એક સ્વતંત્ર ને સંપૂર્ણ હૅાલોગ્રામ પ્લેટની જેમ જ વર્તશે. આ રીતે પ્લેટના પ્રત્યેક કણની પ્રતિબિંબ ઉપસાવવાની ક્રિયાને કે ગુણધર્મને 'ghost imaging' કહેવાય છે. અલબત્ત, જેમ હૅાલોગ્રામના ટુકડા નાના થતા જાય, તેમ એમાંની વિગતો વધુ અસ્પષ્ટ બનતી જાય ખરી.

કૅાપી કરવાની બીજી પદ્ધતિ બેલ ટેલિફોનના લિને શોધી છે. આમાં, મૂળ હૅાલોગ્રામની પાછળ એક નવી ફિલ્મની પટ્ટી મૂકવામાં આવે છે. પછી લેસર-કિરણોને હૅાલોગ્રામ ઉપર નાખતાં, એ કિરણો એમાંથી પસાર થઈ, એવી જ ભાત, એની પાછળની ફિલ્મની ઉપર પાડે છે.

આજે એકલા અમેરિકામાં જ લગભગ સો જેટલી પ્રયોગશાળાઓમાં હૅાલોગ્રામ વિકાસ ને સંશોધન પાછળ લાખો રૂપિયા ખર્ચાઈ રહ્યા છે. રોજેરોજ અનેક ઉદ્યોગોમાં તેનો ઉપયોગ વધી રહ્યો છે.

કોઈ મોટા પુસ્તકાલયનાં બધાં જ પુસ્તકોની ક્રમવાર સૂચિ તથા બધાં જ પુસ્તકોમાં છપાએલી બધી જ સામગ્રી એક જ હૅાલોગ્રામમાં સંઘરી શકાય. અનેક નકશાઓ, ખાનગી દસ્તાવેજો, સંશોધન-પત્રો, મૂળ પત્રો વગેરેના પ્રકાશ-લેખ (ફોટોસ્ટેટ કૅાપી) કરવાની ક્રિયા મોંઘી તો છે જ, લાંબી ને કંટાળાભરેલી પણ ઓછી નથી એને સ્થાને હૅાલોગ્રામ વધુ ઉપયોગી સિદ્ધ થયો છે.

સંકેતલિપિ-વિવરણ (કૅાડ-લૅંગ્વેજ)માં કોઈ ખાનગી સમાચાર યા બાતમી મોકલવા માટે તો એ અતિશય ઉપયોગી થઈ પડશે. જ્યાં સુધી દુશ્મન હૅાલોગ્રામની નિર્માણ-ક્રિયામાં વપરાએલા લેસર-તરંગની લંબાઈ તથા હૅાલોગ્રામને વળાંક આપીને બનાવેલો કોણ જાણતો ન હોય ત્યાં સુધી હાથમાં હૅાલોગ્રામ હોવા છતાં એને તેમાંનો સંકેત અજ્ઞાત જ રહેશે. એક માન્યતા અનુસાર આના ઉકેલ માટે નિષ્ણાતોને સતત દસ વર્ષ સુધી કાર્ય કરવું પડે! જો હૅાલોગ્રામના નિર્માણ-કાર્ય વખતે કાચની એક સાધારણ પ્લેટ લેસર-કિરણોના માર્ગમાં એવી રીતે રાખવામાં આવે કે જેથી તે પદાર્થ અને હૅાલોગ્રામની વચ્ચે રહે, તો એથી એ કિરણોના સમયમાં ફેર આવવાથી હૅાલોગ્રામની બનાવટમાં એક વિશિષ્ટ એવો ફેરફાર થઈ જશે, અને પરિણામે જ્યાં સુધી એ જ કાચનો ઉપયોગ કરવામાં ન આવે ત્યાં સુધી પુનર્નિર્માણ શક્ય બનશે નહિ. ઉષ્ણતામાનથી સહેજ પણ પ્રસરણ પામે, તો આ કાચ એ કામ માટે બિનઉપયોગી સાબિત થશે. વળી આ જ બનાવટનો અન્ય કોઈ કાચ પણ વાપરી ન શકાય.

હૅાલોગ્રામથી યંત્રની કાર્યક્ષમતા પણ સહેલાઈથી તપાસી શકાય છે. સૌપ્રથમ નવા યંત્રનો (ધારો કે પોતાની ધરી પર ફરતા પૈડાનો) હૅાલોગ્રામ તૈયાર કરવામાં આવે છે. ત્યાર પછી થોડો સમય બાદ એની કાર્યક્ષમતા તપાસવા માટે જ્યારે એને ફરી લાવવામાં આવે, ત્યારે ફરીથી એક બીજો હૅાલોગ્રામ તૈયાર કરવામાં આવે છે. હવે, પહેલાના તથા પછીના બંને હૅાલોગ્રામ એકી સાથે ચિત્રિત કરવામાં આવે છે. જો બંનેના વ્યતિકરણથી પડદા ઉપર કોઈ નવી ભાત (patterns) રચાય નહિ, તો એમ માનવામાં આવે કે યંત્રની (અહીં પૈડાની) કાર્યક્ષમતા હજી એવી ને એવી છે. આમ, યંત્રને એની કાર્યક્ષમતા જાણવા ખોલવું પડતું નથી. આ પદ્ધતિથી જેટ-પ્લૅનના યંત્રોના નાનાનાના ભાગોની અલગ-અલગ ચકાસણી કરવાની ઝંઝટ દૂર થઈ છે.

જાસૂસીખાતામાં તો હૅાલોગ્રામે નવી જ દિશાનાં દ્વાર ખોલ્યાં છે. એનાથી કીટાણુઓના વિશ્લેષણમાં પણ હૅાલોગ્રામ ઉપયોગી સાબિત થયો છે. સૂક્ષ્મદર્શક સાથે હૅાલોગ્રામનો ઉપયોગ કરતાં કીટાણુના જીવન વિષે નવી માહિતી મેળવી શકાય. એનાથી તદ્દન મૂળ જેવા જ સમ્મોચ્ચ નકશા (contour maps) બનાવી શકાય છે. એનાથી અવકાશના ઊંડાણના ટેલિસ્કોપિક ફોટો પાડી શકાશે, અને એમાં સમય પણ ઓછો જશે. ચિત્રકળામાં પણ એનાથી ઉત્ક્રાંતિ લાવી શકાય. કેલિડોસ્કોપની જેમ એમાંથી અનેક વિવિધ પ્રકારના રંગોની મેળવણીવાળાં ચિત્રો બનાવી શકાય. ફરીથી લેવાનું અશક્ય બની રહે એવા વૈજ્ઞાનિક ફોટોગ્રાફ કે વિમાન યા સેટેલાઇટમાંથી કરેલી ફોટોગ્રાફીમાં કદાચ કોઈ કારણસર નેગેટિવ જો આઉટ ઑાવ ફૅાકસ થાય તો બધી જ મહેનત અને ખર્ચ એળે જાય. પણ અમેરિકન ઇલેક્ટ્રિકલ એન્જિનીઅર જ્યૉર્જ સ્ટ્રૅાકે હૅાલોગ્રાફીની સહાયથી કરેલાં સંશોધનોને પરિણામે આવી આઉટ ઑાવ ફૅાકસ નેગેટિવ પરથી પણ સ્પષ્ટ ચિત્ર મેળવવાની દિશામાં કેટલેક અંશે સફળતા મળી છે. અને આ ક્ષેત્રે સંપૂર્ણ સફળતાની પૂરતી શક્યતા છે. ⌀

અનુસંધાન] **સત્યનો પ્રયોગ** [પૃ. ૨૧૫થી

મંગી : અમારામાં, બે, તમારા જેવું નૈં. જે ખેલડાં બંધાણાં હોય ઈ જ સાચાં. ને ચામડીના રંગ તો કાલ ફટકી જાય રુદિયાનો રંગ જ...

પલ્લવી : સમજ્યાં એ તો. તું વાત આગળ ચલાવને. હં...તું નવી પરણેલી, ને ભીખલાના બાપ કાજળરંગે, પછી ?

મંગી : પછી શું ? એક વાર મેળાના ટાણે ભીખલાનો બાપ તો બનીઠની થ્યો તિયાર. માથે લાલચટક ફેંટો, ગળે લીલો રૂમાલ, આંખમાં કાજળ ને કાળો વાસકોટ. એનો રંગ બેન એવો કે મૂઆને કૈં દીપે જ નંઈ. મને કે' 'એઈ, હું કેવો લાગું છું ?'

પલ્લવી : તે...પછી તેં શું કહ્યું ?

મંગી : મેં તો બેરાબ જે સાચું હતું તે જ કહી દીધું. મેં કીધું : 'મૂઆ ! તાબૂતના વાઘ જેવો વહરો લાગ છ.'

પલ્લવી : વાહ બે, ખૂબ કરી... (હસે છે)

મંગી : પણ પલ્લવીબેન ! એ સાંભળતાં વાંત મૂઆનો પિત્તો એવો ખસી ગયો કે મારાં હાડકાંપાંસળાં ભાંગી નાંખ્યાં ! મેળો મેળાને ઠેકાણે રહ્યો, બેન, ને મારફૂટ કરી નાખી... ને છો મહિના સુધી મૂઆએ અબોલા લીધા તે તો છોગામાં...આ તે દિ'થી આપણે તો બે કાનની બૂટ પકડી છે, કે મર ઘરનું માણસ હોય, તો ય સાવ સાચુ તો કે'વું જ નંઈ !

પલ્લવી : હવે તને પૂછે કે 'કેવો લાગું છું' તો તું શું કહે છે ?

મંગી : હવે તો બે ! હું ફટ દઈને કઈ દઉં છું : 'ઓહોહો ! રૂપાળો ચદરમા જેવો દેખાય છે...આ વેશ તને શો ભળે છે ! શો ભળે છે ! મારા ગળાના હમ, કયાંક મારી જ નજર તને લાગી જશે. અલ્યા ગાલે એક મેશનું ટપકું કરતો જા, નંઈ તો નજરાઈ જઈશ.'

પલ્લવી : (હસીને) આવું રૂપાળુ જુઠાણું સાંભળી તારો વર ખુશખુશ થઈ જતો હશે, નહિ ?

મંગી : હાસ્તો બેરાબ ! એટલે જ હું તમને કહું છું કે મારું ગરીબનું માનો ને આવો અખતરો રહેવા દે. ! પલ્લવીબેન ! માનવી માતરને સાચી પણ કડવી વાત ગમતી નથી. આ મને ય આપણાં કુંતલબેનનો ઠસ્સો ને તોછડાઈ, ને ફાગુણીબેનના ચાળા પસંદ નથી; પણ મોઢે કંઈ કે'વાય છે ?

પલ્લવી : મનમાં હોય તે બધું જ જરા ય છુપાવ્યા વિના કહી નાખવાનું કામ સત્યના ઉપાસકને કરવું જ પડે, મંગી ! હું આ ચોવીસ કલાક માટે એવી સત્ય ઉપાસક બની છું, એટલે મારે તો 'હૈયે તેવું હોઠે' લાવવું જ પડશે. પછી ભલે ગમે તે થાય.

મંગી : પ...ણ પલ્લવીબેન ! તમારે બેરાબ આવું વરત લેવું હોય તો બીજે કોઈ દા'ડે લેજો. આજે...

પલ્લવી : આજે કેમ નહિ ?

મંગી : આજે તમારી વરસગાંઠ છે. ઊજમકાકી આવવાનાં છે. તમારું જેની સાથે વેશવાળ થયું છે એ પરિમલદાસ ને એમના ઘરનું ય કો'ક આવશે. એ બધાં આવે, ને તમે નકરું સાચું જ બોલવા માંડો...બેરાબ કૈં ન થવાનું થઈ બેસે. હસવામાંથી હાણ થતી'કને ઊભી રે'તા વાર ના લાગે, બેન !

પલ્લવી : મેં એ બધો ય વિચાર કર્યો છે મંગી ! અને આ પ્રતિજ્ઞા મેં હસવા ખાતર હળવા મને નથી લીધી. આ મારી પ્રતિજ્ઞાની સાચી કસોટી થાય એટલા માટે જ મેં આજનો દિવસ જાણી જોઇને પસંદ કર્યો છે, સમજી ?

મંગી : તમે ખોટી હઠ કરો છો પલ્લવીબેન ! આનું પરિણામ બેરાબ...

પલ્લવી : પરિણામની કલ્પના હું કરી શકું છું મંગી ! પણ મને એની પરવા નથી.

મંગી : તમે હજુ તો જરીક સાચું બોલ્યાં ત્યાં તો કુંતલબેન ને ફાગુણીબેન...

પલ્લવી : મારા પર કેવાં ઊકળી ઊઠ્યાં તે મેં જોયું. અરે ગાંડી ! એ તો હજુ પાથેરામાં પહેલી પૂણી છે. સત્યનો માર્ગ અગ્નિકસોટીનો માર્ગ છે, અસિધારા વ્રત છે. ડરતાં-ગભરાતાં એ માર્ગે ચાલી શકાય નહિ. એમાં તો ખમી ખાવાની ને મરી ખૂટવાની તૈયારી જોઇએ. એવી તૈયારી સાથે જ મેં આ પ્રયોગ આરંભ્યો છે. તું મારી ફિકર ન કરીશ મંગી... કોઈ પણ પરિણામ માટે હું......

[હાથમાં ફૂલગજરો ને ભેટનું પૅકેટ લઈ વર્ષા પ્રવેશે છે]

વર્ષા : આવું કે ભાભી ?

પલ્લવી : કોણ ? ઓહો ! વર્ષાબેન ? આવો, આવો.

વર્ષા : (ભેટીને) સાલગ્રેહ મુબારક, ભાભીસાહેબ ! Many many happy returns of the day (લટકાથી) સો વરસનાં થાવ...

મંગી : (વચ્ચે) ને આડીવાડી વધારો.

વર્ષા : (નજર પડતાં) અરે મંગી ! તું પણ અહીં જ છે કે ?

મંગી : બેરાબ, વર્ષાબેન, અમે તો છીએ સ્તો ! પણ નણંદબાની આંખો ભાભીને જોઇને ધરાય ત્યારે અમને જુએને ? તે હેં વર્ષાબેન...પરિમલદાસ નથી આવ્યા ?

વર્ષા : (હસી પડે છે) પરિમલદા...સ ! ભાઇના આવા સરસ નામને તું કેવું બગાડી મૂકે છે મંગી ! અલી, એ લાલ ને દાસના જમાના ગયા હવે હ...પલ્લવીભાભી ! પરિમલભાઇને આજે ઓચિંતું કવિમિલનમાં જવાનું થયું એટલે એમણે આ ભેટ લઈ મને મોકલી. ભાઈ પોતે સાંઝેકના આવી જશે કેમ ! ખુશ ને ?

મંગી : નણંદબાને ભાભીને ખુશ કરવાની કેવી તાલાવેલી છે !

વર્ષા : તે હોય જ ને ! પલ્લવીભાભી પરણીને આવશે પછી એમના આપેલા રોટલા અમારે ખાવા પડશે, બે ! અત્યારથી ખુશ રાખ્યાં સારાં...કેમ ભાભી ?

પલ્લવી : ના રે, વર્ષાબેન ! તમે એવાં જબરાં ને ઝગડાખોર છો કે ભલભલાના હાથમાંથી રોટલા ઝૂંટવી લ્યો ! ત્યાં મારું શું ગજું ?

વર્ષા : (ચમકીને) હેં ? આ શું બોલો છો ?

મંગી : (સાચવી લેતાં) અમારાં પલ્લવીબેન કૈં જાય એવાં છે ? જોઈ, કેવી મશ્કરી કરી ? !

વર્ષા : (હસી પડી) અરે ! આ મશ્કરી હતી ? હું તો લે એવી ડઘાઈ ગએલી ! ભાભીસાહેબ ! તમે આજે 'લાઈટ મૂડ'માં લાગો છો, હોં ! હં...જુઓ, આ (પૅકેટ ખોલવા જાય છે.)

પલ્લવી : એ બધું પછી વર્ષાબેન ! પહેલાં એ કહો, શું લેશો ? ચા, કૉફી કે કાંઈ ઠંડું ?

વર્ષા : Anything will do, ભાભી !

પલ્લવી : તો ય ?

વર્ષા : Well, કૉફી ચાલશે.

પલ્લવી : મંગી ! તું જા ! મહારાજને કૉફી બનાવવાનું કહે.

મંગી : વારુ (જાય છે)

વર્ષા : (પૅકેટ ખોલી) ભાભી ! જુઓ આ સાડી ! પરિમલભાઇએ ભેટ મોકલી છે. કેવી છે ? રંગ ગમ્યો ?

પલ્લવી : તદ્દન કચરા જેવી ! રંગ કેવો ભડક છે !

વર્ષા : (અકળાતાં) પણ...આ તો ભાઇએ જાતે તમારા માટે પસંદ કરી છે.

પલ્લવી : પરિમલને પસંદગી કરતાં જ આવડતી નથી. He has no taste.

વર્ષા : શી વાત કરો છો, ભાભી ! પરિમલભાઈ કવિ, ને એમનામાં સૌંદર્યદૃષ્ટિ ન હોય ?

પલ્લવી : કવિમાં સૌંદર્યદૃષ્ટિ હોય જ.

વર્ષા : તો પછી ભાઈની પસંદગીને તમે કેમ વખોડો છો ?

પલ્લવી : કારણ પરિમલ કવિ નથી. પોતાની જાતને કવિ કહેવડાવવા ફાંફાં મારતો સામાન્ય માનવી છે.

વર્ષા : ભાભી ! તમને આજે થયું છે શું ?

પરિમલભાઇએ આટઆટલાં કાવ્યો લખ્યાં...

પલ્લવી : હું એને કાવ્યો નહિ, જોડકણાં કહું.

વર્ષા : તમને મારા ભાઈની કાંઈ કિંમત જ નથી. પાંચ આંગળીએ પૂજ્યા હશે તે પરિમલભાઈ મળ્યા, સમજ્યાં? (પલ્લવી મૂગી રહે છે.) કેમ બોલ્યાં નહિ? હવે કેમ ચૂપ છો?

પલ્લવી : શું બોલું વર્ષાબેન! હું બોલું છું તે તમને ગમતું નથી. એના કરતાં ન બોલવું વધારે સારું.

વર્ષા : ના! એમ ભાઈનું અપમાન કરી તમે ખસી જાવ તે ન ચાલે. હું પૂછું એનો જવાબ દો.

પલ્લવી : પૂછો.

વર્ષા : મારો ભાઈ સામાન્ય માનવી છે; એનામાં પસંદગી નથી; ટેસ્ટ નથી; એ કાવ્યો નહિ, જોડકણાં લખે છે; તો પછી એવા સાવ સામાન્ય યુવાનને તમે પસંદ શા માટે કર્યો?

પલ્લવી : ન્યાતમાં વધુ સારા મુરતિયા ન હતા તેથી.

વર્ષા : એટલે નાછૂટકે, એમ ને?

પલ્લવી : નાછૂટકે નહિ, પણ આંધળામાં કાણો સારો ગણાય એવા વ્યવહારુ ડહાપણથી.

વર્ષા : મારો ભાઈ આંધળામાં કાણા જેવો, એમ? તમને આજે થયું છે શું? ખસી તો નથી ગયું ને?

પલ્લવી : હું સંપૂર્ણ સ્વસ્થ છું. તમે જ હરફેરાઇ ગયાં છો, બેન...

વર્ષા : પાછાં મને દોષ દો છો? તમે મને સમજી શું બેઠાં છો?

પલ્લવી : તમે એક અભિમાની, ઓછી બુદ્ધિનાં અને લાડ લડાવી ફટવી મૂકેલાં દાધારંગી યુવતી છો. પોતાના ભાઈનાં ગુણગાન...

વર્ષા : (ઊભી થઈ જતાં) ચૂપ કરો, કહું છું! એક અક્ષરે વધુ બોલશો તો હું હાથ ઉપાડી બેસીશ, પલ્લવી! આવું અસહ્ય અપમાન? આવો ખુલ્લો તિરસ્કાર?! આ ઘરનું પાણી મુખમાં મારે આજથી હરામ છે. હું જોઉં છું, પરિમલ આ સંબંધ કેમ ચાલુ રાખે છે. (બોલતાં બોલતાં ઝડપથી બારણા તરફ જાય છે. મંગી કૉફીની ટ્રે લઈ અંદરથી પ્રવેશે છે.)

મંગી : અરે! અરે! ક્યાં ચાલ્યાં વર્ષાબેન? આ કૉફી...

વર્ષા : ખાળમાં રેડ તારી કૉફી! મારે આ ઘરનું...

મંગી : અરે! પણ થયું શું? ક્યાં જાવ છો? સાંભળો તો ખરાં વર્ષાબેન! મારા ગળાના સમ! એમ શું કરો છો, ભૈશાબ!

વર્ષા : હવે શું સાંભળવાનું છે? પૂછ તારાં પલ્લવીબેનને શું થયું તે... હું તો એક મિનિટ અહીં...જવા માંડે છે. (મંગી પરિસ્થિતિ સમજી જતાં, સમાલી લેતાં)

મંગી : (હાથ પકડી) ઓહો! એમ વાત છે? પલ્લવીબેને કાં'ક મશ્કરી કરી લાગે છે. એ તો આજે મશ્કરીના ચાળે ચડી ગયાં છે. સવારનાં ઊઠયાં ત્યારથી બધાંને ઉડાવે છે. વર્ષાબેન! તમે ય આટલાં ચતુર થૈને ભૈશાબ!

વર્ષા : (ધીમી પડતાં) અરે! આવી તે મશ્કરી હોય?

મંગી : હોય હવે! ભાભી નણંદની મશ્કરી નહિ કરે તો કોણ કરશે? તમે, ભૈશાબ, ચાલો અહીં આવો...બેસો.

વર્ષા : (આનાકાની કરતાં) હું તો ત્યારે બેસું, જ્યારે પલ્લવીભાભી પોતે કહે કે આ બધું ય મશ્કરીમાં બોલાયું હતું.

મંગી : (પલ્લવીને ઠોંસો મારીને ઈશારો કરતાં) લે, તે કે'શે. એમાં શી મોટી ધાડ મારવાની છે? બોલો પલ્લવીબેન! આ બધી ય મશ્કરી જ હતીને ભૈશાબ?

પલ્લવી : ના, ના, ના! આ મશ્કરી નથી. સંપૂર્ણ સત્ય છે. પૂરેપૂરા સાનભાનમાં બોલાએલું સત્ય.

વર્ષા : મંગલી! લે તાણ ઉપરાણું તારી સતની પૂંછડીનું. રાજા હરિશ્ચંદ્રનો અવતાર ખરાંને પાછાં! 'પૂરેપૂરા સાનભાનમાં બોલાએલું સત્ય!' આ સત્ય માટે તમારી આખી જિંદગી સળગાવી ન દઉં તો મારું નામ વર્ષા નહિ! સગાઈ તૂટી ગઈ છે એમ જ માનજો હા...કે'તી જાઉં છું વળી...(પૅટ પછાડી ચાલી જાય છે.)

મંગી : (પલ્લવી પાસે જઈ) પલ્લવીબેન!

પલ્લવી : હં...

મંગી : હજુ મારું કહ્યું માનો બેન, ને બગડેલી બાજી...

પલ્લવી : મંગી! પ્લીઝ! તું અત્યારે ચૂપ રહીશ? મને જરા સ્વસ્થ થવા દે...

મંગી : પ...ણ...

પલ્લવી : તું હવે જઈશ અહીંથી? એક વાર કહ્યું ને, કે મને એકલી રહેવા દે!

મંગી : પ...ણ આ કૉફી...?

પલ્લવી : લઈ જા પાછી. (મંગી ટ્રે લઈ જાય છે. પલ્લવી વિચારમાં આંટા મારે છે. રમાબેન ડોકાય છે)

રમાબેન : આવું કે પલ્લવીબેન?

પલ્લવી : ઓહ! કોણ રમાબેન? તમે અત્યારે ન આવો તો સારું.

રમાબેન : ખરાં મશ્કરાં છો. 'ન આવશો' એમ તે કહેવાઈ હશે? અને હું તો તમારી પડોશણ, ખરું કે નહિ?

પલ્લવી : તમે પડોશણ કરતાં અફસૂસ જેવાં વધારે છો, રમાબેન!

રમાબેન : (ડઘાઈ જતાં) હેં?! અફસૂસ?! (હસીને) લે તમારું ભણેલાંનું આ જ દુઃખ છે! નવાનવા તુક્કા શોધી લાવી એવી મશ્કરી કરો કે અમારા જેવાં તો ભડકી જ જાય... (બેસે છે) હું તો બે ઘડી બેસવા આવી છું.

પલ્લવી : બેસવા નહિ, ઘરની ચર્ચા લેવા, એમ કહો.

રમાબેન : (ચમકીને) ના રે બે. આપણું રામને તો એવી પારકી પંચાત ગમતી જ નથી. આ તો પરપડોશમાં કૈં થ ય, તો મારો બળ્યો જીવ જ એવો, કે એમનાં સુખદુઃખમાં ભાગ ન લઉં ત્યાં સુધી ચેન જ ન પડે. આ તમારી મંગી શ્રીનાથજી બાવાનો ફોટો લેવા આવી ત્યારથી 'આવું આવું' કરતી'તી; પણ બે ઘરના વેતરામાંથી છૂટીએ ત્યારે ટાંટિયો બહાર મૂકીએ ને?... તે હેં પલ્લવીબેન! તમારી નણંદ હમણાં કૈં ધમપછાડ કરતી જતી'તી, તે શું થયું છે એ?

પલ્લવી : તમે એવી બધી પંચાત ન કરો તો ચાલે...રમાબેન!

રમાબેન : પંચાત કરે છે મારી બલારાત! આ તો સે'જ પૂછ્યું એમાં મોઢું શાનું તોડી લો છો, મારી બે?

પલ્લવી : કેટલાંક માણસો એવાં મૂરખ હોય છે કે મોઢું તોડી લીધા વિના...

રમા : લે રાખરાખ હવે! આ જરા ભણ્યાં એટલે ચડયાં છાપરે! અમે શું મૂરખ છીએ?

પલ્લવી : માત્ર મૂરખ જ નહિ...પંચાતિયાં અને કુથલીખોર પણ ખરાં. કોનો વર કેટલું કમાય છે ત્યાંથી માંડી કોને ત્યાં કોલસાની ગુણ ક્યારે આવી ત્યાં સુધીની બધી પંચાત તમે કરો છો, રમાબેન!

રમાબેન! (છેડાઈ પડતાં) ઓ-હો-હો! શો બળો છે! પંચાતિયાં હોઈશું તો અમારે ઘેર રહ્યાં બે! તારે ઘેર નહિ આવીએ સમજી!

પલ્લવી : તમે ન આવો તો તમારી મોટી મહેરબાની રમાબેન! તમે આવો છો ને અમારું માથું પાકી જાય છે.

રમાબેન : (કેડે હાથ મૂકી) અલી! નાના મોઢે ઝાઝો લપલપાટ ના કર હવે! લ્યો! આપ્યો શિરપાવ! મને એમ, કે મા ગઈ છે બા'રગામ પેલી સભામાં, ને છોડીઓ બચારી એકલી છે, તે લાવ ખબર લઈએ; ત્યારે આ તો હડકાયા કૂતરા જેવી કેડવા આવે છે! ના ના, શો કળજગ...

પલ્લવી : (ઊભી થઈને જતાં) તમે તમારે નિરાંતે તમારી યુદ્ધકળા અજમાવો. હું મારા ઓરડામાં જાઉં છું. (જાય છે)

રમા : (પાછળ ચાળા પાડી) પંચાતિયાં છો...કુથલીખોર છો...આ ગોઠણ જેવડી છોકરીની જીભ તો જો! આ વરસગાંઠ છે અને કાકીનો વારસો મળવાનો છે, એમાં તો આંખો બાચીએ આવી ગઈ છે! શ્રીહરિ! શ્રી હરિ! શો જમાનો આવ્યો છે! (જાય છે.)

[કુંતલ અને ફાલ્ગુની સાદા ગામડિયા વેષમાં પ્રવેશે છે]

કુંતલ : ચા......લો! આપણે વેષ તો સજી લીધો ફાલુ....

ફાલ્ગુની : તમે આ વેષમાં ફની લાગો છો કુંતલબેન! ભગતડી ને વેવલી ગુજરાતણ જેવાં.

કુંતલ : એમ કે?... હં ચલ! હવે મંગી પાસે કેમ બોલવુંચાલવું એ જરા શીખી લઇએ. મંગી...ઓ...મંગી...

મંગી : (પ્રવેશી) શું કો'છો કુંતલબેન!

કુંતલ : મંગી! અહીં આવ! બેસ!...હવે અમને શીખવ.

મંગી : શું શીખવું લેશાબ!

કુંતલ : જૂનવાણી બૈરાંની એટીકેટ.

મંગી : એટલે શું લેશાબ?

ફાલ્ગુની : અરે! કાકી આવે ત્યારે કેમ બોલવુંચાલવું તે...

મંગી : બળ્યું! એમાં તે શું શીખવાનું છે? ઊજમકાકી આવે એટલે કહેવાનું 'આવો કાકીમા. જેશી કૃષ્ન.'

કુંતલ
ફાલ્ગુની } : આવો કાકીમા જય શ્રી કૃષ્ણ.

મંગી : ઉં...હું; જેશી કૃષ્ન.

કુંતલ–ફાલ્ગુની : જેશી કૃષ્ન!

મંગી : હં...બરોબર! પછી પૂછવાનું... શરીર કેમ રહે છે, કાકીમા?

કુંતલ
ફાલ્ગુની } : શરીર કેમ રહે છે, કાકીમા?

મંગી : પછી કાકી તમને પૂછશે: 'કેમ બધાં ખુશીઆનંદમાં છો?'

ફાલ્ગુની : એટલે આપણે કહેવાનું ઑફ કોર્સ, ખાઈપીને મઝા કરીએ છીએ કેમ મંગી?

મંગી : ના રે બા! એમ નો કે'વાય. કે'વાનું શ્રીનાથજી બાવાની કિરપા છે કાકીમા!'

ફાલ્ગુની : 'શ્રીનાથજી બાવાની કિરપા છે કાકીમા' કેમ,–બરોબર ને?

કુંતલ : હં...બરોબર. હવે એ તો જાણે પત્યું. પ...ણ એ ડોશીને ખુશ કરવા બીજું શું કરવાનું, હેં મંગી?

મંગી : (વિચાર કરી) બીજું તો શું લેશાબ ...હા...તમે એકાદ ધોળ શીખી લો...

કુંતલ : What? ધોળ એટલે શું?

મંગી : ધરમનાં ગીતો...ભજનો...સમજ્યાં ને?

કુંતલ : સમજ્યાં સમજ્યાં હવે! ચલ! અમને બંનેને એકાદ ધોળની થોડીક લીટીઓ શીખવી દે જોઉં...જલદી!

મંગી : યાદ તો કરવા દો લેશાબ. આ તે કૈં નળ છે કે ચકલી ફેરવો ને ધોધવો છૂટે?

કુંતલ : ભાષણ નહિ જોઈએ...જલદી કર Make haste now...

મંગી : હં...જુવો, તમે આ એકાદશીનું ધોળ શીખી લો...

કુંતલ : ઊભી રે'...ફાલુ, જરા લખી લે. ...હં, થવા દે...(મંગી ગાય છે ફાલુ લખે છે.)

ધન એકાદશી, ધન એકાદશી,
એકાદશી કરીએ તો વૈકુંઠ પામીએ...
મારે એકાદશી-વ્રત કરવું છે,
મારે ભવસાગરમાં તરવું છે... મારે૦

કુંતલ : બસ બસ! એટલું તો ઘણું છે! ફાલુ, તેં ટપકાવી લીધું છે ને? ટ્યૂન તો સહેલો છે. Let us try. આપણે જરા ગાઈ જોઇએ. મંગી તું પણ જરા ગાવા લાગ. (ત્રણે ગાય છે. રમાબેન ડોકિયું કરે છે. પ્રવેશતાં પહેલાં આજુબાજુ જોઈ)

રમાબેન : એ કોણ બેઠું છે? કુંતલબેન કે?

કુંતલ : (ધીમેથી) આ પંચાતિયણ અત્યારે અહીં કયાં ટપી? (મોટેથી) આવો આવો રમાબેન! બારણામાં કેમ ઊભાં છો?

રમાબેન : આવું તો ખરી, પણ પેલી તો અહીં નથી ને બે?

કુંતલ : પેલી એટલે કોણ?

રમા : તમારી બેનબા પલ્લવીસ્તો! ઓહોહો...શી કૅ'વાડા જેવી જીભ છે એની!

ફાલ્ગુની : તમને ય અનુભવ થઈ ગયો કે શું રમાબેન?

રમા : વાત પૂછોમા બેન! આ મેં જરા ડોકિયું ઘાલ્યું ત્યાં તો એવી ચોંટી પડી! જાણે ઝૉડ વળગ્યું. (કુંતલ ને ફાલ્ગુની હસે છે.) હું તો બે ડઘઈ જ ગઈ.

ફાલ્ગુની : આજ સવારથી એનું જરા ઠેકાણે નથી.

મંગી : એવું કૈં નથી. એમણે જરા...

રમા : તને બધે સમજાણ પડે! મને ય લાગ્યું હોં ફાલુની. ચિતભરમ થયો હોય એમ બફાટ બોલે છે બા! હં... તમે કૈં આ ધોળ ગાવા માંડયાં ને?

કુંતલ : એ તો અમસ્તું...કાકીમા આવવાનાં છે ને, એટલે...

રમા : હા...રે! એ તો બધું ય કરવું પડે બે! લાખોનો વારસો એમ કંઈ જતો કરાય છે? એ તો જેવું લાકડું તેવો છોલ.

કુંતલ : તમે લાખ રૂપિયાની વાત કહી રમાબેન! તમારા જેવાં સમજુ આજે છે કયાં?

રમા : હું તો મૂઈ પે'લેથી જ એવી કોઠાડાહી છું. આપણને તો બે, બધાયના સારામાં રસ! કોઈના બૂડામાં આપણે રાજી નંઈ. લ્યો બેસો ત્યારે! કાકી આવે ને કૈં જરૂર પડે તો કે'વડાવજો. હું એકાદ આંટો તો દઈ જઈશ. (જતાંજતાં પાછી આવી) અ...ને પેલીને જરા કબજામાં રાખજો...નકર કાં'ક દવાદારુ કરો. એવા માણસને છૂટાં મૂકાય જ નંઈ.

કુંતલ : એ હા! રમાબેન! આવજો હોં કે! (રમા જાય છે.)

કુંતલ : એક નંબરની ચોવટિયણ છે આ રમાડી. મને તો જીભ ખેંચી લેવાનું મન થાય છે!

ફાલ્ગુની : અરે જીભ શું? મને તો એનું માથું જ છૂંદી નાખવાનું મન થાય છે.

કુંતલ : Damn her! ચલ! આપણે પેલા ધોળની પ્રૅક્ટિસ કરીએ. મંગી તું તારે હવે જા. (બંને ગાય છે, ત્યાં ઊજમકાકી પ્રવેશે છે. તે થોડી વાર ઊભાં રહી સાંભળે છે. પછી —)

ઊજમકાકી : ઓહો! શું રૂપાળું ધોળ ગાય છે આ છોડીઓ...

કુંતલ–ફાલ્ગુની : આવો આવો, કાકીમા જેશી કૃષ્ન!

ઊજમકાકી : જેશી કૃષ્ન, બેન! કેમ, શારદા નથી?

કુંતલ : મમ્મી (જીભ કચડી) બા તો બહારગામ ગઈ છે, કાકીમા!

ઊજમકાકી: એમ? ભારે ફરંદી છે તમારી મા.

ફાલ્ગુની : શરીર તો સારું છે ને કાકીમા?

ઊજમકાકી : હવે તો એવુંસ્તો બેન! અમે તો હવે ઘરડાં પાન કે'વાઇએ. તમે સહુ ખુશીઆનંદમાં છો ને?

કુંતલ : (પાણી આપતાં) શ્રીનાથજી બાવાની કૃપા છે, કાકીમા!

ઊજમકાકી : પાણી ચોખ્ખું છે ને, બેન?

ફાલ્ગુની : હા રે! કાકીમા! કોરું લૂગડું પે'રી, કૂવેથી ભરી આણ્યું છે.

ઊજમકાકી : તો ઠીક બેન! (અધ્ધરથી પાણી પી) હં...(નેજવું કરી) તું સહુથી મોટી કે, બેન?

કુંતલ : હા કાકીમા! હું કુંતલ!

ઊજમ : સાસરેથી કયારે આવી બેન? જમાઈરાજ શું કરે છે?

કુંતલ : તમને મળવા જ આવી છું, કાકીમા. એમણે તમને જેશી કૃષ્ન કહાવ્યા છે.

ઊજમ : ને...તું તો સહુથી નાની, ખરું ને?

ફાલ્ગુની : હા કાકીમા! હું ફાલ્ગુની.

ઊજમ : તું શું કરે છે બેન?

ફાલ્ગુની : ભણું છું કાકીમા!

ઊજમ : શ્રીહરિ! શ્રીહરિ! આવડી મોટી થઈ તો'ય છોકરાંવ ભેગી ભણવા જાય છે?

કુંતલ : ના હોં કાકીમા! આપણી ફાલ્ગુની છોડિયો ભેગી જ ભણે છે. ને કાકીમા! એ આવડી મોટી થઈ તો ય કળજગનું તો નામ જ નહિ! નીચું જોઇને જવાનું ને નીચું જોઈને આવવાનું. કોઈ ભાયડા સામે ઊંચી આંખ જ નંઈ કરવાની, હોં કાકીમા!

ઊજમ : તો તો સારું બેન! બાકી જમાનો જ નર્યો બદલાઈ ગયો છે. ધરમ ને કરમ બધું ય નેવે મૂકીને છોડિયો હવે તો સૂંથણાં ને ખમીસ પે'રતી થઈ ગઈ છે. કેમ મોટી! તું ય પેરતી'તી ને?

કુંતલ : (લોચા વાળતાં હા...પણ...હવે ...ફાલ્ગુનીને ઠોંસો મારે છે)

ફાલ્ગુની : કાકીમા! કુંતલબેને એ બધું તો ક્યારનું ય છોડી દીધું છે. હવે તો એ ભલાં ને એમની પૂજા ભલી. વ્રત ઉપવાસ, એકાદશી એકટાણાં, ભજનકીર્તન...

ઊજમ : એ...મ?

ફાલ્ગુની : હા કાકીમા! એમણે તો ઘરમાં પૂજા પણ રાખી છે, ને મરજાદ લેવાનાં છે.

કુંતલ : એમ કરતાં ય ભવસાગર તરી જવાય તો મનખાદેહ લેખે લાગે, કેમ કાકીમા?

ઊજમ : હાસ્તો બેન! પણ હેં મોટી?

કુન્તલ : હાં કાકીમા?

ઊજમ : આ પાંચ-સાત વરસમાં તમે બંને ય બેનો ખૂબ સુધરી ગઈઓ હોં! પહેલાં તો નર્યાં ખ્રિસ્તીવેડા હતા.

કુન્તલ : શ્રીનાથજીબાવાની કૃપા ને તમારાં જેવાંના આશીર્વાદ છે કાકીમા!

ઊજમ : એ બધી ય મારા વ્હાલાની લીલા છે બેન! એની કૃપા થાય એટલે માયાની અંધારી છૂટી જ સમજો...પણ હેં મોટી... પાલુ દીકરી કેમ દેખાતી નથી? એને બોલાવ ને બેન! મારે પાછું જવું છે.

કુંતલ : અરે! એમ કાંઈ ઊભા પગલે પાછું જવાતું હશે, કાકીમા? આટલે વર્ષે આવ્યાં છો...જમી કરીને નિરાંતે...

ઊજમ : ના ના બેન! ડાકોરમાં છપ્પન-ભોગનાં દર્શન છે, એટલે મારે હમણાં જ નીકળવું પડશે.

કુંતલ : એવી ઉતાવળ લઈને શું આવ્યાં કાકીમા?

ઊજમ : શું કરું બેન! હું ખાસ તો મારા વીલ અંગે છેવટનું કૈંક નક્કી કરવા આવી'તી. આ મારું ય શરીર હવે ડખળી ગયું છે, તે હવે જે તે નક્કી કરવું સારું ને બેન?

ફાલ્ગુની! એ તો ખરુંસ્તો કાકીમા! દેહનો શો ભરોસો?

ઊજમ : સાચું કીધું દીકરી! હં...પેટછૂટી વાત કરું, મોટી, તો આ તમારા બેના ખ્રિસ્તીવેડા જોઈને મારું મન પાછું પડતું'તું; એટલે એકલી પાલુ દીકરીને જ બધુ સોંપતા જવાનો ઈરાદો હતો. પણ હવે તમે બંને ય જણ સાત્વિક વૈષ્ણવ બન્યાં દેખાવ છો, એટલે ત્રણે ય બેનો વચ્ચે સરખે ભાગે વહેંચતી જઈશ મારે તો બે, પાંચે આંગળીઓ સરખી!

કુંતલ : અમને એવી માયામાં ક્યાં નાખો છો કાકીમા, લેશાબ!

ફાલ્ગુની : પૈસો તો પાપનું મૂળ છે. ભગવત્સ્મરણ એ જ સાચું ધન. રામ રતન ધન પાયો મૈ ને, રામ રતન ધન પાયો...

ઊજમ : વાહ દીકરીઓ! તમે તો ખૂબ સમજુ થઈ ગયાં છો. પણ બેન, મિલકત હોય તે પોતાનાંને અપાય, પારકાંને થોડી આપી દેવાય છે? તમ તમારે દાન ધરમમાં વાપરજોને.

કુંતલ : તમારી આજ્ઞા. થાય એટલે સ્વીકાર્યા વિના થોડો છૂટકો છે? કેમ ફાલ્ગુની?

ફાલ્ગુની : હાસ્તો કુંતલબેન! વડીલની આજ્ઞા એટલે ભગવાનની આજ્ઞા. લ્યો, હું પલ્લવીબેનને બોલાવું. પલ્લવીબે...ન ઓ... પલ્લવીબે...ન; કાકીમા આવ્યાં છે.

પલ્લવી (પ્રવેશીને) : પ્રણામ કાકીમા! ક્યારનાં આવ્યાં છો?

ઊજમ : આ હમણાં જ આવી, બેન! બેસ (સોડમાં લેતાં) કેટલામું, ત્રેવીસમું બેઠું?

પલ્લવી : હા જી!

ઊજમ : હવે લગન ક્યારે કરવાં છે દીકરી?

પલ્લવી : થાય ત્યારે ખરાં.

ઊજમ : એમ કેમ બોલે છે? તારું વેશવાળ તો....

પલ્લવી : થએલું છે; પણ કદાચ તૂટી પણ જાય કાકીમા!

ઊજમ : ઠીકભે! તમારી જવાનિયાંની વાતો તમે જાણો. પણ પાલુ દીકરી! મેં તને કેટલે વરસે જોઈ? મને યાદ કરતી'તી કે નહિ, દીકરા?

પલ્લવી : મહિને બે મહિને એકાદ વાર તમે યાદ આવી જતાં, કાકીમા!

ઊજમ : હેં?...

કુંતલ : અમે તો તમને રોજ યાદ કરતાં, કાકીમા! નહિ ફાલુ?

ફાલ્ગુની : હા રે! નહિ નહિ તો યે દિવસમાં દસેક વાર તો ખરાં જ.

ઊજમ : પાલુ, દીકરા! આ મોટી ને આ નાની તો ખૂબ સુધરી ગઈ હોં. ધરમધ્યાન, ભજનકીર્તન બધાયમાં રચીપચી રે'તી લાગે છે. તું બેન કે વ્રતટાણાં કરે છે કે નહિ?

પલ્લવી : મને એવાં બધાંમાં શ્રદ્ધા નથી, કાકીમા!

ઊજમ : પાલુ દીકરા! તારું શરીર આજે સારું નથી કે શું? મોં જોને કેવું સુકાઈ ગયું છે!

કુંતલ : હા કાકીમા, આજ સવારથી એને...

પલ્લવી : કુંતલબેન! Don't meddle with my affaits!

ફાલ્ગુની : હવે કાકીમા આગળ આવી મ્લેચ્છ ભાષામાં ગૅાટપીટ ન કરતાં હો તો પલ્લવીબેન?

પલ્લવી : હું તારી જેમ એમની આગળ પૂંછડી પટપટાવવા ઇચ્છતી નથી, સમજી ફાલ્ગુની!

ઊજમ : અરે! પણ...તમે બેનો થઇને આમ અંદરઅંદર ઝગડો...

ફાલ્ગુની : જુઓને કાકીમા! પલ્લવીબેનને આજ કોણ જાણે શું ય થયું છે, તે આમ જેનું તેનું મોઢું જ તોડી લે છે! પહેલાં તો કેવાં ડાહ્યાંડમરાં હતાં. (નિશ્વાસ નાખી) જેવી શ્રી મહાપ્રભુજીની ઇચ્છા...

ઊજમ : પાલુ, દીકરા! મને ય તે તું બદલાઈ ગએલી લાગે છે હોં. તને શું થાય છે દીકરી; મને નહિ કે'?

પલ્લવી : મને તમારી દયા આવે છે કાકીમા!, છતી આંખે તમે આંધળાની જેમ...

ઊજમ : હરિ હરિ! શું બોલે છે તું છોકરી? મારી આવડી જિંદગીમાં મને આંધળી કે'નાર તો તું જ એક નીકળી બે.

કુંતલ : પલ્લવી! કાકીમાની મર્યાદા તારે જાળવવી જોઇએ.

ફાલ્ગુની : મોંમાં આવે તેમ ભરડો છો તે સારાં નથી લાગતાં પલ્લવીબેન! નાનાંમોટાંનો કૈં વિવેક...

પલ્લવી : તમે બધાં કેટલાં સારાં છો, વિવેકી છો, તે હું જાણું છું. દંભી, જુઠ્ઠાં, સ્વાર્થી! આવી ઘરડી ડોશીને છેતરતાં તમને શરમ નથી આવતી?

ઊજમ : આ બધું શું માંડ્યું છે તમે છોડીઓ? હું શું નાની કીકલી છું તે મને કોઈ છેતરી જાય?

પલ્લવી : તમે નાના બાળક કરતાં ય ભોળાવટ છો કાકીમા! તમારી ધર્મઘેલછા અને ભૂલણજીપણાને લીધે તમે સાચ-જૂઠ જોઈ શકતાં નથી. દંભ અને આડંબરના પડદાને ચીરી, માનવીના સાચા સ્વરૂપને ઓળખી શકતાં નથી.

ઊજમ : ચૂપ કર 'લી ચેલકા! ક્યારનાં વળી

બોલતાં નથી એટલે મોંમાં આવે તેમ બકે છે, કેમ? ના, ના, હું આંધળી! ફૂલણજી! મારાં ધોળામાં ધૂળ નાખતાં શરમ નથી આવતી?

પ૦: સાચું બોલવામાં શરમ શેની કાકીમા?

ઊજમ: મને કાકીમા કે'શ ને! આજથી તું મારી ભત્રીજી નહિ, ને હું તારી કાકી નહિ. તારા નામનું નાહી નાખ્યું મેં...જા. તને રાતી પાઈ હું પરખાવવાની નથી.

પલ્લવી: મને તમારા વારસાની લાલચ નથી.

ઊજમ: ના, ના; તને શેની હોય? તું તો રાજા જનકનો અવતાર ને? જા ટળ અહીંથી... તારું કાળું ડાચું મને બતાવીશ નહિ! મને સાઠ વરસની ઘેડીને ઠોઠીની કરી નાખી! જા હવે બે! તું તારે રસ્તે ને હું મારે રસ્તે!

પલ્લવી: એમ આકળાં શા માટે થાઓ છો? તમને ન ગમતું હોય તો આ હું ચાલી. (જાય છે.)

ઊજમ: ને મારી મિલકતની હવે રતીભારે આશા રાખશો નહિ. હોં કે...ઓ-હો-હો! સતની પૂંછડી ના જોઈ હોય તો!

કુંતલ: તમે એને ઠીક ધમકાવી કાકીમા! કોઈને ગાંઠતી જ નથી.

ઊજમ: મને તો બા! વિચારવાયુની અસર લાગે છે. શું ફાટચું ફાટચુ બોલે છે! અલી મોટી! દવાદારુ કરાવજે; નહિ તો સાવ ખસી જશે. ને છોડીની જાત, તે ભવ બગડી જશે લો ત્યારે હું ઊઠું. હે મારા નાથ. (ફોનની ઘંટડી. ફાલ્ગુની ઝડપથી ફોન તરફ જાય છે.)

ફાલ્ગુની: હલો! કોણ પરિમલભાઈ? હું ફાલ્ગુની...હા છે. હમણાં બોલાવું. પલ્લવીબેન-નો ફોન છે. પલ્લવીબે...ન! ઓ...પલ્લવીબે...ન

ઊજમ: મોટી! કોણ બોલે છે આ ભૂંગળા પર?

કુંતલ: પલ્લવીની સગાઈ જેની સાથે કરી છે ને, એ છોકરો, કાકીમા!

ઊજમ: હાયહાય બ.પ! કુંવારે માંડવે?

કુંતલ: હળાહળ કળજુગ આવ્યો છે, કાકીમા! હરિહરિ...(પલ્લવી ઝડપથી આવી ફોન લે છે. બધાં એકચિત્ત થઈ સાંભળે છે.)

પલ્લવી: હા...હું પલ્લવી...હા. વર્ષાબેન આવ્યાં'તાં. પરિમલ...તું એમ ગુસ્સે ન થા... મારી વાત તો સાંભળ...હા હા. હું ક્યાં ના કહું છું...એવું બધું મેં કહ્યું હતું પરિમલ... પણ પ્લીઝ. પરિમલ...જે મને સાચું લાગ્યું તે મેં કહ્યું. એમાં મેં શો ગુનો કર્યો? ના, ના; મેં કોઈનું અપમાન કર્યું નથી. તારું કે વર્ષાબેનનું કોઈનું નહિ. કારણ કે મેં આજે સાચું બોલવાનું નક્કી કર્યું છે. તું કેમ સમજતો નથી, પરિમલ...કે હું તને ખરેખર ચાહું છું જ વળી...હા...હા...તારામાં ટેસ્ટ હોય કે નહિ, તું કવિ હોય કે અ-કવિ, એ બધાંને આપણા સંબંધ સાથે શી નિસ્બત છે? ના...એટલો ક્રૂર ન થા, પરિમલ...મને નિરાંતે ખુલાસો કરવાની તક તો આપ...નહિ? મારું સાંભળવા પણ તૈયાર નથી? તોડી નાખવા માગે છે? પરિમલ! તું ય માટીપગો નીકળ્યો? તારાથી પણ સત્ય ન સહેવાયું? ઠીક...જેવી તારી ઇચ્છા...ના, ના, દુઃખ તો ઘણું થાય છે, પરિમલ, પણ...હું એ જ લાગની છું એમ? ઠી...ક (ફોન મૂકી ચાલવા માંડે છે.)

કુંતલ: શું હતું પલ્લવી?

પલ્લવી: કંઈ નહિ, પરિમલ સગાઈ રાખવા ઇચ્છતો નથી. (ઝડપથી ચાલી જાય છે.)

ઊજમ: હે પ્રભુ! આ છોડીને થયું છે શું? વેવિશાળ તોડી નાખ્યું?

કુંતલ: તોડી નથી નાખ્યું કાકીમા! તૂટી ગયું લાગે છે. આજે સવારે એની નણંદ આવી ત્યારે એની સાથે ય ચાંટી'તી, તે એમાંથી સળગ્યું લાગે છે. કાં ફાલ્ગુની?

ફાલ્ગુની: એમ જ લાગે છે, કાકીમા?

ઊજમ: મરશે! સહુનાં લાગ્યાં સહુ ભોગવશે. ચાલો દીકરીઓ! હું હવે જાઉં...(ઊઠે છે) ને જો મોટી...મિલકત બધી ય તમને બેને લખી દઈશ. પેલી તો વા'વેલી ય ગે છે. એવાના હાથમાં...

કુંતલ: મિલકત ન જ સોંપાય, કાકીમા!

ઊજમ: ને મોટી, તારી મા આવે ત્યારે પેલીના મગજની કૈં દવાદારુ કરવાજો બે!

કુંતલ-ફાલ્ગુની: એ હા કાકીમા! આવજો.

ઊજમ: સુખી રે'જો, ને ભવસાગર તરજો... (જાય છે. કુંતલ બારણાં સુધી જઈ આવીને)

કુંતલ: ગઈ! ડોકરી ગઈ! ફાલ્ગુ મારતાળી! લાખ્ખોનો વારસો...

ફાલ્ગુની: હિપ હિપ હુર્રરે... કુંતલબેન! ડોશીને આબાદ ઉતારી! હવે લંડન ને પૅરિસ ...મૉન્ટે કાર્લો ને હૉલિવૂડ...

કુંતલ: એ....ઈ! day dreams પછી. ચલ, આ વાત પર કૈં થઈ જવા દે, હેં!

ફાલ્ગુની: માગ માગ, માગે તે આપું! પ્રસન્નોસ્મિ! વરમ્ બ્રૂહિ! આજે તો તમારા પર બસ ખુશખુશ છું કુંતલબેન!

કુંતલ: એમ ત્યારે! અમે કૈં જેવાંતેવાં છીએ? મંગી! ઓ મંગી! (મંગી આવે છે એને ભેટી પડી) મંગી! ગાઓ, નાચો, કૂદો!

મંગી: પણ કુંતલબેન, બેરાબ, છે શું? આવાં ગાંડાં શું કાઢો છો?

કુંતલ: મંગી...અરે મારી મંગલી! દાવ આબાદ સફળ થયો! ડોશી ગજબની છેતરાઈ. અમને બંનેને લાખ્ખોનો વારસો મળશે. મંગી...ગાઓ... નાચો...કૂદો!

મંગી: અને પલ્લવીબેન?

ફાલ્ગુની: એ સત્યની પૂજારી થવા ગઈ...

કુંતલ: હરિશ્ચન્દ્રનો બીજો અવતાર... (પલ્લવી પ્રવેશી બારણામાં ઊભી રહે છે.)

ફાલ્ગુની: તે લટકી ગઈ!

મંગી: બિચ્ચારાં (આંખ લૂછે છે.)

ફાલ્ગુની-કુંતલ: (ચાળા પાડતાં) બાપડી!

પલ્લવી: (આગળ આવી) એ કોણ મને બાપડી-બિચારી કહે છે? (સૌ ચોંકે છે) હું બાપડી યે નથી ને બિચારી યે નથી. તમે પેલાં ધર્મઘેલાં ને ઘરડાં કાકીમાનો દલ્લો મેળવવા માટે એમને છેતરવા આ બધું નાટક કર્યું; ને મેં મારી જન્મદિવસની પ્રતિજ્ઞા પ્રમાણે સત્ય લાગ્યું તે કહ્યું, તેને તમે બિચારી અને બાપડી કહેવા નીકળ્યાં છો? સત્યનો ઉપાસક કદી બાપડો-બિચારો હોતો નથી. (લાઈટ ડિમ; ફોકસ પલ્લવી પર) કુંતલબેન! ફાલ્ગુની! તમે આજે ઉત્સવ ઊજવો છો તમારા વિજયનો; પણ ભૂલશો નહિ, કે એ વિજયની પાછળ દંભ અને જૂઠાણું, છલના અને છેતરપિંડી રહ્યાં છે. અસત્યના રંગીન પરપોટા પર તમે મનોરથોની મહોલાત ચણી તો છો, પણ તમે કદી યે નિરાંત જીવે એનો ઉપભોગ કરી શકવાનાં નથી. ક્યારે પરપોટો ફૂટી જશે અને ઇમારત દગો દઈ જશે એની આશંકાથી તમારું હૈયું સદા ય ફફડ્યા કરશે, તમારી સ્થિરતા અને સ્વસ્થતાને ભયનો કીડો સદા કોર્યા કરશે અને વ્યાકુળ બની તમે......

કુંતલ: ઓહોહો! આ તો જાણે નાયગરાનો ધોધ છૂટ્યો!

ફાલ્ગુની: પાળો ખોદાઈ ગઈ પછી તો ધોધ જ છૂટે ને? (બંને મોટેથી હસે છે.)

પલ્લવી: હસો! હજુ જોરથી હસો! તમારા હાસ્યના ગમે તેવા ભારે પડછંદા પણ તમારા મનઅંતરના બોદાપણાને છાવરી શકવાના નથી અને...મારી દયા ખાતાં નહિ. મેં જે ખોયું એનું મને દુઃખ નથી; જેને પ્રાપ્ત કરવા સત્યનો ભોગ...

કુંતલ: હાસ્તો બઈ! મન તો મનાવવું જ પડે ને! પડ્યાં તો કે' નમસ્કાર! 'દ્રાક્ષ ખાટી છે' કહેનાર શિયાળની જેમ તારે ય હવે... (પલ્લવી પીઠ ફેરવીને ચાલી જાય છે. મંગી હાંફળીફાંફળી પ્રવેશી—)

મંગી: ઓ કુંતલબેન! પલ્લવીબેન... ફાલ્ગુની બેન...

બધાં: (ચમકી) અલી, પણ છે શું?

મંગી : છે ને, તે...કાકીમા તો અહીં આંગણામાં જ ઊભાં છે!

કુંતલ–ફાલ્ગુની : (ચમકી, તંગ થઈ) હેં? ન હોય!

મંગી : મેં જોયાં ને? આપણાં પડોશી રમાબેન ને એ બેઉ...

કુંતલ : પણ તો શું, એ ડોકરી ગઈ જ નહિ હોય?

મંગી : ભૈશાબ ઇની તો શી ખબર્યું પડે?

કુંતલ : માર્યા ઠાર! તો તો આપણું આ બધું સાંભળી ગયાં હશે! ને રમાડીએ પણ બાફ્યું હશે!

ફાલ્ગુની : (કુંતલને વળગીને) Oh God! હવે શું થશે કુંતલબેન? મારી તો હાર્ટબીટ્સ...

કુંતલ : (ધક્કો મારી) Hell with your heart beats! ડોશી ફરી જશે તો કૌશિક સાથેની મારી લાઇફનું શું? (બંને બહેનો ઢગલો થઈ ફસડાઈ પડે છે. પડદો પડે છે.)

ગુનાશોધન-૩૦ અધોરક્ત કિરણો

લેખક · પુષ્કરભાઈ ગોકાણી

પ્રકાશના રંગપટની એક તરફ પારજાંબલી કિરણો છે તો બીજી બાજુ અધોરક્ત (ઈન્ફ્રા રેડ) કિરણોનો વિસ્તાર છે.

આ કિરણો પણ નરી આંખે જોઈ શકાતાં નથી. એની એક બીજી ખાસિયત પણ છે. તે જેના પર અથડાય છે તે પદાર્થને ગરમ કરે છે અને એથી ઉષ્ણતાજનક કિરણો પણ કહેવાય છે. આ કિરણોની તરંગલંબાઈ દૃશ્ય કિરણો કરતાં વધારે છે. ૦·૦૦૦૦૭ સે. મી થી ૦·૦૪ સે. મી. સુધીની તરંગલંબાઈના ગાળામાં અધોરક્ત કિરણોનો વિસ્તાર છે.

ગરમ થતા પદાર્થના અણુઓની હલચલમાંથી આ કિરણો ઉત્પન્ન થાય છે. ઈલેક્ટ્રિક સગડી, ટોસ્ટર, વીજળીના સામાન્ય ગોળાના ફિલામેન્ટ, તપીને લાલચોળ થએલા કોલસા, રૉકેટ અને જેટ વિમાનમાંથી બહાર નીકળતા ગરમ વાયુમાંથી આ કિરણો ઉત્પન્ન થાય છે.

વાદળોની આરપાર પણ આ કિરણો જઈ શકતાં હોવાથી ખાસ બનાવેલી ફિલ્મ ઉપર તેના આધારે વાદળવાળા આકાશમાં અને રાત્રે પણ બહુ જ સ્પષ્ટ ફોટો લઈ શકાય છે. શત્રુ-વિસ્તારની વ્યૂહ-રચના જાણવા રાતના અંધારામાં વિમાનો દ્વારા ત્યાંના ફોટો પાડી લેવામાં આ કિરણો કામ આપે છે. યુરેનસ ગ્રહના શોધક જર્મન વિજ્ઞાની સર વિલિયમ હર્શલે ઈ. ૧૮૦૦માં ઇંગ્લૅન્ડમાં આની શોધ કરી હતી.

તેની આ શક્તિને લીધે ગુનાશોધનમાં પણ આ કિરણોનો ઉપયોગ થાય છે. વિવિધ પદાર્થોમાં ઓછાવત્તા અંશે આ કિરણો શોષાવાને કારણે સામાન્ય પ્રકાશમાં રંગવિહીન જણાતા કેટલાક પદાર્થો અધોરક્ત કિરણો નીચે સ્પષ્ટ દેખાઈ આવે છે. આ જ રીતે સામાન્ય પ્રકાશમાં સ્પષ્ટ દેખાતી કેટલીક શાહી અધોરક્ત કિરણોમાં અદૃશ્ય બની જાય છે, તો કેટલીક શાહી છેકી નખાયા છતાં યે અધોરક્ત કિરણો તળે દેખાઈ પણ આવે છે. લખાણમાં છેકછાક કરી ગોલમાલ કરેલા દસ્તાવેજોની અધોરક્ત કિરણો તળેની તપાસ તો સામાન્ય બની ગઈ છે. આ કિરણો મેળવવા માટે કોઈ ખાસ સાધનસામગ્રીની જરૂર પડતી નથી. વીજળીના સામાન્ય દીવાના પ્રકાશ સાથે અધોરક્ત કિરણો પણ તેમાંથી પ્રસરતાં હોય છે, આ માટે અધોરક્ત કિરણો ઝીલી શકે તેવી ખાસ ફિલ્મ વપરાય છે. જેમાં સામાન્ય પ્રકાશ અને અધોરક્ત કિરણો અલગ પડી જાય છે. સાથોસાથ કૅમેરાના લેન્સ ઉપર ઘેરા લાલ રંગનું અધોરક્ત કિરણોનું ફિલ્ટર લગાડી સામાન્યરીતે ફોકસ કરી, વધુ સમય આપી, દસ્તાવેજ વગેરેનો વીજળીના દીવાના પ્રકાશમાં ફોટો લેવામાં આવે છે. ડેવલપ કરેલી એ ફિલ્મમાં તે પદાર્થ અધોરક્ત પ્રકાશમાં દેખાય તેવો દેખાય છે, અને તેનાં થએલા ફેરફાર સ્પષ્ટ વંચાઈ શકે છે.

બળી ગએલા કાગળો ઉપરના લખાણને, ઝાંખા પડી ગએલા અત્યંત જૂના ને ન વાંચી શકાય તેવા લખાણને, જર્જરિત કાપડ ઉપરના ડાઘને અધોરક્ત કિરણોની ફોટોગ્રાફી વડે સ્પષ્ટ કરી આપે છે. દસ્તાવેજના લખાણમાં થએલા ઉમેરા વગેરે અધોરક્ત કિરણો નીચે જોવાથી કે ફોટો પાડવાથી અદૃશ્ય થઈ જાય છે, અને છેકી નાખેલ મૂળ શાહી દેખાઈ આવે છે.

એક શખ્સે વીમાની રકમ મેળવવા એક પૉલિસીમાં પોતાનું નામ બન્ને નકલોમાં લાંચ આપીને ટાઈપ કરાવી દીધું હતું અને મૂળ ટાઈપ લખાણ બહુ જ સિફતથી છેકી નાખવામાં આવ્યું હતું. વીમા કંપની પૉલિસી મુજબ આ ઠગને પૈસા ચૂકવતી હતી ત્યાં અચાનક એક કર્મચારીને તેનું અરજીપત્રક તપાસવાનું સૂઝયું. તેમાં વીમાનો લાભ મરનારના દોહિત્રને મળતો હતો, જ્યારે વીમા કંપનીની પૉલિસીની મૂળ નકલ અને મરનારના કબજાની પૉલિસીમાં તેના આ ઠગ ભત્રીજાનું નામ હતું! અધોરક્ત ફોટોગ્રાફીએ વીમાની બન્ને પૉલિસીની નકલોમાં મરનારના સગીર દોહિત્રનું નામ સ્પષ્ટ વાંચી બતાવ્યું.

જમીન અને હરિયાળીની ભ્રામક જાળ તળેની શત્રુ પક્ષની ગોઠવણો આ ફોટોગ્રાફીમાં પકડાઈ જતી હોઈ યુદ્ધમાં તેનો ઉપયોગ ખૂબ થાય છે. જેટ વિમાન જેવાના ગૅસમાંથી પણ આ કિરણો નીકળતાં હોઈ રડારને બદલે અધોરક્ત કિરણગ્રાહી યંત્રો વપરાય છે. ∅

અનુસંધાન] ઉમાશંકર જોષી [પૃષ્ઠ ૨૧૧થી

ફરી અભ્યાસ શરૂ કર્યા પહેલાં એપ્રિલમાં એમના પિતાનું અવસાન થયું.

ઊંચી પ્રતિભા અને યશસ્વી સાહિત્યજીવન ધરાવનારનું લગ્નજીવન પણ એટલું જ સમકક્ષાનું અને સુમેળવાળું હોય એ યોગ વિરલ છે; અને શ્રી ઉમાશંકરે પણ એ વિષયમાં આગ્રહી વલણ ન દાખવ્યું હોત તો ક્યારની યે નાની મારવાડની કોઈ અર્ધ કે અશિક્ષિત ગ્રામકન્યા એમની જીવનભાગી થઈ હોત. પણ વડીલશાહી સામેની ટક્કર વિજયી નીવડી,—ભાગ્યવાન પણ નીવડી. ૧૯૩૭માં અમદાવાદના એમની જ જ્ઞાતિના એક સંસ્કારી કુટુંબનાં પુત્રી અને કર્વે વિદ્યાપીઠનાં સ્નાતક કુ. જ્યોત્સ્ના જોષી સાથે એમનું લગ્ન થયું.

ઇતિહાસ અને અર્થશાસ્ત્ર (ઑનર્સ)ના વિષયો લઈ ૧૯૩૬માં તે બી.એ. થયા, ને સંસ્કૃત તથા ગુજરાતી લઈ એમ.એ.માં પ્રથમ વર્ગમાં આવ્યા. વચ્ચે કાયદાના અભ્યાસ માટે પણ બે ટર્મ ભરેલી; પણ તેમાં છેલ્લી પાટલીએ બેસી વાર્તાઓ લખવા ઉપરાંત કાંઈ કર્યું નહિ.

એમ. એ.નું પરિણામ આવે તે પહેલાં જ મુંબાઈની સિડનહામ કૉલેજમાં ગુજરાતીના વ્યાખ્યાતા તરીકે એ નીમાયા. ત્યાં એક વરસ એમણે કામ કર્યું. તે દરમ્યાન, અને તેની પહેલાં પણ, એક વરસ વીલે પાર્લેની ગોકળીબાઈ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે તેઓ કામ કરતા હતા.

મુંબાઈમાં મિત્રોને લીધે યુરોપીય સાહિત્યપ્રવાહોના સંપર્કમાં આવવાનો પણ સારો પ્રસંગ મળ્યો. ત્યાંનું પ્રથમ ગુજરાતી પ્રગતિશીલ મંડળ સ્થાપવામાં એમનો અગ્ર ભાગ હતો.

સાહિત્યનો રંગ તો અંતરમાં જ હતો, બી. એ.માં ઑનર્સ સાથે અર્થશાસ્ત્ર ને ઇતિહાસ લીધેલાં હોવાથી તેનો સારો સંપર્ક હતો, અને એમ. એ.માં ભાષાશાસ્ત્ર તથા પુરાતન સાહિત્યના વિષયોમાં ઉત્તમ મેધા દાખવી હતી, એટલે ૧૯૩૯માં અમદાવાદમાં ગુજરાત વર્નાક્યુલર સોસાએટી (આજની ગુજરાત વિદ્યાસભા)માં મુંબાઈ સરકારની સહાય તથા ઉપક્રમે ઉચ્ચ અભ્યાસ ને સંશોધનનો જે નવો વિભાગ ઊઘડ્યો તેમાં તેમની વરણી થઈ. એમના જેવી શક્તિ ધરાવતા માણસને આવું કાર્યક્ષેત્ર મળ્યું તે ઉભયને યશ અપાવે એવું નીવડ્યું. એ સંશોધનકાર્યમાંથી 'પુરાણોમાં ગુજરાત' અને 'અખો–એક અધ્યયન' જેવી કૃતિઓ નીકળી. સાથોસાથ, ગુજરાત સાહિત્યસભાના ઉપક્રમે કરેલું કવિ બાલાશંકરનાં કાવ્યોનું સંપાદન 'ક્લાન્ત કવિ' પ્રકટ થયું.

એમની કીર્તિદા બનેલો બીજો કાવ્યસંગ્રહ 'નિશીથ' તેને આગલે વર્ષે બહાર પડી ગયો હતો. તે ઉપરાંત પોલાંડના મહાન કવિ મિત્સ્કિયેવિચની ક્રીમિયન સૉનેટમાળાનો 'ગુલે પોલાંડ' નામથી કરેલો અનુવાદ પણ બહાર પડેલો. મૂળનો બધો રાગોદ્રેક સાચવતા અને સૂક્ષ્મ સંવેદનો પણ યથાવત્ રજૂ કરવા મથતા, એટલા જ પાસાદાર સમશ્લોકી સૉનેટોના એ અનુવાદ સાથે અપાએલો સૉનેટ ઉપરનો ઉમાશંકરનો નિબંધ ખાસ નોંધપાત્ર છે. અંગ્રેજી ઉપરાંત બંગાળી, ગુજરાતી, મરાઠી આદિ ભાષાઓમાં થએલાં સૉનેટનાં ખેડાણના ઇતિહાસ તથા તેની રચના વગેરે વિષે વિસ્તૃત, અભ્યાસપૂર્ણ અને માહિતીસમૃદ્ધ એવો નિબંધ ગુજરાતી સાહિત્યમાં એ પહેલો જ હતો. ઈ. ત.

ઈ. ૧૯૪૦માં એમને પ્રથમ કાવ્યસંગ્રહ 'ગંગોત્રી' માટે રણજિતરામ સુવર્ણચન્દ્રક અર્પણ થયો તે સમયે 'કુમાર'માં પ્રકટ થએલી એમના ઘડતરકાળની આ વાત પછી, શ્રી નિરંજન ભગતની કલમે આલેખાએલી એમના સારસ્વતજીવનની રેખા જોઈએ.

બી.એ.માં ઑનર્સ અને એમ.એ.માં પ્રથમ વર્ગ પ્રાપ્ત કરવાની સાથેસાથે ૧૯૩૬માં વીલેપાર્લેની ગોકળીબાઈ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે, ને '૩૮માં સિડ્નહામ કૉલેજમાં અધ્યાપક તરીકે કાર્ય કર્યું એ જ ગાળામાં ગુજરાતી એકાંકી સાહિત્યમાં વિરલ એવો, ઇડર પ્રદેશની પ્રજાની વેદનાનું, અત્યંત કરુણાપૂર્વક અને છતાં ક્રૂરપણે વક્રતા વિનાની વાસ્તવ દૃષ્ટિથી નિરૂપણ કરતો એકાંકીસંગ્રહ 'સાપના ભારા' (૧૯૩૬) ને અત્યંત સુકુમાર એવી સહૃદય માનવતાથી વિવિધ પાત્રોનું ચિત્રણ કરતો વારતાસંગ્રહ 'શ્રાવણી મેળો' (૧૯૩૭) પ્રગટ કર્યા. એમાં કવિની સહાનુભૂતિ ઉપરાંત કલાકારનો સંયમ સિદ્ધ થયો છે અને એની તીવ્ર અસર એમની તે પછીની કૃતિઓમાં વરતાય છે.

૧૯૪૬ લગી ગુજરાત વર્નાક્યુલર સોસાએટીમાં સંશોધન અને અધ્યાપન કાર્ય કર્યું. આ સમયમાં કારુણ્યને કરુણતાથી રસતાં કાવ્યો, ચિંતનપ્રગલ્ભ સૉનેટગુચ્છ, અને દેશપ્રેમ તથા માનવતાપ્રેમના અનુભવોમાંથી તેમજ પ્રણય ને પ્રકૃતિના અનુભવોમાંથી હૃદય અને બુદ્ધિ બન્નેની રસદીપ્તિ પ્રગટ કરતી કૃતિઓનો સંગ્રહ 'નિશીથ' (૧૯૩૯) પ્રકટ થયો. એ પછી બીજો વારતાસંગ્રહ 'ત્રણ અર્ધું બે' અને કવિસુલભ કથા 'પારકાં જણ્યાં' (૧૯૪૦); આતમસૂઝના જ્ઞાની કવિ અખાની અર્થસઘન કવિતાની સંકુલતાને સરલતાથી સમજાવતો સળંગ વિવેચનગ્રંથ 'અખો–એક અધ્યયન' (૧૯૪૧); કવિ બાલાશંકરની કવિતાનું સંશોધન-સંપાદન 'ક્લાન્ત કવિ' (૧૯૪૨); પ્રાચીન ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યોનું દર્શન પ્રગટ કરતો, ને પદ્યનાટકની દિશામાં ગુજરાતી કવિતાની યાત્રાના એક મહત્ત્વના સિમાચિહ્ન જેવો, સંવાદકાવ્યોનો સંગ્રહ 'પ્રાચીના' (૧૯૪૪); આચાર્ય શ્રી આનંદશંકર ધ્રુવના સાહિત્ય-વિવેચનાદિ વિષયો પરના લેખો-પ્રવચનોનાં સ્વ. રામનારાયણ વિ. પાઠક સાથેનાં સહસંપાદનો 'કાવ્યતત્ત્વવિચાર' (૧૯૩૯), 'સાહિત્યવિચાર' (૧૯૪૦), 'દિગ્દર્શન' (૧૯૪૨) અને 'વિચારમાધુરી-૧' (૧૯૪૬); ગુજરાતવિષેનો સંશોધનગ્રંથ 'પુરાણોમાં ગુજરાત' (૧૯૪૬);—આ બધી, વિવિધ વસ્તુશૈલીની, સર્જન–વિવેચન–સંશોધન–સંપાદન કૃતિઓ એ ઉમાશંકરની સર્વતોમુખી સર્જકપ્રતિભાની દ્યોતક છે.

૧૯૪૧માં પુત્રી નંદિનીનો જન્મ થયો.

ઈ. ૧૯૪૬ થી ૧૯૫૪ લગી ઉમાશંકરે વ્યવસાયમુક્તિ મેળવીને આત્મશિક્ષણ અર્થે અધ્યયનકાર્ય અને અવારનવાર ગુજરાતના સ્વનિયુક્ત પ્રવાસી શિક્ષક તરીકે ગુજરાતભરમાં અનૌપચારિક અધ્યાપનકાર્ય કર્યું. આ સમયમાં શૈલી અને સ્વરૂપની અવનવીન છટાઓ અજમાવતો પાંચમો કાવ્યસંગ્રહ 'આતિથ્ય' (૧૯૪૬), ત્રીજો વારતાસંગ્રહ 'અંતરાય' (૧૯૪૭), પ્રથમ પ્રકીર્ણ વિવેચનલેખો વ્યાખ્યાનો અને પ્રસ્તાવનાઓનો સંગ્રહ 'સમસંવેદન' (૧૯૪૮), દાંપત્યપ્રેમના રસદર્શન સાથે ભવભૂતિની કરુણનાટ્ય કૃતિનો અનુવાદ 'ઉત્તરરામચરિત' (૧૯૫૦), પ્રથમ નિબંધસંગ્રહ 'ગોષ્ઠી' (૧૯૫૧), બીજો એકાંકીસંગ્રહ 'શહીદ' (૧૯૫૧), અખાના અધ્યયનના અનુસંધાને તેના છપ્પાની અનેક વાચનાઓ પરથી સંશોધન-સંપાદન 'અખાના છપ્પા' (૧૯૫૩), કવિ બલવંતરાયનાં સૉનેટના મરણોત્તર સંગ્રહનું 'બીજાને હાથે' સંપાદન 'મારાં સૉનેટ' (૧૯૫૩), જીવનની અધવચના ગ્રીષ્મના તાપને જીરવીને આસવ ને અમૃત અર્પતો છઠ્ઠો કાવ્યસંગ્રહ 'વસંતવર્ષા' (૧૯૫૪)—આ કૃતિઓ ઉમાશંકરની સર્જનપ્રવૃત્તિની સજીવતા અને સજગતાની દ્યોતક છે.

પણ આ સમયમાં ઉમાશંકરની કેવળ સાહિત્યની જ નહિ પણ સમગ્ર જીવનવિચારની સર્વોત્તમ સેવા તે ૧૯૪૭માં 'સંસ્કૃતિ' માસિકનો આરંભ. સાહિત્ય, કલા, સમાજ, રાજ્ય, ઇતિહાસ, ધર્મ, ચિંતન

એમ મનુષ્યજીવનના સમગ્ર પ્રશ્ન વિષેનો વિચાર અને એ દ્વારા સ્વાતંત્ર્યોત્તર સમયમાં ભારતીય સંસ્કૃતિની એકતા અને યુદ્ધોત્તર સમયમાં સમસ્ત મનુષ્યજાતિની શાંતિ-સમસ્યા, એ આ માસિકનું ચરમ લક્ષ્ય છે.

૧૯૪૮માં પુત્રી સ્વાતિનો જન્મ થયો.

૧૯૫૨માં યુવાનીમાં 'રખડુનું ગીત' ગાનાર ઉમાશંકરે ચીનમાં ૫૪ દિવસનો ને અન્ય એશિયાઈ દેશો—જાવા, બલી ને લંકાનો પ્રવાસ કર્યો. ૧૯૫૩માં 'સંદેશ' દૈનિકમાં 'સાહિત્યસાધના' કટારનું સંપાદન કર્યું.

ઈ. ૧૯૫૪થી આજ લગી ઉમાશંકર ગુજરાત યુનિવર્સિટીના ભાષાભવનના અધ્યક્ષ હતા. આ સમયમાં 'ઉત્તરરામચરિત'ના અનુગામી અનુવાદ તરીકે 'અભિજ્ઞાન શાકુન્તલમ્'નો રસદર્શન સાથે અનુવાદ 'શાકુંતલ' (૧૯૫૫), 'સંસ્કૃતિ'ના પહેલા પાના પર બાર વરસ દરમ્યાન લખાએલાં મુખ્યત્વે ભારતવાસીના સ્વધર્મ વિષેનાં લખાણોમાંથી લઘુનિબંધનો સંગ્રહ 'ઉઘાડી બારી' (૧૯૫૯), બીજા અને ત્રીજા પ્રસિદ્ધ વારતાસંગ્રહોમાંથી નવો વારતાસંગ્રહ 'વિસામો' (૧૯૫૯), સમકાલીન કવિમિત્ર સ્વ. હરિશ્ચન્દ્ર ભટ્ટના મરણોત્તર કાવ્યગ્રંથનું કવિની ભાવનાસૃષ્ટિના આલેખ સાથે સંપાદન 'સ્વપ્નપ્રયાણ' (૧૯૫૯), ૧૯૩૪થી આજ લગી છેલ્લાં ત્રીસ વર્ષોમાં પ્રસંગોપાત્ત થએલાં, મધ્યકાલીન અને અર્વાચીન ગુજરાતી સાહિત્ય, પ્રાચીન ભારતીય અને અર્વાચન યુરોપીય સાહિત્ય વિષેના લેખો, વ્યાખ્યાનો, વાર્તાલાપો, પ્રસ્તાવનાઓ, નાનાવિધ સાહિત્યસ્વરૂપો, વ્યક્તિઓ, કૃતિઓ અને આનુષંગિકપ્રશ્નો—એમ વિવિધ પ્રકારનાં અનેક પ્રકીર્ણ વિવેચન-લખાણોના સંગ્રહો 'અભિરુચિ' (૧૯૫૪), 'શૈલી ને સ્વરૂપ' (૧૯૬૦), 'નિરીક્ષા' (૧૯૬૦), 'કવિની સાધના' (૧૯૬૧), 'શ્રી અને સૌરભ' (૧૯૬૩), અને છેલ્લે 'પ્રાચીના'નાં અનુગામીસંવાદકાવ્યોનો સંગ્રહ 'મહાપ્રસ્થાન' (૧૯૬૪) —આ કૃતિઓ મુખ્યત્વે ઉમાશંકરની સર્જક જેટલી જ વિવેચક તરીકેની રસિકતા ને વિદ્વત્તાનો વિરલ સુમેળ સાધતી સિદ્ધિની દ્યોતક છે.

૧૯૬૪માં શ્રીમતી જ્યોત્સ્નાબહેનનું અવસાન થયું.

ઈ. ૧૯૫૪થી સાહિત્ય અકાદમીના અને એની કારોબારીના સભ્ય તરીકે ઉમાશંકર ચાલુ સેવાઓ આપતા રહ્યા છે. ૧૯૬૫થી નૅશનલ બુક ટ્રસ્ટના અને ૧૯૬૬થી કેન્દ્રીય ભાષા સલાહકાર સમિતિના સભ્ય છે. ૧૯૫૫માં ગુજરાતી સાહિત્ય પરિષદના સાહિત્યવિભાગના પ્રમુખ હતા. ૧૯૫૬માં ભારત સરકારના ઉપક્રમે અમેરિકાની યુનિવર્સિટીઓમાં 'જનરલ એડ્યુકેશન'ની પ્રવૃત્તિઓના નિરીક્ષણ અર્થે અમેરિકાનો પ્રવાસ કર્યો તેમજ લંડનમાં પી. ઈ. એન.ની આંતરરાષ્ટ્રીય પરિષદમાં ભાગ લીધો, અને યુરોપના મુખ્ય દેશો ફ્રાંસ, જર્મની, ઇટલી તથા ગ્રીસનો પ્રવાસ કર્યો. ૧૯૫૭માં તોકિયોમાં પી. ઈ. એન.ની આંતરરાષ્ટ્રીય પરિષદમાં ભાગ લીધો અને જપાનનાં અન્ય સ્થળોનો પ્રવાસ કર્યો. ૧૯૫૭માં કલકત્તામાં અખિલ ભારતીય લેખક પરિષદમાં વિભાગીય પ્રમુખ તરીકે ભાગ લીધો. ૧૯૫૯માં મુંબાઈ યુનિવર્સિટીના આમંત્રણથી ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનો આપ્યાં જે હવે પછી 'કવિતાવિવેક' નામે પ્રસિદ્ધ થશે.

અર્વાચીન ભારતના સર્વશ્રેષ્ઠ કવિ રવીન્દ્રનાથનાં જીવન અને સર્જનના આજીવન અભ્યાસી એવા ઉમાશંકરે ૧૯૬૧માં દિલ્હીમાં રવીન્દ્ર જન્મશતાબ્દી નિમિત્તે આંતરરાષ્ટ્રીય મહોત્સવમાં ભાગ લીધો. એ જ વરસમાં કટકમાં ઉડિયાભાષી લેખકોના 'વિષુવમિલન'માં મુખ્ય અતિથિ તથા પ્રમુખ તરીકે ભાગ લીધો અને ભારત સરકારના ઉપક્રમે લેખક પ્રતિનિધિ તરીકે રશિયાનો પ્રવાસ કર્યો. કલકત્તામાં નિખિલ ભારતબંગીય સંમેલનના રવીન્દ્ર-જન્મશતાબ્દી અધિવેશનનું કવિના ઘર 'જોરાસાંકો'માં ઉદ્‌ઘાટન કર્યું. ૧૯૬૨માં મૈસુરમાં પી ઈ.એન. અધિવેશનમાં વિભાગીય પ્રમુખ તરીકે ભાગ લીધો અને કલકત્તા યુનિવર્સિટીના આમંત્રણથી રવીન્દ્રનાથની કવિતા ને લઘુકથા પર વ્યાખ્યાનો આપ્યાં. ૧૯૬૬માં પૂના યુનિવર્સિટીના આમંત્રણથી રવીન્દ્રનાથની સમગ્ર કવિતા પર વ્યાખ્યાનો આપ્યાં અને ગુજરાત યુનિવર્સિટીના કુલપતિપદે નિયુક્ત થયા. ગયે વર્ષે–૧૯૬૭માં–દિલ્હીમાં ભરાએલા ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૪મા અધિવેશનના પ્રમુખ થયા અને હમણાં કલકત્તામાં મળેલી 'અખિલ ભારતીય કવિ પરિષદ'નું મુખ્ય અતિથિપદ શોભાવ્યું.

ઈ. ૧૯૩૬માં એમને 'ગંગોત્રી' માટે રણજિતરામ સુવર્ણચન્દ્રક, ૧૯૪૪માં 'પ્રાચીના' માટે મહિડા પારિતોષિક, ૧૯૪૩ થી '૪૭ સુધીનાં પાંચ વર્ષ દરમ્યાનની શ્રેષ્ઠ કાવ્યકૃતિ તરીકે 'પ્રાચીના' માટે નર્મદ સુવર્ણચન્દ્રક, ૧૯૬૬માં એ જ 'પ્રાચીના'નાં અનુગામી સંવાદકાવ્યોના સંગ્રહ 'મહાપ્રસ્થાન' માટે ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક, ૧૯૬૭માં વર્ષના શ્રેષ્ઠ કાવ્યસંગ્રહ તરીકે 'અભિજ્ઞા' માટે કવિ નાનાલાલ પારિતોષિક, અને હવે ઈ. ૧૯૩૫ થી ૧૯૬૦ સુધીનાં ૨૫ વર્ષ દરમ્યાનના ગુજરાતી સાહિત્યના શ્રેષ્ઠ સર્જન તરીકે 'નિશીથ' માટે ભારતીય જ્ઞાનપીઠનો રૂપિયા એક લાખનો રાષ્ટ્રીય પુરસ્કાર (કન્નડ કવિ પુટ્ટપ્પા સાથે સમભાગે) મળ્યાં છે. આવા તેજસ્વી, તપસ્વી, શીલભદ્ર સારસ્વત ગુજરાતનાં અને ભારતનાં સંસ્કાર અને સાહિત્યની ઉત્તરોત્તર વધુ ને વધુ સેવા કરે એવી શુભેચ્છા અને પરમેશ્વર એમને દીર્ઘાયુષ્ય અર્પે એવી પ્રાર્થના.

નિરંજન ભગત

ભારતીય જ્ઞાનપીઠના ઈ. ૧૯૬૭ના પારિતોષિકના બીજા વિજેતા

મલયાળમ ભાષાના મહાકવિ જી. શંકર કુરુપને એમની કાવ્યકૃતિ 'ઓટક્કુષલ' માટે ઈ. સ. ૧૯૬૫માં તથા તારાશંકર વંદ્યોપાધ્યાયના બંગાળી ઉપન્યાસ 'ગણદેવતા' માટે ૧૯૬૬માં ભારતીય જ્ઞાનપીઠનું રૂપિયા એક એક લાખનું પારિતોષિક મળ્યા બાદ ઈ. ૧૯૬૭નું પારિતોષિક શ્રી ઉમાશંકર જોષીને એમના કાવ્યસંગ્રહ 'નિશીથ' માટે કન્નડ ભાષાના જે કવિ ડૉ. કે. વી. પુટ્ટપ્પાને એમના મહાકાવ્ય 'રામાયણ દર્શનમ્' માટે સરખે હિસ્સે અપાયું છે તે, શ્રી પુટ્ટપ્પા ૬૪ વર્ષની વયના સાહિત્યકાર ને કેળવણીકાર છે. 'કુવેમ્પુ'ના ઉપનામથી તેઓ સાહિત્ય-પ્રેમીઓમાં ખ્યાતિ ધરાવે છે. ૧૯૨૫માં એમના પ્રથમ કાવ્યસંગ્રહ પછી પ્રસિદ્ધ થએલા ગ્રંથોમાં ૨૧ કાવ્યસંગ્રહો, ૧૧ નાટકો, ૧ નવલકથા, ૨ વાર્તાસંગ્રહો, ૯ સાહિત્યિક નિબંધસંગ્રહો વિવેચનલેખો અને વ્યાખ્યાનો તથા ૨ જીવનચરિત્રો, ૬ ગ્રંથો બાલસાહિત્યના, ને ૩ પુસ્તકો ભાષાંતર–રૂપાંતરના છે. ૧૯૪૬ થી ૧૯૫૫ સુધી તેઓ મૈસૂર યુનિવર્સિટીના કન્નડ વિભાગના વડા હતા અને તે પછી, તેઓ ૧૯૬૦માં નિવૃત્ત થયા ત્યાં સુધી, એ વિદ્યાપીઠમાં કુલપતિપદે રહ્યા હતા. તેઓ અંગ્રેજી સાહિત્યના અભ્યાસી તરીકે પણ પ્રતિષ્ઠા ધરાવે છે.



સાહિત્યસંપર્ક

કવિની અવલોકના અને અધ્યાપકીય સમાલોચના

લેખક • પ્રો. ચન્દ્રકાન્ત શેઠ

અવલોકના *

'અર્વાચીન કવિતા' પછીના શ્રી સુંદરમ્‌ના આ બીજા વિવેચનગ્રંથમાં ગદ્ય અને પદ્ય સાહિત્યકૃતિઓનાં એમનાં અવલોકનો, અધ્યયનો અને પ્રવેશકોનો સમાવેશ છે. 'અર્વાચીન કવિતા'ના વિવેચક તરીકેની સુંદરમ્‌ની જે પ્રતિષ્ઠા છે તેને પ્રમાણિત કરતો એક વધુ પુરાવો આ ગ્રંથ આપે છે.

સુંદરમ્‌ને કવિ તરીકે ઓળખવાનું આપણને વધુ ગમે; પરંતુ તેઓ સમર્થ કાવ્ય-વિવેચક છે એ જ્યારે જાણીએ છીએ ત્યારે તેમની સાહિત્ય પ્રત્યેની નિષ્ઠાને આપણે વધુ સચોટ રૂપે ને સદ્ય પ્રતીત કરીએ છીએ. તેઓ કાવ્યસર્જન કરીને વિરમ્યા નથી; એ સર્જનવ્યાપારનું સત્ય પામવા માટે સતત પ્રયત્નશીલ રહ્યા છે. એમની એ સત્યભક્તિએ એમને વિવિધ સાહિત્યકૃતિઓનું અનુશીલન કરવા પ્રેર્યા છે; અને તેનું પરિણામ તે આ 'અવલોકના.'

સુંદરમ્ કવિ છે, સૌન્દર્યના આશક છે અને તેથી જ એમનાં અવલોકનો–વિવેચનોમાં ભાવન–વ્યાપારની સબળતા વરતાય છે; કાવ્યરસ માટેની ઉત્કટ શોધ અને એ રસના આસ્વાદથી નીપજતો ધન્યતાનો વિશુદ્ધ ભાવ એમાં પ્રકટ થાય છે. તેથી, 'અહીં રજૂ થએલી કૃતિઓનાં અવલોકનો તૈયાર થતાં ગયાં તેમ જાણે કે હું સૌન્દર્યના સત્યશોધનની એક યાત્રાએ નીકળતો હોઉં એમ અનુભવાતું રહ્યું; અને એટલે, આમાં સ્પર્શાએલી કૃતિઓ તો ગણીગાંઠી જ છે છતાં, એના નિમિત્તે જાણે કે સૌન્દર્યના આ મહાલયના વિવિધ આધારસ્તંભોને, બેલૂરના ચેન્નકેશવના મંદિરના એકએક પરમ વિભૂષિત સ્તંભને જોઈ ન રહ્યો હોઉં, મારી ભાવેન્દ્રિય જાણે તેને ભેટી ન રહી હોય તેવો અનુભવ થતો રહ્યો.'—આમ તેઓ કહે છે ત્યારે એ શબ્દો ઔપચારિક ન લાગતાં સાચા પ્રતીત થાય છે.

'અવલોકના'ના બે વિભાગમાં એમણે અનુક્રમે પદ્યનાં અને ગદ્યનાં અવલોકનોને મુકાબલે પદ્યનાં અવલોકનો વહેંચી દીધાં છે. ગદ્યનાં અવલોકનોને મુકાબલે પદ્યનાં અવલોકનોમાં એમની વિવેચનશક્તિનું સામર્થ્ય પ્રમાણમાં વધારે અનુભવાય છે. પદ્યનાં સ્વાધ્યાય–અવલોકનોમાં શ્રી બલવંતરાય ક. ઠાકોરની 'કવિતાસમૃદ્ધિ', 'શેષનાં કાવ્યો', 'કલાપી: સાહિત્યકાર તરીકે' 'નાળવેલનો કવિ' ખાસ ઉલ્લેખનીય છે. ગદ્યનાં સ્વાધ્યાય–અવલોકનોમાં 'નવયુગ વાચનમાળા', 'ધૂમકેતુની વાર્તાકળા', 'પૌરાણિક પાત્રો અને માનવતા', 'ઈશાનિયો દેશ' વગેરે ખાસ ધ્યાન ખેંચે છે. ગુજરાત સાહિત્યસભા તરફથી ૧૯૪૧ના ગ્રંથસ્થ વાઙ્મયની એમણે કરેલી સમીક્ષા પણ આમાં આપી છે.

સુંદરમ્‌નાં અવલોકનોમાં સૌથી વધુ આગળ તરી આવે છે એમના ભાવક હૃદયની નિખાલસતા અને ઉષ્મા. એમના અવલોકન-વિવેચનમાં રાગદ્વેષનો કાદવ ક્યાંય જોવા મળતો નથી. કેટલાક ઊગતા કવિઓ પ્રત્યે તેઓ કંઈક વિશેષ સમભાવ દાખવતા જોવા મળે છે, પણ એમાં એમની સાહિત્ય માટેની શુભનિષ્ઠા અને સહૃદયતા કારણભૂત છે. બ. ક. ઠાકોરની કવિતાની વાત કરતાં, એ કંઈક વધુ વરસી પડ્યા તો નથી ને, એવી લાગણી થાય; પણ તેમાં યે ક્લેશકર એવી રાગવૃત્તિ દેખાતી નથી. 'ધૂમકેતુ'ની વાર્તાકળા વિષે કહી શકાય એટલી કડકાઈથી એમણે કહ્યું છે, ને છતાં એમનો અભિપ્રાય દ્વેષપ્રેરિત લાગતો નથી. ઊલટું આવા ઠેકાણે એમની નિર્ભીકતા, સ્પષ્ટભાષિતા, સૌન્દર્ય ને સત્ય પ્રત્યેની ઉત્કટ નિષ્ઠા દૃષ્ટિગોચર થાય છે.

સુંદરમ્ કવિતામાં આપણને 'રોમાન્ટિક' લાગે છે, પણ વિવેચનમાં તો તેઓ શિષ્ટમાન્ય અભિગમ—classical approach—પ્રકટ કરે છે. એમની દૃષ્ટિ સૌન્દર્ય અને અસૌન્દર્યને જુદાં તારવી બતાવવા કેળવાએલી છે. એમની સાહિત્યરુચિની ઉન્નતતા પણ સાહિત્યકૃતિઓના એમના મૂલ્યાંકનમાં પ્રકટ થાય છે. એમની બુદ્ધિલક્ષિતા એમની વિવેચનરીતિમાં વૈજ્ઞાનિકતા લાવે છે. તેઓ કેવળ અમુક કૃતિ સારી કે નરસી એવો અભિપ્રાય ફેંકીને વિરમતા નથી, પણ એનાં કારણો વગેરેમાં ઊંડા ઊતરી બુદ્ધિગ્રાહ્ય ખુલાસા પણ કરે છે. આમાં, સાહિત્યમાં કશું યે અ-સાહિત્યિક–અસત્ય ઘૂસી ન જાય એની સાવધાની પણ જોવા મળે છે. બ. ક. ઠાકોરની કવિતાસમૃદ્ધિનો પરિચય આપતાં તેઓ ક્રમશઃ એ કવિતાનું વસ્તુ, નિરૂપણરીતિ, ભાષા વગેરે પાસાંઓનો અભ્યાસ કરે છે; એમની વિશેષતાઓ અને મર્યાદાઓ આંગળી મૂકીને બતાવી આપે છે; અને ગુજરાતી કવિતાના વિકાસક્રમમાં એમનું સ્થાન પણ નક્કી કરી આપે છે. શેષનાં કાવ્યોની એમની વિવેચના એમની સૌન્દર્યદૃષ્ટિ અને સહૃદયતાનો ઉજ્જ્વળ નમૂનો છે. પાઠકસાહેબની કવિતાનાં સૌન્દર્યસ્થાનો બતાવતાં તેઓ સ્વસ્થ અને સૌન્દર્યનિષ્ઠ વિવેચનશક્તિનો પરિચય આપી રહે છે. તેઓ 'કાન્ત' પછી રા. વિ. પાઠકને મૂકે છે (પૃ. ૧૫૭) ત્યારે એમ કરવા પાછળની એમની દૃષ્ટિને ઉવેખી શકાય એમ નથી.

'કલાપી'ની કવિતા વિષેનાં એમનાં તારતમ્ય એમની સૌન્દર્યસૂઝ અને સત્ય પામી લેવાની ક્ષમતા બતાવી આપે છે. '"કલાપી' સંપૂર્ણ કળાકાર નથી' એમ કહીને 'કલાપી'ની કળાનો સૌથી વધુ પ્રમાણિત પરિચય કદાચ સુંદરમે કરાવ્યો છે. 'કલાપી'ના સાહિત્યસર્જનની સાધાર ભૂમિકા આપી એની કવિતામાં પ્રકટ થતા એના વ્યક્તિત્વનો અને શક્તિનો સચોટ અને સરસ ખયાલ તેઓ આપે છે. ભાવયિત્રી પ્રતિભાનો ચમત્કાર 'કલાપી' વિષેના આ લેખમાં અવારનવાર પ્રકટ થાય છે. દા. ત. 'કલાપી' વિષે તેઓ આ પ્રમાણે નોંધ લે છે. 'કલાપી' આમ, પોતાના હૃદયભાવને જોકે સર્વત્ર ગાય છે છતાં ગાવું એ તેનો અંતિમ ઉદ્દેશ નથી. એ ગાનની અંદર પણ 'કલાપી' કંઈક શોધી રહ્યો છે. 'કલાપી'ને કવિતા એ પણ એક સાધન જ છે. (પૃ. ૧૯૩) 'કલાપી'ની કવિતાનું આ રીતનું સ્પષ્ટ મૂલ્યાંકન અપૂર્વ છે.

ગદ્યનાં અવલોકનોમાં પણ સુંદરમ્‌ની વિવેચન-પ્રતિભાનાં દર્શન, ઉપર નિર્દેશ્યું તેમ, 'ઈશાનિયો દેશ' જેવા લેખોમાં થાય છે. સુંદરમ્ જેને કારણે સફળ કવિ-સર્જક છે એ, જીવનનો વિશાળ સંદર્ભ, વિવેચનક્ષેત્રે પણ એમને ઉપયોગી થયો છે. કેવળ સાહિત્યની સાથે જ નહિ, સાહિત્ય ઉપરાંત અન્ય જે કંઈ વ્યષ્ટિ–સમષ્ટિના સંસ્કારજીવન સાથે સંબંધ ધરાવે છે તેની સાથે પણ તેઓ ચિત્તનું અનુસંધાન કરી શકે છે. તેઓ સમાજવાદ વિષેના પુસ્તકને મૂલવવાનું સાહસ પણ કરે છે. 'નવયુગ વાચનમાળા'નું મૂલ્યાંકન કરતાં એમની શિક્ષણ અંગેની ચિંતા અને ફરજ પણ સ્પષ્ટ થાય છે. એમની વિચારણામાં એકદેશિતા ન હોવાથી સાહિત્ય-કૃતિઓ વિષેના એમના અભિપ્રાયમાં પ્રમાણમાં સ્થિરતા અને સંગીનતા જોવા મળે છે. તેઓ ઐતિહાસિક,

* 'અવલોકના' : લેખક : સુન્દરમ્; પ્ર૦ આર. આર. શેઠની કં., ગાંધી રસ્તો, અમદાવાદ-૧, પૃ. ૫૪૬+૨૦; પાકું પૂઠું. રૂ. ૧૧–૫૦

તુલનાત્મક અને તાત્ત્વિક એમ ત્રણે ય વિવેચન પદ્ધતિઓનો ઘટતો વિનિયોગ કરે છે, અને તેથી એમની વિવેચનામાં આસ્વાદ્યતાના અંશો જેટલાં જ મૂલ્યાંકન માટેનાં તારતમ્યો મહત્ત્વનાં બની રહે છે.

સુંદરમ્‌નાં અવલોકનો–વિવેચનોમાં એમની સાહિત્યિક વિભાવનાઓ (concepts) અને માનદંડનાં ધોરણોની વાત પણ અવારનવાર આવે છે. વિવેચનની શક્તિ તેમજ મર્યાદા વિષે તેઓ સ્પષ્ટ છે અને તેથી જ પૂર્ણ કળા આગળ વિવેચન મૌન રહે છે એ એમને ઈષ્ટ લાગે છે. તેઓ રુચિની સાપેક્ષતા અને બૌદ્ધિક કસોટીની કળાની બાબતમાં મર્યાદા સ્વીકારે છે. સાહિત્યક્ષેત્રે શબ્દની સાથે અર્થનું મહત્ત્વ તેઓ ઉચિતરીતે જ સ્વીકારે છે. કેવળ ટેકનિકની દૃષ્ટિએ થતા પ્રયોગોને તેઓ મહત્ત્વ આપતા નથી; નહિતર 'જવનિકા'માં તેમને જે મર્યાદાઓ લાગી તે ન લાગત. ટેકનિકની દૃષ્ટિએ પ્રયોગો થાય એ તેઓ ઈષ્ટ તો ગણે છે, પણ તે સાથે સર્જકની સૌન્દર્યાનુભૂતિ પર વિશેષ ઝોક દે છે. 'આલાપ'ની કવિતાની વાત કરતી વખતે તેઓ અદ્યતન ગુજરાતી કવિતા વિષે જે લખે છે તેની પાછળ પણ સૌન્દર્યાનુભૂતિનો પ્રશ્ન જ ખાસ ધ્યાન દોરે છે.

એમનાં અવલોકનો–વિવેચનોની ભાષા ક્યાંય ભારેખમ બનતી નથી. રૂઢ પદાવલિથી મહદશે તેઓ દૂર રહ્યા છે. એમના વ્યક્તિત્વની આકર્ષકતા એમની ભાષામાં છે. એમની ભાષામાં હૃદયની ભાવસભરતા, નિખાલસતા, સમુદારતા અને ઉત્કટ સૌન્દર્યરાગિતા પ્રત્યક્ષ થાય છે. એમનાં વિવેચનોમાં શાસ્ત્રીયતાનાં બધાં તત્ત્વો છતાં શાસ્ત્રીયતાના ઢાંચાથી તે મુક્ત છે. ઉત્કટ સાહિત્યપ્રીતિ વિના આવી હૃદયસ્પર્શી વિવેચનરીતિ ભાગ્યે જ શક્ય બની શકે. ગુજરાતી સાહિત્યમાં અવલોકનકારોની પંક્તિમાં સુંદરમ્‌નાં અવલોકનો વિશિષ્ટ સ્થાનનાં અધિકારી છે એ એમની પહેલાં અને પછીથી થએલાં અને હાલ થતાં અવલોકનો સાથે એમને સરખાવતાં સ્પષ્ટ થશે.

સમાલોચના*

આપણા સમયના દેશકાળમાં આપણે ત્યાં વૈચારિક ઉત્ક્રાંતિની ખૂબ જ આવશ્યકતા છે, અને એ આવશ્યકતા વૈચારિક ઉત્ક્રાંતિ વિના શક્ય નથી. એ ઉત્ક્રાંતિ પરદેશી વિચારો ઉછીના લઈને ટાંકવામાત્રથી સિદ્ધ થવાની નથી. કોઈ પણ પ્રજાના વિચારો આપણને ઉપયોગના જરૂર છે, પરંતુ એ ઉપયોગ સ્વદેશીવ્રતની ભૂમિકા પર થતો જાય તો વાચકો ને સર્જકવિચારકોના સંબંધની ભૂમિકા વધુ સંગીન અને ક્રમશઃ ઉચ્ચતર તેમજ વધુ સૌહાર્દપૂર્ણ થતી જાય. કમભાગ્યે આ દિશામાં આપણા સાહિત્યના વિચારકો ને વિવેચકો, કદાચ પૂરતા સજાગ હોય તોપણ, પૂરતા સક્રિય હોય એ જોવા મળતું નથી. આપણને એકમે નહિ, પરંતુ અનેક નવલરામોની જરૂર છે; નવલરામોની શક્તિ-મર્યાદા હોવા છતાં. આ સંદર્ભમાં શ્રી અનંતરાય રાવળનું 'સમાલોચના'નું કાર્ય ચકાસવું જોઈએ.

આ પુસ્તક ('સમાલોચના')ની પ્રસ્તાવનામાં શ્રી અનંતરાય રાવળે વિવેચનનો પોતાનો આદર્શ આદ્યવિવેચક નવલરામનો છે એ સ્પષ્ટ કર્યું છે. આમાં એમણે કવિતા, નાટક, નવલકથા, નવલિકા, આત્મકથા, ચરિત્ર, ડાયરી, વિવેચન વગેરે વિવિધ સાહિત્યપ્રકારોની કૃતિઓની વ્યવસ્થિત સમાલોચના આપી છે. જે તે કૃતિના વસ્તુ—હાર્દને, તેની ખૂબીઓ-ખામીઓને તો એ તટસ્થ રીતે રજૂ કરે જ છે; ઉપરાંત, કૃતિનું સમગ્ર સાહિત્યપ્રવાહમાં શું મહત્ત્વ છે તે પણ સ્પષ્ટ કરી આપે છે. એ રીતે જોતાં આ સમાલોચના સર્જાતા સાહિત્યને એના ઐતિહાસિક સંદર્ભમાં મૂલવવા માટેની યોગ્ય ભૂમિકા પૂરી પાડે છે.

સને ૧૯૩૩-૩૪થી પૂરાં ત્રીસ વર્ષના ગાળામાં 'કૌમુદી', 'રેખા', 'ઊર્મિ-નવરચના', 'પ્રસ્થાન', 'માનસી', 'બુદ્ધિપ્રકાશ' વગેરે માસિકોમાં પ્રકટ થએલાં તથા 'આકાશવાણી' પરથી પ્રસારિત થએલાં પોતાનાં ગ્રંથાવલોકનોમાંથી ગૂંથીને કરેલો સંગ્રહ આ પુસ્તક દ્વારા એમણે સુલભ કર્યો છે. એમણે અવલોકેલાં પુસ્તકોની યાદી જોતાં આપણા મધ્યકાલીનથી અર્વાચીન-અદ્યતન સાહિત્ય સુધીના વિવિધ તબક્કાઓની કૃતિઓ એમાં આવી જાય છે. એમાં સાહિત્ય ઉપરાંત ધર્મ, શિક્ષણ, સમાજ, આદિ જીવનનાં વિવિધ ક્ષેત્રોને સ્પર્શતી કૃતિઓનો પણ સમાવેશ થાય છે.

લેખકની ગ્રંથાવલોકન-પદ્ધતિ કેટલાંક ઉદાહરણોથી સમજવા જેવી છે. પોતાને જે ગ્રંથની અવલોકના કરવાની હોય છે તેની યોગ્ય ભૂમિકા તેઓ તેના કર્તાનો ઘટતો પરિચય આપીને આરંભમાં આપણને રચી આપે છે. દા. ત. 'નલ-દવદંતી રાસ'માં 'પ્રાચીન કાવ્યમાળા'ના અનુસંધાનમાં 'પ્રાચીન ગુર્જર ગ્રંથમાળા'નું કાર્ય કેવું ઉપયોગી ને ચડિયાતું છે તે નિર્દેશીને પછી તેઓ, અવલોકન માટેના ગ્રંથના સંપાદક શ્રી ભોગીલાલ સાંડેસરાનો 'અધિકારી તજ્જ્ઞ' લેખે ઉલ્લેખ કરીને પ્રસ્તુત

*'સમાલોચના': (આવૃત્તિ પહેલી) લેખક: શ્રી અનંતરાય રાવળ; પ્ર૦ આર. આર. શેઠની કંપની, અમદાવાદ-૧; પૃ. ૬૦૩ મૂ૦ ૧૨–૫૦

શબ્દકથા: ઉબાણ, ઊવટ

સુરત તરફ 'ઉબાણ ચાલવું' પ્રયોગ પ્રચલિત છે. 'ઉબાણ ચાલ્યો' એટલે 'આડફેટ ચાલ્યો.' મુખ્ય પણ લાંબો રસ્તો છોડીને ટૂંકું પડે તે માટે આડાં ફંટાઈને જવું તે 'ઉબાણ' જવું કે 'આડફંટું' જવું.

સંસ્કૃત 'વાન', પ્રાકૃત 'વાણ' ઉપરથી ગુજરાતીમાં 'વાણો' આવ્યો છે. 'તાણોવાણો'માં એ વિશેષ વપરાય છે. 'વાણા' એટલે વણવામાં નંખાતા આડા દોરા. 'તાણા' એટલે ઊભા દોરા.

આવા આડા દોરા વણાતાં તેમાંથી કોઈક તાંતણા સીધેસીધા ન વણાતાં છૂટા રહી જાય. એવા છૂટા તાંતણા એક વાણાથી બીજા વાણા સુધી આડફેટા જતા દેખાય.

એટલે સંસ્કૃત 'ઉદ્‌વાન' ઉપરથી 'ઉબ્બાણ', અને તેમાંથી 'ઉબાણ' થયો જણાય છે. હિંદીમાં 'ઉબાના' એટલે વાણામાંથી આવા આડા નીકળતા છૂટા રહેલા દોરા.

માર્ગવાચક શબ્દને 'ઉદ્' લાગીને આડફેટ રસ્તા માટે થોડા શબ્દો સંસ્કૃતમાં બનેલા છે: 'ઉન્માર્ગ', 'ઉત્પથ', 'ઉદ્‌વર્ત્મન્'. આમાંથી 'ઉદ્‌વર્ત્મન્', પ્રાકૃતમાં 'ઉવ્વટ્ટ'; ગુજરાતીમાં 'ઊવટ.'

સંસ્કૃત 'વર્ત્મ' ઉપરથી 'વટ્ટ' દ્વારા 'વાટ' શબ્દ આપણને 'માર્ગ'ના અર્થમાં મળ્યો જ છે. જૂની ગુજરાતીમાં 'ઉવટ વાટ' એટલે 'આડમાર્ગ', 'ઉબાણ'.

જોડણીકોશે 'ઊવટ' શબ્દ 'આપદા, અડચણ, હેરાનગતિ, પીડા' એવા અર્થમાં જ નોંધ્યો છે. 'ઊવટ'નો સાચો અર્થ ન સમજતાં આ કોઈએ કરેલી અટકળ છે, કે પછી કોઈ પ્રદેશમાં, મૂળનો અર્થવિસ્તાર થઈને, આપેલા અર્થમાં આ શબ્દ વપરાય છે,—તે જાણવાનું કશું સાધન નથી. આપેલા અર્થ માટે આધાર (આગલા કોશોનું, સાહિત્યગત પ્રયોગોનું કે પ્રત્યક્ષ નિરીક્ષણનું પ્રમાણ) ન અપાયો હોય ત્યાં ઓછા જાણીતા શબ્દો અને અર્થો વિષે વાત કરવામાં હવામાં ડગલાં ભરવાં જેવું થતું હોય છે. આધારો સાથેનો શબ્દકોશ એ આપણી એક વણપુરાએલી એક પાયાની જરૂરિયાત છે.

હરિવલ્લભ ભાયાણી

ગ્રંથની તપાસ હાથ ધરે છે. એમ કરતાં, આવા પ્રકારના રાસ આપનારનો ઐતિહાસિક ભૂમિકાએ ઉલ્લેખ કરીને ગ્રંથનું કથાવસ્તુ તપાસે છે. ગ્રંથમાં આવતાં રસસ્થાનો તથા અન્ય વિશેષતાઓનો સાધાર ઉલ્લેખ કરી, એના સર્જકની એકંદર શક્તિ વિષેનો પોતાનો અભિપ્રાય તેઓ આપે છે. જોકે આવા અભિપ્રાયો આપવામાં અનંતરાય દૃઢદર્શીઆ નીતિને, કે વ્યવહારુતાને ધ્યાનમાં રાખી વિવેચન કરતા લાગે; પરંતુ સમભાવી વાચક એમાં, કૃતિ કે કર્તાને કોઈ રીતે અન્યાય નહિ કરવાની એમની ચીવટ અને વાણી વિવેક જોશે. એમનાં વિવેચનો તીખાં નથી; તેમ એ પોકળ પણ નથી. એમની વિવેચનશૈલીમાં ચબરાકી કે સર્જકતાના ઉન્મેષો નથી, તો બીજી બાજુ એ શૈલી શબ્દાર્થવિવેકથી યુક્ત અને સ્વસ્થતા તથા સમતોલતા બતાવી આપે છે. વિવેચક 'નલ-દવદંતી રાસ'ની સમીક્ષા કરતાં સંપાદન-પદ્ધતિનો વિચાર પણ કરે છે. એમના અવલોકનમાં આ રીતે સમગ્રદર્શિતાનો ગુણ પણ અવારનવાર સ્પષ્ટ રીતે જોવા મળે છે. 'પ્રાચીન ફાગુ-સંગ્રહ'ની વાત કરતાં તેઓ સંપાદકની સેવાઓને ઉચિત રીતે બિરદાવે છે અને શબ્દોની વ્યુત્પત્તિમાં મતફેરને અવકાશ છે તે સ્પષ્ટ ચીંધે છે; જોકે આવા સંજોગોમાં એ વસ્તુ સદૃષ્ટાંત બતાવી હોય તો વધુ ઉપકારક થાય; કદાચ એમને એમ કરતાં રોકવામાં જે તે સામયિકની મર્યાદા પણ કારણભૂત હોય. તેઓ દોષદર્શન પણ કરાવે છે, પણ તેમાં એમની સાવધાની અને આગળ સૂચવ્યું તેવી અહિંસક વૃત્તિ જોવા મળે છે. જોડણીદોષો કે મુદ્રણદોષોને પણ તેઓ નજર બહાર રાખતા નથી. આ બાબતની ચીવટ એમની અવલોકનકાર તરીકેની નિષ્ઠા અને જવાબદારીની દ્યોતક છે.

વળી કૃતિનું અવલોકન કરતાં તેઓ વ્યવસ્થિત રીતે કૃતિના અંતરંગ અને બહિરંગનો ખયાલ આપે છે. એમ કરવામાં તેઓ ઐતિહાસિક, વિવરણાત્મક અને તુલનાત્મક વિવેચનપદ્ધતિઓ પણ ખપમાં લે છે. એમની વિદ્વત્તા નાનકડાં અવલોકનોમાં પણ આગળ તરી આવે છે, અને એમની સૂક્ષ્મ સમજદારી એમનાં વિવેચનો સહેલાઈથી વ્યંજિત કરે છે.

એમનાં ઉલ્લેખપાત્ર અવલોકનોના નમૂના તરીકે 'નલ-દવદંતી રાસ', 'પદ્મા', 'ગોરજ', 'પ્રલય', 'પાદરનાં તીરથ', 'દીપનિર્વાણ', 'અનંગરાગ', 'અમૃતા', 'માણસાઈનાદીવા', 'ઓરતા', 'લોહીની સગાઈ', 'શ્રી હર્ષદેવા', 'મૃચ્છકટિક', 'શાકુંતલ', 'જીવનનું પરોઢ', 'રવિશંકર મહારાજ', 'મહાદેવભાઇની ડાયરી', 'આદિ વચનો અને બીજાં વ્યાખ્યાનો ભાગ બીજો', 'અનાર્યનાં અડપલાં', 'પ્રાચીન ગુજરાતી છંદો', 'વિવેચક પાઠક', 'ધરતીનું ધાવણ: ખંડ ૨', 'સમસંવેદન', 'શ્રી અને સૌરભ', 'વ્યાપક ધર્મભાવના', 'શહેરની શેરી' વગેરેનાં ગ્રંથાવલોકનો ગણાવી શકાય, જે એમની અવલોકનની શક્તિ-રીતિનાં દ્યોતક છે. સાહિત્યિક દૃષ્ટિએ જે ઈષ્ટ હોય એને વધાવવાની અને અનિષ્ટ હોય તેને ટાળવાની યા મિષ્ટ રીતે ટપારવાની એમની પ્રકૃતિ અવારનવાર અવલોકનોમાં—ખાસ કરીને તેના અંતભાગમાં પ્રકટ થાય છે.

શ્રી અનંતરાયે કેટલેક સ્થળે તો અવલોકનને અંતે એ પુસ્તકો વાંચવાની કે ગ્રંથાલયમાં વસાવવાની ભલામણ પણ કરી છે. એમાં એમની ભાવક પ્રત્યેની સહૃદયતા કે સાહિત્ય પ્રત્યેની સેવાવૃત્તિ દૃષ્ટિગોચર થાય છે.

એમનાં ગ્રંથાવલોકનો વાચક અને સર્જક વચ્ચે સેતુ બાંધી આપવાનું કાર્ય કરે છે. એમાં તે નવલરામની પરિપાટીનું અનુસરણ કરતા લાગે. અલબત્ત, એમનું ગદ્ય નવલરામ જેટલું સરલગતિ અને તળપદા અંશોથી અંકિત નથી. નવલરામના ગદ્ય જેટલું તે લોકભોગ્ય પણ નથી. એમનું ગદ્ય વિશિષ્ટ પદવિન્યાસવાળું, અર્થઘન અને સ્વસ્થતાની મુદ્રાથી અંકિત છે.

શ્રી રાવળનાં અવલોકનો ગુજરાતી ભાષા-સાહિત્યના વિદ્યાર્થીઓ તેમ જ અભ્યાસીઓને ઉપયોગી થાય એવાં છે. એમનાં કેટ-

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



રુક્મિણીદેવી

૧ આપનો આદર્શ ?

ઉ સંકુચિતતા દૂર કરી મનને ઉમદા અને હૃદયને વિશાળ બનાવવું.

૨ આપનું પ્રિય પુસ્તક કયું ?

ઉ 'લાઈટ ઑવ એશિયા' અને 'ધમ્મપદ.'

૩ પ્રિય લેખક કે કવિ કોણ ?

ઉ શેલી, કીટ્સ અને ડૉ. ઍની બિસન્ટ.

૪ પ્રિય સદ્ગુણ કયો ?

ઉ દયા, અનુકમ્પા અને કરુણા.

૫ જીવનસંદેશ ?

ઉ પ્રાણીવર્ગ તથા ગરીબો પ્રત્યે ઋજુભાવ રાખો.

૬ ખાસ શોખ ? ઉ સંગીતનો.

૭ 'ધ્યાન'ની આપની અંગત વ્યાખ્યા શી ?

ઉ સ્વયં જીવન એ જ સતત ધ્યાન છે.

૮ દુઃખ અને દર્દ નિવારવા શું કરવું જોઈએ ?

ઉ જગતનાં દુઃખદર્દને પોતાનાં દુઃખદર્દ બનાવવાં.

૯ જિંદગી એટલે ?

ઉ 'કંઈક' કરવું ને શીખવું. આ 'કંઈક', એ કલાનો આત્મા છે.

૧૦ જીવન અને જગત સમૃદ્ધિના શા ઉપાય હોઈ શકે ?

ઉ પહેલાં જાતને સમૃદ્ધ કરવી તે.

Rukmini Devi

એન્જિનીઅર પિતા નીલકંઠ શાસ્ત્રી દ્વારા શૈશવથી ડૉ. ઍની બિસંટના સંપર્કે થીઑસૉફીના રંગે રંગાએલાં રુક્મિણી ૧૯૨૦માં ૧૬મે વર્ષે પ્રૌઢ વયના વિદેશી ડૉ. જ્યૉર્જ ઍરુંડેલ સાથે આંતરજાતીય લગ્ન કરી પતિ સાથે વિદેશવાસી થયાં. ઑસ્ટ્રેલિયામાં આના પાવલોવાના સૂચનથી ભારત આવ્યા પછી એમણે ભદ્ર સમાજનો વિરોધ વેઠીને નૃત્યકળાની તાલીમ લઈ ચિદંબરમ્‌માં અરંગેત્રમ્ રજૂ કરી કલાક્ષેત્રે એક ક્રાંતિ જગાવી; અને આજની 'કલાક્ષેત્ર' નામની અદ્યારની વિખ્યાત કલાપીઠ સ્થાપી એમણે સંગીતનૃત્યના શિષ્ટ શિક્ષણનો પ્રબંધ કર્યો. ૧૯૪૫માં પતિ ડૉ. ઍરુંડેલનું અવસાન; ૧૯૫૨માં રાજ્યસભાનાં સભ્ય; ૧૯૫૬માં પદ્મભૂષણ; ૧૯૫૭માં સંગીતનાટક અકાદમીનો, નૃત્યના સંગીતમાં મહત્ત્વના પ્રદાન બદલ પુરસ્કાર.

લાંક ગ્રંથાવલોકનોનો અતિ સંક્ષેપ (દા. ત. 'ભવસાગર', 'પિયાસી' વગેરે) કઠે છે. કેટલાંક સારાં પુસ્તકો વિશે વિસ્તાર જરૂરી હતો. એમનાં ગ્રંથાવલોકનોમાં કૃતિના વસ્તુવિચારની સમજદારી જેટલો સૌન્દર્યદર્શનનો ઉલ્લાસ એમાં પ્રકટ થતો નથી; છતાં એમનાં અવલોકનો એમની સૌન્દર્યપ્રીતિની વ્યંજના તો કરે છે જ; અન્યથા તો એ સંનિષ્ઠ વિવેચકનું પદ પણ પ્રાપ્ત કરી શકયા ન હોત ને? એમની વિવેચના વિશેષભાવે અધ્યાપકીય રહે છે અને એ તે પ્રકારની વિવેચનાની ગુજરાતને જરૂર કે ગરજ ઓછી નથી. જેવું છે તેવું, પણ ગુજરાતનું સાહિત્ય જાગ્રત આંખે જોતા રહી, એનું યથાવકાશે મૂલ્યાંકન કરતા રહી, એમણે ગુજરાતી વાચકવર્ગની જે સેવા કરી છે તે ભુલાય એવી તો નથી જ.

'કુમાર' માટે મોકલેલી કૃતિના સ્વીકાર-અસ્વીકારની જાણ માટે પૂરતું પોસ્ટેજ (નવા દરથી) ચોડેલું, તથા પોતાનું સંપૂર્ણ સરનામું કરેલું કાર્ડ મોકલવું;


કૃતિ અસ્વીકૃત થયે પાછી મેળવવી હોય તો તે માટેનું જરૂરી પોસ્ટેજ ચોડેલું અને પોતાનું પૂરું સરનામું કરેલું કવર મોકલવું જરૂરી છે. છૂટું પોસ્ટેજ હરગીઝ મોકલવું નહિ. વળી કૃતિઓ

અંગે તાત્કાલિક નિર્ણયો થઈ શકતા ન હોવાથી પોતાની કૃતિને લગતો નિર્ણય જાણવા માટે અધીરાઈથી વારંવાર પત્રો લખી પોસ્ટેજ બગાડવું નહિ.

શતરંજ

ગયા અંકમાં આપણે રાષ્ટ્રીય ટૂર્નામેન્ટ 'બી'ના ત્રીજા રાઉન્ડમાંથી એક રમત જોઈ. એ જ રાઉન્ડમાં સાંગલીના શ્રી ખાડિલકર ને દિલ્હીના શ્રી વહી વચ્ચે રમાએલી રમતનો એક ભાગ જોઇએ. (શ્રી વહી ભારતના પ્રતિનિધિ 'ઑલિમ્પીઆડ'માં પણ રમ્યા છે.)

એમ. આર. વહી (દિલ્હી)



પી. એલ. ખાડિલકર (સાંગલી)

કાળાને રમવાનું

અહીં બત્રીસે બત્રીસ મહોરાં બોર્ડ ઉપર છે, પણ સફેદે 16 P–KN4 ? રમવાની ભૂલ કરી છે. તેની ગણતરી હશે કે તેના ઉપર બે હુમલા છે અને સામે બચાવમાં પણ પ્યાદું અને વજીર બન્ને છે એટલે કાળો તેને લઈ શકશે નહિ, પરંતુ કાળો તેને જીતી શકે તેમ છે. જુઓ: 16..., P×P; 17 P×P, B×N; 18 Q×B, P–KN4; 19 B–N3, B×P; સફેદ ઉપર તેના પ્યાદા તેમજ વજીર બન્નેનું રક્ષણ કરવાની જવાબદારી છે. એવા સંજોગોમાં જો બન્ને ઉપર હુમલા કરી શકાય તો બેમાંથી એક જીતી શકાય છે. આ એક સાધારણ બાબત છે અને સામાન્ય ખેલાડી પણ તે જાણે છે. છતાં ટૂર્નામેન્ટના માનસિક ભારમાં શ્રી ખાડિલકર જેવા અનુભવી ખેલાડીની પણ આવી સરતચૂક થઈ ગઈ.


20 K–N2, K–N3; 21 R–R1, R–R1; 22 R×R, Q×R; 23 R–R1 ?

આ બધી ચાલ ખુલ્લી KR પંક્તિના કાબૂ માટે બન્નેની હરીફાઈ દર્શાવે છે. સફેદની છેલ્લી ચાલથી તે વજીર ઉપર હુમલો કરે છે અને વજીર ખસે એટલે તેને KR પંક્તિનો કાબૂ મળશે એ આશાએ રમાએલ છે; પણ કાળા પાસે તેનો સચોટ જવાબ છે.

23..., B–B6: 24 Resign. કારણ જો K×B રમે તો 24..., Q×Rch પછી કાળો સહેલાઈથી જીતે અને ઊંટને ન મારે તો તો 24..., Q×R mate જ થાય.

સફેદને 23 R–R1 વજીર પર હુમલો કરતી ચાલ હોઇને સબળ લાગી હશે પણ આવી સબળ દેખાતી ચાલે સામે બચવા કરતાં વધુ જોરદાર પ્રતિકાર ક્યારેક વધારે અસરકારક નીવડે છે. જે મહોરાં ઉપર હુમલો હોય તેના કરતાં પહેલાં સામા પક્ષના વધુ મૂલ્યવાન મહોરાં ઉપર હુમલો કરવો આવા સંજોગોમાં વધુ લાભદાયી થઈ પડે છે. અહીં કાળાના વજીર પર હુમલો છે તેને બચાવવા કરતાં તે રાજા ઉપર જ હુમલો કરીને બાજી પોતાની તરફેણમાં બદલાવી શકે છે. 'આક્રમણ એ બચાવનો સર્વોત્તમ માર્ગ છે' એનો આ દાખલો.

સુરેશ મોદી



દે વરદાન આટલું

ન હીનસંકલ્પ હજો કદી મન, હૈયું કદી યે ન હજો હતાશ,
ને ઊર્ધ્વ જવાએ અમ સર્વ કર્મ રહો સદા પ્રજ્જ્વલી, ના અધોમુખ;
વાણી ન નિષ્કારણ હો કઠોર, રૂંધાય દષ્ટિ નહિ મોહધુમ્મસે,
ને આંખમાંનાં અમી ના સુકાય, ના ભોમકા ગાય વસૂકી શી હો !


વાણિજ્યમાં વાસ વસંત લક્ષ્મી તે ના નિમંત્રે નિજ નાશ સ્વાર્થથી,
સ્ત્રીઓ વટાવે નિજ સ્ત્રીત્વ ના કદી, બને યુવાનો ન અકાલવૃદ્ધ;
વિલાય ના શૈશવનાં શુચિ સ્મિતો, ધુરા વહે જે જનતાની અગ્રિણો
તે પંગતે હો સહુથી ય છેલ્લા, ને બ્રાહ્મણો સૌમ્ય વિચારકો તે
સમા તણા રે ન પુરોહિતો બને. અને થઈને કવિ માગું એટલું
ના તું અમારા કવિવૃંદને કદી ઝૂલંત તારે કર પિંજરાના
બનાવજે પોપટ ચારુ બોલતા. સ્વતંત્રતા ! દે વરદાન આટલું.

—ઉમાશંકર જોષી

ગટુલાલ ધ્રુ : જ્યોતિર્ધરની વિદાય

છેલ્લાં ૫૦ વરસ લગી સતત કાર્યરત રહેલા એક નમ્ર, સ્વસ્થ ને કર્તવ્યનિષ્ઠ સામાજિક કાર્યકરના જીવનનો તા. ૨૪મી મે '૯૮ના રોજ એક અઠવાડિયાની ટૂંકી માંદગી બાદ ૮૭ વર્ષની ઉમરે અંત આવ્યો. ગટુલાલ ગોપીલાલ ધ્રુના આ અવસાનથી, ગુજરાતમાં જૂની-નવી પેઢી વચ્ચેની સ્નેહગાંઠ સમા એ ધુરંધરના સમાજસેવા, શિક્ષણ અને સંસ્કારની અનેકવિધ પ્રવૃત્તિઓમાં વ્યાપેલા સન્નિષ્ઠ અને ઔદાર્યપૂર્ણ ચારિત્ર્યની ખોટ ઘણાંને સાલશે.

ગટુભાઈનો જન્મ ઈ. ૧૯૮૧ની ૧૦મી મેના રોજ સુપ્રસિદ્ધ નાગરિક ભોળાનાથ દિવેટિયાનાં પુત્રી બાળાબહેનની કૂખે અમદાવાદમાં થયો હતો. એ કાળના વિખ્યાત પ્રજ્ઞાચક્ષુ પંડિત શ્રી ગટુલાલજીના નામ પરથી મામા કૃષ્ણરાવે તેમનું નામ 'ગટુલાલ' પાડેલું. સાક્ષરવર્ય સ્વ. નરસિંહરાવ દિવેટિયાના તેઓ ભાણેજ થતા હતા, અને આધુનિક ગુજરાતનાં પ્રથમ ગ્રૅજ્યુએટ તથા વિદુષી બહેનો વિદ્યાબહેન તથા શારદાબહેનના ભાઈ થતા હતા. એમના મિત્રમંડળમાં સર્વશ્રી રણજિતરામ વાવાભાઈ, હીરાલાલ પારેખ, હરિપ્રસાદ દેસાઈ આદિ સાહિત્યક્ષેત્રની અગ્રગણ્ય વ્યક્તિઓનો સમાવેશ થતો હતો. ઉમરેઠમાં પ્રાથમિક શિક્ષણ લઈ તેઓ અમદાવાદમાં ગુજરાત કૉલેજમાં ઇન્ટર સુધી ભણ્યા. પછી આંખની સારવાર



અર્થે મુંબાઈ જવું પડ્યું. ત્યાં આરંભમાં વિલ્સન કૉલેજમાં જોડાયા, પરંતુ ફિલસૂફીના પ્રાધ્યાપક સુલભ ન હોવાથી અંગ્રેજી કવિતામાં રસ જગાડનાર મિ૦ સ્કૉટનું સાન્નિધ્ય છોડી એમને એલ્ફિન્સ્ટન કૉલેજમાં દાખલ થવું પડ્યું. એ સમયે આંખે પાટો બાંધી અભ્યાસ કરતા ગટુભાઈને એમનાં બહેનો વિદ્યાબહેન અને શારદાબહેન તથા મામાના પુત્ર માધુભાઈ પાઠ્યપુસ્તકો વાંચી સંભળાવતાં. આવી કપરી પરિસ્થિતિમાં પણ આચાર્ય આનંદશંકર ધ્રુવના ચરણે બેસીને એમણે બી.એ.ની ડિગ્રી લીધી. એમના કિશોર વયના મિત્ર શ્રી જયસુખલાલ મહેતાના સહોદર તથા જાણીતા હાસ્યલેખક શ્રી ધનસુખલાલ મહેતા કહે છે કે શ્રી ગટુભાઈ

વહાણકથા-૬




બહુધા રાજ્યવિસ્તારની દૃષ્ટિએ જ વિકસેલી રોમન જહાજાતમાં વેપારી વહાણોની બાંધણીમાં એમની આગવી દેણગી બહુ ઓછી રહી રોમન વેપારી વહાણો મોટે ભાગે તો ઇજિપ્તથી અનાજ લાવવામાં વપરાતાં. ઈ. સ.ની પહેલી સદીનાં એમનાં વહાણોના કૂવાથંભ પર મોટો ચોરસ સઢ રહેતો. ક્યારેક એને મથાળે એક બીજો નાનો સઢ પણ લાગતો. મોરા પાસે પણ એક નાનો સઢ જોડાતો. પડખાનો પવન ભરવા અને વહાણની સીધી દિશા જાળવવા એ ઉપયોગી હતો. રોમન સામ્રાજ્યની અવદશા પછીનાં પશ્ચિમ યુરોપનાં વહાણોમાં લાંબા સમય સુધી આ સઢ જોવા મળ્યો નથી.

ફીનીશિયન અને પાછલા કાળનાં રોમન વહાણોનો વિકાસ થતાં દૂરદૂરનો બ્રિટનનો ટાપુ ભૂમધ્ય સાગરને માર્ગે આંબવો સરળ બની ગયો. ઈસુ ખ્રિસ્ત કાળમાં—ઈ. સ. ના પહેલા સૈકામાં રોમન વેપારીઓ અને કારીગરો બ્રિટનમાં વસતા થઈ ગયા. ઈ. સ. ૪૩ પછી તો રોમનોએ બ્રિટનની અગ્નિ કંઠારનો ઘણો પ્રદેશ કબજે કરી ત્યાં સાગરપારની એક રોમન વસાહત જ વિકસાવી દીધી હતી. વહાણોને પ્રતાપે એમના સામ્રાજ્યની સીમા આટલી વિસ્તરી શકી હતી, તો વહાણો દ્વારા એમના પર પણ હુમલાઓ શક્ય બન્યા.

ઈ. ૩૦૦ પછી તો બ્રિટનમાં વસેલા રોમનો દરિયાઈ ચાંચિયાઓને કારણે ત્રાસી ગયા. ઉત્તર સમુદ્રને માર્ગે જર્મનીથી એ સમુદ્રી લુટારાઓ આવતા. નદી માર્ગે આવવા છતાં તેઓ વહાણવટીઓ તો નહોતા જ.




રોમન વ્યાપારી જહાજ



જલસૌન્દર્ય : ૧ પાણી અને પથ્થર ફોટો : અશ્વિન મહેતા

જલસૌન્દર્ય

વિવિધ જલરાશિમાં નિજનિજનું ને આગવું સમય સમયનું સૌન્દર્ય હોય છે. તીરપ્રાન્ત પર વૃક્ષ ધારતાં તળાવોનું ને હિમપ્રદેશનાં કાસારોનું, ધુમ્મસી હવામાં ઉર્મિ પર રંગમહાલ્યો રમાડતાં સરોવરોનું અને નિર્ઝરિણીનાં વહેતાં વારિનું. ચિત્રકારો અને ફોટોગ્રાફરો પોતાની કલા દ્વારા એની લીલાનો આસ્વાદ આપણને કરાવે છે. આ સાથે એવાં ચાર ચિત્રો છે.



જલસૌન્દર્ય : ૨ ફેરવા તાલ ફોટો : અશ્વિન મહેતા





જલસૌન્દર્ય : ૩
જલમહાલ જયપુર
ફોટો : આબિદભાઈ સૈયદ

જલસૌન્દર્ય : ૪ 'બહતી બલિહારી' ફોટો : નારાયણ પટેલ

યુવાવસ્થામાં વરણાગિયા હતા. તે સમયે પાટલૂન અને લાંબો કોટ તેઓ પહેરતા. પાછળથી ગાંધીજીના ખાદીના તત્ત્વજ્ઞાનથી પ્રભાવિત થઈ એમણે પોતાની પત્ની શ્રીદેવીબહેનના હાથે કાંતેલી ખાદી જ પહેરવાનું રાખ્યું હતું. એમની ઊંચી દીવાલની કાળી ટોપી, સૌમ્યભાવ નીતરતી મુખમુદ્રા, જૂની પેઢીના વડીલનું સર્વસ્પર્શી વાત્સલ્ય અને નિખાલસ વિનમ્રતા જોનારને તરત જ આકર્ષતી.

ઈ. ૧૯૦૫માં એમણે સુરતની હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે કારકિર્દીનો આરંભ કર્યો. એ પછી અમદાવાદની સરકારી 'મિડલ સ્કૂલ' અને 'મહાલક્ષ્મી ટ્રેઇનિંગ કૉલેજ'માં તેમણે ૧૪ વર્ષ સુધી નોકરી કરી. ઈ. ૧૯૧૨માં મુંબાઈની 'ટીચર્સ ટ્રેઇનિંગ કૉલેજ'માંથી 'શિક્ષણશાસ્ત્ર નિષ્ણાત'ની ઉપાધિ મેળવી તેઓ મુંબાઈની 'સર જમશેદજી જીજીભાઈ પારસી બેનિવૉલંટ હાઈસ્કૂલ'માં શિક્ષકોને શિક્ષણ આપવા જોડાયા. ઈ. ૧૯૨૧માં ભરૂચની 'ટીચર્સ ટ્રેઈનિંગ સ્કૂલ'ના હેડમાસ્તર ને એ પછી વર્ષો સુધી અમદાવાદ, ભરૂચ ને પંચમહાલ જિલ્લાઓમાં એડચ્યુકેશન ઇન્સ્પેક્ટરની સફળ કામગીરી બજાવી.

આમ છવ્વીસ વરસ સરકારી નોકરી કર્યા પછી સત્યાગ્રહની નોબતો વાગતાં ઈ. ૧૯૩૧માં ૫૦ વર્ષની ઉંમરે સંપૂર્ણપણે સામાજિક પ્રવૃત્તિ કરવાના આશયથી એમણે નિવૃત્તિ લીધી. ત્યારથી જીવનને પૂર્ણવિરામ મુકાયું ત્યાં સુધી શરીરે વૃદ્ધ થયા છતાં મન-બુદ્ધિ-કર્મથી સમાજસુધારક ગટુભાઇએ સક્રિય જુવાન જેમ કાર્ય કર્યું. છેલ્લે પેટની ગાંઠના ઑપરેશન માટે દાખલ થયા તેને આગલે જ દિવસે ૧૨મી મેના રોજ એમણે પોતાને ઘેર એક આંતરજ્ઞાતીય લગ્ન કરાવેલું! એમનું ઘર સમાજસુધારાનું જાણે સલાહકેન્દ્ર બની રહ્યું હતું. એનાં દ્વાર પતિતો, ખાસ કરીને હડધૂત સ્ત્રીઓ માટે સદા ખુલ્લાં રહેતાં. સેંકડો આંતરજ્ઞાતીય લગ્નો 'સંસાર સુધારા સમાજ'ના આશ્રયે તેમની નિશ્રામાં થયાં છે. નેપથ્યમાં રહી એમણે અનેક દીનદુઃખિયાંનાં આંસુ લૂછ્યાં હતાં.

ગટુભાઈને આ સમાજસુધારની દીક્ષા ગુજરાતના અગ્રગણ્ય સુધારક શ્રી લાલશંકર ઉમિયાશંકર પાસેથી મળેલી. તેમની સામાજિક પ્રવૃત્તિનો આરંભ 'શ્રી મહિપતરામ રૂપરામ અનાથાશ્રમ'ની કાર્યવાહક સમિતિના સભ્ય નીમાયા ત્યારથી થયો ગણાય. આ અનાથાશ્રમના મંત્રી તરીકે ૩૫ વર્ષ અવિરત કામ કર્યું તે દરમિયાન કેટલાં ય બાળકોને ઊછેરી, ભણાવી, કમાતાં કરી એમનાં ઘરસંસાર મંડાવી આપવા સુધીનો જનકતુલ્ય ધર્મ એમણે બજાવ્યો હતો. આંતરજાતીય લગ્ન કરવા ઉત્સુક યુવક-યુવતીઓના તેઓ મોટા સલાહકાર અને હમદર્દ હતા. 'ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ'ના પણ ઘણા લાંબા વખત સુધી તેઓ અવિશ્રાન્ત મંત્રી રહ્યા હતા.

'સંસાર સુધારા સમાજ'ના તો આરંભના કાળથી તેઓ એક સક્રિય સભ્ય અને છેલ્લે પ્રમુખ હતા. એના આશ્રયે પહેલું વિધવા લગ્ન તેમણે શ્રી અંબાલાલ ઈનામદારનું લોકોનો ભય ભાંગવાના આશયથી 'જાહેરમાં' કરાવ્યું હતુંઃ 'સંસાર સુધારો' શબ્દ આડંબરી છે એમ એક સભ્યે સૂચવ્યું ત્યારથી નિરાડંબરી ગટુભાઈએ એનું 'ગુજરાત સામાજિક સેવા મંડળ' એ નવું નામ અપનાવેલું. એ સંસ્થાના પખવાડિક મુખપત્ર 'જ્યોતિર્ધર'નું તેમણે એકલે હાથે ૩૧ વર્ષ સુધી સંપાદન કર્યું હતું. એમાં પ્રગટ થતા લેખોમાં તેમણે પોતાના સામાજિક, ધાર્મિક, રાજકીય આદિ વિચારોની મૌલિક વિચારસરણીની અત્યંત નીડરતાપૂર્વક રજૂઆત કરી છે. વસ્તુતઃ 'જ્યોતિર્ધર' તેમની સેવાના આદર્શો, સમગ્ર મૂલ્યસૃષ્ટિ અને કાર્યપદ્ધતિનું વાહન બની રહ્યું હતું. એના પ્રકાશમાં તેઓ સામાજિક વિરૂપતાને સમાજના હિતચિંતકો સમક્ષ રજૂ કરતા અને આધ્યાત્મિક તથા નૈતિક છતાં આધુનિક સમાજની પોતાની કલ્પના સાકાર કરવા આહ્વાન આપતા.

ગટુભાઈ 'ગુજરાત વિદ્યાસભા'ના પણ સૌથી જૂના અને જૈફ સભ્ય હતા. મોસાળપક્ષનો સંસ્કારવારસો તેમણે પોતાના જીવનલક્ષી સાહિત્યસર્જન દ્વારા જાળવ્યો છે. 'ઈસુખ્રિસ્તનું જીવન', 'મહર્ષિ કર્વેની વીસ વર્ષની સેવા', 'સાર્જન્ટ રિપોર્ટ' (ભાષાંતર), 'જીવનનાં વમળ' (સત્ય ઘટનાઓ) અને 'અનુભવ નવનીત' એટલાં પુસ્તકો ઉપરાંત 'લગ્ન, છૂટાછેડા, વારસો' તથા 'પ્રાર્થના સમાજ' જેવી પરિચય પુસ્તિકાઓ પણ તેમણે લખી છે. સમાજસેવીઓ જવલ્લે કલારસિક હોય છે, પણ ગટુભાઈએ ૧૯૩૨-૩૩ના ગાળામાં શ્રી રવિશંકર રાવળ સાથે કનૈયાલાલ મુનશીના 'તર્પણ' નાટકમાં ઋષિનો પાઠ ભજવેલો!

શ્રી રમણભાઈ નીલકંઠની પ્રેરણાને કારણે હરિજન પ્રવૃત્તિથી પણ તેઓ અસ્પૃશ્ય રહી શકેલા નહિ. 'ગુજરાત હરિજન સેવક સંઘ'ના તેઓ વર્ષો સુધી મંત્રી અને પ્રમુખ હતા. ગાંધીજીની રાજકીય લડતોમાં સીધી રીતે પડયા વગર સામાજિક પુનરુત્થાન દ્વારા રાજકીય ક્રાંતિની પ્રક્રિયામાં પૂરક થવા કટિબદ્ધ થએલા ગટુભાઇએ એમના જમાનામાં વિપ્લવવાદી મનાતી આવી રચનાત્મકતા માટે ઓછું સહન કર્યું નથી. તેમની સામે દેખાવો થતા, છુરિયો બોલાતો અને કાંકરા પણ ફેંકાતા. હડધૂત થવા ઉપરાંત માર સુધ્ધાં તેમણે ખાધો હતો. નજીવા કારણસર નાગરી નાતે નાત બહાર કાઢયા પછી ફરી જ્ઞાતિમાં પ્રવેશવાની દરકાર આ સ્વમાની સામાજિકે કરી નહોતી. આમ છતાં તેમણે વાણી કે વર્તનમાં ક્યારેય ઝનૂન આવવા દીધાં નહોતાં.

'જ્યોતિર્ધર'ના ૬ઠ્ઠી એપ્રિલના અંકમાં તેમણે નોંધ્યું છે: 'મારા અંગત જીવનમાં રમણભાઈ (પોતાના બનેવી)ના સહવાસથી, એમનાં વ્યાખ્યાનોના શ્રવણથી, ઈશ્વર પરની એમની ઉત્કટ શ્રદ્ધાના અનુભવથી જે અસર થઈ છે એનું ઋણ હું કૃતજ્ઞતાપૂર્વક સ્વીકારું છું.' આમ ગટુભાઈની પણ બધી પ્રવૃત્તિઓનું મૂળ તેમની ઈશ્વર પ્રત્યેની ભક્તિ અને અવિચળ શ્રદ્ધામાં કેન્દ્રિત થએલું હતું. તેમની નિષ્ઠા અનન્ય હતી. માત્ર ૧૮ વર્ષની વયે માતામહના સંસ્કારે 'પ્રાર્થના સમાજ'ના સભ્ય થયા ત્યારથી શરીર ચાલ્યું ત્યાં સુધી તેઓ નિયમિતરીતે પ્રાર્થનાસભામાં હાજર રહેતા. તેઓ કેટલાં ય વર્ષોથી એના મંત્રી ને છેલ્લા દાયકાના પ્રમુખ હતા. સત્તા અને ધનની ઓથ વગર માત્ર સેવાની મૂડીથી કશીય જાતજાહેરાત વિના સેવાદાન કરતા રહેવાનું બળ તેમને આ ઈશ્વરભક્તિએ જ આપ્યું હતું. 'સાદું જીવન અને ઉચ્ચ વિચાર' એ સૂત્ર તેમણે ચરિતાર્થ કર્યું હતું. અશેષપણે શુદ્ધ અને સાત્ત્વિક ધ્યેયની સિદ્ધિમાં જ જીવનની સાર્થકતા પ્રમાણનાર ગટુભાઈએ પ્રભુને મંદિરમાં નહિ પણ દીનદુઃખિયાં લોકોની વચ્ચે પૂજ્યો હતો, કારણ કે સર્વ સંકુચિત

ઉપકુલપતિ–કુલપતિ

ગાંધીજીએ ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી ત્યારે યુનિવર્સિટીના હોદ્દાઓ ચાન્સેલર, વાઇસચાન્સેલર અને રજિસ્ટ્રાર માટે પ્રાચીન વિદ્યાપીઠોમાં વપરાતા શબ્દો અનુક્રમે કુલપતિ, ઉપકુલપતિ ને મહામાત્ર નક્કી કરવામાં આવ્યા હતા. હમણાં થોડા સમય પર અમુક યુનિવર્સિટીઓએ તેમાં ફેરફાર કરીને ચાન્સેલર માટે 'કુલાધિપતિ' વાઈસ ચાન્સેલર માટે 'કુલપતિ' ને રજિસ્ટ્રાર માટે 'કુલસચિવ' શબ્દો ઠરાવ્યા છે, જે આપણે પણ ઉચિત જણાતાં સ્વીકાર્યા છે. તેથી આ અંકમાંના શ્રી ઉમાશંકર જોષીના પરિચયલેખમાં એમને 'કુલપતિ' કહ્યા છે.

ધર્મોને પરિત્યજી માત્ર માનવધર્મનું જ એમણે શરણુ લીધું હતું. તેમના તાત્વિક જીવને શ્રી દયારામ ગિદુમલ તથા શાંતિનિકેતનના બાપુ ક્ષિતિમોહન સેનના સંગમાં હૂંફ સાંપડી હતી.

ઈ. ૧૯૩૫ની સાલમાં યુરોપના જુદાજુદા દેશોનો છ માસ સુધી પ્રવાસ ખેડી પ્રત્યેકની સામાજિક-સાંસ્કૃતિક પરંપરા અને પ્રવર્તમાન પરિસ્થિતિનો બારીક અભ્યાસ તેમણે કર્યો હતો. અનેક સંસ્થાઓને લાંબા સમય સુધી સુવાસિત કરી પોતે એક સંસ્થારૂપ બની ગએલા ગટુભાઈનું સમાજદર્શન જીવનાંત સુધી આધુનિક રહી શક્યું તેમાં આ પ્રવાસનો પણ ફાળો અવશ્ય હશે.

બંગાળના બ્રહ્મસમાજની અસર હેઠળ સામાજિક ક્રાંતિને દેશની અને સમાજની સમૃદ્ધિના આધારભૂત સોપાન તરીકે પ્રમાણી સ્વાતંત્ર્યની લડતના જમાનામાં ગાંધીચીંધ્યા માર્ગે સંસારસુધારા તથા દીનહીન, પરિત્યક્ત, અનાથ, અસ્પૃશ્ય આદિની સેવાનું મર્યાદિત છતાં નિશ્ચિત કાર્યક્ષેત્ર સ્વીકારી ગટુભાઈએ દઢીભૂત થએલી રૂઢિચુસ્તતાના નિવારણ માટે ઝુંબેશને સ્થાને લોકોના માનસપરિવર્તનનો બૌદ્ધિક રાહ અપનાવ્યો હતો. અર્જુનની જેમ બહુરૂપી અસામાજિકતાના નિર્મૂલીકરણના એક જ ધ્યેયને વરેલા એ સદ્ગત જ્યોતિર્ધર પોતાની પાછળ વિધવા પત્ની શ્રી દેવીબહેનને મૂકતા ગયા છે. ઈશ્વરના અંશરૂપ મનાતા એ સાચા સેવકને એના પરમ ધામમાં શાંતિ જ હોય. (સંકલિત)

વિકસતું વિજ્ઞાન

◖ સરળતાથી ઓગળી જાય એવા એક કાગળની શોધ થઈ છે. સાબુ, કેટલાંક રસાયણો ને મેલાં કપડાં ભરવાના થેલા બનાવવામાં એનો ઉપયોગ થશે. ઑસ્પિટલના દર્દીનાં કપડાં આવા થેલામાં રાખ્યા હોય તો એ બીજે ક્યાંય સ્પર્શ કે સંપર્ક પામ્યા વિના અને એ રીતે ચેપ ફેલાવ્યા વિના સીધાં વૉશિંગ મશીનમાં નાખી ધોઈ શકાશે. એના પર લખી છાપી પણ શકાય છે, એટલે ગુપ્તચરોને તો એ ઘણો સલામતીભર્યો થઈ પડવાનો. સામાન્ય કાગળ સાદા સેલ્યૂલોઝના ઉપયોગથી બને છે જ્યારે આ કાગળ બનાવવામાં કાર્બોક્સિમિથાઈલ સેલ્યૂલોઝ (cmc) વપરાય છે, જેનું ઉત્પાદન ભારતમાં પણ થવા માંડયું છે.

◖ '૧૩-૪૫'ની સંજ્ઞાથી ઓળખાતા એક નવી જાતના ચોખા ભારતમાં તેનાતનારિવ ખાતે તૈયાર થયા છે. નહેર વગરની, કાંપવાળી ચા જલોઢ જમીનમાં એ ઊગી શકે છે એટલે વરસાદની તંગીવાળા વિસ્તારમાં પણ એનું વાવેતર શક્ય છે; એટલું જ નહિ, પૂરતું પાણી માગતા ચોખાની સરખમણીમાં એનું ઉત્પાદનખર્ચ પણ ઓછું આવે છે.

◖ દાંતની સફાઈ માટેના ઘણાખરા પદાર્થોને મચક નહિ આપતા, 'ડેક્સ્ટ્રેન' નામના એક અમ્લપદાર્થને દાંત પરથી દૂર કરી એને સડો ફેલાવતો અટકાવે એવો 'ડેક્સ્ટ્રેનેઝ' નામક એક પ્રકિણ્વ (એન્ઝાઈમ) શોધાયો છે. અલબત્ત, હજી એ પ્રાયોગિક દશામાં છે પણ જ્યારે એનો ઉપયોગ સામાન્ય બનશે ત્યારે સંભવ છે કે ચૉકલેટ, ટૉફી વગેરેમાં એને ભેળવી દેવાથી બાળકો દાંતના સડાની જોખમદારી વહોર્યા વિના એવી મીઠાઇઓ બેધડક ખાઈ શકાશે.

◖ મચ્છર દ્વારા માણસના શરીરમાં પેસી માથાનો દુખાવો તથા કળતર પેદા કરનારા 'વેસ્ટ નાઈલ' નામના વિષાણુ-વાઈરસને પૂનાના સંશોધનકેન્દ્રમાં અલગ પાડવામાં આવ્યા છે. —સુશ્રુત પટેલ

'મંગલ પ્રભાત'ના એક તાજા અંકમાં કાકાસાહેબ કાલેલકરે જાપાનપ્રવાસ અંગે લખેલા એક લેખમાં ત્યાંની એક ટૉર્ચની વાત આવે છે. એ લેખ તો સરસ છે જ; ટૉર્ચ વિષે નવીનતા એ છે કે એમાં બૅટરી બદલવાની હોતી નથી. ઘરમાં જ્યાં વીજળી વહેતી (પ્લગ) હોય ત્યાં એ કર-દીપિકા લગાડવાથી તેમાં વીજળીક શક્તિ ભરાઈ જાય છે.

૨૬૧ ('કુમાર' અંક ૫૩૪)

ગાંધી-શતાબ્દી નિમિત્તે સ્મૃતિચંદ્રક અને સિક્કા

આવતા વર્ષે આવતી રાષ્ટ્રપિતા ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે જે દેશવ્યાપી અને અનેકવિધ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે એના એક અંગ રૂપે શ્રી પ્રતાપરાય ગિ. મહેતાએ ગાંધીજીની સ્મૃતિમાં એક ખાસ ચંદ્રક તથા પાંચ અને એક રૂપિયાના તથા પચાસ પૈસાના ચલણી સિક્કા બહાર પાડવાનું એક સૂચન પણ મૂક્યું છે. એ અંગેના પોતાના વિચારો અનુસાર એની જે આકૃતિઓ એમણે કલ્પી છે એનાં આ આલેખનો છે. એમાં ચંદ્રકની એક બાજુ ગાંધીજી તથા કસ્તુરબાની છબિ તથા પાછળ ગાંધીજીએ પ્રબોધેલા સદ્ગુણોની નામાવલિ આપવાનો એમનો ખયાલ છે એ જ યાદી પાંચ રૂપિયાના સિક્કા પાછળ પણ મૂકવાનું એમનું સૂચન છે. એક રૂપિયાના સિક્કા પર એક તરફ ગાંધીજીની પૂરી છબિ તથા પચાસ પૈસાના સિક્કા પર ગાંધીજીની આવક્ષ: છબિ મૂકવાની એમની કલ્પના છે. પાંચ રૂપિયાનો સિક્કો પંચધાતુનો, અને બીજા બે સિક્કા તાંબામિશ્રિત નિકલના બનાવવાનું એમણે સૂચવ્યું છે.



શ્રી પ્રતાપરાય મહેતા સૂચિત ગાંધી-સ્મૃતિ ચંદ્રક અને ચલણી સિક્કા

આ માસ (જૂન) ઇતિહાસમાં • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

વ્ય. વિ.: ટૉમસ માન

વીસમી સદીના શ્રેષ્ઠ જર્મન નવલકથાકારોમાં અગ્રિમ ગણાતા ટૉમસ માનનો



જન્મ લ્યુબેકના પૅટ્રિશિયન વેપારી કુળમાં ઈ. ૧૮૭૫ની ૬ઠ્ઠી જૂને થયો. માતા જર્મન-પોર્ટુંગીઝ વેસ્ટ ઈંડિયન કુળની એક અચ્છી સંગીતકાર હતી. આમ ટૉમસના વ્યક્તિત્વમાં એ બંને કુળની લાક્ષણિક્તા ઊતરેલી.

ઓગણીસમે વર્ષે અભ્યાસ પડતો મૂકી એ માતા પાસે મ્યુનિખ રહેવા ગયા. ત્યાં થોડો સમય ભણવામાં માથું મારી પોતાના સાહિત્યકાર ભાઈ હેંરિક સાથે ઇટાલીમાં જઈ વસ્યા, જ્યાં 'બુડેનબ્રુક્સ' નામે પોતાની પહેલી નવલકથા લખી. પોતાના જેવા જ એક કુટુંબની એ કથામાં ચાર પેઢીના વ્યાપારી ખયાલો છોડી લલિતવિચારો તરફ ઢળતા એક પરિવારની વાત એમણે આલેખી છે. એ કથાએ એમને એટલી ખ્યાતિ અપાવી કે ૨૫મે વર્ષે તો તે અગ્રગણ્ય જર્મન લેખક ગણાવા લાગ્યા. દરમિયાન મ્યુનિખથી પાછા ફરીને તેઓ પોતાની આરંભની ઘણી સુંદર વાર્તાઓ જેમાં પ્રકટ થતી રહેલી એ કટાક્ષપત્ર 'સિમ્પલીસિસિમુસ'માં રીડર તરીકે જોડાયા. આ પછી ટૉનિયો ક્રૅાગર, ટ્રિસ્ટાન અને ડેર ટૉડ ઈન વેનેડિગ (વેનિસમાં મોત) નામની નવલકથાઓ પ્રકટ થઈ. આ બધી કલાકારની મુક્તિના પ્રશ્નની આસપાસ રચેલી છે.

પહેલા વિશ્વયુદ્ધ દરમિયાન બંને નવલકથાકાર ભાઇઓમાં કેટલોક વિચારભેદ સ્પષ્ટ થયો. દેશપ્રેમના આક્રમક ખમીર અને રાજદ્વારી આદર્શોના ઉદ્દામ ખયાલોમાં અશ્રદ્ધા ધરાવતા ટૉમસે ૧૯૧૮માં 'એક વિરાજકીય વ્યક્તિનું મનન' નામક કૃતિમાં પોતાના એ ખયાલો વ્યક્ત કર્યા છે.

ઈ. ૧૯૧૩માં ટૉમસનાં પત્નીને ક્ષયનિવારણાર્થે એક સૅનેટોરિયમમાં રહેવું પડેલું. એના પરથી પ્રેરણા લઈ ઈ. ૧૯૨૪માં હાન્સ કાસ્ટ્રૅાપ નામના એક દર્દીના પાત્ર દ્વારા 'ધ મૅજિક માઉન્ટન'નામે એક કૃતિમાં એમણે નૈતિક અને બૌદ્ધિક વિસંવાદિતામાં સરતા જતા યુરોપનું સુંદર ચિત્રણ કર્યું છે. એ કૃતિ માટે ઈ. ૧૯૨૯માં એમને નોબેલ પ્રાઈઝ પણ મળ્યું. એ જ વર્ષે એમણે ઊભા થતા નાઝીઓ સામે એક વ્યાખ્યાન આપ્યું અને ઈ. ૧૯૩૦માં 'મારિયો ઍન્ડ ધ મૅજિશિયન' નામની કૃતિમાં ઇટાલિયન ફાંસીઝમને ઉઘાડું પાડયું.

ઈ. ૧૯૩૩ પછી તે જર્મની છોડી સ્વિટ્ઝર્લૅન્ડ જઇ વસ્યા. '૩૬માં ફ્રૅાઈડની ૮૦મી જયંતી પ્રસંગે એક વ્યાખ્યાન આપ્યું. એ બંને જણ બાઇબલના એક પાત્ર 'જોસેફ'ના પ્રતિ ઉત્સાહ ધરાવતા હતા અને માને તો એ પાત્રના જીવન પર ચાર કૃતિઓ સર્જી હતી. '૩૯માં તેઓ અમેરિકા જઈ વસ્યા. 'ગએટે અને એની ચાહક શાર્લોત બફની મુલાકાત' લખી. ઈ. ૧૯૪૫માં જર્મનીના નાઝી નેતા હિટલર વિરુદ્ધ એમણે કરેલા વાયુપ્રસારણોના બે સંગ્રહ પ્રકટ થયા.

૧૯૪૭માં એ પાછા સ્વિટ્ઝર્લૅન્ડ આવ્યા ત્યારે એ એક જ દેશવટો ભોગવતા એવા જર્મન હતા કે જેને પૂર્વ-પશ્ચિમ બંને જર્મની ચાહતાં હતાં. આ પછી જાણીતી મધ્યકાલીન કથાને આધુનિક સ્વરૂપ આપી એમણે 'ડૉક્ટર ફાઉસ્ટ' લખ્યું, જેમાં બંને વિશ્વયુદ્ધો દરમિયાનની જર્મન વિસંવાદિતામાં જીવન અને ઉલ્કાપાતોની ચર્ચા કરી છે. છેલ્લે ઈ. ૧૯૫૪માં 'કન્ફેશન ઓવ ધ કૉન્ફિડન્સ ટ્રિક્સ્ટર ફેલિક્સ ક્રુલ' (પહેલો ભાગ) નામે એક કૃતિ લખી. તીવ્રબુદ્ધિ કટાક્ષો અને ટીખળભરી છતાં સરળ ભાષામાં લખાએલી એ કૃતિ જોકે અપૂર્ણ જ રહી છતાં જર્મનીની એ સર્વોત્તમ હાસ્યનવલ ગણાય છે. ઈ. ૧૯૫૫ની ૧૨મી ઑગસ્ટે એમનું અવસાન થયું.

પ્રસંગવિશેષ: કીલની નહેર ખુલ્લી મુકાઈ • ૨૧ જૂન, ઈ. ૧૮૯૫

બાલ્ટિક અને ઉત્તર સમુદ્રમાં જતાંઆવતાં જર્મન જહાજોને દરિયાઈ માર્ગે પડતી મુશ્કેલીઓ તથા ડેન્માર્કની પ્રદક્ષિણા કરવા જેટલી લાંબી સફર અને તેમાં ડૅનિશ સરકારને ભરવી પડતી ભારે જકાતને ટાળવા છેક સોળમી સદીથી કોઈ યોજના વિચારાતી રહી હતી. અઢારમી સદીમાં એ માટે એક નહેર પણ બાંધવામાં આવેલી, પરંતુ એ પછીના સમયનાં મોટાં જહાજો માટે એની કોઈ ઉપયોગિતા રહી શકી નહોતી. ઈ. ૧૮૬૪માં પૂર્વે સ્લેસ્વિગ-હૉલ્સ્ટેઈન નામના ડૅનિશ વિસ્તારો સુધી પ્રશિયન હકૂમત વિસ્તરી તથા ઈ. ૧૮૬૯માં સુએઝની નહેરને સફળતા મળી તેથી પ્રેરાઈને વ્યાપારી દૃષ્ટિએ નહિ, પણ લશ્કરી વ્યૂહાત્મક ખયાલોથી ઈ. ૧૮૮૭માં નૉર્ડ-ઓસ્ટ્સી કૅનાલનું કામ શરૂ થયું. ઉત્તર સમુદ્ર અને બાલ્ટિક સાગરને જોડતી એ નહેર કીલથી એલ્બના મુખ સુધીમાં જર્મનીનાં યુદ્ધજહાજોની આવનજાવન સરળ કરવા બાંધવામાં આવી. ટૂંકમાં કીલની નહેર તરીકે જાણીતી થએલી એ નહેરનું ઈ. ૧૮૯૫ની ૨૧મી જૂને 'કૅસર વિલ્હેમ કૅનાલ'ના નામે ભારે દબદબાપૂર્વક ઉદ્ઘાટન થયું ત્યારે બધાં નૌકાદળોએ એમાં પોતપોતાના પ્રતિનિધિઓ મોકલ્યા હતા. એ પછી માત્ર જોકે દસકા પછી જ બનવા માંડેલાં જંગી યુદ્ધજહાજો માટે એ સાંકડી પડવા લાગી, પણ પ્રથમ વિશ્વયુદ્ધ સુધી એ અંગે કંઈ થઈ શક્યું નહિ. આ પછી સબમરીનો તથા નવાં યુદ્ધજહાજો માટે એનું ખાસ કોઈ મહત્ત્વ પણ રહ્યું નહિ.



કીલ નહેરના ઉદ્‌ઘાટન પ્રસંગે

—— દોહરા ——

મનમાં ગુસ્સો મારજો, બુરાઇ મારો બ્હાર;
વેર ઊપજતાં વારજો: સુખના એ ત્રણ સાર.

—— પિનાકિન ઠાકોર ——

ઇટાલિયન ચિત્રકાર રાફાયેલ એનાથી ય મહાન ચિત્રકાર માઈકેલ ઍન્જેલો કરતાં આઠ વર્ષ નાનો હોવા છતાં એની કીર્તિ એટલી ફેલાઈ હતી કે બન્ની વચ્ચે અણબનાવ રહેતો હતો.

એક વાર ઈટાલીના એક શ્રીમંતે રાફાયેલને એક દેવળમાં ચાર ભીંતચિત્રો દોરવાનું કામ અરધા પૈસા અગાઉથી આપી સોંપ્યું. પણ ચિત્રો પૂરાં થતાં શ્રીમંત પૈસા આપવાનાં ગલ્લાંતલ્લાં કરવા લાગ્યો, એથી રાફાયેલે દેવળના ધર્માધ્યક્ષને ફરિયાદ કરી. એ ધર્માધ્યક્ષ પેલા શ્રીમંતનો મળતિયો હોવાથી એણે ન્યાય કરવાનું કામ રાફાયેલના હરીફ માઈકેલ ઍન્જેલોને સોંપ્યું. માઈકલ ઍન્જેલોએ ચિત્રોનું નિરીક્ષણ કરી કહ્યું: 'તમે આપ્યા છે એટલા પૈસા તો આ ચિત્રના દરેક મસ્તકના આપવા જોઈએ.' શ્રીમંતે તરત જ પોતાના મુનીમજીને કહ્યું: 'રાફાયેલના બાકીના પૈસા ચૂકવી દો; નહિતર આ તો ચિત્રમાંનાં પાત્રોના વસ્ત્રના પણ જુદા પૈસા ગણાવશે!'

કહેવતોના અર્થ: 'કાલાંની કચ અને બહેરાંનો ઝગડો.'—બહેરા માણસ સાથેના ઝગડામાં એ કશી દલીલ કે સમજાવટ જેમ સાંભળવા પામે નહિ, અને બાલિશ કે અણસમજુ માણસ જેમ ઘણી મથામણ છતાં પોતાનો કક્કો છોડે નહિ, તે રીતે જેમાં નિરર્થક લમણાંઝીક કરવી પડે ને સરવાળે કશો સાર ન નીકળે એવા વ્યવહાર માટે વપરાતી કહેવત.

ગણિતગમ્મત: જેને છેડે '૫' પાંચડો આવતો હોય તેવી કોઈ પણ રકમનો વર્ગ કાઢવો હોય તો સૌપ્રથમ તેના છેલ્લા અંક પાંચનો વર્ગ ૨૫ જમણી બાજુ મૂકવો. તે પછી એ રકમમાં બાકી જે અંક વધે તેનો તથા તેની પછી ગણત્રીમાં તરત આવતા અંકનો ગુણાકાર કરીને પેલા પચીસની પહેલાં મૂકી દેવો. જે આવે તે જવાબ. દાખલા તરીકે ૩૫×૩૫ કરવા હોય તો '૩૫'માંના '૫'નો વર્ગ ૨૫ જમણા હાથ પર મૂકીને, પછી બાકી વધેલા '૩' અને તેની પછીના અંક '૪'નો ગુણાકાર કરી ડાબી બાજુ મૂકવો. (૩×૪)=૧૨ અને ૨૫=૧૨૨૫ જવાબ. એજ રીતે બીજા દાખલા: ૮૫×૮૫=(૮×૯) અને ૨૫; એટલે કે ૭૨૨૫; ૧૨૫×૧૨૫=(૧૨×૧૩) અને ૨૫; એટલે કે ૧૫૬૨૫. ૧૧૦૫×૧૧૦૫=(૧૧૦×૧૧૧) અને ૨૫; એટલે કે ૧૨૨૧૦૨૫. (ચિરાગ ઇબ્રાહીમ બીવીજી–સિદ્ધપુર)



ઑસ્ટ્રેલિયાની આ કીડીઓ જીવતી ટાંકી જેવી છે. એમની જાતની અન્ય કામદાર કીડીઓએ એકઠું કરેલું મધ કે ફૂલોનો રસ એમના કોથળી જેવા પેટમાં ભરવામાં આવે છે ત્યારે તે ઘણીવાર અરધા ઇંચ જેટલું ફૂલી જાય છે. અછતના વખતમાં એ મધ પોતાની જાતની કીડીઓને ખવરાવવામાં કામ લાગે છે. કેટલાક સ્થાનિક લોકો આ મધવાહક કીડીઓને આનંદથી ચૂસી જાય છે.



ગજારૂઢ લક્ષ્મી કે ઇંદ્રાણીની પ્રતિમાવાળો બંગાળનો કાંસ્ય દીપ, જેને મથાળે વધારાનું તેલ રાખવાની પણ વ્યવસ્થા છે.

જો કોઈ એમ કહે કે જીવનના કાંટાળા માર્ગ ઉપર પણ કોમળ ખુલ્લા પગ વડે ચાલી શકાય છે, તો તે ખોટું ન માનશો; કેમ કે પ્રેમ જેટલો કોમળ છે તેટલો જ સહનશીલ પણ છે.

'નિશીથ'



સંયુક્ત રાષ્ટ્રસંઘના મુખ્ય મથકમાંની કલાકૃતિઓની માળામાંની બીજી ટિકિટ પર ડૅનિશ શિલ્પી હેન્રિક સ્ટારકેની, સાગના સળંગ એક જ થડિયામાં કોતરેલી મૂર્તિનું આલેખન છે.



ગરમ મફલર અને ગરમ ટોપી પહેરેલા આ ખુશનુમા બિરાદરને ઉલટાવો તો એક રડતી સૂરત દેખા દેશે.

જોડણીથી થતા ફેરફારો

ઉટ: ઘાસ, પાંદડું	ઊંટ: એક પ્રાણી
અંગુર: નવી ચામડી	અંગૂર: લીલી દ્રાક્ષ
આહુત: હોમેલું	આહૂત: બોલાવેલું
ઉરુ: વિશાળ, મોટું	ઊરુ: જાંઘ
કુચ: સ્ત્રીની છાતી	કૂચ: લશ્કરી ઢબની ચાલ
કુલ: એકંદર	કૂલ: કિનારો
કેશ: વાળ	કેસ: મુકદ્દમો
ખચિત: જડેલું	ખચીત: અવશ્ય
ચિર: લાંબા વખત સુધી	ચીર: રેશમી વસ્ત્ર
ગુણ: જાતિસ્વભાવ	ગૂણ: થેલો-કોથળો
દિશ: દિશા	દીશ: સૂર્ય
દ્વિપ: હાથી	દ્વીપ: બેટ
પુર: શહેર	પૂર: રેલ
પુંજ: ઢગલો	પૂંજ: મીંડું
ભાલુ: રીંછ	ભાલું: એક હથિયાર
મિલન: મળવું તે	મીલન: બંધ કરવું તે
રાશિ: ઢગલો	રાશી: ખરાબ

(હરજીવન થાનકી)